
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# વૈરાગ્યકલ્પલતા

શબ્દશઃ વિવેચન

**સ્તબક-૨, ૩ ♦ ભાગ-૨**



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# વૈરાગ્યકલ્પલતા

## શબ્દશઃ વિવેચન

## સ્તબક-૨, ૩ ◆ ભાગ-૨

❖ મૂળ ગ્રંથકાર ❖

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

❖ દિવ્યકૃપા ❖

**વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા**

❖ આશીર્વાદદાતા ❖

**વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✪ સંકલનકારિકા ✪

**રાખીબેન રમણલાલ શાહ**

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# વૈરાગ્યકલ્પલતા ભાગ-૨ : સ્તબક-૨, ૩

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

વીર સં. ૨૫૪૧ ❖ વિ. સં. ૨૦૭૧ ✦✦ આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

**મૂલ્ય : રૂ. ૧૧૦-૦૦**

卐 આર્થિક સહયોગ 卐

**સ્વ. નિમિત સ્વ. પ્રકાશભાઈ શાહના આત્મશ્રેયાર્થે**

**પાટણ-મુંબઈ**

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૮૫

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

Visit us online : gitarthganga.wordpress.com

✻ મુદ્રક ✻

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

**'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,**
**ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.**

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્તો**

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# વૈરાગ્યકલ્પલતા

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૨

## ❋ દ્વિતીય સ્તબક ❋

શ્લોક :-

अयमनुसुन्दरनृपतिः, कृपयैव समन्तभद्रसूरीणाम् ।
कृतनरकयोग्यकर्माऽप्यवाप सर्वार्थसिद्धिसुखम् ।।१।।

શ્લોકાર્થ :-

સમંતભદ્રસૂરિની કૃપાથી જ કરાયેલા નરક યોગ્ય કર્મવાળો પણ આ અનુસુંદર રાજા સર્વાર્થસિદ્ધિ સુખને પામ્યો. ।।૧।।

શ્લોક :-

पूर्वभवेऽस्य च गुरुभिर्विहिता परिकर्मणा बहूपायैः ।
तत एव चित्तरत्नं कान्तिं स्वाभाविकीं लेभे ।।२।।

શ્લોકાર્થ :-

અને પૂર્વભવમાં=ધનવાહનાદિના ભવમાં, ઘણા ઉપાયોથી ગુરુ વડે આની=અનુસુંદર ચક્રવર્તીના જીવની પરિકર્મણા કરાઈ=ઘણા ઉપાયોથી

મોક્ષને અનુકૂળ કંઈક ચિત્ત નિષ્પન્ન કરાયું. તેનાથી જ=પૂર્વભવમાં ગુરુ વડે કરાયેલા પ્રયત્નથી જ, ચિત્તરત્ન=અનુસુંદર ચક્રવર્તીનું ચિત્તરત્ન, સ્વાભાવિક કાંતિને=મોહનાશને અનુકૂળ ક્ષયોપશમભાવને અનુકૂળ પરિણતિને પામ્યું. ।।૨।।

શ્લોક :-

अन्येऽपि ये भवाम्बुधिमुत्तीर्णा विविधदुःखकल्लोलम् ।
गुरुचरणकृपैव तरी, तेषामपि सर्वशर्मकरी ।।३।।

શ્લોકાર્થ :-

અન્ય પણ જેઓ વિવિધ દુઃખરૂપી કલ્લોલવાળા ભવરૂપી સમુદ્રને ઉત્તીર્ણ છે તેઓને પણ સર્વશર્મને કરનારી ગુરુચરણની કૃપા જ તારનારી છે. ।।૩।।

શ્લોક :-

इत्यादौ धर्मगुरोर्भविनो धर्मप्रदानविधिवार्ताम् ।
पाषाणपल्लवोद्गमचमत्क्रियाकारिणीं वक्ष्ये ।।४।।

શ્લોકાર્થ :-

એથી આદિમાં ધર્મગુરુની ભવિજીવના પાષાણના પલ્લવના ઉદ્ગમના ચમત્કારને કરનારી ધર્મપ્રદાન વિધિ વાર્તાને હું કહીશ. ।।૪।।

શ્લોક :-

अस्तीह भवाह्वानं पुरमतुलमदृष्टमूलपर्यन्तम् ।
अन्यान्यजन्महट्टप्रविततबहुदुःखसुखपण्यम् ।।५।।
चित्राकुलसुगतादिकमतदेवकुलं कषायसकलकलम् ।
दृढमोहप्राकारं, तृष्णापरिखावृतमलङ्घ्यम् ।।६।।
इष्टवियोगाप्रियसंप्रयोगगम्भीरकूपबहुरूपम् ।
विस्तीर्णभोगसरसीतनुकाननजाड्यगृहरम्यम् ।।७।।

अविवेकद्विपशालाविकल्पनवतुरगमन्दुरोद्दिप्तम् ।
निरवधिकाममनोरथरथप्रचारोन्मथितमार्गम् ।।८।।

**શ્લોકાર્થ :-**

**અહીં=સંસારમાં, અતુલ અદૃષ્ટમૂલ પર્યંતવાળું, અન્યોન્યજન્મ રૂપ હટ્ટમાર્ગથી વિસ્તાર પામેલું, ઘણા દુઃખ-સુખરૂપ પન્યવાળું ભવ નામનું નગર છે. વળી, તે નગર કેવું છે ? એથી કહે છે – અનેક પ્રકારના આકુલ એવા સુગતાદિક મતના દેવકુલવાળું, કષાયોની સકલ કલાવાળું, દૃઢ મોહના કિલ્લાવાળું, તૃષ્ણારૂપી પરિખાથી આવૃત=તૃષ્ણારૂપી ખાઈથી ઘેરાયેલું, અલંઘ્ય એવું ભવરૂપી નગર છે એમ અન્વય છે. ઈષ્ટ વિયોગ, અપ્રિયનો સંયોગ, ગંભીર કૂવાથી બહુરૂપવાળું છે. વિસ્તીર્ણ ભોગરૂપી સરોવરવાળું, શરીરરૂપી જંગલવાળું, જડતારૂપી ગૃહથી રમ્ય એવું નગર છે. અવિવેકરૂપી હાથીઓની શાળાઓ અને વિકલ્પના સમૂહરૂપ ઘોડાઓથી દીપાયમાન, નિરવધિ એવા કામના મનોરથરૂપ રથના પ્રચારથી ઉન્મથિત-માર્ગવાળું આ નગર છે. ।।પથી ૮।।**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ગ્રંથમાં અનુસુંદર ચક્રવર્તીના ભવભ્રમણને બતાવવા માટે પ્રારંભ કરેલ છે અને કહે છે કે સમંતભદ્રસૂરિની કૃપાથી જ આ અનુસુંદર ચક્રવર્તી સર્વાર્થસિદ્ધના સુખને પામ્યો. વસ્તુતઃ જો સમંતભદ્રસૂરિની કૃપા તેને પ્રાપ્ત થઈ ન હોત તો તે અનુસુંદર ચક્રવર્તીએ નરકયોગ્ય કર્મ ચક્રવર્તીના ભવમાં પ્રાપ્ત કરેલાં. તેથી નરકમાં જવાનો હતો, છતાં ગુરુની કૃપાથી જ સર્વાર્થસિદ્ધના સુખને પામે છે. વળી, પૂર્વના ભવોમાં પણ ગુરુએ જ ઘણા ઉપાયથી તેના આત્માને યોગમાર્ગના ભાવોથી પરિકર્મિત કરેલ. તેથી જ ચક્રવર્તીના ભવમાં સમંતભદ્રસૂરિની કૃપાથી તેનું ચિત્તરત્ન સ્વાભાવિકી કાંતિને પામ્યું અર્થાત્ અનુસુંદર ચક્રવર્તીનું જ્ઞાનના ઉપયોગરૂપ જે ચિત્તરત્ન છે તે આત્માના પારમાર્થિક સુખને પ્રાપ્ત કરી શકે તેવી નિર્મળ કાંતિને પ્રાપ્ત થયું.

આનાથી શું ફલિત થાય ? તે કહે છે – સંસારમાં અન્ય પણ જે જીવો છે જેઓ ભવમાં વિવિધ પ્રકારનાં દુઃખોને અનુભવી રહ્યા છે છતાં કોઈક રીતે

ગુરુની કૃપાથી તેઓ ભવરૂપી સમુદ્રથી ઉત્તીર્ણ થયા છે તેથી તેઓને જે શમરૂપી સુખની પ્રાપ્તિ થઈ તે ગુરુની કૃપાથી જ થઈ છે અને તે કૃપા જ સંસારસમુદ્રને તારનારી બને છે; કેમ કે જગતમાં ઉત્તમપુરુષો યોગ્ય જીવોને સન્માર્ગ બતાવીને દુઃખની પરંપરામાં ડૂબેલા જીવોને તારવામાં પ્રબલ કારણ છે. આથી ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગ્રંથની આદિમાં ધર્મગુરુ ભવ્યજીવને કઈ રીતે ધર્મ પ્રદાન કરે છે જે ધર્મપ્રદાન વિધિથી તે ગુરુ પથ્થર જેવા તે જીવને મોક્ષમાર્ગમાં પલ્લવિત કરે છે તેને આદિમાં કહેશે. જેથી સદ્‌ગુરુ યોગ્ય જીવને સન્માર્ગ બતાવીને યોગમાર્ગમાં કઈ રીતે નિપુણ કરે છે તેનો બોધ થાય અને તે બતાવવા અર્થે પ્રથમ ભવરૂપી નગર કેવું છે ? તે બતાવે છે –

દરેક જીવો તે તે ભવને પામે છે તે જીવના તે તે ભવોના સમૂહરૂપ સંસાર-નગર છે. વળી, જીવ અનાદિથી ભવમાં છે અને ક્યારે ભવનો અંત કરશે તે દેખાતું નથી. તેથી જેનો મૂલ અને પર્યંત દેખાતો નથી તેવું અતુલ ભવરૂપી આ નગર છે. જેમ કોઈ વિસ્તારવાળું નગર હોય છતાં તેનો પ્રારંભ અને છેડો ગમનની ક્રિયાથી પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ ભવનો પ્રારંભ ક્યાંથી થયો છે તે કોઈને દેખાતું નથી. અને ભવમાં જીવો મોહને વશ પરિભ્રમણ કરે છે તે પરિ-ભ્રમણના બળથી ભવનો છેડો ક્યારેય પ્રાપ્ત થતો નથી. ફક્ત જે જીવો ભવના કારણને જાણીને વિવેકપૂર્વક તેનો ઉચ્છેદ કરે છે તેમના ભવોનો અંત પ્રાપ્ત થાય છે પરંતુ એક ભવમાંથી અન્ય ભવમાં ગમનની ક્રિયાથી કોઈ જીવના ભવનો અંત ક્યારેય પ્રાપ્ત થતો નથી. વળી, જેમ નગરમાં વિસ્તારવાળા બજારમાર્ગો હોય છે અને તે બજારોમાં જુદી જુદી ભોગસામગ્રી હોય છે, તેમ ભવરૂપી નગરમાં એક ભવમાંથી અન્ય ભવમાં જવાને અનુકૂળ વિસ્તારવાળો બજારમાર્ગ છે. તેથી દરેક જીવો એક ભવનું આયુષ્ય પૂરું કરે તેના પૂર્વે જ બીજા ભવનું આયુષ્ય બાંધી લે છે અને તે આયુષ્ય અનુસાર તે તે ભવમાં જાય છે. જેમ બજારમાર્ગથી જીવો તે તે દુકાનો ઉપર પહોંચે છે અને ત્યાં પોતાને ઇચ્છિત ભોગસામગ્રીની ખરીદી કરે છે તેમ સંસારી જીવો પણ બીજા ભવને અનુકૂળ કર્મ બાંધીને ઘણા પ્રકારના સુખ-દુઃખની ખરીદી કરે છે અર્થાત્ પુણ્ય બાંધ્યું હોય તો તે તે ભવમાં સુખ પ્રાપ્ત કરે છે અને પાપ બાંધ્યું હોય તો નરકાદિ ભવમાં દુઃખરૂપી ભોગસામગ્રી પ્રાપ્ત કરે છે.

વળી, જેમ નગરમાં તે તે દર્શનનાં દેવાલયો હોય છે. તેથી સંસારી જીવો તે તે ભવમાં કોઈ સુગતને માનતા હોય=બૌદ્ધને માનતા હોય. કોઈ અન્ય દર્શનને માનતા હોય. તે, તે તે દર્શનના સ્વીકારરૂપ દેવકુલ ભવરૂપી નગરમાં વર્તે છે. જેનાથી તે તે જીવમાં તે તે દર્શનની માન્યતારૂપ સંસ્કારોનું આધાન થાય છે.

વળી, તે ભવરૂપી નગર સર્વ પ્રકારની કલાવાળું છે. જેમ નગરમાં ચિત્રકળા આદિ અનેક કળાઓ પ્રવર્તતી હોય છે તેમ જીવના ભવરૂપી નગરમાં ક્યારેક ક્રોધ, માન, માયા આદિ રૂપ અનેક કળાઓ વર્તતી હોય છે.

વળી, તે નગરને સુરક્ષિત રાખવા માટે કિલ્લો હોય છે અને તે કિલ્લાની આજુબાજુ ખાઈ રાખવામાં આવે છે. જેથી તે નગરને ઉલ્લંઘન કરવું દુષ્કર હોય છે તેમ ભવરૂપી નગર જીવના ભવભ્રમણ સ્વરૂપ છે અને જીવ દરેક ભવમાં દૃઢ મોહના કિલ્લાઓથી ઘેરાયેલો હોય છે અને તે તે પદાર્થોની તૃષ્ણારૂપ ખાઈઓથી આવૃત તે કિલ્લો છે તેથી જીવ ભવરૂપી નગરને ઓળંગીને બહાર નીકળવા અસમર્થ બને છે. માટે સામાન્યથી જીવો માટે તે ભવરૂપી નગર અલંઘ્ય છે.

વળી, નગરની અંદરમાં ઊંડા, અંધકારવાળા અવાવરા કૂવાઓ હોય છે જેને જોવામાં આવે તો ભય ઉત્પન્ન કરે તેવા હોય છે તેમ જીવને ભવરૂપી નગરમાં ઇષ્ટ વિયોગ અને અપ્રિયનો સંયોગ સતત પ્રાપ્ત થતો હોય છે જે જીવને ભય ઉત્પન્ન કરે તેવા ઊંડાણવાળા કૂવાઓ છે.

વળી, નગરમાં સુંદર સરોવરો હોય છે જ્યાં જીવો સુંદર ભોગવિલાસ કરતા હોય છે તેમ ભવરૂપી નગરમાં વિસ્તીર્ણ ભોગરૂપી સરોવરો છે.

વળી, જીવને તે તે ભવમાં જે શરીર મળ્યું છે તે જંગલ જેવું છે. જંગલમાં જેમ ફળ-ફૂલને દેનારાં વૃક્ષો હોય છે તેમ જીવને શરીરની પ્રાપ્તિ દ્વારા તે તે કર્મના સુખ-દુઃખ રૂપ ફળો પ્રાપ્ત થાય છે તેથી દેહ જંગલ જેવો છે. વળી જીવમાં જડતા છે તેથી જ ભવરૂપી ગૃહમાં તે સદા રહે છે. તેથી જડતા ભવમાં નિવાસસ્થાન માટે ગૃહ જેવી છે. વળી, નગરમાં હાથીઓની શાળાઓ હોય છે. સુંદર ઘોડાઓના તબેલાઓ હોય છે તેમ સંસારરૂપી નગરમાં અવિવેકરૂપી હાથીઓની શાળાઓ અને વિકલ્પોના સમૂહરૂપ ઘોડાઓનાં નિવાસસ્થાનો હોય છે; કેમ કે નગર હાથીઓની શાળા અને ઘોડાઓના તબેલાથી જ દીપે છે તેમ

ભવરૂપી નગર જીવના અવિવેકના પરિણામ અને આ મને ઇષ્ટ છે, આ મને અનિષ્ટ છે એ પ્રકારના વિકલ્પોથી જ દીપે છે. જેઓમાં વિવેક પ્રગટેલ છે તેના કારણે બાહ્ય પદાર્થોના વિકલ્પો શાંત થયા છે તેઓનો ભવ ભવસ્વરૂપે દીપતો નથી. પરંતુ તેઓ ભવનાશને અનુકૂળ યત્નવાળા હોવાથી તેઓનો ભવ મ્લાનિવાળો દેખાય છે.

વળી, નગરમાં રથોનો પ્રચાર હોય છે અને જે નગરમાં ઘણા રથોથી માર્ગ ખુંદાતો હોય ત્યારે તે નગર રથોના સમૂહથી ઉન્મથિત માર્ગવાળો હોય છે, તેમ જીવનો ભવ અવધિ વગરના કામના મનોરથોરૂપી રથોના પ્રવાહથી ઉન્મથિત માર્ગવાળો છે. આથી જ સંસારી જીવોને જુદા જુદા પ્રકારના કામના મનોરથો અસ્ખલિત ચાલતા હોય છે તેથી તેઓનો ભવનો માર્ગ અસ્ખલિત તેવા પ્રકારના પરિણામથી પ્રવર્તતો હોય છે. **॥૧થી ૮॥**

**શ્લોક :-**

**आसीत् तत्र द्रमको, भवजन्तुस्तत्त्वतो विगतबन्धुः ।**
**शब्दादिविषयकदशनदुष्पूरमहोदरः पापः ।।९।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=પૂર્વમાં વર્ણન કર્યું એવા ભવરૂપી નગરમાં ભવજંતુ નામનો દ્રમક હતો. તત્ત્વથી=પરમાર્થથી બંધુ રહિત, શબ્દાદિ વિષયોરૂપ કદશનથી=કુત્સિત અન્નથી, દુઃખે કરીને પુરાય એવા મોટા ઉદરવાળો, પાપી દ્રમક હતો એમ અન્વય છે. ।।૯।।**

**શ્લોક :-**

**विपरीतमतिस्तत्त्वातत्त्वग्रहणाद्धनादिलोभाच्च ।**
**दुःस्थश्चानुपलम्भात् सद्धर्मकपर्दकस्यापि ।।१०।।**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વને અતત્ત્વરૂપે ગ્રહણ કરનાર હોવાથી અને ધનાદિનો લોભ હોવાથી વિપરીત મતિવાળો છે અને સદ્ધર્મરૂપી કોડિની પણ અપ્રાપ્તિ હોવાથી દુઃસ્થ છે=નિર્ધન છે. ।।૧૦।।**

શ્લોક :-

कर्मारिध्वंसिबलाभावाद् गतपौरुषः क्षुधाक्रान्तः ।
विषयबुभुक्षानुगमात्, सर्वज्ञाऽभजनतोऽनाथः ।।११।।

શ્લોકાર્થ :-

કર્મરૂપી શત્રુના ધ્વંસને કરનાર બળનો અભાવ હોવાથી પુરુષકાર વગરનો છે. વિષયની બુભુક્ષાનું અનુગમ હોવાથી=વિષયોની ઈચ્છા સતત ચાલતી હોવાથી, ક્ષુધાથી આક્રાંત છે. સર્વજ્ઞને નહીં ભજનાર હોવાથી અનાથ છે. ।।૧૧।।

શ્લોક :-

दुष्कृतभूमीलुठनाद्, दलिताङ्गो बन्धधूलिदुर्ललितः ।
मोहाकुलाशुचिचीरश्चरणभृतां निन्द्यतां प्राप्तः ।।१२।।

શ્લોકાર્થ :-

દુઃષ્કૃતરૂપી ભૂમિમાં આળોટનાર હોવાથી દલિત અંગવાળો છે. બંધરૂપી ધૂળથી=કર્મબંધરૂપી રજથી, દુર્લલિત છે=અશોભાયમાન છે. મોહથી આકુળ એવા અશુચિ વસ્ત્રવાળો જીવ ચારિત્રવાળા મહાત્માઓની નિંધતાને પામેલો છે. ।।૧૨।।

શ્લોક :-

विषयकदन्नाशार्तेरुच्चावचजन्मनामगेहेषु ।
भ्रान्त्वाऽऽदत्ते तुच्छां, स निजायुर्भाजने भिक्षाम् ।।१३।।

શ્લોકાર્થ :-

વિષયરૂપી કદન્નની આશાની આર્તિથી=વિષયરૂપી કુત્સિત ભોજન પ્રાપ્ત કરવાની ઈચ્છારૂપ પીડાથી, ઊંચા-નીચા જન્મનામવાળાં ઘરોમાં ભમીને નિજઆયુષ્યરૂપી ભાજનમાં તુચ્છ એવી ભિક્ષાને તે=દ્રમક, ગ્રહણ કરે છે. ।।૧૩।।

શ્લોક :-

कुविकल्पास्तद्धेतुग्रन्थाश्च कुतीर्थिकाश्च तस्य तनुम् ।
तत्त्वाभिमुख्यरूपां जर्जरयन्तीह डिम्भगणाः ।।१४।।

શ્લોકાર્થ :-

કુવિકલ્પો અને તેના હેતુ એવા ગ્રંથો=કુવિકલ્પોના હેતુ એવા ગ્રંથો અને કુતીર્થિકોરૂપ બાળકોનો સમૂહ અહીં=સંસારમાં તેના=તે દ્રમક રૂપ જીવના, તત્ત્વ અભિમુખરૂપ શરીરને જર્જરિત કરે છે. ।।૧૪।।

શ્લોક :-

तद्वेदनाविधुरितो, नानागतिदुःखशोकनिर्मग्नः ।
उच्चैः पूत्कुरुतेऽसौ, नतु शरणं कोऽपि तस्य स्यात् ।।१५।।

શ્લોકાર્થ :-

તેની વેદનાથી વિધુરિત=તત્ત્વાભિમુખ શરીર જર્જરિત થવાને કારણે થયેલી વેદનાથી વિહ્વળ, અનેક ગતિના દુઃખ અને શોકમાં નિર્મગ્ન, આ=સંસારી જીવ, અત્યંત પોકારો કરે છે. પરંતુ તેને=તે જીવને, કોઈપણ શરણ થતું નથી. ।।૧૫।।

શ્લોક :-

उन्मादो मिथ्यात्वं, सकलाकार्यप्रवर्तकश्चास्य ।
भवति महातापकरो, ज्वर इव रागोऽतिदुःखाय ।।१६।।

શ્લોકાર્થ :-

મિથ્યાત્વ ઉન્માદ છે. અને આના સકલ અકાર્યનો પ્રવર્તક છે. જ્વરના જેવો રાગ મહાતાપને કરનાર અતિ દુઃખને માટે થાય છે. ।।૧૬।।

શ્લોક :-

शमघर्षणकृतहर्षः, क्रोधः कण्डूर्विवेकदृग्घाती ।
अज्ञाननेत्ररोगो, हृद्ग्राहि द्वेषशूलं च ।।१७।।

શ્લોકાર્થ :-

શમના ઘર્ષણથી કરાયેલો હર્ષ ક્રોધરૂપી ખણજ છે. વિવેકરૂપી દૃષ્ટિને નાશ કરનાર એવો અજ્ઞાનરૂપી નેત્રનો રોગ છે. અને હૃદયને પીડા કરનાર દ્વેષરૂપી શૂલ છે. ||૧૭||

શ્લોક :-

भयशोकारतिजन्यं, दैन्यं चोद्वेजकं गलत्कुष्टम् ।
सत्कार्योत्साहहरो, जलोदराभः प्रमादभरः ।।१८।।

શ્લોકાર્થ :-

ભય, શોક, અરતિજન્ય દૈન્ય છે અને ઉદ્વેગને કરનારો ગળતો કોઢ છે. સત્કાર્યરૂપ ઉત્સાહને હરનારો જલોદરના જેવો પ્રમાદનો સમૂહ છે. ||૧૮||

શ્લોક :-

भक्ताऽश्रद्धाविरतिव्रतपथ्यरुचिप्रमाथिनी गहना ।
मूर्छा विभवाहंकृतिरुपहतहृद्वृत्तिसर्वस्वा ।।१९।।

શ્લોકાર્થ :-

વિરતિ અને વ્રતરૂપ પથ્યની રુચિને નાશ કરનારી ભક્ત પ્રત્યેની= પરમાન્નરૂપ ભોજનની અશ્રદ્ધા છે=અરુચિ છે. ઉપહરણ કરાયેલું છે હૃદયની વૃત્તિનું સર્વસ્વ જેમાં એવી વિભવની અહંકૃતિ=વૈભવનો અહંકાર, ગહન મૂર્છા છે. ||૧૯||

શ્લોક :-

निर्दलयन्निव हृदयं, संकल्पो वर्धते महाश्वासः ।
अर्शोङ्कुराश्च कामा, अवाच्यगूढार्तिपरिणामाः ।।२०।।

શ્લોકાર્થ :-

જાણે હૃદયને નિર્દલન કરતો ન હોય=બાળતો ન હોય, તેમ સંકલ્પરૂપી

**મહાશ્વાસ વધે છે. અને અવાચ્ય ગૂઢસ્થાનમાં પીડાના પરિણામરૂપ કામો અર્શના અંકુરા છે. ||૨૦||**

**શ્લોક :-**

**इत्यादिभावरोगैरार्तोऽसौ शमवतां कृपापात्रम् ।**
**हास्यः सरागदमिनामन्येषां क्रीडनस्थानम् ।।२१।।**

**શ્લોકાર્થ :-**

**ઈત્યાદિ ભાવરોગોથી=ગાથા-૧૯થી અત્યાર સુધી બતાવ્યું એ ભાવ-રોગોથી, પીડાતો આ=દ્રમક, શમવાળા મુનિઓને કૃપાનું પાત્ર છે. સરાગ દમિઓને=સરાગ ચારિત્રવાળા મુનિઓને, હાસ્યનું સ્થાન છે. અન્યોને= અન્ય સંસારી જીવોને, ક્રીડાનું સ્થાન છે. ||૨૧||**

**શ્લોક :-**

**प्रतिभवनमटन् भिक्षां, तल्लिप्साविह्वलः स तुच्छमतिः ।**
**खिद्यति कूटविकल्पैर्ध्यायन्नार्तं च रौद्रं च ।।२२।।**

**શ્લોકાર્થ :-**

**પ્રતિભવન ભિક્ષાને માટે ભટકતો તેની=ભિક્ષાની, ઈચ્છાથી વિહ્વલ તુચ્છમતિ એવો તે=દ્રમક, કૂટ વિકલ્પોથી આર્ત અને રૌદ્રધ્યાનને કરતો ખેદ કરે છે. ||૨૨||**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે અનુસુંદર ચક્રવર્તીને ચરમભવમાં અને પૂર્વના ભવોમાં ગુરુ વડે જ ઉત્તમચિત્તની પ્રાપ્તિ થયેલી. તે રીતે અન્ય પણ જીવોને ગુણવાન ગુરુની કૃપાથી ઉત્તમચિત્તની પ્રાપ્તિ થાય છે. તેથી ગુણવાન ગુરુ કઈ રીતે ધર્મપ્રદાન કરીને પથ્થર જેવા જીવને ગુણસમૃદ્ધિવાળો કરે છે તે બતાવવા અર્થે પ્રથમ જીવનું એક ભવમાંથી બીજા ભવમાં પરિભ્રમણરૂપ ભવ નગર જેવો કઈ રીતે છે તે અત્યાર સુધી બતાવ્યું. હવે તે નગરમાં ભટકતા જીવો જેઓને તત્ત્વની પ્રાપ્તિ થઈ નથી તે સર્વ પરમાર્થથી ભિખારી છે. અને કઈ રીતે તે નગરમાં

ભીખ માગતા ભટકે છે અને કઈ રીતે ભાવરોગોથી પીડિત છે તેમ બતાવીને તેવા જીવોને સુગુરુ કઈ રીતે મહાત્મા બનાવે છે તે બતાવવા અર્થે સંસારી જીવની ધર્મપ્રાપ્તિ પૂર્વેની ભિખારી અવસ્થાનું સ્વરૂપ બતાવે છે.

સંસારી જીવો ક્વચિત્ બંધુ વગરના પણ હોય છે અને બંધુવાળા પણ હોય છે, તોપણ જેઓને પરમબંધુ વીતરાગ, સુસાધુ કે કલ્યાણમિત્રનો યોગ થયો નથી તેઓ અશરણપણે જન્મે છે, અશરણરૂપે મૃત્યુ પામે છે તેથી પરમાર્થથી બંધુ વગરના છે.

વળી, સામાન્યથી ભિખારી કુત્સિત ભોજન કરીને પોતાના ઉદરના રોગોને વધારે છે તેમ તત્ત્વપ્રાપ્તિ પૂર્વેનો જીવ શબ્દાદિ પાંચ ઇન્દ્રિયોના વિષયોરૂપી કુત્સિત ભોજન કરીને પૂરી ન શકાય તેવા મોટા ઉદરવાળો વર્તે છે; કેમ કે ભોગમાં જ સારબુદ્ધિવાળા જીવોને વિષયોમાં ક્યારેય તૃપ્તિ થતી નથી. વળી, પાપી મનોવૃત્તિવાળો છે. આથી જ સર્વ પ્રકારનાં પાપો કરે છે. વળી, ભગવાનનું શાસન પારમાર્થિક રીતે જેમને પ્રાપ્ત થયું નથી, તેઓ તત્ત્વને અતત્ત્વરૂપે ગ્રહણ કરનારા છે અને ધનાદિમાં લોભવાળા છે. તેથી વિપરીત મતિવાળા છે. આવા જીવો ક્વચિત્ બાહ્ય ત્યાગથી સંન્યાસધર્મ સ્વીકાર્યો હોય કે સાધુધર્મ સ્વીકાર્યો હોય તોપણ કષાયોના ઉન્મૂલનરૂપ તત્ત્વને અને કષાયોના ઉન્મૂલથી થતા ક્ષમાદિ ભાવોરૂપ તત્ત્વને તત્ત્વરૂપે ગ્રહણ કરતા નથી પરંતુ માન-ખ્યાતિ આદિના લાલસાવાળા થાય છે તેથી વિપરીત મતિવાળા જ છે. આથી જ ક્ષયોપશમભાવથી તેઓનો જૈનશાસનમાં પ્રવેશ થયો નથી. સદ્ધર્મરૂપી કોડી પણ પ્રાપ્ત થયેલી નહીં હોવાથી તેઓ દુઃસ્થ છે=ભિખારી છે. ક્વચિત્ ધનાઢ્ય હોય, બુદ્ધિપ્રતિભાવાળા હોય તોપણ જેઓને કષાયોના નાશને અનુકૂળ સુંદર ધર્મલેશ પણ પ્રાપ્ત થયો નથી તેઓ ભાવથી ભિખારી જ છે; કેમ કે ગુણરૂપી સંપત્તિથી રહિત છે.

વળી, કર્મના ધ્વંસને કરનાર અંતરંગ બળનો અભાવ હોવાથી પુરુષકાર વગરના છે. ક્વચિત્ ધન કમાવામાં, ભોગવિલાસમાં કુશળ હોય તોપણ પુરુષકાર વગરના છે. વસ્તુતઃ વિવેકસંપન્ન જીવો તો અર્થ-કામના પુરુષાર્થને કરીને પણ ધર્મ પુરુષાર્થને જ દૃઢ કરવા યત્ન કરે છે. તેથી વિવેકપૂર્વક ધર્મ-અર્થ-કામને સેવીને કર્મરૂપી શત્રુને નાશ કરવા સમર્થ બને છે. તેથી તેઓ પુરુષકારવાળા છે. જ્યારે ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે જીવો સર્વથા પુરુષકાર વગરના છે.

વળી, ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે વિષયોમાં જ સુખબુદ્ધિ હોવાથી વિષયોની ઇચ્છાનું શમન થતું નથી તેથી તે જીવો ક્ષુધાથી આક્રાંત જ હોય છે. સર્વજ્ઞને પરમાર્થથી જાણનારા નહીં હોવાથી અનાથ છે. આથી જ જેઓને સર્વજ્ઞની ઉપાસના કરીને વીતરાગ થવાને અનુકૂળ લેશ પણ વીર્ય નથી તેઓ સાક્ષાત્ ભગવાનની પૂજા કરતા હોય, સંયમના સ્થૂલ આચારો પાળતા હોય તોપણ સર્વજ્ઞની ઉપાસના કરીને સર્વજ્ઞ તુલ્ય થવા યત્ન કરનારા નથી તેઓ અશરણ હોવાથી અનાથ જ છે. વળી, તેવા જીવો ક્વચિત્ સુંદર દેહવાળા હોય તોપણ દુષ્કૃતરૂપી ભૂમિમાં આળોટનારા હોવાથી તેઓનો મતિજ્ઞાનના ઉપયોગરૂપ અંતરંગ દેહ દલિત અંગવાળો છે=ખરડાયેલા અંગવાળો છે.

વળી તેવા જીવો કર્મરૂપી ધૂળથી ખરડાય છે તેથી અસુંદર દેહવાળા જ છે. વળી મોહરૂપી ભાવોથી આકુળ હોવાને કારણે ચીંથરાં જેવાં વસ્ત્રોવાળા હોવાથી ચારિત્રીઓને માટે નિંદાનું સ્થાન છે. ચારિત્રીઓ કેવી નિંદા કરે છે તે સ્પષ્ટ કરે છે.

આ જીવની પુરુષકારતા કેવી છે કે જે કેવલ પાપબંધનું જ કારણ બને છે એ પ્રકારે ચારિત્રીઓ નિંદા કરે છે.

વળી, ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે સંસારી જીવો વિષયોરૂપી કુત્સિત ભોજનની ઇચ્છાથી પીડાતા હોવાને કારણે ઊંચા જન્મની કે નીચા જન્મની પ્રાપ્તિરૂપ ઘરોમાં ભટકીને તે તે ભવના આયુષ્યરૂપી ભાજનમાં તુચ્છ એવી વિષયોની ભિક્ષાને પ્રાપ્ત કરે છે જેમાં આસક્ત થઈને સંસારની વૃદ્ધિ કરે છે.

આ રીતે ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે સામાન્ય જીવો કે ભોગવિલાસ કરનારા જીવો ભિખારી તુલ્ય કેમ છે તે બતાવ્યું. હવે તેઓનું ચિત્ત કેવું છે ? તે બતાવે છે –

તે જીવોને ભોગવિલાસના કુવિકલ્પો થાય છે. પરલોક નથી, આત્મા નથી ઇત્યાદિ કુવિકલ્પો થાય છે. જેનાથી કોઈક રીતે કર્મની લઘુતાને કારણે તત્ત્વને અભિમુખ થાય તેવી સ્થિતિવાળાં કર્મો હોય તેનો નાશ થાય છે. કુવિકલ્પોથી તેનું તત્ત્વને અભિમુખ થયેલુ સુંદર ચિત્ત જર્જરિત થાય છે. ક્વચિત્ કુવિકલ્પો ઉત્પન્ન કરે તેવા ગ્રંથો ભણવાથી પણ તેઓની તત્ત્વને અભિમુખ થાય તેવી

કર્મની સ્થિતિ નાશ પામે છે અને કર્મની વૃદ્ધિ થવાથી તત્ત્વથી વિમુખ પરિણામવાળા થાય છે. વળી, કોઈક રીતે તત્ત્વને અભિમુખ થયેલો તે જીવ કુતીર્થિકો કે કુઉપદેશકોની પ્રાપ્તિથી ક્યારેક નાશ પામે છે. તેથી તેવા કુત્સિત ઉપદેશના બળથી કષાયોના ઉન્મૂલનને બદલે કષાયોની વૃદ્ધિ થાય તે રીતે ધર્મનું અનુષ્ઠાન સેવીને પણ સંસારની વૃદ્ધિ કરે છે. વળી તત્ત્વથી વિમુખ થયેલા શરીરને કારણે જે કષાયોની વેદના થાય છે તેનાથી ક્ષીણ થયેલા અંતરંગ શરીરવાળા તે જીવો જુદી જુદી ખરાબ ગતિઓમાં જાય છે જ્યાં દુઃખ-શોકમાં મગ્ન રહે છે ત્યાં થતી પીડાઓમાં અત્યંત વિહ્વળ થઈને પોકારો કરે છે કે મારું રક્ષણ રક્ષણ કરો. જેમ નારકીઓ નરકમાં પોકાર કરે છે. હે માતા ! હે પિતા ! હે સ્વજનો ! મારું રક્ષણ કરો. પરંતુ કોઈ તેને શરણ થતું નથી.

આ રીતે ધર્મની પ્રાપ્તિ પૂર્વેના જીવો ચિત્તથી વ્યાકુળ થઈને કઈ રીતે અશરણ છે તે બતાવ્યા પછી તેઓમાં વર્તતા ભાવરોગોનું સ્વરૂપ બતાવે છે.

ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે જીવમાં જે મિથ્યાત્વ છે તે ઉન્માદ છે; કેમ કે સકલ અકાર્યમાં પ્રવર્તક છે. અર્થાત્ સંસારના ભોગવિલાસમાં પ્રયત્ન કરાવીને કર્મની વૃદ્ધિમાં પ્રવર્તક છે. વળી ક્યારેક ચિત્તમાં ઉન્માદ વર્તતો હોય તો ધર્મની પ્રવૃત્તિ કરીને પણ કષાયોની વૃદ્ધિ થાય તે પ્રકારે અકાર્યમાં પ્રવર્તક મિથ્યાત્વરૂપી ઉન્માદ છે. વળી, જ્વરના જેવો રાગ છે. જેનાથી પીડિત થયેલો જીવ અતિ ઇચ્છાથી સંતપ્ત રહે છે. આત્માના શમભાવના પરિણામને નાશ કરવાથી થતા હર્ષ-આનંદ સ્વરૂપ ક્રોધરૂપી ખણજ છે જેમ સંસારી જીવને ખણવાથી આનંદ થાય છે પરંતુ ખણવાથી શરીર છોલાય છે જેનાથી પીડા થાય છે તેમ ક્રોધરૂપી ખણજથી આત્માના શમભાવના પરિણામ ક્ષીણ થવાથી આત્માને પીડા થાય છે તે ક્રોધ છે. આથી જ ક્રોધવાળો જીવ સતત ક્રોધને વશ થઈને શમપરિણામને ક્ષીણ કરવા પ્રયત્ન કરે છે.

વળી, અજ્ઞાનરૂપી નેત્રરોગ વિવેકરૂપ દૃષ્ટિને નાશ કરનારો છે. જેમ સંસારી જીવોને ખણજ મીઠી લાગે છે તોપણ તેઓને તે ખણજ રોગરૂપે જણાય છે જ્યારે ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે ભોગાદિની ઇચ્છા રૂપ જે ખણજ થાય છે તે જીવોને અનિચ્છામાં સુખ છે આથી વીતરાગ સુખી છે એ પ્રકારની

વિવેકદૃષ્ટિનો નાશ કરે છે જે અજ્ઞાનરૂપી નેત્રરોગ છે. આથી જ નિર્મળમતિ નહીં હોવાથી ક્લેશ જ તત્ત્વરૂપ દેખાય છે. જેમ નેત્રરોગીને સફેદ પણ પીળું દેખાય છે. હૃદયને પીડા કરનારું દ્વેષરૂપી શૂલ છે. ભય, શોક, અરતિજન્ય દૈન્ય છે આથી જ આજીવિકાદિ ભયથી જીવો દીનતાનો અનુભવ કરે છે. સ્વજનાદિના મૃત્યુનો શોક કરીને દીનતાનો અનુભવ કરે છે. કોઈ પ્રતિકૂળ ભાવોની પ્રાપ્તિ કરીને દીનતાનો અનુભવ કરે છે.

વળી ઉદ્વેગ ગળતા કોઢ જેવો છે; કેમ કે ગળતા કોઢવાળા જીવો બધાને ઉદ્વેગ કરે છે પોતે પણ ઉદ્વેગને પામે છે તેમ ઉદ્વેગવાળા જીવો બધાને અણગમો કરાવે છે.

વળી, જીવમાં પ્રમાદનો પરિણામ જલોદર જેવો છે. જેમ જલોદરવાળા જીવો કોઈ કાર્ય કરવા ઉત્સાહવાળા થતા નથી, તેમ ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે આત્મહિતનાં સત્કાર્યો કરવાનો જીવને ઉત્સાહ થતો નથી. ક્વચિત્ બાહ્યથી ધર્મ કરે તોપણ મોહનાશને અનુકૂળ યત્ન કરવા ઉત્સાહ થતો નથી.

વળી, વિરતિનો પરિણામ, વ્રતનો પરિણામ જીવ માટે પથ્ય છે. તે પથ્યની રુચિનો નાશ કરનાર પરમાન્નના ભોજનની અશ્રદ્ધા છે=આત્માને હિત કરનારા સુંદર ભોજનની અરુચિ છે. આથી જ ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે જીવોને આત્માની સમૃદ્ધિ વધે તેવા ચારિત્રાચાર સેવવાની રુચિ થતી નથી. ક્વચિત્ બાહ્યથી આચારો પાળે તોપણ પાપની વિરતિ આદિ ભાવો થાય તેવો કોઈ યત્ન કરતાં નથી.

વળી, પોતાના વૈભવમાં અહંકારની બુદ્ધિ ગહનમૂર્ચ્છા છે. જેનાથી હૈયાની સુંદર વૃત્તિઓ સર્વથા નાશ પામે છે. આથી જ ભગવાનનું શાસન જેને પ્રાપ્ત થયું નથી તેવા જીવો પોતાની બાહ્ય સમૃદ્ધિથી હું સમૃદ્ધ છું, હું બુદ્ધિમાન છું ઇત્યાદિ અહંકારો કરીને ગાઢ મૂર્ચ્છામાં પડેલા હોય છે. જેથી ભોગ પ્રત્યેનો અને ધન પ્રત્યેનો મૂર્ચ્છાનો ભાવ અલ્પ થાય તેવો લેશ પણ યત્ન તેઓ કરતા નથી. તેથી તેઓની હૈયાની સુંદર વૃત્તિનો નાશ કરનાર વૈભવ પ્રત્યેનો અહંકાર છે. વળી, ભગવાનના શાસનને પામેલા વૈભવશાળી શ્રાવકોને પોતાની અંતરંગ ગુણસંપત્તિને મેં પ્રાપ્ત કરી છે તેવો પ્રશસ્ત અહંકાર થાય છે. તુચ્છ વૈભવમાં

ક્વચિત્ અહંકાર થાય તો ગાઢ અહંકાર થતો નથી; કેમ કે તત્ત્વને જોનારી દૃષ્ટિ હોવાથી પોતાની ગુણસંપત્તિ તેઓને વૈભવરૂપ દેખાય છે.

વળી, ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે જીવને બાહ્ય પદાર્થોમાં આ મને ઇષ્ટ છે, આ મને અનિષ્ટ છે ઇત્યાદિ સંકલ્પોરૂપ મહાશ્વાસ સતત વધે છે જે તત્ત્વને અભિમુખ હૃદયને નાશ કરે છે. વળી, ભગવાનના શાસનને પામેલા જીવોને ક્વચિત્ બાહ્યપદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટના સંકલ્પો થાય છે તોપણ આ સંકલ્પો કષાયજન્ય છે તેવો બોધ હોવાથી તે સંકલ્પને શાંત કરવા યત્ન કરે છે. જ્યારે ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે તેવા સંકલ્પો સંયોગો અનુસાર સદા વધતા હોય છે. વળી, ભગવાનની શાસનની પ્રાપ્તિ પૂર્વે મસાના અંકુરા જેવા કામના વિકારો છે, જે જીવના અવાચ્ય સ્થાનમાં ગૂઢ પીડાના પરિણામ સ્વરૂપ છે. તેથી એ પીડાથી દુઃખી થઈ જીવ કામને સેવીને તે પીડાનો પ્રતિકાર કરે છે. આવા પ્રકારના ભાવરોગોથી તે દ્રમક ભવરૂપી નગરમાં ફરતો હતો તેથી ઉપશમના પરિણામવાળા મુનિઓને કૃપાનું પાત્ર હતો=ઉપશમના પરિણામવાળા જીવોને તેમના ભાવમલોને જોઈને તે જીવો પ્રત્યે દયા થાય છે.

વળી સરાગ સંયમીઓને તેવા જીવને જોઈને હાસ્ય થાય છે. આ જીવનો મનુષ્યભવ કેવો છે કે જેમાં લેશ પણ સ્વસ્થતાને અનુકૂળ યત્ન તે જીવ કરતો નથી, માત્ર ક્લેશમાં જ યત્ન કરે છે. આ પ્રકારે સંસારી જીવોને સદ્વીર્ય વગરના જોઈને કંઈક તે સંસારમાં રોગથી આક્રાંત જીવો પ્રત્યે સરાગ સંયમીને હાસ્ય થાય છે.

વળી જીવો બીજા જીવોને માટે ક્રીડાનું સ્થાન બને છે. આથી જ બાહ્ય વૈભવથી સુખી જીવો દુઃખી જીવોને જોઈને તેમનો ઉપહાસ કરીને ક્રીડા કરે છે.

આ રીતે ભગવાનની શાસનની પ્રાપ્તિ પૂર્વે ભિક્ષાને માટે તે-તે ભવમાં ભટકતો ભોગની ઇચ્છાથી વિહ્વળ થયેલો મને આ ભોગો મળશે - મને આ ભોગો મળશે એવા કુવિકલ્પોને કરતો દ્રમક આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરે છે. આથી સંસારી જીવો ધનાદિ પ્રાપ્ત થાય ત્યારે પણ આર્તધ્યાન કરે છે. પ્રાપ્ત ન થાય ત્યારે પણ આર્તધ્યાન કરે છે. ક્વચિત્ પ્રાપ્ત થયેલા ધનાદિના રક્ષણાદિ અર્થે કે અન્ય પ્રયોજનથી રૌદ્રધ્યાન કરે છે. **॥૯થી ૨૨॥**

શ્લોક :-

तथाहि—

यदि तां भिक्षां लप्स्ये, यास्यामि तदा तथाऽहमेकान्ते ।
न यथा द्रक्ष्यन्त्यन्ये, भोक्ष्ये च निराकुलस्तत्र ।।२३।।

શ્લોકાર્થ :-

જો તે ભિક્ષાને હું પ્રાપ્ત કરીશ, તો તે પ્રમાણે હું એકાંતમાં જઈશ. જે પ્રમાણે અન્ય ભિખારીઓ મને જોશે નહિ અને ત્યાં=એકાંતમાં, હું નિરાકુળ ભોગવીશ, ।।૨૩।।

શ્લોક :-

अवशिष्टं तु निधास्ये, दास्ये म्रियमाणकोऽपि नार्थिभ्यः ।
ये लास्यन्ति बलात्तैः, सह बाढं योद्धुमारप्स्ये ।।२४।।

શ્લોકાર્થ :-

વળી અવશિષ્ટ=બાકી રહેલી ભિક્ષાને, હું રાખી મૂકીશ. મરાતો પણ હું અર્થીઓને આપીશ નહિ. જેઓ બળાત્કારથી લેશે=મારી ભિક્ષા લેશે, તેઓની સાથે હું અત્યંત યુદ્ધનો આરંભ કરીશ, ।।૨૪।।

શ્લોક :-

एवमलीकं ध्यायति, न पुनरवाप्नोति किमपि निष्पुण्यः ।
कथमपि कदन्नलेशप्राप्तौ तु जगत्तृणं वेत्ति ।।२५।।

શ્લોકાર્થ :-

આ રીતે=ગાથા-૨૩-૨૪માં બતાવ્યું એ રીતે, નિરર્થક વિચાર કરે છે નિપુણ્યક એવો તે જીવ કંઈ પણ પ્રાપ્ત કરતો નથી. કોઈક રીતે પણ કુત્સિત અન્નલેશની પ્રાપ્તિમાં જગતને તૃણ જાણે છે. ।।૨૫।।

શ્લોક :-

कर्माजीर्णकरत्वात्, कदन्नतुल्यं धनादिकं लब्ध्वा ।
तुच्छविभवोऽपि मूढो, जन्तुः स्वं मन्यते शक्रम् ।।२६।।

શ્લોકાર્થ :-

**કર્મનું અજીર્ણકરપણું હોવાથી કદન્ન તુલ્ય ધનાદિને પામીને તુચ્છ વિભવવાળો પણ મૂઢ જીવ પોતાને શક્ર માને છે. ||૨૬||**

શ્લોક :-

**रम्भीयति निजललनां, मानी निजमन्दिरं विमानीयन् ।**
**स्वर्गीयति स्वनगरं, त्रिदशीयति परिजनं च स्वम् ।।२७।।**

શ્લોકાર્થ :-

**પોતાની સ્ત્રીને રંભા જેવી સુંદર માને છે. પોતાના મંદિરને=ગૃહને, દેવવિમાન માને છે. પોતાના નગરને સ્વર્ગ માને છે. પોતાના પરિજનને દેવલોકનો પરિવાર માને છે. ||૨૭||**

શ્લોક :-

**महतो लब्ध्वा विभवं, मलिनः प्रायेण माति नो हृदये ।**
**स्थगयति जगज्जलधरो, जलराशेरात्तजलभारः ।।२८।।**

શ્લોકાર્થ :-

**મોટા પુરુષોના વૈભવને પ્રાપ્ત કરીને મલિન એવો જીવ પ્રાયઃ હૃદયમાં સમાતો નથી. જલરાશિને ગ્રહણ કરેલા જલના ભારવાળો એવો જલધર= વાદળાંઓ, જગતને સ્થગિત કરે છે.**

ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે કોઈક રીતે મોટા વૈભવને પામે ત્યારે તે જીવ અત્યંત હૈયામાં સમાતો નથી. જેમ પાણીથી ભરાયેલાં વાદળાંઓ વરસીને જગતને સ્થગિત કરે છે તેમ આ જીવ પોતાના ગર્વથી બધાને તુચ્છ માને છે. **||૨૮||**

શ્લોક :-

**तदसौ कदन्नलेशप्राप्त्या दृप्तः शृणोति विज्ञप्तिम् ।**
**नोग्रमदसन्निपातः, पश्यति न परं च मोहान्धः ।।२९।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=મોહના ઉન્માદથી હૃદયમાં માતો નથી તે કારણથી, આ=દ્રમક કદન્નલેશની પ્રાપ્તિથી ગર્વવાળો વિજ્ઞપ્તિને સાંભળતો નથી અને ઉગ્રમદના સન્નિપાતવાળો અને મોહાંધ એવો દ્રમક બીજાને જોતો નથી.**

અત્યંત ધનાદિની પ્રાપ્તિથી ગર્વવાળો છે તેથી કંઈક ભોગના સુખના લેશની પ્રાપ્તિ થાય ત્યારે માનકષાયવાળો થઈને કોઈના વચનને સાંભળતો નથી અને પોતાની તુચ્છ કુશળતામાં હું કંઈક બુદ્ધિમાન છું એવા ઉગ્રમદના સન્નિપાતવાળો બને છે. તત્ત્વને જોવામાં મોહ પામેલો હોવાથી અકષાય અવસ્થામાં સુખ છે તેમ જોવામાં અસમર્થ હોવાથી પરને તુચ્છ માને છે. **॥૨૯॥**

**શ્લોક :-**

**औद्धत्यकीलकहतो, न ग्रीवां नामयत्युपनतानाम् ।**
**गारवमरुद्विकारान्न भाषते स्तब्धजिह्व इव ।।३०।।**

**શ્લોકાર્થ :-**

**ઉદ્ધતારૂપી ખીલાથી હણાયેલો=ખૂંચેલો, ઉપનત જીવોને=સન્મુખ આવેલા જીવોને, ગ્રીવાને નમાવતો નથી=તેઓની સાથે ઉચિત સંભાષણ કરવા રૂપ ગ્રીવાને નમાવતો નથી. ગારવરૂપી પવનના વિકારને કારણે સ્તબ્ધ જિહ્વાવાળાની જેમ બોલતો નથી. ।।૩૦।।**

**શ્લોક :-**

**अनुगम्यमानपार्श्वो, महाजनैर्बद्धमुष्टिरस्तमतिः ।**
**न च पश्यति न च जल्पति, धनगर्वहतो मृतकतुल्यः ।।३१।।**

**શ્લોકાર્થ :-**

**મહાજનોથી અનુગમ્યમાન પડખાવાળો=તુચ્છપુણ્યને કારણે મોટા પુરુષો જેનું અનુસરણ કરતા હોય તેવો, બદ્ધમુષ્ટિવાળો=હું બધી રીતે સમર્થ છું એવી સ્વકલ્પનાથી બદ્ધમુષ્ટિવાળો, અસ્ત થયેલી મતિવાળો= તત્ત્વને જોવામાં જેની મતિ નાશ પામેલ છે તેવો, ધનગર્વથી હણાયેલો,**

મૃતક જેવો જોતો નથી, બોલતો નથી=બીજા લોકોને અસાર માને છે તેથી તેઓની સન્મુખ જોતો નથી, બોલતો નથી. ॥૩૧॥

શ્લોક :-

अयमीदृग्गतपुण्यो, रङ्को ज्ञानादिरत्नविकलत्वात् ।
शोच्यो भवति मुनीनामिन्द्रोपेन्द्रादिरपि लोकः ॥३२॥

શ્લોકાર્થ :-

આ=ભગવાનની શાસનની પ્રાપ્તિ પૂર્વેનો રાંકડો જીવ આવા પ્રકારના ગતપુણ્યવાળો જ્ઞાનાદિ રત્નોથી વિકલપણું હોવાને કારણે રાંક એવા ઈન્દ્રો, ઉપેન્દ્રો આદિ પણ લોક મુનિઓને શોચ્ય થાય છે=દયાપાત્ર થાય છે. ॥૩૨॥

શ્લોક :-

लब्ध्वा कदन्नलेशं, शक्रादपि शङ्कते स भुञ्जानः ।
भयमेति निःस्पृहादपि, पात्रात् क्षुद्रत्वदोषेण ॥३३॥

શ્લોકાર્થ :-

કદન્નલેશને પ્રાપ્ત કરીને ભોગવતો તે=ભિખારી શક્રથી પણ શંકા કરે છે. નિઃસ્પૃહ પણ પાત્રથી ક્ષુદ્રપણાના દોષને કારણે ભયને પામે છે. ॥૩૩॥

શ્લોક :-

कार्यान्तरमपि कुर्वन्, वपुषा तद्रक्षणोद्यतो मनसा ।
अवधीरयति स धर्मं, न वेत्ति लोकद्वयविरुद्धम् ॥३४॥

શ્લોકાર્થ :-

શરીરથી કાર્યાંતરને પણ કરતો નથી, તેના રક્ષણમાં ઉધત=પોતાના કદન્નતુલ્ય ધનના રક્ષણમાં ઉધત એવો તે જીવ ધર્મની અવગણના કરે છે. લોકદ્વયના વિરુદ્ધને=આલોક અને પરલોકના વિરુદ્ધને જાણતો નથી.

વસ્તુતઃ ધર્મ જ આલોક અને પરલોકનું હિત છે; કેમ કે ક્લેશનું શમન કરીને વર્તમાનમાં જ સુખ ઉત્પન્ન કરે છે અને પરલોકમાં સુખની પરંપરા કરે છે. વળી ધનના રક્ષણમાં ઉદ્યત મન ક્લેશવાળું હોવાથી આલોક અને પરલોક બંનેમાં અનર્થનું કારણ છે તે જાણતો નથી. **॥૩૪॥**

**શ્લોક :-**

**तस्य द्रमकस्य ततस्तेन कदन्नेन पूरितेऽप्युदरे ।**
**वृद्धिमुपैति बुभुक्षा, न तु तृप्तिर्भवति भस्मकिनः ।।३५।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=ધર્મની અવગણના કરે છે તેથી, તે કદન્ન વડે તે દ્રમકનું પેટ પૂરિત હોવા છતાં પણ બુભુક્ષાવૃદ્ધિ=ખાવાની ઈચ્છા વૃદ્ધિ પામે છે, ભસ્મ-રોગવાળાને તૃપ્તિ થતી નથી. ।।૩૫।।**

**શ્લોક :-**

**ग्रीष्मे यथा दवानलतप्तस्य तृषार्दितस्य पथिकस्य ।**
**तृप्तिः स्वप्ने नाम्बुधिपानाद् विषयैस्तथैवास्य ।।३६।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે ગ્રીષ્મમાં દાવાનલથી તપ્ત તૃષાથી પીડિત એવા પથિકને સ્વપ્નમાં સમુદ્રના પાનથી તૃપ્તિ નથી તે પ્રમાણે જ આને=દ્રમકને, વિષયોથી તૃપ્તિ નથી. ।।૩૬।।**

**શ્લોક :-**

**विषयकदन्नमनादौ, संसारेऽनन्तशोऽमुना भुक्तम् ।**
**नच हुङ्कृतं कदापि, क्षुत्क्षामेणेक्षितं शून्यम् ।।३७।।**

**શ્લોકાર્થ :-**

**અનાદિ સંસારમાં વિષયરૂપી કદન્ન આ જીવ વડે, અનંતી વખત ભોગવાયું અને ક્યારેય પણ હુંકારો કરાયો નહીં=હવે હું ધરાઈ ગયો**

છું તેવો હુંકારો કરાયો નથી, ક્ષુધાથી ક્ષીણ થયેલા શરીરવાળા જીવ વડે શૂન્ય જોવાયું=મારી પાસે ભોગ નહિવત્ છે એ પ્રમાણે શૂન્ય જોવાયું. ॥૩૭॥

**શ્લોક :-**

**लौल्येन भुक्तमेतत्, कुरुते कर्माणुसञ्चयाजीर्णम् ।**
**तदुदयजीर्णं तस्य च, नरकादिविसूचिकां दत्ते ।।३८।।**

**શ્લોકાર્થ :-**

**લોલ્યથી ભોગવાયેલું એ=વિષયરૂપી કદન્ન, કર્મના અણુના સંચયરૂપ અજીર્ણ કરે છે. અને તેના ઉદયથી જીર્ણ થયેલું કર્મ તેને=જીવને, નરકાદિ વિસૂચિકાને આપે છે.**

જેમ અજીર્ણ થયા પછી જીર્ણ થતું એવું તે અજીર્ણ=ઘટતું એવું તે અજીર્ણ વાછુટાદિને કરે છે તેમ સંચિત થયેલા કર્મનો ઉદય ક્રમસર વિપાકમાં આવીને જીર્ણ થાય છે ત્યારે નરકાદિની પીડા રૂપ વિસૂચિકાને આપે છે. **॥૩૮॥**

**શ્લોક :-**

**तच्चारु मन्यतेऽसौ, तथापि खलु भोजनं विपर्यासात् ।**
**स्वादं न तु वेत्ति महाकल्याणचारित्रभोज्यस्य ।।३९।।**

**શ્લોકાર્થ :-**

**તોપણ=લોલ્યથી ભોગવાયેલું વિષયનું સેવન અનર્થ કરનાર છે તોપણ, આ=જીવ, વિપર્યાસને કારણે તે ભોજનને, સુંદર માને છે=વિષયના ભોજનને સુંદર માને છે, મહાકલ્યાણ રૂપ ચારિત્રના ભોજનના સ્વાદને જાણતો નથી. ॥૩૯॥**

**શ્લોક :-**

**भ्रान्तोऽसौ नगरेऽस्मिन्ननन्तशोऽदृष्टमूलपर्यन्ते ।**
**न च निर्विण्णः कथमपि, कदन्नविषयैकलुब्धमतिः ।।४०।।**

**શ્લોકાર્થ :-**

**અદૃષ્ટમૂલપર્યંતવાળા આ નગરમાં આ=જીવ અનંતી વખત ભમ્યો, કદન્ન વિષયમાં એક લુબ્ધ મતિવાળો કેમે કરીને નિર્વેદ પામ્યો નહીં. ।।૪૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ભવરૂપી નગરમાં દ્રમક કઈ રીતે ભટકે છે તેનું વર્ણન કર્યું તેનાથી એ પ્રાપ્ત થયું કે ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે અનાદિ કાળથી જીવો વિપરીત બુદ્ધિને કારણે તે દ્રમકની જેમ કદર્થના પામતા વિષયોની ભિક્ષા અર્થે દરેક ભવોમાં ફર્યા કરે છે, અને તે વખતે તેઓ કેવા વિકલ્પ કરે છે તે બતાવે છે, જેમ તે ભિખારી વિચારે છે કે હું ભિક્ષાને પ્રાપ્ત કરીશ, એકાંતમાં જઈશ અને નિરાકુળ એવી તે ભિક્ષાને ભોગવીશ. તે રીતે આ જીવ પણ પુણ્ય વગરનો મનુષ્યાદિ ભવને પામીને હું આ ભોગોને પ્રાપ્ત કરીશ, તેમ માનીને ભોગોની ભિક્ષા અર્થે ધનાદિમાં યત્ન કરે છે અને કોઈક રીતે કદન્નને તુલ્ય ધનાદિને પામે છે ત્યારે પોતે મહામતિવાળો છે, બુદ્ધિશાળી છે ઇત્યાદિ વિકલ્પો કરીને પોતાને શક્ર જેવો માને છે. વળી, પોતાની સ્ત્રીને રંભા જેવી માને છે. પોતાના ઘરને દેવવિમાન જેવું માને છે. તેથી અલ્પ સમૃદ્ધિમાં પોતે મહાસુખી છે તેમ માનીને પોતે મલકાય છે અને થોડા વૈભવને પામીને મલકાય છે અને હૃદયમાં સમાતો નથી. તે સર્વ કદન્નના લેશની પ્રાપ્તિથી થયેલો ગર્વ જાણવો. વળી, અતિ ગર્વિષ્ઠ થયેલો તે કોઈને મસ્તક નમાવતો નથી, હું જ જગતમાં પૂજ્ય છું, તેવું માને છે. વસ્તુતઃ આવો જીવ જ્ઞાનાદિ રત્નત્રયીથી વિકલ હોવાને કારણે મુનિઓને માટે શોચ્ય છે.

આ જીવનો મનુષ્યભવ પશુતુલ્ય છે, કોઈ પ્રયોજનને સાધનારો નથી. તેમ જણાય છે. વળી, તુચ્છ ધનાદિને પામીને તે જીવ નિઃસ્પૃહ પણ મુનિઓથી ભય પામે છે.

આ મહાત્માઓ ઉપદેશ આપીને મારી પાસેથી ધનની જ ઇચ્છા કરે છે, પરંતુ નિઃસ્પૃહતા ગુણના પરમાર્થને જાણવા સમર્થ નથી. વળી ધર્મની અવગણના કરે છે, વસ્તુતઃ ધર્મની અવગણનાથી આ લોકમાં દુઃખી થાય છે અને પરલોકમાં પણ દુઃખી થાય છે; કેમ કે કષાયોની ઉત્કટ આકુળતામાં આ લોકમાં પણ

ભોગથી તે સુખ પ્રાપ્ત કરી શકતો નથી અને કષાયોની ઉત્કટતાને કારણે પાપ-પ્રકૃતિઓ વૃદ્ધિ પામે છે. આ લોકમાં તેનાથી થતા અનર્થોને જોઈ શકતો નથી. પરલોકના અનર્થોને પણ જોઈ શકતો નથી. વળી તેને પૂરતા પ્રમાણમાં ધનાદિ મળ્યા હોય તોપણ અધિક અધિક ધનની પ્રાપ્તિની ઇચ્છા શાંત થતી નથી. તેથી કેવલ ધનઅર્જનના ક્લેશોને કરીને મનુષ્યજન્મ નિષ્ફળ કરે છે. વળી, સંસારમાં અનંતી વખત આ વિષયો ભોગવ્યા, તોપણ ક્યારેય તૃપ્તિ થતી નથી, તેથી ભોગથી સંતોષની પ્રાપ્તિ ક્યારેય થતી નથી. વળી, લૌલ્યથી ભોગોને ભોગવીને કર્મસંચય કરે છે અને કર્મ ઉદયમાં આવીને જ્યારે જીર્ણ થાય છે ત્યારે નરકાદિ દુઃખોને આપે છે, છતાં તે જીવ બાહ્ય ભોગોમાં જ સુખ માનનાર હોવાથી તે ભોગોને સુંદર માને છે. ઉપશમના પરિણામરૂપ ચારિત્રના સ્વાદને લેશ પણ જાણતો નથી. ભગવાનના શાસનની પ્રાપ્તિ પૂર્વે સર્વ જીવો આવા જ ક્લિષ્ટ-ભાવવાળા હોય છે. છતાં, કંઈક કર્મ અલ્પ થાય છે, ત્યારે કર્મના ક્ષયોપશમથી તેઓ ભગવાનના શાસનને પામે છે, તેના પૂર્વે ધનાઢ્ય હોય તોપણ પરમાર્થથી દ્રમક તુલ્ય જ છે. **॥૨૩થી ૪૦॥**

**શ્લોક :-**

**तत्र च नगरे राजा, सुस्थितनामा त्रिलोकविद् भगवान् ।**
**सत्त्वानामुपकारी, कुरुते राज्यं सुखप्राज्यम् ।।४१।।**

**શ્લોકાર્થ :-**

**અને તે નગરમાં સુસ્થિત નામના રાજા=સિદ્ધમાં ગયેલા આત્મભાવમાં સુસ્થિત થયેલા રાજા, ત્રણે લોકને જાણનાર ભગવાન જીવોના ઉપકારને કરનાર=સિદ્ધભગવંતોનું અવલંબન લઈને જેઓ યત્ન કરે છે, તેઓને દુર્ગતિઓથી રક્ષણ કરીને સુગતિમાં સ્થાપન કરવા રૂપ ઉપકારને કરનાર, સુખપ્રાજ્ય એવા=સુખ ઘણું છે જેમાં એવા, રાજ્યને કરે છે=આત્મિક સુખને ભોગવવા સ્વરૂપ શ્રેષ્ઠ રાજ્યને કરે છે. ।।૪૧।।**

**શ્લોક :-**

**सदनमथास्य प्राप्तः, शासनमयमनभिदृष्टपूर्वश्रि ।**
**प्रावेशयत् कृपालुः, स्वकर्मविवरश्च तं द्वाःस्थः ।।४२।।**

શ્લોકાર્થ :-

હવે, અનભિદૃષ્ટ પૂર્વ લક્ષ્મીવાળો એવો આ દ્રમક=સુસ્થિત રાજાના રાજ્યની લક્ષ્મી પૂર્વમાં જેણે જોઈ નથી તેવો આ દ્રમક, આમના=સુસ્થિત રાજાના, સદનને પ્રાપ્ત થયો=સુસ્થિત રાજાના સદનરૂપ જૈનદર્શનની પાસે આવ્યો, અને દ્વારમાં રહેલા કૃપાલુ એવા સ્વકર્મવિવરનામવાળા દ્વારપાલે= જૈનશાસનના દ્વારમાં રહેલ તે જીવના કર્મના વિવરરૂપ કૃપાળુ દ્વારપાલે, તેને=તે જીવને, પ્રવેશ કરાવ્યો. ।।૪૨।।

શ્લોક :-

रागादयोऽपि सन्ति, द्वाःस्थाः प्रतिबन्धकास्तु ते तत्र ।
शासनबाह्यो लिङ्गी, प्रवेशितस्तैर्यतोऽभिहितः ।।४३।।

શ્લોકાર્થ :-

વળી, દ્વારમાં રહેલા તે રાગાદિ પણ પ્રતિબંધક છે=જીવને સદનમાં પ્રવેશ કરવાના પ્રતિબંધક છે=જેમ સ્વકર્મવિવર દ્વારપાલ પણ અયોગ્યને પ્રવેશ કરાવામાં પ્રતિબંધક છે તેમ રાગાદિ પણ તે જીવને પ્રવેશ કરવામાં પ્રતિબંધક છે, ત્યાં=ભગવાનના શાસનમાં તેઓ વડે=રાગાદિ વડે, શાસનબાહ્ય એવો લિંગી પ્રવેશ કરાયો=કર્મના ક્ષયોપશમ વગર પારમાર્થિક પ્રવેશના પ્રતિબંધક એવા રાગાદિ પરિણામોએ શાસનબાહ્ય એવા લિંગી સાધુને તે રાજમહેલમાં પ્રવેશ કરાવાયો જે કારણથી કહેવાયું છે. ।।૪૩।।

શ્લોક :-

यस्तु स्वकर्मविवरो, द्वाःस्थस्तत्र क्षयोपशमनामा ।
उद्घाट्य ग्रन्थिमसौ, प्रवेशकस्तत्त्वतो भवति ।।४४।।

શ્લોકાર્થ :-

વળી, જે દ્વારમાં રહેલો સ્વકર્મવિવર છે. ત્યાં=તે મંદિરમાં, ક્ષયોપશમ નામવાળો આ=દ્વારપાળ, ગ્રંથિને ઉઘાડીને તત્ત્વથી પ્રવેશક થાય છે= સુસ્થિત રાજાની કૃપાનું કારણ બને અને ગુણનો પારમાર્થિક પક્ષપાત થાય તે સ્વરૂપે દ્વારમાં રહેલો સ્વકર્મવિવર પ્રવેશક થાય છે. ।।૪૪।।

**શ્લોક :-**

**तेन प्रवेशितोऽसौ, ददर्श शुचिमन्दिरं महाराजः ।**
**ज्ञानादिऋद्धिकलितं, चरित्रचन्द्रोदयोल्लसितम् ।।४५।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે=સ્વકર્મવિવર વડે, પ્રવેશાયેલો આ=દ્રમક, મહારાજાના જ્ઞાનાદિ ઋદ્ધિથી કલિત, ચરિત્રરૂપી ચંદ્રના ઉદયથી ઉલ્લસિત એવા શુચિમંદિરને જોયું=જેમ કોઈ મનુષ્યનું ગૃહ અનેક રત્નોથી યુક્ત અને અનેક ભોગસામગ્રીથી યુક્ત હોય તો તે ગૃહ સમૃદ્ધ છે તેમ દેખાય છે તેમ પોતાના કર્મના ક્ષયોપશમભાવથી પ્રવેશ પામેલો જીવ ભગવાનનું મંદિર બાહ્ય જ્ઞાનાદિની સમૃદ્ધિથી અને ચારિત્રરૂપી ચંદ્રના ઉદયથી ઉલ્લસિત દેખાય છે.**

જીવ ચંદ્ર જેવો શીતલ છે અને તેવો જીવ સિદ્ધઅવસ્થામાં છે તેનો ઉદય ચારિત્રનો પરિણામ છે. તેના પ્રકર્ષવાળી સિદ્ધઅવસ્થા છે, તેવા ચારિત્રરૂપી ચંદ્રના ઉદયથી ઉલ્લસિત તે રાજમંદિરને દ્રમક જુએ છે. **॥૪૫॥**

**શ્લોક :-**

**जनितानन्दं लोकैः, सूनृतताम्बूलभृतमुखैः शमिनाम् ।**
**शुचिदर्शनकर्पूरं, शीलाङ्गसहस्रततकुसुमम् ।।४६।।**

**શ્લોકાર્થ :-**

**વળી, તે શુચિમંદિર કેવું છે ? તે કહે છે – સત્યરૂપી તામ્બૂલથી ભરાયેલા મુખવાળા લોકોથી શમવાળા જીવોને જનિત આનંદવાળું શુચિ-મંદિર છે. જૈનશાસનમાં રહેલા જીવોમાં જે સુસાધુઓ છે તે સર્વથા મૃષાવાદનો પરિહાર કરીને મુખને તે રીતે સુગંધિત કરે છે જેથી ઉપશમના સુખનું વેદન તેઓને થાય છે, તેથી સમભાવવાળા જીવોને તે સુખ આનંદને કરનારું દેખાય છે. વળી પવિત્ર દર્શનરૂપી કર્પૂરવાળું છે=જેમ રાજમંદિર કપૂરની સુગંધથી મહેકતું હોય છે તેમ જૈનશાસનમાં રહેલા જીવો સંસારનું વાસ્તવિક સ્વરૂપ, સિદ્ધ અવસ્થાનું વાસ્તવિક સ્વરૂપ,**

વિકારોના શમનનું સ્વરૂપ, વિકારોના શમનના ઉપાયોનું યથાર્થ સ્વરૂપ જોનારા હોય છે. તે શુચિદર્શનરૂપ કપૂરની સુગંધ છે, શીલાંગ સહસ્રથી વિસ્તાર પામેલા કુસુમવાળું છે. ॥૪૬॥

શ્લોક :-

गुरुकरुणाऽगुरुधूपं, प्रसृमरतरभावनामृगमदाढ्यम् ।
ध्यानजलयन्त्रलहरीशमचन्दनलेपहततापम् ॥४७॥

શ્લોકાર્થ :-

ગુરુની કરુણા અગુરુધૂપ છે=જૈનશાસનમાં પ્રવેશેલા યોગ્ય જીવ પ્રત્યે ગુરુને કરુણા થાય છે કે કઈ રીતે આ જીવ સન્માર્ગને સેવીને ભવનો ક્ષય કરે તે કરુણા અગુરુધૂપની જેમ તે રાજમંદિરને સુગંધિત કરે છે. વિસ્તાર પામતી ભાવનારૂપી કસ્તૂરીથી આઢ્ય શુચિમંદિર છે=ભગવાનના શાસનમાં રહેલા મહાત્માઓ હૈયાને સ્પર્શે તે પ્રકારે બાર ભાવનાઓ અને મૈત્ર્યાદિ ભાવોથી ભાવિત કરે છે તેનાથી સુગંધ ફેલાવતું ભગવાનનું મંદિર છે. ધ્યાનરૂપી જલયંત્રની લહરી અને શમરૂપી ચંદનના લેપથી હણાયેલા તાપવાળું શુચિમંદિર છે=શુચિમંદિરમાં રહેલા મહાત્માઓ સતત પરમગુરુનું ધ્યાન કરતા હોય છે, સિદ્ધઅવસ્થાનું ધ્યાન કરતા હોય છે. જેના કારણે તેઓમાં સમભાવના પરિણામ રૂપ ચંદનનો લેપ હૈયામાં વર્તે છે તેથી શીતલતાને કરનારું તે શુચિમંદિર છે. ॥૪૭॥

શ્લોક :-

दृष्टाश्च तेन लोकास्तत्र स्थगितान्धकूपमोहभराः ।
अपहस्तितमृत्युभया, निर्जितमिथ्यात्ववेतालाः ॥४८॥
दैन्यौत्सुक्यजुगुप्साऽरतिचित्तोद्वेगतुच्छतारहिताः ।
गाम्भीर्यौदार्यधृतिस्मृतिसहिताः सततानन्दाः ॥४९॥
गायन्तः स्वाध्यायैर्वैयावृत्यविधिना च नृत्यन्तः ।
वल्गन्तो जिनजन्माभिषेकयात्रादिहर्षभरात् ॥५०॥

उत्कृष्टसिंहनादं, प्रदर्शयन्तः प्रवादिनां विजयात् ।
आनन्दमर्द्दलगणं, प्रवादयन्तश्च धर्मदिने ।।५१।।

चतुर्भिः कलापकम् ।

શ્લોકાર્થ :-

તેના વડે=સ્વકર્મ-વિવરથી પ્રવેશ પામેલા તે દ્રમક વડે, ત્યાં=તે રાજ-મંદિરમાં, સ્થગિત કરાયો છે અંધ કૂપરૂપ મોહના સમૂહવાળા=ભગવાનના શાસનમાં રહેલા જીવો આત્મામાં અંધકારના કૂવા જેવો મોહનો સમૂહ સ્થગિત કર્યો છે તેથી સંસારની વિડંબના મોક્ષની સારભૂતતા ઈત્યાદિ ભાવો યથાવત્ જોઈ શકે છે તેવા, અપહસ્તિત મૃત્યુભયવાળા=મૃત્યુનો ભય જેમણે દૂર કર્યો છે તેવા, નિર્જિતમિથ્યાત્વના વેતાલવાળા=મિથ્યાત્વ તેઓએ સર્વથા દૂર કર્યું છે, તત્ત્વને યથાર્થ જોનારા લોકો જોવાયા. ।।૪૮।।

દૈન્ય, ઉત્સુક્ય, જુગુપ્સા, અરતિ, ચિત્તનો ઉદ્વેગ, તુચ્છતાથી રહિત=પ્રતિકૂળ સંયોગમાં દીનતાનો અભાવ, નવા નવા બાહ્ય પદાર્થોની પ્રાપ્તિના ઔત્સુક્યનો અભાવ, જુગુપ્સનીયભાવો પ્રત્યે જુગુપ્સાનો અભાવ, પ્રતિકૂળ સંયોગમાં અરતિનો અભાવ, ચિત્તના ઉદ્વેગનો અભાવ અને તુચ્છ પદાર્થોમાંથી આનંદ લેવાના સ્વભાવનો અભાવ છે જેમાં એવા લોકો જોવાયા એમ અન્વય છે. ગાંભીર્ય, ઔદાર્ય, ધૃતિ, સ્મૃતિ સહિત સતત આનંદવાળા લોકો જોવાયા એમ અન્વય છે=ભગવાનના શાસનમાં ભાવથી રહેલા સુસાધુ આદિ ગંભીર હોય છે; કેમ કે તત્ત્વને જોવામાં નિપુણ પ્રજ્ઞાથી યત્ન કરનારા હોય છે. ઔદાર્યવાળા હોય છે; કેમ કે જગતના જીવોના હિત કરવાના અધ્યવસાયવાળા હોય છે. વળી, યોગમાર્ગમાં ધૃતિપૂર્વક પ્રવૃત્તિ કરનારા હોય છે. પોતે જે યોગમાર્ગનું સેવન કરે છે તેનાથી પોતે કેટલા નિષ્પન્ન થયા છે અને કેટલા નિષ્પન્ન થવાનું બાકી છે તેની સ્મૃતિથી યુક્ત હોય છે અને ઉત્તમ યોગમાર્ગની પ્રાપ્તિથી સતત આનંદવાળા હોય છે. ।।૪૯।।

સ્વાધ્યાયથી ગાતા અને વૈયાવચ્ચને વિધિથી=વૈયાવચ્ચના વિધાનથી, નૃત્ય કરતા, જિનજન્માભિષેક યાત્રાદિ હર્ષના સમૂહથી કૂદતા. ।।૫૦।।

પ્રવાદીઓના વિજયથી ઉત્કૃષ્ટ સિંહનાદને બતાવતા, ધર્મના દિવસમાં આનંદરૂપી વાજિંત્રના સમૂહને વગાડતા લોકો તે દ્રમક વડે જોવાયા એમ અન્વય છે. ॥૫૧॥

શ્લોક :-

तत्र नृपा बहिरन्तः शान्ता दीप्ताश्च सूरयो दृष्टाः ।
मन्त्रिवरा ज्ञातारो, गूढार्थानामुपाध्यायाः ॥५२॥

શ્લોકાર્થ :-

ત્યાં=સ્વકર્મવિવર દ્વારપાળ દ્વારા પ્રવેશ કરાયેલા દ્રમક વડે જે લોકો જોવાયા ત્યાં, બહિર્ અંતરંગ શાંત અને દીપ્ત સૂરિઓ રાજાઓ છે એમ જોવાયા=તે નગરમાં રાજાઓના સ્થાનીય સૂરિઓ છે જેઓ બહિરંગ વ્યાપારથી અત્યંત નિવૃત્ત છે અને અંતરંગ મોહથી અનાકુળ હોવાને કારણે બાહ્ય પદાર્થોથી અસંશ્લેષવાળા છે તેથી શાંત છે અને ગુણોથી શોભાયમાન છે તેવા સૂરિઓ તે દ્રમક વડે જોવાયા. ગૂઢ અર્થના જાણનારા ઉપાધ્યાયો શ્રેષ્ઠ મંત્રીઓ જોવાયા=મંત્રીઓ જેમ સૂક્ષ્મ રાજ્યવ્યવસ્થાના મર્મને જાણનારા હોય છે તેમ ઉપાધ્યાય ભગવાનના શાસનના ગૂઢ અર્થને જાણનારા હોય છે તેથી મંત્રી સ્વરૂપે જોવાયા. ॥૫૨॥

શ્લોક :-

गीतार्था वरयोधाः, परेतभर्तुः पुरोऽपि भयरहिताः ।
भावापन्मग्नानामुद्धर्त्तारः कुलादीनाम् ॥५३॥

શ્લોકાર્થ :-

યમરાજ આગળ પણ ભયરહિત, ભાવ આપત્તિમાં મગ્ન એવા કુલાદિઓના ઉદ્ધાર કરનારા વરયોધાઓ ગીતાર્થો જોવાયા=ગીતાર્થ સાધુઓ મોહની સામે સુભટની જેમ લડે છે, સાક્ષાત્ મૃત્યુથી પણ ભયરહિત થઈને મોહની સામે યુદ્ધ કરે છે અને અગીતાર્થ સાધુરૂપ કુલાદિ છે તેઓ કોઈ વિષમ સંયોગમાં આવે ત્યારે મોહનાશને અનુકૂળ ઉદ્યમ કરવામાં અસમર્થ બને ત્યારે ઉત્સર્ગ-અપવાદનું સમ્યગ્ આલોચન

કરી તેઓને ઉદ્ધાર કરનારા હોય છે. તેવા ગીતાર્થો શ્રેષ્ઠ યોદ્ધારૂપે જોવાયા. ।।૫૩।।

શ્લોક :-

उपकारिणः पदद्वयदक्षा गणचिन्तका नियुक्ताश्च ।
तलवर्गिकाश्च सामान्यभिक्षवो विहितगुर्वाज्ञाः ।।५४।।

શ્લોકાર્થ :-

પદદ્વયમાં દક્ષ, ઉપકારને કરનારા ગણચિંતકો નિયુક્ત=કોટવાલો જોવાયા. કોટવાલો જેમ નગરના લોકોનું ચોરાદિથી રક્ષણ કરે છે તેમ ગણચિંતકો જૈનશાસનમાં રહેલા જીવોના ઉપકારને કરનારા હોય છે. ઉત્સર્ગ-અપવાદમાં દક્ષ હોય છે અને સાધુના ગણની ચિંતાને કરનારા હોય છે તેવા જોવાયા અને વિહિત ગુરુઆજ્ઞાવાળા સામાન્ય સાધુઓ તલવર્ગિકો જોવાયા. ।।૫૪।।

શ્લોક :-

आर्याः स्थविरा लोकाः, प्रमत्तललनानिवारणोद्युक्ताः ।
शुचिधर्मशीललीलाललनाश्च श्राविकावर्गाः ।।५५।।

શ્લોકાર્થ :-

પ્રમાદી સ્ત્રીઓના નિવારણમાં ઉદ્યુક્ત એવી આર્યા=સાધ્વીઓ, સ્થવિર લોકો=વૃદ્ધ સ્ત્રીઓ, જોવાઈ. શુચિધર્મ રૂપ શીલની લીલામાં રમતી શ્રાવિકા-વર્ગો જોવાયા. ।।૫૫।।

શ્લોક :-

श्राद्धगणा भटनिकरा, ध्यायन्तो जिनवरं महाराजम् ।
गुरुजननिर्देशपरा, नैमित्तिकनित्यकर्मकृतः ।।५६।।

શ્લોકાર્થ :-

શ્રાદ્ધગણો જિનેશ્વર મહારાજનું ધ્યાન કરતા, ગુરુજનના નિર્દેશમાં તત્પર, નૈમિત્તિક નિત્યકર્મને કરનારા ભટના સમૂહ જોવાયા=તે રાજ-

મંદિરમાં વર્તતા શ્રાવકો જિનેશ્વર મહારાજનું હંમેશાં ધ્યાન કરનારા છે. ગુણવાન ગુરુ જે પ્રકારે જેની ભૂમિકા છે તે પ્રકારે ઉચિત નિર્દેશ કરે છે તેને કરવામાં તત્પર છે અને શ્રાવકનાં નિત્યકૃત્યો અને નૈમિત્તિક કૃત્યો કરનારા છે તેઓ સુભટના સમૂહ જેવા છે. ।।૫૬।।

શ્લોક :-

पुण्यानुबन्धिपुण्यं, दत्ते वैराग्यकारणं भोगम् ।
इति ये दिव्या भोगा, दृष्टं तैः सदनमिदमिद्धम् ।।५७।।

શ્લોકાર્થ :-

પુણ્યાનુબંધી પુણ્ય વૈરાગ્યનું કારણ એવો ભોગ આપે છે એથી જે દિવ્યભોગો છે તેનાથી સમૃદ્ધિવાળું આ સદન જોવાયું=ભગવાનનું શાસન સમ્યગ્દષ્ટિથી માંડીને મુનિઓ આદિથી યુક્ત છે તેથી ઈન્દ્રો, દેવતાઓ કે અન્ય રાજામહારાજાદિ ભગવાનના શાસનમાં વર્તે છે તેઓને જે શ્રેષ્ઠ ભોગો મળ્યા છે તે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળ્યા છે તેથી તે ભોગ વૈરાગ્ય ઉત્પન્ન કરે છે માટે તે ભોગો જીવના ભાવઆરોગ્યની વૃદ્ધિને કરનારા હોવાથી દિવ્યભોગો છે. પરંતુ સંસારી જીવોના ભોગો ક્લેશ કરાવીને નરકાદિનાં કારણ બને તેવા ભોગો નથી. તેવા દિવ્ય-ભોગોથી સમૃદ્ધ એવું આ રાજમંદિર દ્રમક વડે જોવાયું. ।।૫૭।।

શ્લોક :-

सुस्थितनृपस्य शासनमन्दिरमीदृशं स संप्रेक्ष्य ।
विस्मयमयाद् विशेषं, सोन्मादतया तु नाज्ञासीत् ।।५८।।

શ્લોકાર્થ :-

સુસ્થિત રાજાનું આવા પ્રકારનું શાસનમંદિર જોઈને=ગાથા-૪૫થી અત્યાર સુધી કહ્યું એવા પ્રકારનું શાસનમંદિર જોઈને, વિસ્મય પામેલ હોવાથી, વળી ઉન્માદપણું હોવાને કારણે તે=દ્રમકે, વિશેષને જાણ્યું નહીં. ।।૫૮।।

**શ્લોક :-**

**जाते हि कर्मविवरे, जिज्ञासुर्भवति जिनमते जन्तुः ।**
**मिथ्यात्वांशोन्मादैर्नतु भवति विशेषसंवित्तिः ।।५९।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, કર્મવિવર થયે છતે જિનમતમાં જીવ જિજ્ઞાસુ થાય છે. મિથ્યાત્વ અંશના ઉન્માદોથી વિશેષ સંવિત્તિ થતી નથી.**

કર્મવિવરદ્વારપાળથી પ્રવેશ કરાયેલો તે જીવ પૂર્વમાં વર્ણન કર્યું એવું રાજમંદિર જુએ છે તે વખતે હજી મિથ્યાત્વનો નાશ થયો નથી તોપણ મિથ્યાત્વની મંદ અવસ્થા થઈ છે તેથી કંઈક અસ્પષ્ટ પણ ગુણોને ગુણરૂપે જોઈ શકે છે તેથી વિસ્મય થાય છે=અદ્ભુત આ રાજમંદિર છે એવો વિસ્મય થાય છે છતાં મિથ્યાત્વનો ઉન્માદ વર્તતો હોવાને કારણે પૂર્વમાં વર્ણન કર્યું એવું રાજમંદિર વિશેષ જાણતો નથી; કેમ કે મિથ્યાત્વના મંદતા રૂપ કર્મવિવર થયે છતે કંઈક ગુણોને ગુણરૂપે જુએ છે જેથી તેને જિનમતમાં જિજ્ઞાસા થાય છે. છતાં મિથ્યાત્વ અંશના ઉન્માદને કારણે જિનમત જેવું વિશેષ છે તેવું વિશેષ તેને સંવેદનરૂપે દેખાતું નથી. **॥૫૯॥**

**શ્લોક :-**

**पूते हृदयाकूते, स्फुरितं पुनरस्य लब्धबोधस्य ।**
**येन प्रदर्शितमिदं, स द्वाःस्थो मे महाबन्धुः ।।६०।।**

**શ્લોકાર્થ :-**

**હૃદયનો પરિણામ પવિત્ર થયે છતે વળી લબ્ધ બોધવાળા એવા આને=દ્રમકને, સ્ફુરાયમાન થાય છે. જેના વડે આ બતાવાયું=જે દ્વારપાળ વડે મને આ બતાવાયું. તે દ્વારમાં રહેલો મારો મહાબંધુ છે. ।।૬૦।।**

**શ્લોક :-**

**जिज्ञासाऽपि ममेयं, मुदमियतीमस्य करुणया दत्ते ।**
**येऽत्र वसन्त्यतिमुदिता, धन्यास्ते धूततापभराः ।।६१।।**

**શ્લોકાર્થ :-**

**મારી આ જિજ્ઞાસા પણ આની કરુણાથી=કર્મવિવર દ્વારપાળની કરુણાથી, આટલા આનંદને આપે છે. જે જીવો અહીં=રાજમંદિરમાં, અતિ આનંદિત વસે છે, ધોવાયેલો છે તાપનો સમૂહ જેને એવા તેઓ ધન્ય છે.**

તે દ્રમક વિચારે છે કે આ રાજમહેલ કેવું છે એના વિષયક મને જે જિજ્ઞાસા થઈ છે તે મને આટલો આનંદ આપે છે તેનું કારણ ક્ષયોપશમભાવવાળા દ્વાર-પાળ છે. તેથી જે જીવોને જૈનશાસન વિષયક સૂક્ષ્મ જાણવાની ઇચ્છા થાય છે તેઓને ગુણના રાગજન્ય જે સુખ થાય છે તે સુખનું કારણ ક્ષયોપશમભાવ દેખાય છે અને જેઓ વિશિષ્ટ ગુણોથી સભર જૈનશાસનમાં વસનારા છે તેઓ તેને અત્યંત ધન્ય જણાય છે. **॥૬૧॥**

**શ્લોક :-**

**अथ सप्तरज्जुभूमिकलोकप्रासादशिखरनिष्ठेन ।**
**सुस्थितनृपेण स कृपादृष्ट्यैक्ष्यत चिन्तयन्नेवम् ।।६२।।**

**શ્લોકાર્થ :-**

**હવે આ પ્રમાણે ચિંતવન કરતો તે જીવ સાત રાજલોક પ્રાસાદના શિખરમાં રહેલા સુસ્થિત રાજા વડે=મોક્ષમાં રહેલા જીવ વડે, કૃપાદૃષ્ટિથી જોવાયો.**

મોક્ષને અનુકૂળ પ્રાથમિક ભૂમિકાના ગુણનો રાગ જીવને થાય છે ત્યારે તે જીવને ગુણો વિષયક જિજ્ઞાસા થાય છે. તે જિજ્ઞાસા સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિનું પરમબીજ છે તેથી સિદ્ધના આલંબનવાળી કૃપાદૃષ્ટિ તે જીવ ઉપર સિદ્ધના જીવોથી થયેલી છે તેમ કહેવાય છે. **॥૬૨॥**

**શ્લોક :-**

**मार्गानुसारिताया, भद्रकभावे प्रवर्तमानस्य ।**
**भगवद्दर्शनमेतद्, भगवद्बहुमानभावेन ।।६३।।**

**શ્લોકાર્થ :-**

**માર્ગાનુસારિતાથી ભદ્રકભાવમાં પ્રવર્તમાન એવા જીવને ભગવાનના બહુમાનના ભાવથી આ ભગવાનનું દર્શન છે.**

જીવમાં તત્ત્વને જોવામાં બાધક કર્મો કંઈક અલ્પ થાય છે ત્યારે માર્ગાનુસારિતા પ્રાપ્ત થાય છે જેનો પ્રારંભિક ગુણ અદ્વેષથી થાય છે અને તેવા ભદ્રકભાવમાં વર્તમાન જીવને જ્યારે ગુણનું કંઈક દર્શન થાય છે જે ભગવાનના બહુમાનભાવ સ્વરૂપ છે અને તેનાથી વિશેષની જિજ્ઞાસા થાય છે તેથી ગુણનું અલ્પ દર્શન એ ભગવદ્ દર્શન સ્વરૂપ છે. **||૬૩||**

**શ્લોક :-**

**भगवदवलोकनेयं, प्रोक्ता मार्गप्रणालिका सद्भिः ।**
**द्रव्यश्रुताद् विनैनां, स्थूलज्ञानं न चान्ध्यहरम् ।।६४।।**

**શ્લોકાર્થ :-**

**આ ભગવાનની અવલોકના સજ્જનો વડે દ્રવ્યશ્રુતથી માર્ગપ્રણાલિકા કહેવાઈ છે અને આના વગર=ભગવાનની અવલોકના વગર, સ્થૂલજ્ઞાન આંધ્યને હરનાર નથી.**

પૂર્વમાં કહ્યું કે તત્ત્વની જિજ્ઞાસા થઈ એ ભગવાનનું દર્શન છે તે દ્રવ્યશ્રુતથી યોગ્ય જીવોને પ્રાપ્ત થાય છે તે ભગવાનની અવલોકના માર્ગની પ્રાપ્તિની પ્રણાલિકા રૂપ છે=માર્ગપ્રાપ્તિમાં પ્રબલ કારણભૂત અવસ્થા છે અને જેઓને તેવી તત્ત્વની જિજ્ઞાસા થઈ નથી તેઓ શાસ્ત્ર ભણે, સ્થૂલજ્ઞાન પ્રાપ્ત કરે તોપણ તે જ્ઞાન આંધ્યને હરનારું નથી.

કષાયોની આકુળતા દુઃખ છે અને ઉપશમ સુખ છે તે પ્રકારના પરમાર્થને જોવામાં બાધક એવું જે અંધપણું છે તેનો નાશ કરનાર તે શાસ્ત્રજ્ઞાન નથી. **||૬૪||**

**ભાવાર્થ :-**

અનાદિ કાલથી ભગવાનના ધર્મની પ્રાપ્તિ પૂર્વે મોક્ષમાર્ગને અનુકૂળ લેશ પણ ગુણ નહીં હોવાથી ભાવથી દરિદ્ર એવા આ જીવો સંસારમાં ભટકે છે તે નગરના સ્વામી સિદ્ધભગવંતો છે; કેમ કે જે રાજા હોય તે પ્રજાનું પાલન કરે

તેને રાજા કહેવાય તેમ સિદ્ધભગવંતો તેમના અવલંબનથી જેઓ યત્ન કરે છે તેઓનું પાલન કરે છે. આથી જ સિદ્ધભગવંત અને સિદ્ધભગવંતની પ્રાપ્તિના ઉપાયભૂત માર્ગનું જેઓ અવલંબન લે છે તેઓ દુર્ગતિના પાતથી રક્ષિત થાય છે અને સુગતિમાં જાય છે, ગુણથી સમૃદ્ધ થાય છે અને અંતે સિદ્ધભગવંત તુલ્ય જ પૂર્ણ ગુણવાળા થાય છે. તે રાજાનું જે સદન જૈનનગર છે જેની અંદર યોગ્ય જીવો તે રાજાની આજ્ઞાનું પાલન કરીને રહેલા છે અપ્રમાદભાવથી સિદ્ધ થવા યત્ન કરી રહ્યા છે, તેમના રાજમંદિરને આ ભિખારી પામ્યો અને પૂર્વે ક્યારેય પણ આ રાજમંદિરને પામ્યો નથી. અત્યારે જ તેને રાજમંદિર દેખાયું; કેમ કે વિવેકપર્વત પર અપ્રમત્તશિખર છે ત્યાં આ રાજમંદિર છે અને અનંતકાળથી જીવ વિવેકથી અત્યંત દૂર હતો તેથી તે રાજમંદિરને ક્યારેય જોતો નથી. વળી, જે જીવનાં મિથ્યાત્વમોહનીય કર્મ કંઈક મંદ થયાં છે એ રૂપ સ્વકર્મવિવર નામના દ્વારપાળ દ્વારા તે રાજમંદિરમાં તે જીવ પ્રવેશ કરાવાયો. જોકે તે રાજ-મંદિરનો દ્વારપાળ સ્વકર્મવિવર છે તેમ રાગાદિ પણ છે. અને તે રાગાદિ દ્વાર-પાળો જીવને જૈનશાસનમાં પરમાર્થથી પ્રવેશ કરવા દેતા નથી. આથી પ્રબળ રાગાદિવાળા જીવો સાધુવેષ ગ્રહણ કરે છે તોપણ જૈનશાસનમાં તેઓનો પ્રવેશ નથી; કેમ કે બાહ્ય સમૃદ્ધિને જ સમૃદ્ધિરૂપે જ જોવાની વિપર્યાસ બુદ્ધિ છે તેથી વિવેક વગરના તેઓ બાહ્ય આચારો પાળીને પણ કાષાયિક ભાવોની જ વૃદ્ધિ કરે છે. જ્યારે જીવમાં મિથ્યાત્વ મંદ થાય છે ત્યારે જૈનશાસનમાં તેઓનો કંઈક પ્રવેશ થાય છે તે વખતે તેઓને જૈનશાસન અંતરંગ ગુણસમૃદ્ધિવાળું દેખાય છે છતાં તે જેવી ગુણસમૃદ્ધિવાળું છે તેવી ગુણસમૃદ્ધિવાળું મંદમિથ્યાત્વ અવસ્થામાં દેખાતું નથી. તોપણ જૈનશાસનમાં વર્તતા જીવોમાં મોક્ષમાર્ગને અનુકૂળ શ્રેષ્ઠ ગુણોને જોઈને તેને વિસ્મય થાય છે. તેથી તેને વિશેષથી જાણવાની જિજ્ઞાસા થાય છે. માટે સ્વકર્મવિવરથી જેઓ જૈનશાસનને સ્થૂલથી પ્રાપ્ત કરે છે, તેઓ પ્રથમ ભૂમિકામાં ગુણ અદ્વેષને પ્રાપ્ત કરે છે જે યોગની પ્રથમ દૃષ્ટિ છે, ત્યારપછી જિજ્ઞાસા થાય છે.

આ રાજમંદિર કેવા ગુણોથી કલિત છે ? તેવી જિજ્ઞાસા થાય છે. જે ક્રમસર રાજમંદિરના પારમાર્થિક સ્વરૂપના બોધ માટે માર્ગની પ્રણાલિકાતુલ્ય છે.

માર્ગમાં પ્રવેશવા માટે નલિકાતુલ્ય છે. જેના દ્વારા તેઓ જૈનશાસનમાં

પરમાર્થથી પ્રવેશ કરશે અને જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે તે જીવને સંસારમાં સિદ્ધઅવસ્થા જ અત્યંત સાર જણાય છે. તેના ઉપાયભૂત અંતરંગ ગુણસમૃદ્ધિ જ=કષાયોના ક્ષયોપશમથી થનારી આત્માની પરિણતિ જ, તત્ત્વ જણાય છે. જગતના અન્ય સર્વ ભાવો નિઃસાર જણાય છે. આથી સમ્યગ્દૃષ્ટિનું ચિત્ત પ્રાયઃ મોક્ષમાં હોય છે, કાયાથી સંસારમાં હોય છે. વળી, જીવને જૈનશાસનમાં સ્થૂલથી પ્રવેશ મળ્યા પછી તેના પારમાર્થિક સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા થાય છે તે જ સિદ્ધઅવસ્થામાં રહેલા સિદ્ધભગવંતોની તેના ઉપર કૃપાદૃષ્ટિ છે; કેમ કે સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિને અનુકૂળ એવી આ જિજ્ઞાસા હોવાથી તે જીવની સર્વ પ્રકારની હિતની પરંપરા તે સિદ્ધભગવંતની કૃપાદૃષ્ટિથી થાય છે અને આ જિજ્ઞાસા જ ભગવાન પ્રત્યેના બહુમાન સ્વરૂપ છે અને જેઓને તેવી જિજ્ઞાસા લેશ પણ થતી નથી તેઓ ઘણાં શાસ્ત્ર ભણે તોપણ તેઓનો વિપર્યાસ નાશ થતો નથી. આથી શાસ્ત્રો ભણીને હું બહુશ્રુત છું ઇત્યાદિ કષાયો કરીને તે જીવો મોહની વૃદ્ધિ કરે છે પરંતુ જિનતુલ્ય થવા લેશ પણ યત્ન કરતાં નથી. **॥૪૧થી ૬૪॥**

**શ્લોક :-**

**तां तत्र राजदृष्टिं, निपतन्तीं तन्महानसनियुक्तः ।**
**निरवर्णयदुपयोगादाचार्यो धर्मबोधकरः ।।६५।।**
**दध्यौ चायं चित्रं, किमिदं यद्दर्शनेन विश्वविभोः ।**
**भवति त्रिभुवनविभुता, बीभत्सोऽयं पुनर्द्रमकः ।।६६।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=તે દ્રમકના વિષયમાં, પડતી એવી તે રાજદૃષ્ટિને તેના=સુસ્થિત રાજાના મહાનસ નિયુક્ત એવા આચાર્ય ધર્મબોધકરે ઉપયોગથી જોઈ= આચાર્ય ધર્મબોધકર સન્મુખ આવેલા અને ઉપદેશને સાંભળતા જીવોને તત્ત્વજિજ્ઞાસા થઈ છે કે નહીં એ પ્રકારે ઉપયોગ મૂકે ત્યારે તે જીવના મુખના ભાવો આદિથી સુસ્થિત રાજાની દૃષ્ટિ તે જીવ પર પડતી જુએ છે. અને વિચાર્યું. શું આ આશ્ચર્ય છે ? જે કારણથી વિશ્વવિભુના**

**દર્શનથી ત્રિભુવનની વિભુતા થાય છે=ત્રણ ભુવનનું વૈભવ પ્રાપ્ત થાય છે, વળી આ દ્રમક બીભત્સ છે.**

ધર્મબોધકરને ભગવાનની દૃષ્ટિ પ્રથમ પ્રવેશેલા જીવ ઉપર પડતી જોઈને આશ્ચર્ય થાય છે; કેમ કે સામાન્યથી જેઓને ભગવાનના શાસનના પારમાર્થિક સ્વરૂપની જિજ્ઞાસા થાય છે તે જીવો પ્રાયઃ પૂર્વ ભવોમાં ઘણી ઉત્તમતા કેળવેલી હોય છે તેથી ભગવાનની દૃષ્ટિની પ્રાપ્તિથી શીઘ્ર જ ત્રિભુવનની વિભુતાને પામે છે, જેમ રોહિણીચોર વગેરે ભગવાનના વચનના સ્પર્શની સાથે સંયમના પરિણામને પામ્યા. જ્યારે આ જીવ અત્યંત બીભત્સ દેખાય છે તેથી ભૂતકાળમાં ધર્મ સેવ્યો નથી માટે ભારેકર્મી છે, છતાં ભગવાનની દૃષ્ટિ પડી તે આશ્ચર્યરૂપ દેખાય છે. **॥૬૫-૬૬॥**

**શ્લોક :-**

**दृष्टगुरुकर्मभारे, प्रोल्लसिताकाण्डसमुचिताचारे ।**
**पौर्वापर्यविरोधात्, सुगुरोश्चिन्तेयमुचितैव ।।६७।।**

**શ્લોકાર્થ :-**

**દૃષ્ટ ગુરુકર્મના ભારવાળા=જે જીવમાં પૂર્વે ભારે કર્મથી થયેલી અનુચિત આચરણા જોવાઈ છે એવા, અચાનક જ ઉલ્લસિત થયો છે સમુચિતાચાર જેમાં એવા જીવમાં, પૂર્વ અપરનો વિરોધ હોવાથી સુગુરુની આ ચિંતા= વિચારણા, ઉચિત જ છે.**

તે દ્રમક પૂર્વમાં ઉપદેશ સાંભળવા અનેક વખત આવતો હતો ત્યારે લેશ પણ તત્ત્વની જિજ્ઞાસા ન હતી, સંસારની નિર્ગુણતા સાંભળીને પણ તત્ત્વને અભિમુખ થતો ન હતો અને અચાનક જ કોઈક ગુરુનાં વચનો તેના ચિત્તને સ્પર્શ્યાં તેથી તત્ત્વની જિજ્ઞાસાવાળો થયો એ રૂપ અચાનક જ સમુચિત આચાર જોવાથી ગુરુને પૂર્વની અવસ્થા અને વર્તમાનની અવસ્થામાં વિરોધ દેખાવાથી વિચાર આવે છે કે જેનામાં પૂર્વે લેશ પણ ગુણસંપત્તિ નથી તેવા દ્રમક ઉપર ભગવાનની દૃષ્ટિ પડી તે અત્યંત આશ્ચર્યકારી છે. એ પ્રમાણે ગુરુને વિચારણા થાય છે તે ઉચિત જ છે. **॥૬૭॥**

શ્લોક :-

स तदाऽस्य निश्चिकाय च, हेतुद्वयमत्रभाविभद्रस्य ।
द्वाःस्थप्रवेशनमदो, दृष्टौ च मनःप्रमोद इति ।।६८।।

શ્લોકાર્થ :-

**તે=ધર્મબોધકર, ત્યારે=દ્રમક ઉપર રાજાની દૃષ્ટિ પડતી જોઈ ત્યારે, આના=દૃષ્ટિના પડવાના, બે હેતુનો નિશ્ચય કર્યો.**

તે બે હેતુ સ્પષ્ટ કરે છે –

**ભાવિભદ્ર એવા આ જીવનો અહીં=રાજમંદિરમાં, આ દ્વારપાળ દ્વારા પ્રવેશ અને દૃષ્ટિ હોતે છતે=દ્રમકની રાજમંદિરમાં દૃષ્ટિ પડ્યે છતે, મનનો પ્રમોદ એ બે હેતુ છે.**

ધર્માચાર્યએ બે હેતુથી ભગવાનની દૃષ્ટિ તે જીવ ઉપર છે તેનો નિર્ણય કર્યો. ભાવિભદ્ર એવા આ જીવને ક્ષયોપશમભાવરૂપ દ્વારપાળે પ્રવેશ કરાવ્યો છે. આથી જ તત્ત્વની જિજ્ઞાસાથી પ્રશ્ન કરે છે અને ગુણના દર્શનથી=પ્રસ્તુત રાજ-મહેલમાં રહેલા જીવોના ચિત્તના સ્વાસ્થ્યરૂપ ગુણોને સ્થૂલથી જોઈને પણ મનનો પ્રસાદ થયો. **॥૬૮॥**

શ્લોક :-

भवति प्रमुदितमन्तर्यस्यैतद् भवनमीक्षमाणस्य ।
अत्यन्तवल्लभोऽसौ, सम्राज इति प्रसिद्धमिदम् ।।६९।।

શ્લોકાર્થ :-

**આ ભવનને જોતાં જેનું અંતઃકરણ પ્રમુદિત થાય છે, સમ્રાટ રાજાને અત્યંત આ=જીવ વલ્લભ છે. એ પ્રમાણે આ પ્રસિદ્ધ છે. ॥૬૯॥**

શ્લોક :-

जातो मनःप्रमोदश्चास्य यदेतद्दिदृक्षयाऽनुकुलम् ।
रोगार्ते अपि नेत्रे, प्रोन्मीलयतीव जिज्ञासुः ।।७०।।

**શ્લોકાર્થ :-**

**અને આને=દ્રમકને, મનઃપ્રમોદ થયો છે, જે કારણથી આ અનુકૂલ દિદૃક્ષાથી જિજ્ઞાસુ એવો આ દ્રમક જાણે રોગથી પીડિત પણ બંને નેત્રોને ઉઘાડ ઉઘાડ કરે છે.**

પૂર્વમાં કહ્યું કે જેનું અંતઃકરણ આ ભવનને જોઈને પ્રમુદિત થાય છે એ ભગવાનને અત્યંત વલ્લભ છે છતાં આ જીવ અત્યંત ભગવાનને વલ્લભ છે એમ કેમ નક્કી થાય ? એથી કહે છે – આને મનઃપ્રમોદ થયો છે. જે કારણથી આ અનુકૂલ દિદૃક્ષાથી. અર્થાત્ આ ભવન કેવું છે એ પ્રકારે અનુકૂલ જોવાની જિજ્ઞાસાવાળો એવો આ જીવ અંતરંગ ભાવરોગથી યુક્ત મિથ્યાત્વવાળાં બે નેત્રો હોવા છતાં ગુણને જોવાને અભિમુખ યત્ન કરે છે. **॥૭૦॥**

**શ્લોક :-**

**प्रवचनलवेऽप्यधिगते, विकसितवदनो भवत्यदृश्योऽपि ।**
**धूलीधूसरिताङ्गं, रोमाञ्चयति क्रियालेशात् ।।७१।।**

**શ્લોકાર્થ :-**

**પ્રવચનનો અંશ પણ બોધ થયે છતે અદૃશ્ય પણ=નહીં જોવા યોગ્ય પણ, વિકસિત વદનવાળો થાય છે, ક્રિયાના લેશથી ધૂળ વડે ખરડાયેલા અંગને રોમાંચિત કરે છે.**

સ્વકર્મવિવર દ્વારપાળથી પ્રવેશેલો જીવ હોવાથી જિજ્ઞાસાને કારણે ગુણના પક્ષપાતને પ્રાપ્ત કરે છે તેથી પ્રવચનનો લેશ બોધ થાય ત્યારે પૂર્વમાં જે ગાઢ કર્મવાળો હોવાથી નહીં જોવા યોગ્ય હતો તેવો પણ તે જીવ તત્ત્વની પ્રાપ્તિથી વિકસિત વદનવાળો થાય છે. વળી, તત્ત્વના લેશની પ્રાપ્તિના કારણે મોહનાશને અનુકૂળ તેવી ઉચિત ક્રિયાઓ કરે છે જેથી તેના આત્મા ઉપર પૂર્વમાં ગાઢ કર્મની રજ લાગેલી તે છતાં તેનો આત્મા રોમાંચિત થવાથી કંઈક રજ દૂર થાય છે. **॥૭૧॥**

**શ્લોક :-**

**कर्मविवरप्रसादाज्जिनशासनपक्षपातभावाच्च ।**
**तदयं द्रमकोऽपि गमी, कल्याणपरंपरास्थानम् ।।७२।।**
**इति निश्चित्य स मार्गावतारणे भावतोऽभिमुखभावात् ।**
**तस्य समीपं गच्छति, दातुं भिक्षां तथाऽऽह्वयति ।।७३।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=પ્રવચનના લેશની પ્રાપ્તિ થઈ અને ક્રિયાના લેશની પ્રાપ્તિ થઈ તે કારણથી, આ દ્રમક પણ=ગુણસંપત્તિ રહિત ભાવથી ભિખારી પણ, કર્મવિવરના પ્રસાદને કારણે અને જિનશાસનના પક્ષપાતના ભાવને કારણે કલ્યાણની પરંપરાના સ્થાને જનાર છે. એ પ્રમાણે નિશ્ચય કરીને માર્ગના અવતારણમાં ભાવથી અભિમુખ ભાવ હોવાને કારણે તે=ધર્મબોધકર, તેની સમીપે જાય છે અને ભિક્ષાને આપવા માટે બોલાવે છે.**

ધર્મબોધકર દ્રમકને જોઈને કર્મના વિવરથી આ જીવને ભગવાનનું શાસન કંઈક પ્રાપ્ત થયું છે અને ભગવાનના શાસન પ્રત્યે આ જીવને કંઈક પક્ષપાત થયો છે અર્થાત્ ગુણનો રાગ થયો છે તેમ જાણીને આ જીવને કલ્યાણની પરંપરા પ્રાપ્ત થશે માટે તેને માર્ગમાં અવતારવા અર્થે ભાવથી સન્મુખ થાય છે અર્થાત્ તે જ્યારે સાધુ આદિ પાસે આવે છે ત્યારે કઈ રીતે એને ધર્મ પ્રાપ્ત થાય તેનો નિર્ણય કરીને તેને ઉદ્દેશીને દેશના આપે છે તે રૂપ ભાવથી અભિમુખ થાય છે અને તેની સમીપે જઈને ભિક્ષા આપવા માટે બોલાવે છે અને તેના ચિત્તનું આવર્જન થાય તે રીતે ઉપદેશ આપે છે. **॥૭૨-૭૩॥**

**શ્લોક :-**

**लोकोऽयमनाद्यनन्तो, जीवस्तादृग् भवोऽस्य कर्मकृतः ।**
**तत् पुण्यपापभेदाद्, द्विविधं सुखदुःखयोर्हेतुः ।।७४।।**
**प्रयतेत तत्सुखार्थी, धर्मेऽधर्मात्पुनर्निवर्तेत ।**
**इदमुपदेशरहस्यं, भिक्षाह्वानोपमं ज्ञेयम् ।।७५।।**

**શ્લોકાર્થ :-**

**આ અનાદિ અનંત લોક છે, જીવ તેવા પ્રકારનો છે=અનાદિ અનંત છે, આનો=જીવનો, કર્મકૃત ભવ છે. તે=કર્મ, પુણ્ય અને પાપના ભેદથી બે પ્રકારનું સુખ અને દુઃખનો હેતુ છે. તે કારણથી સુખનો અર્થી જીવ ધર્મમાં પ્રયત્ન કરે છે, વળી અધર્મથી નિવર્તન પામે છે. આ ઉપદેશનું રહસ્ય ભિક્ષાના આહ્વાનની ઉપમાવાળું જાણવું.**

જીવ તત્ત્વ જિજ્ઞાસાથી સન્મુખ થાય છે ત્યારે ઉપદેશક સંસારનું વાસ્તવિક સ્વરૂપ, જીવનું વાસ્તવિક સ્વરૂપ, કર્મકૃત જીવની વિડંબનારૂપ વાસ્તવિક સ્વરૂપ, હિતાર્થીએ શું કરવું જોઈએ તેનો યથાર્થ બોધ થાય, તે પ્રકારે જિજ્ઞાસુ સન્મુખ પદાર્થનું નિરૂપણ કરે તે ભિખારીને ભિક્ષાના માટે આહ્વાન જેવું જાણવું. **॥૭૪-૭૫॥**

**શ્લોક :-**

**जगदसदिदमित्याद्या, वचनमिदं शृण्वतोऽस्य रोरस्य ।**
**क्षीयन्ते कुविकल्पा, अनादिदुर्वासनाजनिताः ।।७६।।**
**नष्टा विडम्बनपरास्तदमी दुर्दान्तडिम्भसङ्घाताः ।**
**जातोऽथाभिमुखोऽसौ, सुश्रुषुस्तद्वचः किंचित् ।।७७।।**
**परहितकरणैकरतः, प्राह ततः प्रभुमहानसनियुक्तः ।**
**आचार्यः शिष्टा मे, प्रमाणमिति मन्यमानं तम् ।।७८।।**

**શ્લોકાર્થ :-**

**આ વચનને સાંભળતા=શ્લોક-૭૪, ૭૫માં જે ઉપદેશનું રહસ્ય બતાવ્યું એ વચનને સાંભળતા, આ રાંકડાને આ જગત અસદ્ છે ઇત્યાદિ અનાદિ દુર્વાસનાથી જનિત કુવિકલ્પો ક્ષય પામે છે. ।।૭૬।।**

**તે કારણથી=આ રાંકડાના કુવિકલ્પો ક્ષય પામે છે તે કારણથી, વિડંબનામાં તત્પર આ દુર્દાંત બાળકોના સમૂહો નાશી ગયા. આથી સાંભળવાની ઇચ્છાવાળો આ કંઈક તેના=ધર્મબોધકરના, વચનને અભિમુખ થયો. ।।૭૭।।**

**ત્યારપછી=દુર્દાંત બાળકોનો સમૂહ જવાથી તે દ્રમક ધર્મબોધકરના વચનને સાંભળવા અભિમુખ થયો ત્યારપછી, પરહિતકરણમાં એકરત પ્રભુ વડે રસોઈયા તરીકે નિયુક્ત કરાયેલા એવા આચાર્ય 'શિષ્ટો મને પ્રમાણ છે' એ પ્રમાણે માનતા એવા તેને=તે દ્રમકને, કહે છે.**

પૂર્વમાં કહ્યું કે તે દ્રમક ધર્મબોધકરના વચનને સાંભળવા માટે અભિમુખ થયો એથી એ પ્રાપ્ત થાય કે ધર્મબોધકરે જે જગતની વ્યવસ્થા બતાવી તે અનુભવાનુસાર હોવાથી તે જીવને 'શિષ્ટ મને પ્રમાણ છે.' તેવો પરિણામ થાય છે અને આ મહાત્મા શિષ્ટ છે માટે મારે તેમના વચનાનુસાર જગતની વ્યવસ્થા યથાર્થ જાણવી જોઈએ. એ પ્રકારે અભિમુખ થયેલા તેને આચાર્ય કહે છે. 'શિષ્ટો મને પ્રમાણ છે' એ પ્રકારની બુદ્ધિ યોગની બીજી દૃષ્ટિમાં થાય છે અને તે વખતે તે જીવને તત્ત્વ જાણવાની જિજ્ઞાસા થાય છે. **॥૭૮॥**

**શ્લોક :-**

**पाति पितेव पतन्तं, बन्धुरिवानयति मार्गमतिसरलम् ।**
**मित्रमिवादिशति हितं, धर्मो मातेव पुष्णाति ।।७९।।**
**मणिकनकरजतकूटाः, प्राप्यन्ते चाङ्गना जिताप्सरसः ।**
**सुरसदनशिवसुखान्यपि, जिनधर्मानुग्रहादेव ।।८०।।**

**શ્લોકાર્થ :-**

**પડતા એવા જીવોનું પિતાની જેમ ધર્મ રક્ષણ કરે છે. બંધુની જેમ માર્ગમાં લાવે છે. અતિ સરલ મિત્રની જેમ હિતનો આદેશ કરે છે. માતાની જેમ પોષણ કરે છે. ।।૭૯।।**

**મણિકનકરજતના સમૂહો અને, જિતાયેલી છે અપ્સરાઓ જેનાથી એવી સ્ત્રીઓ અને દેવલોક અને મોક્ષનાં સુખો પણ જિનધર્મના અનુગ્રહથી જ પ્રાપ્ત કરાય છે. ।।૮૦।।**

**શ્લોક :-**

**गर्जद्गजराजिलसद्वाजिविराजितमुदारवारस्त्रि ।**
**राज्यं शर्मप्राज्यं, धर्मादेवाप्यते पुरुषैः ।।८१।।**

**શ્લોકાર્થ :-**

**ગર્જના કરતા હાથીઓના સમૂહવાળું, વિલાસ કરતા ઘોડાઓથી શોભતું, મનોહર સ્ત્રીઓવાળું, ઘણા સુખવાળું રાજ્ય ધર્મથી જ પુરુષો વડે પ્રાપ્ત કરાય છે. ॥૮૧॥**

**શ્લોક :-**

**अस्थापयदिति वाण्या, तमसौ भिक्षाचरोचिते देशे ।**
**चित्ताक्षेपाह्वाने, प्रथमाने मानसविलासैः ॥८२॥**

**શ્લોકાર્થ :-**

**આ પ્રકારની વાણીથી=ગાથા-૭૯થી ૮૧માં કહ્યું એ પ્રકારની વાણીથી, આ=આચાર્યે, માનસવિલાસોથી વિસ્તાર પામતા ચિત્તના આક્ષેપ અર્થે બોલાવા રૂપ ભિક્ષાચરના ઉચિત દેશમાં તેને=તે દ્રમકને, સ્થાપન કર્યો.**

દ્રમકનું જે ચિત્ત બાહ્ય સંપત્તિથી આવર્જિત હતું છતાં કંઈક તત્ત્વની જિજ્ઞાસાથી પ્રશ્ન કરે છે ત્યારે ગાથા-૭૪, ૭૫માં કહ્યું તેવું ધર્મનું સ્વરૂપ બતાવ્યું અને ત્યારપછી ધર્મનું શ્રેષ્ઠ ફળ આલોકનાં સર્વ સુખો છે અને અંતે મોક્ષ છે તેમ બતાવ્યું. આ રીતે માનસવિલાસથી વિસ્તાર પામતા ચિત્તના આક્ષેપ માટે આહ્‌વાન કર્યું તે ભિક્ષાના માટે ઉચિત દેશમાં સ્થાપનતુલ્ય છે. **॥૮૨॥**

**શ્લોકાર્થ :-**

**विस्फारिताक्षियुगलः, समुन्नमत्कन्धरस्ततो द्रमकः ।**
**त्यक्तविकथाकषायो, भावितहृदयः स्मितास्योऽभूत् ॥८३॥**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=ભિક્ષા ઉચિત દેશમાં તે દ્રમકને આચાર્યે સ્થાપન કર્યો ત્યારપછી, વિસ્ફારિત ચક્ષુયુગલવાળો, ઊંચી કરાયેલી ડોકવાળો, ભાવિત હૃદયવાળો, ત્યાગ કરાયેલી વિકથા અને કષાયવાળો, સ્મિત મુખવાળો દ્રમક થયો.**

તે દ્રમકનું ધર્મ પ્રત્યે ચિત્ત અત્યંત આક્ષેપ થાય તેવો ઉચિત ઉપદેશ પૂર્વમાં

આપ્યો તેથી ધર્મના પરમાર્થને જાણવાને અભિમુખ થયેલો તે દ્રમક વિકથા અને કષાયોનો ત્યાગ કરીને મારે ધર્મના હાર્દને જાણવો છે એવા ભાવિત હૃદયવાળો થઈને અત્યંત ધર્મ સાંભળવાને અભિમુખ બન્યો. **॥૮૩॥**

**શ્લોક :-**

**भिक्षां महानसपतिः, परिजनमादिष्टवानथो दातुम् ।**
**दानादिधर्मभेदं, समुचितशक्त्या कुरुष्वेति ।।८४।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=દ્રમક અત્યંત ભાવિત હૃદયવાળો થયો ત્યારપછી, મહાનસપતિએ=આચાર્યે, દાનાદિ ધર્મના ભેદને સમુચિત શક્તિથી કર એ પ્રકારે ભિક્ષાને આપવા માટે પરિજનને આદેશ આપ્યો.**

તે જીવને પોતાની શક્તિ અનુસાર દાનાદિ ધર્મ કરવો જોઈએ એ પ્રકારે ભિક્ષા આપવા માટે પોતાની દયા આદિ પરિજનને આદેશ આપ્યો. **॥૮૪॥**

**શ્લોક :-**

**अथ च महाकल्याणं, परमान्नं पूर्णधर्ममतिसरसम् ।**
**दातुं तस्मै पुष्टिकृदुपस्थिता तद्दयादुहिता ।।८५।।**

**શ્લોકાર્થ :-**

**અને હવે મહાકલ્યાણને કરનારું, પૂર્ણ ધર્મ, અતિ સરસ, પુષ્ટિને કરનારું એવું પરમાન્ન તેને=દ્રમકને, આપવા માટે તદ્દયા નામની પુત્રી ઉપસ્થિત થઈ.**

જીવ તત્ત્વને સન્મુખ થાય છે ત્યારે તે જીવની યોગ્યતા જાણીને સંસારના ઉચ્છેદનું એક કારણ સમિતિગુપ્તિ શુદ્ધ ક્રિયા કેવા ઉત્તમ ધર્મરૂપ છે તેનો બોધ કરાવવા આચાર્ય સન્મુખ થયા. **॥૮૫॥**

**શ્લોકાર્થ :-**

**अत्रावसरे द्रमकस्तुच्छाभिप्रायकृतविपर्यासः ।**
**दध्यावेष सुवेषः, स्वयमाहूय क्व नेष्यति माम् ।।८६।।**

नूनं विजने नीत्वा, भिक्षाया भाजनं भृतप्रायम् ।
उद्दालयिष्यति ममेत्यासीत् किंकार्यतामूढः ।।८७।।

**શ્લોકાર્થ :-**

**આ અવસરમાં તુચ્છ અભિપ્રાયકૃત વિપર્યાસવાળા દ્રમકે વિચાર્યું, આ સુવેષવાળો સ્વયં મને બોલાવીને ક્યાં લઈ જશે, ખરેખર એકાંતમાં લઈ જઈને પ્રાયઃ ભરેલા મારા ભિક્ષાના ભાજનને ઝૂંટવી લેશે, એ પ્રકારે किम् કાર્યતામાં મૂઢ થયો=મારે શું કરવું જોઈએ એવા વિષયમાં મૂઢ થયો. ॥૮૬-૮૭॥**

**શ્લોક :-**

क्षेत्रेषु नियोज्य धनं, संत्याज्य कलत्रपुत्रमित्रगणम् ।
दीक्षां ममैष दास्यति, हा मुषितोऽस्मीत्यसौ भीतः ।।८८।।

**શ્લોકાર્થ :-**

**કેમ તે ભિખારી આ પ્રમાણે કર્તવ્યતામાં મૂઢ થયો ? એથી કહે છે – ક્ષેત્રોમાં ધનનું નિયોજન કરાવીને, સ્ત્રી પુત્ર, મિત્રગણનો ત્યાગ કરાવીને, મને આ દીક્ષાને આપશે ? ખેદ છે કે હું લુંટાયો છું એથી આ=દ્રમક, ભય પામ્યો.**

ગુરુએ શક્તિ અનુસાર દાનાદિનું કથન કર્યું અને ગુરુની દયાએ પૂર્ણ ધર્મરૂપ ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું તે સાંભળીને ખરેખર સન્મુખ થયેલા જીવને તે ચારિત્ર ધર્મના સ્વરૂપથી જ પ્રમોદ થવો જોઈએ અને ઘણા યોગ્ય જીવોને તેવો પ્રમોદ પણ થાય છે છતાં કેટલાક તત્ત્વને સન્મુખ થયેલા પણ યોગ્ય જીવોને તુચ્છ અભિપ્રાયને કારણે વિપર્યાસ થાય છે, તેથી વિચારે છે કે દાનાદિ ધર્મના ઉપદેશ દ્વારા મારા ધનને તે તે સ્થાનોમાં વાપરવાનું આ મહાત્મા કહેશે અને મને દીક્ષા આપશે. એ પ્રકારના કુવિકલ્પો કરીને પરમાન્નના રહસ્યને જાણવાના બદલે પરમાન્નને કહેનારા સાધુધર્મના ઉપદેશથી તે જીવ ભયભીત થાય છે. **॥૮૮॥**

શ્લોક :-

तावत् तृष्णावृद्ध्या, मूर्छातिशयान्मनोविशोषाच्च ।
संरक्षणानुबन्धान्निमीलिते लोचने तेन ।।८९।।

શ્લોકાર્થ :-

**ત્યાં સુધી=જ્યાં સુધી ભય પામ્યો ત્યાં સુધી, તૃષ્ણાની વૃદ્ધિથી, મૂર્છાના અતિશયને કારણે અને મનના વિશોષથી તેના વડે=તે દ્રમક વડે, સંરક્ષણ અનુબંધથી બે લોચન બંધ કરાયાં. ॥૮૯॥**

શ્લોક :-

समरङ्कनृपेऽपि विदन् धर्माचार्ये द्विजातिवद्धौर्त्यम् ।
भद्रकभावत्यागादभूदसौ काष्ठकीलनिभः ।।९०।।

શ્લોકાર્થ :-

**રાજા અને રંકમાં પણ સમાન એવા ધર્માચાર્યમાં બ્રાહ્મણની જેમ ધૂર્તપણાને જાણતો=જેમ બ્રાહ્મણો ધૂર્ત વિદ્યાથી ધનનું દાનાદિ કરાવે છે તેમ આ આચાર્ય ધનનું દાન કરાવશે એ પ્રમાણે જાણતો, આ દ્રમક ભદ્રભાવના ત્યાગથી=તત્ત્વને જાણવાને અભિમુખ પ્રગટ થયેલા સરળ ભાવના ત્યાગથી, કાષ્ઠના ખીલા જેવો સ્થિર થયો. ॥૯૦॥**

શ્લોક :-

तदयमलीकविकल्पैरासीद् गुरुसङ्गवर्जनैकरतः ।
भिन्नग्रन्थिरपि द्रागुदयान्मिथ्यात्वपुञ्जस्य ।।९१।।

શ્લોકાર્થ :-

**તે કારણથી=ભદ્રક ભાવનો ત્યાગ થયો તે કારણથી, જુઠ્ઠા વિકલ્પો વડે મિથ્યાત્વના પુંજના શીઘ્ર ઉદયથી ભિન્ન ગ્રંથિવાળો પણ આ=દ્રમક, ગુરુના સંગના વર્જનમાં એકરત થયો.**

ઉપદેશને સાંભળીને શિષ્ટો પ્રમાણ છે તેવી બુદ્ધિ થવાથી ગુરુએ ધર્મનું ઉત્તમ ફળ બતાવ્યું તે સાંભળીને તેનું ચિત્ત તત્ત્વથી આક્ષિપ્ત થયેલું હતું અને મુનિભાવનું

સ્વરૂપ સાંભળીને કોઈ રીતે સમ્યક્ત્વને પામેલ પણ જીવ વિચારે છે કે કેટલાક અન્ય દર્શનવાળા અથવા પાસત્થાદિ સાધુઓ ધનનો વ્યય કરવાનું કહે છે તેમ આ મહાત્મા પણ પરમાર્થથી નિઃસ્પૃહ હોવા છતાં ધનાદિને ગ્રહણ કરવાના આશયથી ઉપદેશ આપે છે તે પ્રકારના સ્વકલ્પિત વિકલ્પો થાય છે ત્યારે સમ્યક્ત્વને પામેલા જીવને પણ મિથ્યાત્વના પુંજનો ઉદય થાય છે; કેમ કે વસ્તુને યથાર્થ જોવાને બદલે સ્વકલ્પનાથી નિઃસ્પૃહી મુનિમાં પણ સસ્પૃહપણાની કલ્પના કરીને તેમના સંગના વર્જનનો પરિણામ થાય છે. **॥૯૧॥**

**શ્લોક :-**

**आदत्स्वेति वदन्तीं, जानीते नैष गुरुदयाकन्याम् ।**
**तदसंभाव्यं दृष्ट्वा, दध्यौ च महानसनियुक्तः ।।९२।।**

**શ્લોકાર્થ :-**

**ગ્રહણ કર=પરમાન્ન ગ્રહણ કર, એ પ્રમાણે કહેતી ગુરુની દયારૂપ કન્યાને આ જીવ જાણતો નથી. અસંભાવ્ય એવા તેને જોઈને=તત્ત્વનો અર્થી પણ ચારિત્રના સ્વરૂપને સાંભળીને તેને અભિમુખ આવર્જિત થવાને બદલે ગુરુના વિષયમાં કુવિકલ્પ થવાથી ન સંભવે તેવી તે દ્રમકની ચેષ્ટાને જોઈને, મહાનસ નિયુક્ત એવા આચાર્યે વિચાર્યું. ॥૯૨॥**

**શ્લોક :-**

**नास्याः खलु भिक्षाया, योग्योऽयमभद्रकप्रकृतिभावात् ।**
**यद्वाऽस्य नैष दोषो, दोषोऽयं रोगजालस्य ।।९३।।**

**શ્લોકાર્થ :-**

**ખરેખર આ ભિક્ષાને યોગ્ય આ=દ્રમક નથી; કેમ કે અભદ્રકપ્રકૃતિનો ભાવ છે. અથવા આનો આ દોષ નથી. આ દોષ રોગજાલનો છે.**

આ જીવ ધર્મને સાંભળવાને અભિમુખ થયો છે એ પ્રકારના ભાવોને જોઈને ગુરુએ તેની આગળ દાન, શીલાદિ રૂપ ધર્મનું સ્વરૂપ અને ચારિત્ર ધર્મનું સ્વરૂપ બતાવ્યું. તે વખતે તે ચારિત્રના સ્વરૂપને સાંભળીને તે જીવને પ્રીતિ થવાને બદલે ગુરુ વિષયક કુશંકા થઈ, તેથી કાષ્ઠના ખીલાની જેમ તત્ત્વને સાંભળવાને

વિમુખ પરિણામવાળો તે દેખાય છે. તેથી ચારિત્રના સ્વરૂપને જાણવાને યોગ્ય કે સેવવાને યોગ્ય આ નથી તેમ પ્રથમ ગુરુને જણાયું. વળી પૂર્વમાં તત્ત્વજિજ્ઞાસા થયેલી તે દ્રમકમાં દેખાયેલી તેથી ગુરુ 'અથવા'થી અન્ય વિકલ્પ કરે છે. આ જીવ કલ્યાણનો અર્થી છે છતાં ચારિત્રનું સ્વરૂપ સાંભળીને કાષ્ઠના ખીલા જેવો જણાય છે તે આનો દોષ નથી પણ તેનામાં રહેલા વિપર્યાસ આધાયક રોગના સમૂહનો દોષ છે. **॥૯૩॥**

**શ્લોક :-**

**યદ્વન્મહાજ્વરાર્તઃ, પથ્યાન્નં ભોક્તુમિચ્છતિ ન પાપઃ ।**
**મિથ્યાત્વમોહમૂર્છાપ્રનષ્ટબુદ્ધિસ્તથા ધર્મમ્ ।।૯૪।।**
**તત્કથમયમપરોગઃ, સ્યાદિતિ સંચિન્ત્ય ચેદમુદભાવિ ।**
**અસ્તિ મમ ભેષજત્રયમારોગ્યવિધૌ ક્ષમં હ્યસ્ય ।।૯૫।।**

**શ્લોકાર્થ :-**

**જેમ મહાજ્વરથી પીડિત થયેલો પાપી જીવ પથ્ય એવા અન્નને ખાવા માટે ઈચ્છતો નથી, તે પ્રમાણે મિથ્યાત્વ, મોહની મૂર્છાથી નષ્ટ થયેલી બુદ્ધિવાળો જીવ ધર્મને ઈચ્છતો નથી. ।।૯૪।।**

**તે કારણથી=મિથ્યાત્વમોહથી નષ્ટ થયેલી બુદ્ધિવાળો જીવ છે તે કારણથી, કેવી રીતે આ=પ્રસ્તુત જીવ, રોગ વગરનો થાય, એ પ્રમાણે વિચારીને અને આ=આગળમાં કહે છે એ, ઉદ્ભાવન કર્યું=ધર્મબોધકરે વિચાર કર્યો, આની=દ્રમકની, આરોગ્યવિધિમાં મારા ભેષજત્રય સમર્થ છે. ।।૯૫।।**

**શ્લોક :-**

પ્રથમં વિમલાલોકં, તદ્ જ્ઞાનં સર્વનેત્રરોગહરમ્ ।
દૂરવ્યવહિતસૂક્ષ્માતીતાર્થોદ્ભાસનપટિષ્ઠમ્ ।।૯૬।।
તત્ત્વપ્રીતિકરં ચ દ્વિતીયમિહ તીર્થવારિસમ્યક્ત્વમ્ ।
તત્ સર્વરોગતાનવકારણમુન્માદવિધ્વંસિ ।।૯૭।।

यच्च महाकल्याणं, तृतीयकं तदिदमेव परमान्नम् ।
अजरामरत्वहेतुश्चारित्रमशेषरोगहरम् ।।९८।।

શ્લોકાર્થ :-

પ્રથમ વિમલાલોક એવું તે જ્ઞાન સર્વ નેત્રરોગને હરનારું, દૂર વ્યવહિત, સૂક્ષ્મ અતીત અર્થને બતાવવામાં સમર્થ છે. ।।૯૬।।

અને અહીં=ત્રણ ઔષધમાં, બીજું તત્ત્વ-પ્રીતિકર તીર્થનું જલ સમ્યક્ત્વ છે, તે સર્વ રોગની અલ્પતાનું કારણ, ઉન્માદને નાશ કરનાર છે. ।।૯૭।।

અને જે ત્રીજું મહાકલ્યાણરૂપ તે આ જ પરમાન્ન અજરામત્વનું કારણ એવું ચારિત્ર અશેષરોગને હરનારું છે. ।।૯૮।।

શ્લોક :-

परिमोचयामि रोगात्, तदेनममुनौषधत्रयेणापि ।
अनुकम्पया बलादपि, चित्ते तेनेति विन्यस्तम् ।।९९।।

શ્લોકાર્થ :-

તે કારણથી=મારી પાસે આ ત્રણ ઔષધ છે તે કારણથી, આને=દ્રમકને, આ ઔષધત્રય દ્વારા પણ અનુકંપાથી બલાત્કારે પણ રોગથી હું છોડાવું, એ પ્રમાણે ચિત્તમાં તેમના વડે=ગુરુ વડે, સ્થાપન કરાયું. ।।૯૯।।

શ્લોક :-

तत आदाय शलाकां, विन्यस्याग्रे तदञ्जनं दिव्यम् ।
आधूनयतो ग्रीवां, तस्यानेनाञ्जिते नेत्रे ।।१००।।

શ્લોકાર્થ :-

તેથી=ચિત્તમાં ગુરુએ આ પ્રમાણે સ્થાપન કર્યું તેથી, શલાકાને ગ્રહણ કરીને, અગ્રમાં=શલાકાના અગ્રમાં તે દિવ્ય અંજનને સ્થાપન કરીને ડોકને ધુણાવતા=અંજન આંજવાનું નિષેધ કરતા એવા તે દ્રમકને, આના વડે=આચાર્ય વડે, બે નેત્ર અંજન કરાયાં. ।।૧૦૦।।

**શ્લોક :-**

**तस्याचिन्त्यगुणत्वात् सद्योऽमुष्याथ चेतनाऽऽयाता ।**
**नेत्रे स्फुटमुद्घटिते, नष्टा इव तद्गदाः सर्वे ।।१०१।।**

**શ્લોકાર્થ :-**

**તેનું અચિંત્યગુણપણું હોવાથી=દિવ્ય અંજનનું અચિંત્યગુણપણું હોવાથી, તત્કાળ દ્રમકની ચેતના આવી, બે નેત્ર સ્પષ્ટ ઉઘાડાયાં, સર્વ તેના રોગો નષ્ટ જેવા થયા. ।।૧૦૧।।**

**શ્લોક :-**

**आह्लादितश्च स मनाक्, तथापि भिक्षैकरक्षणाकूतम् ।**
**प्रागभ्यासान्न गतं, तेन ततो नंष्टुकामोऽभूत् ।।१०२।।**

**શ્લોકાર્થ :-**

**અને તે=દ્રમક, થોડોક આહ્લાદિત થયો, તોપણ ભિક્ષાના એક રક્ષણનો આશય પૂર્વના અભ્યાસથી ગયો નહીં, તેના કારણે ત્યાંથી= ગુરુની પાસેથી, નાસવાની ઈચ્છાવાળો થયો. ।।૧૦૨।।**

**શ્લોક :-**

**नष्टविवेकस्यापि, प्रतिबोधमतिर्गुरोरिह शलाका ।**
**तद्दाक्षिण्यविधिभवं, सत्त्वं चाग्रेऽञ्जननिधानम् ।।१०३।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=ગાથા-૧૦૦માં બતાવેલ શલાકાદિમાં, નષ્ટ વિવેકવાળા જીવને પણ ગુરુની પ્રતિબોધની મતિ શલાકા છે. અને તેના દાક્ષિણ્યવિધિથી થનારું સત્ત્વ અગ્રમાં=શલાકાની અગ્રમાં, અંજનનું સ્થાપન છે.**

ગાથા-૧૦૦માં બતાવેલ શલાકા અને દિવ્ય અંજનનું સ્થાપન પરમાર્થથી શું છે ? એ સ્પષ્ટ કરે છે – તે દ્રમક વિવેક પામ્યા પછી નષ્ટ વિવેકવાળો થાય છે તે જોઈને ગુરુને મતિ થાય છે કે હું તેને ફરી પ્રતિબોધ કરું તે શલાકા છે.

ગુરુએ તે પરિણામરૂપ શલાકાને ગ્રહણ કરી અને તે નષ્ટ વિવેકવાળો જીવ

જ્યારે રસ્તામાં મળે છે ત્યારે ઉપાશ્રયે એક વખત આવવાનું કહે છે, તેને ગુરુના વચનને સ્વીકારવાને અનુકૂળ જીવમાં દાક્ષિણ્યની પ્રવૃત્તિ છે અને તેનાથી થનારું એવું સત્ત્વ તે જીવમાં છે, એ પ્રકારે સ્વબુદ્ધિથી નિર્ણય કરીને ગુરુ તે શલાકા ઉપર અંજનને સ્થાપન કરવા તુલ્ય તેને ઉપાશ્રયે આવતો કરવા યત્ન કરે છે. **॥૧૦૩॥**

**શ્લોક :-**

**भद्र ! न कथमेहीति, प्रश्ने यद् व्यक्तवचनमेतस्य ।**
**न क्षमिकोऽहं श्रमणास्तद्ग्रीवाधूननेन समम् ।।१०४।।**

**શ્લોકાર્થ :-**

**હે ભદ્ર ! તું કેમ આવતો નથી ? એ પ્રકારના ગુરુના પ્રશ્નમાં આનું= દ્રમકનું, જે વ્યક્ત વચન છે, હે શ્રમણો ! હું સમર્થ નથી, તે ડોકના ધૂનન સરખું જાણવું. ॥૧૦૪॥**

**શ્લોક :-**

**इत्थमपि मदनुरोधादागमनाभिग्रहस्त्वया ग्राह्यः ।**
**इति गुरुणोक्ते तस्योपगमो नेत्राञ्जनन्यासः ।।१०५।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે પણ=તને ઘણી પ્રવૃત્તિઓ છે એ રીતે પણ, મારા અનુરોધથી= મારા આગ્રહથી, આગમનનો=ઉપાશ્રય આવવાનો અભિગ્રહ, તારા વડે ગ્રહણ કરવો જોઈએ, એ પ્રમાણે ગુરુ વડે કહેવાયે છતે તેનો સ્વીકાર=એક વખત ઉપાશ્રયે આવવાનો સ્વીકાર, નેત્રમાં અંજનનો ન્યાસ છે. ॥૧૦૫॥**

**શ્લોક :-**

**अथ गच्छतः प्रतिश्रयमनुदिनमनुपाधिमुनिगुणालोकात् ।**
**या भवत्यविवेककला, सा नष्टा चेतनाऽऽयाता ।।१०६।।**

**શ્લોકાર્થ :-**

**હવે પ્રતિદિન ઉપાશ્રયે જતા એવા તેને=દ્રમકને, ઉપાધિ વગરના**

મુનિગુણને જોવાથી=નિઃસ્પૃહાદિ રૂપ મુનિગુણના અવલોકનથી, જે થતી અવિવેકકલા હતી તે નાશ થઈ ચેતના આવી. ।।૧૦૬।।

શ્લોક :-

नेत्रोद्घटनं चैतद्, या भूयो भवति धर्मजिज्ञासा ।
सा नेत्ररोगशान्तिः, प्रतिकलमज्ञानविलयो यः ।।१०७।।

શ્લોકાર્થ :-

અને નેત્રનું ઉઘાડ આ છે, જે ફરી ધર્મની જિજ્ઞાસા થાય છે, તે નેત્રરોગની શાંતિ છે, જે પ્રતિકલ અજ્ઞાનનો વિલય છે=ધર્મશ્રવણકાલમાં પ્રત્યેક વચનોના શ્રવણને આશ્રયીને અજ્ઞાનનો વિલય છે, તે નેત્રરોગનું શમન છે. ।।૧૦૭।।

શ્લોક :-

आह्लादश्च ज्ञेयो, विलयादान्ध्यस्य शमलवानुभवः ।
विषयेषु तत्त्वबुद्धिर्भिक्षारक्षाशयानुगमः ।।१०८।।

શ્લોકાર્થ :-

અને આહ્લાદ=દ્રમકને ફરી ધર્મની જિજ્ઞાસા થવાથી ગુરુ પાસે કંઈક કંઈક ભણે છે ત્યારે જે આહ્લાદ થાય છે તે, આન્ધ્યના વિલયથી શમલવનો અનુભવ જાણવો=જિનવચનનો જે કંઈ અલ્પ પણ બોધ યથાર્થ વચનથી થાય છે તેનાથી કષાયોના શમન રૂપ શમલવનો અનુભવ છે. વિષયોમાં તત્ત્વબુદ્ધિ ભિક્ષારક્ષાના આશયનો અનુગમ છે=તે દ્રમકને હજી પણ ભોગાદિ વિષયો સુખનાં કારણ છે તેવી તત્ત્વબુદ્ધિ છે તે પોતાની કદન્ન રૂપ ભિક્ષાના રક્ષણના આશયનું અનુશરણ છે. ।।૧૦૮।।

શ્લોક :-

व्यवहारश्रुतलाभेऽप्यधिगमसम्यक्त्वशुद्ध्यभावेन ।
प्रथमदशायां सम्यग्दृशोऽपि नच नैष संभवति ।।१०९।।

तेनातिचारविधुरो, मृगयिष्यन्ते नु मामिमे मुनयः ।
इति तान्न परिचिचीषति, तदुच्यते नंष्टुकामत्वम् ।।११०।।

**શ્લોકાર્થ :-**

**વ્યવહારથી શ્રુતના લાભમાં પણ અધિગમ સમ્યક્ત્વની શુદ્ધિના અભાવને કારણે પ્રથમ દશામાં=શાસ્ત્રઅધ્યયનથી થતા અધિગમ સમ્યક્ત્વથી થયેલ શુદ્ધિના અભાવવાળી પ્રથમ દશામાં, સમ્યગ્દષ્ટિને પણ આ=વિષયોમાં તત્ત્વબુદ્ધિ નથી સંભવતી એમ નહીં=કોઈ ઉપદેશકે યોગ્ય જીવને દેવ, ગુરુ અને ધર્મનું સ્વરૂપ યથાર્થ બતાવ્યું તેનાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છતાં શાસ્ત્રઅધ્યયન કરીને સંસારના વિષયોના વિકારનું સ્વરૂપ અને વિકારોના શમનથી થતા પ્રશમના સુખનું સ્વરૂપ અનુભવ અનુસાર જોઈ શકે તેવી અધિગમ સમ્યક્ત્વની શુદ્ધિનો અભાવ હોય ત્યારે તે જીવ સમ્યક્ત્વની પ્રથમ ભૂમિકામાં છે તેવા સમ્યગ્દષ્ટિ જીવને પણ વિષયોમાં તત્ત્વબુદ્ધિ નથી સંભવતી એમ નહીં અર્થાત્ સંભવી શકે છે; કેમ કે બાહ્ય વિષયોના સેવનકાળમાં જીવને સુખ સ્વ-અનુભવ સિદ્ધ છે અને સુખ જ જીવ માટે તત્ત્વ છે તેથી વિષયોમાં તત્ત્વ-બુદ્ધિ વર્તે છે. ફક્ત આ વિષયોના સેવનથી બંધાયેલું કર્મ ચાર ગતિના પરિભ્રમણનું કારણ છે માટે ત્યાજ્ય છે તેટલો સમ્યક્ બોધ આદ્યભૂમિકામાં વર્તે છે. ॥૧૦૯॥**

**તેના કારણે=સમ્યગ્દષ્ટિને પણ પ્રથમ દશામાં ભિક્ષા રક્ષણના આશયનો અનુગમ ક્યારેક સંભવે છે તેના કારણે, અતિચારથી વિધુર એવો દ્રમક મારી પાસે આ મુનિઓ માંગશે, એથી તેઓના પરિચયનો ત્યાગ કરવાની ઈચ્છા કરે છે. તે નાસવાની ઈચ્છાપણું કહેવાય છે.**

સમ્યક્ત્વની આદ્યભૂમિકામાં કોઈકને નિર્મળ સમ્યક્ત્વ પ્રાપ્ત ન થયું હોય ત્યારે ભોગોમાં સ્પષ્ટ સુખ દેખાતું હોવાથી આ ભોગો સુખનું કારણ છે તેવી તત્ત્વબુદ્ધિ વર્તે છે અને સંસાર અત્યંત રૌદ્ર છે અને તેના ઉચ્છેદનો ઉપાય દેવની સમ્યક્ ઉપાસના, ગુરુની સમ્યક્ ઉપાસના અને ધર્મનું સમ્યક્ સેવન છે તેવી પણ બુદ્ધિ છે, તોપણ સ્પષ્ટ વિકારાત્મક વિષયોમાં તત્ત્વબુદ્ધિ છે તે અતિચાર

સ્વરૂપ છે અને તેનાથી સમ્યક્ત્વ કંઈક મલિન થયું છે તેના કારણે આ સાધુઓ મારી પાસે ધન માંગશે તે પ્રકારના ભયથી તેઓના પરિચયનો પરિહાર કરવાની ઇચ્છા આદ્યભૂમિકામાં સમ્યક્ત્વ પામેલ પણ જીવ કરે છે, તે દ્રમકને તદ્દયા ભિક્ષા આપે છે ત્યારે નાસવાની ઇચ્છા થાય છે તદ્દતુલ્ય છે. **॥૧૧૦॥**

**શ્લોક :-**

**पिब तत्त्वप्रीतिकरं, पय इति तं प्राह गुरुरथाञ्जनतः ।**
**संप्रेक्ष्य जातचेतनमिच्छति स तु न स्म तत्पातुम् ।।१११।।**

**શ્લોકાર્થ :-**

**હવે અંજનથી=વિમલાલોકના અંજનથી, પ્રાપ્ત થયેલી ચેતનાવાળા દ્રમકને જોઈને, તત્ત્વપ્રીતિકર પાણી તું પી એ પ્રમાણે તેના પ્રત્યે=દ્રમક પ્રત્યે, ગુરુ કહે છે. પરંતુ તેને=તત્ત્વપ્રીતિકર પાણીને, પીવા માટે તે=દ્રમક, ઇચ્છતો ન હતો.**

ગુરુએ અંજન આંજ્યું તેના બળથી તે દ્રમક પ્રતિદિન ગુરુના ઉપાશ્રયે આવતો થયો, તેથી ગુરુનું નિઃસ્પૃહી ચિત્ત જોઈને તેનામાં કંઈક ચેતના આવી તેથી તે દ્રમકને જણાય છે કે આ મહાત્માઓ તદ્દન નિઃસ્પૃહી છે, મારા તુચ્છ એવા ધનની ઇચ્છા કરે તેવા નથી, તેથી કંઈક તત્ત્વને જાણવાને સન્મુખ પરિણામવાળો થાય છે, ત્યારે ભોગાદિના કષાયોથી પર ઉપશમના સુખરૂપ તત્ત્વ પ્રત્યે તેને પ્રીતિ થાય તેવા આશયથી ગુરુ તેને કંઈક ઉપદેશ આપે છે, જે તેને ગુરુએ તત્ત્વપ્રીતિકર પાણીને પિવડાવાની ઇચ્છા કરેલી છે પરંતુ ગુરુના ઉપદેશને સાંભળીને પણ તે જીવને પ્રશમનું સુખ જ સુખરૂપ છે, વિકારી સુખો વિકારરૂપ છે તે પ્રકારે પરિણામ થતો નથી, તે દ્રમક તે પાણી પીવા ઇચ્છતો નથી તે સ્વરૂપ છે. **॥૧૧૧॥**

**શ્લોક :-**

**कार्यं हितं बलादपि, जानन्नित्यथ कृपापरीतमनाः ।**
**चिक्षेप तस्य वदने, तत्सलिलं स स्वसामर्थ्यात् ।।११२।।**

**શ્લોકાર્થ :-**

**હવે બલાત્કારથી પણ હિત કરવાયોગ્ય છે એ પ્રમાણે જાણતા પણ કૃપાપરિત મનવાળા તે=ગુરુએ, સ્વસામર્થ્યથી તેના મુખમાં તે પાણી=તત્ત્વ-પ્રીતિકર પાણી, નાંખ્યું. ।।૧૧૨।।**

**શ્લોક :-**

**द्रव्यश्रुतसंप्राप्तौ, सम्यक्त्वगुणोपवर्णनं सम्यक् ।**
**उदकनिमन्त्रणकल्पं, धर्माचार्यस्य विज्ञेयम् ।।११३।।**
**दृष्टत्यागादृष्टाश्रयणाभ्यां किं स्ववञ्चनेन मम ।**
**इति या शङ्का श्रोतुस्तुच्छत्ववशादनिच्छेयम् ।।११४।।**

**શ્લોકાર્થ :-**

**દ્રવ્યશ્રુતની સંપ્રાપ્તિ થયે છતે સમ્યક્ પ્રકારે સમ્યક્ત્વના ગુણનું વર્ણન ધર્માચાર્યનું ઉદકનિમંત્રણ=તત્ત્વપ્રીતિકરણ પાણીના નિમંત્રણ, રૂપ જાણવું.**

**દૃષ્ટના ત્યાગ અને અદૃષ્ટના આશ્રયણ દ્વારા સ્વવંચનથી મને શું, એ પ્રકારની તુચ્છત્વના વશથી શ્રોતાની જે શંકા અનિચ્છા છે=તત્ત્વપ્રીતિકર પાણી પીવાની અનિચ્છા છે.**

દ્રમકના કથાનકમાં ગુરુ તત્ત્વપ્રીતિકર પાણી પિવડાવવાની ઇચ્છા કરે છે, અને દ્રમક તેને પીવા ઇચ્છતો નથી તેનું તાત્પર્ય સ્પષ્ટ કરતાં કહે છે. દ્રમક જ્યારે ફરી ગુરુના આગ્રહથી ઉપાશ્રયમાં પ્રતિદિન આવે છે ત્યારે ગુરુના વિષયમાં ધન લેવાની શંકા દૂર થાય છે. આ મુનિ નિઃસ્પૃહી છે તેમ જણાય છે તેથી નિઃસ્પૃહતાદિ ગુણોનું જે બોધ છે તે દ્રવ્યશ્રુતની સંપ્રાપ્તિરૂપ છે અને તેવી દ્રવ્યશ્રુતની પ્રાપ્તિ થયા પછી ગુરુ તે જીવને સમ્યક્ત્વના ગુણનું યથાર્થ વર્ણન કરે છે અને કહે છે કે ભૂતાવિષ્ટ પુરુષ જેમ ઉન્માદવશ વિહ્વળ હોય છે તેમ સંસારી જીવ કર્મોના વશથી વિહ્વળ થઈને અને દેહને પરવશ થઈને સર્વ પ્રકારના કષાયોના ક્લેશને અનુભવે છે અને ચાર ગતિની વિડંબના પામે છે

તેથી તેનાથી મુક્ત થવાના ઉપાયભૂત દેવ, ગુરુ અને ધર્મની શક્તિના પ્રકર્ષથી ઉપાસના કરવી જોઈએ જેથી સદ્‌ગતિઓની પરંપરા દ્વારા હિતની પ્રાપ્તિ થાય. તે ઉદકનિમંત્રણ તુલ્ય છે. તત્ત્વ પ્રત્યે પ્રીતિ કરાવવાના ધર્માચાર્યના યત્ન સ્વરૂપ છે અને જે જીવોનું તે બોધમાં બાધક એવું તે પ્રકારનું પ્રબલ કર્મ નથી તેઓને તે સાંભળતાં જ તત્ત્વની પ્રીતિ થાય છે. પરંતુ જેના તત્ત્વના બોધને બાધક કર્મ કંઈક સોપક્રમ હોવા છતાં પ્રબલ છે તેઓ તે તત્ત્વપ્રીતિકર પાણીને પીવા તત્પર થતા નથી, જેથી તેઓ વિચારે છે કે દૃષ્ટ ભોગોના સુખનો ત્યાગ કરીને અદૃષ્ટ એવા પરલોકના ભોગો અર્થે મારે આત્માને ઠગવાથી શું ? એ પ્રકારે શંકા કરીને પોતાની તુચ્છબુદ્ધિના વશથી તત્ત્વપ્રીતિકર પાણીને પીવાની અનિચ્છા કરે છે. **॥૧૧૩-૧૧૪॥**

**શ્લોક :-**

**तत्प्रतिबोधाय गुरुः, कथाप्रसङ्गेन वर्णयत्यर्थम् ।**
**कामं च तत्र हृष्यति, सोऽभ्यस्तार्थानुसंधानात् ।।११५।।**
**श्रवणाभिमुख्यकरणात् सफलोऽयं यत्न इति गुरुः प्रतियन् ।**
**कामार्थहेतुभूतं, धर्मं भावेन वर्णयति ।।११६।।**

**શ્લોકાર્થ :-**

**તેના પ્રતિબોધ માટે ગુરુ કથાના પ્રસંગથી અર્થ અને કામનું વર્ણન કરે છે, ત્યાં=અર્થ અને કામના વર્ણનમાં, તે=દ્રમક, અભ્યસ્ત અર્થના અનુસંધાનને કારણે હર્ષિત થાય છે. શ્રવણને અભિમુખ કરવાથી આ યત્ન સફલ છે=અર્થ અને કામના વર્ણનનો યત્ન સફલ છે, એ પ્રમાણે પ્રતીત કરતાં ગુરુ કામ-અર્થના હેતુભૂત એવા ધર્મને ભાવથી વર્ણન કરે છે=અત્યંત સંવેગપૂર્વક કહે છે. ॥૧૧૫-૧૧૬॥**

**શ્લોક :-**

**यस्तुल्यसाधनानां, फले विशेषोऽपहेतुको नाऽसौ ।**
**इति सुखदुःखनिदाने, धर्माधर्मौ दुरपलापौ ।।११७।।**

**શ્લોકાર્થ :-**

**શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે – તુલ્ય સાધનવાળા જીવોના ફલમાં જે વિશેષ=ભેદ છે એ અપહેતુક નથી=હેતુ વગર નથી, એથી સુખ-દુઃખના કારણ એવા ધર્મ-અધર્મ દુર અપલાપવાળા છે=અપલાપ થઈ શકે તેવા નથી.**

ઘણા જીવો સમાન સામગ્રીથી યુક્ત હોય, સમાન પ્રયત્ન કરતા હોય છતાં અર્થ-કામની પ્રાપ્તિ રૂપ ફલમાં જે ભેદ છે તે સહેતુક છે તેથી જીવને ઇષ્ટ એવું કામજન્ય સુખ અને અર્થજન્ય સુખ અને કામ અને અર્થની અપ્રાપ્તિજન્ય દુઃખ તેનાં કારણ ધર્મ-અધર્મ છે તેમ સ્વીકારવું જોઈએ. **॥૧૧૭॥**

**શ્લોક :-**

**तत्राखिलभावानां, हेतुरधर्मः किलाप्रशस्तानाम् ।**
**धर्मस्तु सुन्दराणां, तेनासावेव पुरुषार्थः ।।११८।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=સુખ-દુઃખના કારણભૂત ધર્માધર્મમાં, અપ્રશસ્ત અખિલ ભાવોનો હેતુ અધર્મ છે. સુંદર ભાવોનો હેતુ ધર્મ છે, તેથી આ જ પુરુષાર્થ છે=ધર્મ જ પુરુષાર્થ છે.**

જીવમાં જે કંઈક અશુભ કાર્યો થાય છે અર્થાત્ જીવને જે પ્રતિકૂળ હોય તેવા સંયોગની પ્રાપ્તિ થાય છે જેમ રોગાદિ, તેનું કારણ અધર્મ છે. અને જીવને જે કંઈ અનુકૂળ છે તેનો હેતુ ધર્મ છે માટે પરમાર્થથી ધર્મ જ એક પુરુષાર્થ છે; કેમ કે જીવને સંસારમાં જે કંઈ અનુકૂળતાઓ છે તે સર્વ ધર્મથી જ મળે છે અને પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિ થાય છે તે પણ ધર્મથી જ મળે છે, તેથી પુરુષનું પ્રયોજન સાધનાર ધર્મ છે તેથી ધર્મ જ પુરુષાર્થ છે. **॥૧૧૮॥**

**શ્લોક :-**

**अथ स प्राह न धर्मः, कथं न कामार्थवद् दृशोर्विषयः ।**
**गुरुराह भद्र ! पश्यति, विवेक्यमुं नैव मोहान्धः ।।११९।।**

**શ્લોકાર્થ :-**

**હવે તે=દ્રમક કહે છે – ધર્મ નથી=ધર્મપુરુષાર્થ નથી.**

કેમ ધર્મપુરુષાર્થ નથી ? તેથી કહે છે –

**(જો ધર્મપુરુષાર્થ હોય તો) કામ-અર્થની જેમ દૃષ્ટિનો વિષય ધર્મ કેમ નથી ? ગુરુ કહે છે – હે ભદ્ર ! વિવેકી આને જુએ છે, મોહાંધ જીવો જોતા નથી જ. ॥૧૧૯॥**

**શ્લોક :-**

त्रिविधो धर्मो हेतुस्वभावकार्यप्रभेदतो गदितः ।
सदनुष्ठानं हेतुस्तत्रेदं दृश्यते व्यक्तम् ।।१२०।।

**શ્લોકાર્થ :-**

**ધર્મનું સ્વરૂપ જ સ્પષ્ટ કરતાં ગુરુ કહે છે – હેતુ, સ્વભાવ અને કાર્ય પ્રભેદથી ત્રણ પ્રકારનો ધર્મ કહેવાયો છે. સદ્અનુષ્ઠાન હેતુ છે=સમ્યગ્ રીતે સેવાયેલું ઉચિત અનુષ્ઠાન હેતુ છે=ધર્મનો હેતુ છે ત્યાં=ત્રણ પ્રકારના ધર્મમાં, આ=હેતુરૂપ ધર્મ, વ્યક્ત જોવાય છે. ॥૧૨૦॥**

**શ્લોક :-**

द्विविधः पुनः स्वभावो, निर्दिष्टः साश्रवस्तदितरश्च ।
आद्यः सत्पुण्यात्मा, विनिर्जरात्मा द्वितीयस्तु ।।१२१।।

**શ્લોકાર્થ :-**

**બે પ્રકારનો વળી સ્વભાવ સાશ્રવ અને તેનાથી ઈતર=અનાશ્રવ બતાવાયો છે. આદ્ય સત્પુણ્ય સ્વરૂપ છે=સાશ્રવધર્મ સુંદર પુણ્ય સ્વરૂપ છે. વળી, બીજો નિર્જરા ધર્મરૂપ છે. ॥૧૨૧॥**

**શ્લોક :-**

अस्मादृशाऽनुमेयो, द्विविधोऽप्ययमत्र योगिनां दृश्यः ।
कार्यं सुन्दरभावाः, प्रत्यात्मस्फुटतरास्ते च ।।१२२।।

**શ્લોકાર્થ :-**

**અહીં=સંસારમાં અમારા જેવાને બંને પણ આ=સાશ્રવ અને નિરાશ્રવ બંને પણ ધર્મ, અનુમેય છે. યોગીઓને દૃશ્ય છે=પ્રગટ છે. અને પ્રતિ આત્મા સ્ફુટતર તે સુંદર ભાવો કાર્ય છે=કાર્યધર્મ છે.**

દ્રમકને અર્થ-કામ પ્રત્યક્ષ દેખાય છે, ધર્મ દેખાતો નથી. તેથી ગુરુને પૂછે છે કે કામ અને અર્થના હેતુભૂત ધર્મ પુરુષાર્થ છે તો અમને કેમ દેખાતો નથી ? તેથી ગુરુ કહે છે – વિવેકી જીવોને વિવેકચક્ષુથી દેખાય છે, મોહાંધ જીવોને દેખાતો નથી, કઈ રીતે વિવેકી જીવોને દેખાય છે ? તે બતાવવા અર્થે ગુરુ કહે છે – હેતુધર્મ, સ્વભાવધર્મ અને કાર્યધર્મ એમ ત્રણ ભેદવાળો ધર્મ છે, તેમાં જેઓ શાસ્ત્રવચન અનુસાર ઉપયુક્ત થઈને સદ્અનુષ્ઠાન કરે છે તેઓની તે પ્રકારની અનુષ્ઠાનની આચરણા અને આચરણાકાળમાં વર્તતું ઉત્તમ ચિત્ત મુખ ઉપર દેખાય છે તે હેતુધર્મ છે. વળી, સ્વભાવધર્મ બે પ્રકારનો છે. સાશ્રવ અને અનાશ્રવ. તેમાં સદ્અનુષ્ઠાનના સેવનથી ઉત્પન્ન થનારું પુણ્યાનુબંધી પુણ્ય એ સાશ્રવધર્મ છે અર્થાત્ મિથ્યાત્વની અલ્પતા સહકૃત અથવા મિથ્યાત્વના અભાવ સહકૃત ગુણના રાગના પરિણામ રૂપ જીવના અધ્યવસાયથી થનારું પુણ્યકર્મ તે સાશ્રવધર્મ છે. જેનાથી જીવને સર્વ પ્રકારની સંસારમાં અનુકૂળતાઓની પ્રાપ્તિ થાય છે. વળી, ગુણના રાગને કારણે સેવાતા સદ્અનુષ્ઠાનથી ગુણનાં આવારક કર્મોની નિર્જરા થાય છે તે નિરાશ્રવધર્મ છે અર્થાત્ તે નિર્જરાથી તે જીવમાં ક્ષયોપશમભાવના ઉત્તમ ગુણો પ્રગટે છે તે નિરાશ્રવધર્મ છે. વળી, આ સાશ્રવ અને નિરાશ્રવધર્મ સામાન્ય છદ્મસ્થ જીવો સાક્ષાત્ જોઈ શકતા નથી તેના કાર્યથી તેનું અનુમાન કરે છે. જેમ અગ્નિના કાર્યધૂમથી અગ્નિનું અનુમાન થાય છે. વળી, યોગીઓને=કેવલીને કે વિશિષ્ટ અવધિજ્ઞાનાદિવાળા જીવોને, આ બંને પ્રકારનો સ્વભાવધર્મ સાક્ષાત્ દેખાય છે. વળી, કાર્યધર્મ જગતમાં જે કંઈ સુંદર ભાવો છે તે સર્વ દરેક આત્મામાં સ્પષ્ટ દેખાય છે. **॥૧૨૨॥**

**શ્લોક :-**

**शास्त्रानुभवज्ञानात् त्रयमिदमिह पश्यता न किं दृष्टम् ।**
**पश्यामीत्यभिलापे, तन्त्रं खलु विषयताभेदः ।।१२३।।**

**શ્લોકાર્થ :-**

**શાસ્ત્રના અનુભવના જ્ઞાનથી ત્રણેય પણ આ અહીં=સંસારમાં, જોતા પણ પુરુષને શું જોવાયું નથી ? અર્થાત્ ત્રણેય પ્રકારના ધર્મો અને તેનાં કાર્યો જોવાયાં છે તેથી જગત આખું પ્રત્યક્ષ છે. હું જોઉં છું એ પ્રકારના અભિલાપમાં ખરેખર વિષયતાભેદ તંત્ર છે=કારણધર્મ હું જોઉં છું, કાર્યધર્મ અમારા જેવાને અનુમેય છે. અને કાર્યધર્મ બધા આત્મામાં સ્પષ્ટ છે એમ કહીને કારણધર્મ અને કાર્યધર્મ અમે જોઈએ છીએ એ પ્રકારના અભિલાપમાં કારણ છદ્મસ્થની વિષયતાનો ભેદ છે. અર્થાત્ સામાન્ય છદ્મસ્થ જીવ સ્વરૂપધર્મને અનુમાનનો વિષય કરી શકે છે, પ્રત્યક્ષનો વિષય કરી શકતો નથી એ રૂપ વિષયતાનો ભેદ છે. ।।૧૨૩।।**

**ભાવાર્થ :-**

વળી, આ જીવ માર્ગાનુસારી ભદ્રક ભાવને કારણે કર્મવિવરથી ભગવાનના શાસનને પામેલો છે. તેથી તેના ઉપર ભગવાનની દૃષ્ટિ પડી છે તે ધર્મબોધકર આચાર્ય જુએ છે અને વિચારે છે કે જેઓએ ભૂતકાળમાં ઘણા ગુણો કેળવ્યા છે અને ભગવાનના શાસનને આ ભવમાં પામે છે ત્યારે શીઘ્ર જ ગુણથી સમૃદ્ધ બને છે, જેમ વિમલકુમાર ભગવાનની મૂર્તિને જોઈને જ ભગવાનના ધર્મને પામે છે ત્યારે સંયમ ગ્રહણ કરવાના ઉત્તમ પરિણામને સ્પર્શે છે. જ્યારે આ જીવ તો હજી પણ બીભત્સ દેખાય છે. આ પ્રકારનો વિચાર ગુરુને કેમ આવે છે તેનું તાત્પર્ય સ્પષ્ટ કરતાં કહે છે. ભારેકર્મી જીવોના પૂર્વ-અપર વિરોધને કારણે ગુરુને આ પ્રકારનો વિચાર આવે છે. અર્થાત્ ક્ષણમાં તેને ધર્મનો પરિણામ થાય છે અને ભારે કર્મ હોવાને કારણે ક્ષણમાં તત્ત્વથી વિમુખ થાય છે તેમ દેખાય છે. તેથી ગુરુને થાય છે કે ભગવાનની દૃષ્ટિ આના ઉપર પડી છે તેથી આ યોગ્ય હોવો જોઈએ. વળી, યોગ્યતા જણાતી નથી તેથી તત્ત્વથી વિમુખ વર્તે છે. આ પ્રકારે વિચાર કર્યા પછી ગુરુ વિચારે છે કે આ જીવનો સ્વકર્મના વિવરથી પ્રવેશ થયો છે અને તત્ત્વની જિજ્ઞાસારૂપ મનપ્રસાદ થયો છે તેથી નક્કી છે કે આ જીવનું ભવિષ્યમાં ભદ્ર થનારું છે. ફક્ત અત્યારે કર્મના ઉદયને કારણે હજી વિશેષ તત્ત્વને પ્રાપ્ત કરવા તત્પર થતો નથી. તેથી તેની યોગ્યતાને

જાણીને ગુરુ તેને માર્ગમાં લાવવા માટે ભાવથી અભિમુખ જાય છે ત્યારે તત્ત્વની જિજ્ઞાસાથી તે જીવ તત્ત્વને પૂછે છે. ત્યારે ગુરુ તેને આ લોક અનાદિનો છે અને અનંત છે, જીવ અનાદિ અનંત છે. કર્મકૃત જીવનો ભવ છે અને પુણ્ય-પાપથી જીવને સુખ-દુઃખ મળે છે ઇત્યાદિ ઉપદેશ આપીને તેને ધર્મને આપવા રૂપ ભિક્ષાને આલ્વાન કરે છે.

વળી, આ ધર્મ જ સર્વ પ્રકારના જીવની સુખપરંપરાનું કારણ છે ઇત્યાદિ કહીને તે જીવનું ચિત્ત ધર્મ પ્રત્યે આક્ષેપવાળું કરે છે. અને ધર્મ પ્રત્યે આક્ષિપ્ત થયેલા જીવને ધર્મનું સ્વરૂપ બતાવતાં કહે છે શક્તિ અનુસાર દાનાદિ ધર્મ કરવા જોઈએ. ત્યારપછી ભાવસાધુ કેવા હોય તેનું પારમાર્થિક સ્વરૂપ કહે છે. તે નિમિત્તને પામીને જીવને વિપર્યાસબુદ્ધિ થાય છે કે આ મહાત્મા મારું ધન ક્ષેત્રમાં નિયોજન કરાવીને મને દીક્ષા આપવા ઇચ્છે છે તેનું કારણ પૂર્વના તે તે દર્શનના સાધુઓના કે પાસત્થાદિ સાધુના અનુભવને કારણે તેને સંશય થાય છે કે આ મહાત્મા પણ મને ધનની ઇચ્છાથી આ પ્રમાણે બોલાવે છે. વસ્તુતઃ નિઃસ્પૃહી મુનિઓ જીવની યોગ્યતા જાણીને તેના કલ્યાણ અર્થે યત્ન કરે છે અને જેઓ તત્ત્વજિજ્ઞાસાવાળા નથી તેવા સમૃદ્ધ જીવો પ્રત્યે પણ ઉપેક્ષા કરે છે એ પ્રકારના પરમાર્થને જોવાની નિર્મળદૃષ્ટિ પ્રગટેલી નહીં હોવાથી પ્રસ્તુતઃ જીવને આ રીતે વિપરીત શંકા થાય છે.

વળી ધર્મના સ્વરૂપને જ્યારે ગુરુ કહે છે ત્યારે કેટલાક જીવો ગ્રંથિનો ભેદ કરીને સમ્યક્ત્વને પામે છે. કેટલાક જીવો ગ્રંથિનો ભેદ ન કર્યો હોય તો સમ્યક્ત્વની સન્મુખ અવસ્થાને પામે છે અને તેવા પણ જીવો કુવિકલ્પ કર્યા વગર ગુરુના વચન દ્વારા વિશેષ પ્રકારે ધર્મને સાંભળે તો તત્ત્વને અભિમુખ અભિમુખતર બને છે છતાં કેટલાક જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થયેલી હોય તોપણ મિથ્યાત્વના ઉદયથી આ ગુરુ મારો ધનવ્યય કરાવીને મને દીક્ષા આપશે એવો ભય થવાથી તે ગુરુનો ત્યાગ કરે છે. તે જોઈને ગુરુને વિચાર આવે છે કે આ જીવનો આ દોષ નથી પરંતુ તેનામાં વર્તતા રાગનો આ દોષ છે. તેથી ગુરુ પોતાનાં ત્રણ ઔષધો તેને આપવાનો વિચાર કરે છે.

વળી ઉપાશ્રયમાં નહીં આવતો તે જીવ અચાનક રસ્તામાં મળે ત્યારે ઉચિત સંભાષણ કરીને ગુરુ કહે છે કેમ ઉપાશ્રય આવતો નથી ? ત્યારે સામાન્યથી

પાસત્થાદિ સાધુઓ પણ તેને આલાપાદિ કરીને આકર્ષવા પ્રયત્ન કરે છે તેના જેવી જ સ્થૂલથી સદ્ગુરુની પ્રવૃત્તિ છે તોપણ પ્રસ્તુત જીવમાં તેવો દાક્ષિણ્ય ગુણ છે તેથી પોતાના આગ્રહને કારણે તે ઉપાશ્રયમાં આવશે તેવો નિર્ણય થવાથી સદ્ગુરુ તેને ઉપાશ્રય આવવાનો અભિગ્રહ કરાવે છે. તે અભિગ્રહ સાક્ષાત્ સમ્યગ્જ્ઞાન રૂપ નથી તોપણ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે તેથી નેત્રમાં વિમલાલોક અંજનના ન્યાસતુલ્ય છે અને તે જીવ જ્યારે પ્રતિદિન અભિગ્રહને કારણે ઉપાશ્રયે જાય છે ત્યારે મુનિઓની નિઃસ્પૃહ પ્રવૃત્તિ જોઈને તેને કંઈક ગુણ પ્રત્યે રાગ ઉત્પન્ન થાય છે જે નાશ થયેલી ચેતના વિમલાલોક અંજનથી પ્રગટ થઈ, જેના કારણે જીવને ફરી ધર્મની જિજ્ઞાસા પ્રગટે છે અને તત્ત્વશ્રવણને અભિમુખ થઈને કંઈક બોધ કરે છે તે રોગના શમનથી થયેલ સુખ સ્વરૂપ છે.

વળી પ્રતિદિન ધર્મ સાંભળતા તે જીવના અજ્ઞાનનો વિલય કંઈક કંઈક થાય છે તે સમ્યગ્જ્ઞાન સ્વરૂપ હોવાથી કષાયોના શમનથી યુક્ત જ્ઞાનની પરિણતિ સ્વરૂપ છે.

વળી તત્ત્વનો બોધ થવાથી ચિત્તને આહ્લાદ થાય છે તે કંઈક શમસુખના અનુભવ સ્વરૂપ છે; કેમ કે ભગવાનનું વચન યથાર્થ બોધરૂપે પરિણમન પામે તો વીતરાગતાને અભિમુખ ચિત્ત આવર્જિત થાય છે, જેના કારણે જીવને કષાયોના શમન સ્વરૂપ કંઈક સુખનો અનુભવ થાય છે, ફક્ત અલ્પ માત્રમાં હોવાથી અને પૃથક્કરણ નહીં કરેલ હોવાથી આ ઉપશમનું સુખ છે તેવું જ્ઞાન જીવોને આદ્યભૂમિકામાં સ્પષ્ટ થતું નથી, તોપણ તત્ત્વના બોધથી થતો જે આહ્લાદ છે તે મોક્ષનું પ્રબલ કારણ બને તેવું શમસુખ છે આમ છતાં શમસુખનો અનુભવ અલ્પ હોવાથી વિષયોમાં સુખ છે તેવી તત્ત્વબુદ્ધિ પણ તે દ્રમકમાં રહે છે.

વળી, કેટલાક જીવોને વ્યવહારથી અરિહંત દેવ, સુસાધુ ગુરુ અને સર્વજ્ઞપ્રણીત ધર્મ જ તત્ત્વ છે એ પ્રકારનું શ્રુતજ્ઞાન કંઈક સૂક્ષ્મ બોધપૂર્વક પ્રાપ્ત થાય છે. તેનાથી સમ્યક્દર્શન પણ કદાચ તે જીવને પ્રાપ્ત થાય છે. અને કદાચ સન્મુખભાવ પણ પ્રાપ્ત થાય તોપણ શાસ્ત્રઅધ્યયન કરીને અધિગમ સમ્યક્ત્વની શુદ્ધિની પ્રાપ્તિ ન થઈ હોય ત્યારે વિષયોમાં સુખનો અનુભવ થાય છે તેવી બુદ્ધિ પણ તે જીવોને સંભવે છે.

વળી તે જીવોને સદ્ગુરુ પાસેથી શાસ્ત્રઅધ્યયન કરવાને કારણે ઉપશમના સુખને જોવાની સ્પષ્ટ નિર્મળ પ્રજ્ઞા પ્રગટે છે ત્યારે વિષયોની ઇચ્છા ઉપશમરૂપ નહીં હોવાથી સુખરૂપ નથી, તેમાં કરાયેલો શ્રમ સુખરૂપ નથી પરંતુ પુણ્યના સહકારથી વિષયો પ્રાપ્ત થાય છે, ત્યારે ઇચ્છાની વિહ્વળતા કંઈક શાંત થાય છે તે જ સુખ છે માટે ઇચ્છાના શમનમાં જ પારમાર્થિક સુખ છે. વિષયોના સેવનમાં ખણજના સુખ જેવું વિકારવાળું સુખ છે તેવો સ્પષ્ટ બોધ તે જીવોને થાય છે. તેથી પ્રથમ દશામાં રહેલા સમ્યગ્દૃષ્ટિને પણ વિષયોમાં તત્ત્વબુદ્ધિ રહેવાની ક્વચિત્ સંભાવના રહે છે. જે સમ્યક્ત્વમાં અતિચાર સ્વરૂપ છે; કેમ કે અતત્ત્વને તત્ત્વબુદ્ધિરૂપે જોવું તે જ સમ્યક્ત્વને મલિન કરનાર જીવની પરિણતિ છે અને તેના કારણે જ સુસાધુઓના વિષયોમાં પણ આ મારું ધન માંગશે એવી શંકા થાય છે તેથી તેઓના પરિચયથી તે જીવો દૂર રહે છે.

વળી, કોઈક રીતે ઉપાશ્રયે આવવાથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે તોપણ અપુનર્બંધકદશામાં રહેલા જીવોને તત્ત્વની પારમાર્થિક પ્રીતિ થતી નથી, તેથી ગુરુ તેવા જીવોને તત્ત્વની પ્રીતિ થાય તે રીતે સૂક્ષ્મ પદાર્થો બતાવે છે, છતાં તત્ત્વની પ્રીતિનાં પ્રતિબંધક કર્મો બળવાન હોવાને કારણે કેટલાક જીવો તત્ત્વ-પ્રીતિકર પાણી પીવા ઇચ્છતા નથી. અર્થાત્ તત્ત્વ પર પ્રીતિ ઉત્પન્ન થાય તે રીતે દૃઢ પ્રણિધાનપૂર્વક ગુરુના વચનને શ્રવણ કરતા નથી. છતાં તેવા જીવોનું બલાત્કારથી પણ હિત કરવું જોઈએ તેવો વિચાર કરીને તત્ત્વપ્રીતિકર પાણી પીવા માટે ગુરુ તેવા જીવોને નિમંત્રણ કરે છે.

વળી તેવા જીવોને તેમની બુદ્ધિ અનુસાર સમ્યગ્દર્શન કઈ રીતે સુખની પરંપરાનું પ્રબલ કારણ છે તેનું વિસ્તારથી વર્ણન કરે છે, જેથી તે જીવોને સમ્યગ્દર્શન પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થાય. આમ છતાં તુચ્છ અભિપ્રાયને વશથી કેટલાક જીવોને વિચાર આવે છે કે સંસારના ભોગોમાં દૃષ્ટ સુખો છે અને પરલોકનાં સુખો અને ઉપશમનું સુખ સાક્ષાત્ દેખાતાં નથી, તેથી દૃષ્ટ સુખનો ત્યાગ કરીને અદૃષ્ટ સુખ અર્થે પ્રયત્ન કરવાથી શું ? તેવી બુદ્ધિ થવાથી સમ્યક્ત્વને અભિમુખ તે જીવોને પરિણામ થતો નથી અર્થાત્ મુનિભાવ જ પારમાર્થિક સુખરૂપ છે, સંસારનું તમામ સુખ વિકારોથી યુક્ત હોવાથી અસાર છે. વળી, પરલોકમાં પણ સુખની પરંપરા મુનિભાવના સેવનથી જ થાય છે.

ઇત્યાદિ વર્ણન ગુરુ કરે છે જે યોગ્ય જીવોને કંઈક રોચક લાગવા છતાં દૃષ્ટ સુખનો ત્યાગ કરીને અદૃષ્ટ સુખની અર્થિતા તે જીવોમાં પ્રગટ થતી નથી. તેથી તત્ત્વને સ્પર્શે તે રીતે તે જીવો શ્રવણની પ્રવૃત્તિ કરતા નથી, ત્યારે ગુરુ તેવા જીવોને તત્ત્વના શ્રવણને અભિમુખ કરવા માટે કામપુરુષાર્થને અને અર્થપુરુષાર્થને માનનારા જીવો કામનું અને અર્થનું સ્વરૂપ કઈ રીતે વિચારે છે ? તે બતાવે છે અને જીવને સ્વાભાવિક રીતે અર્થ-કામ પ્રત્યે આકર્ષણ છે તેથી તેવા જીવો એકદમ ઉપયોગપૂર્વક ઉપદેશને શ્રવણ કરે છે. જોકે તે શ્રવણમાં કામ પ્રત્યે અને અર્થ પ્રત્યે જ તે જીવોનો રાગ વૃદ્ધિ પામે છે તોપણ શ્રવણને અભિમુખ થયા પછી ધર્મનું પણ તે રીતે શ્રવણ કરશે ત્યારે તત્ત્વની પ્રાપ્તિ થશે તેવો નિર્ણય થવાથી સુગુરુ યોગ્ય જીવોને આ રીતે ધર્મશ્રવણને અભિમુખ કરે છે.

વળી, જ્યારે યોગ્ય જીવો અર્થ-કામના વર્ણનથી શ્રવણને અભિમુખ બને છે ત્યારે સુગુરુ કહે છે કે કામ અને અર્થની પ્રાપ્તિનો હેતુ પણ ધર્મ જ છે અને ધર્મનો અને અધર્મનો અપલાપ ન થઈ શકે તેવી અનુભવ અનુસાર યુક્તિઓ બતાવે છે અને કહે છે કે જીવને જે કંઈ પ્રતિકૂળ ભાવો છે તેનું કારણ અધર્મ છે અને જીવને જે કંઈક અનુકૂળ ભાવો છે તેનું કારણ ધર્મ છે. તે વચનો યુક્તિથી સાંભળે છે ત્યારે તે જીવમાં સંસારના સુંદર ભાવોની ઇચ્છા વિદ્યમાન છે તેથી સુંદર ભાવો પ્રત્યે આકર્ષણને કારણે તેના ઉપાયભૂત ધર્મને જાણવાની ઇચ્છા થાય છે તેથી પ્રશ્ન કરે છે કે અર્થ અને કામ જગતમાં પ્રત્યક્ષ દેખાય છે, ધર્મ કેમ દેખાતો નથી ? તેના સમાધાન અર્થે ગુરુ ધર્મ કઈ રીતે પ્રત્યક્ષ છે ? તે બતાવવા અર્થ કહે છે – ધર્મ હેતુથી, સ્વભાવથી અર્થાત્ સ્વરૂપથી અને કાર્યથી ત્રણ ભેદવાળો છે. વળી ધર્મનો હેતુ સદ્અનુષ્ઠાનો છે જે વ્યક્તરૂપે બધાને દેખાય છે. અર્થાત્ જેઓ સ્વભૂમિકાનુસાર ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તે વખતે ચિત્ત કંઈક શાંત બને છે અને તે શાંત ચિત્તથી યુક્ત એવી ઉચિત પ્રવૃત્તિ ધર્મનો હેતુ છે. અને તેનાથી જીવમાં સ્વભાવ રૂપ બે પ્રકારનો ધર્મ પ્રગટે છે. ૧) સાશ્રવધર્મ અને ૨) નિરાશ્રવધર્મ. જે ધર્મ વિશિષ્ટ જ્ઞાનવાળા સાક્ષાત્ જોઈ શકે છે, સામાન્ય છદ્મસ્થ જીવો અનુમાનથી તેને જાણી શકે છે; કેમ કે સાશ્રવધર્મ પુણ્યબંધ સ્વરૂપ છે જેનું કાર્ય જગતના જીવોમાં સ્પષ્ટ દેખાય છે, તેથી જગતના જીવોને જે કંઈ સુંદરતા મળી છે તેનું કારણ સાશ્રવધર્મ છે. વળી, નિરાશ્રવધર્મ

ગુણનાં બાધક કર્મોની નિર્જરાથી થાય છે. જેનાથી જીવમાં ઉત્તમ ગુણો પ્રગટે છે અને પોતાનામાં પ્રગટ થયેલા સમ્યગ્જ્ઞાન, તત્ત્વની રુચિ અને અસંગભાવને અનુકૂળ ચિત્ત ઇત્યાદિ ગુણોના બળથી અનુમાન થાય છે કે સદ્અનુષ્ઠાનના સેવનથી મને નિર્જરા થઈ છે જેના કાર્યરૂપ આ ગુણો મારામાં પ્રગટ્યા છે અથવા અન્ય જીવમાં પણ તેવા ગુણોના દર્શનથી તે જીવમાં પ્રગટ થયેલ નિર્જરારૂપ નિરાશ્રવધર્મનું અનુમાન થાય છે. અને કાર્યધર્મ સર્વ જીવોને પ્રત્યક્ષ છે, ફક્ત આ ધર્મનું કાર્ય છે તેવો જેને બોધ નથી તેઓ સ્વભાવધર્મનું આ કાર્ય છે તેમ જોઈ શકતા નથી તોપણ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલી સર્વ સુંદરતા અને મોહનીયના ક્ષયોપશમથી થયેલી અંતરંગ ગુણસમૃદ્ધિ તે સર્વ કાર્યધર્મ છે. **॥૬૫થી ૧૨૩॥**

**શ્લોક :-**

**इतरद्द्वयसंपादकमिह सदनुष्ठानमेव चादेयम् ।**
**गृहियतिधर्मविभेदाद् द्विविधं सम्यक्त्वमूलं तत् ।।१२४।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=ધર્મના વિષયમાં, ઈતર દ્વયનું સંપાદક=સ્વભાવધર્મ અને કાર્યધર્મનું સંપાદક, સદ્અનુષ્ઠાન જ સેવવા યોગ્ય છે. તે=સદ્અનુષ્ઠાન સમ્યક્ત્વમૂલ ગૃહીના=ગૃહીધર્મના, અને યતિધર્મના ભેદથી બે પ્રકારનું છે. ॥૧૨૪॥**

**શ્લોક :-**

**पुनराहासौ भगवन् ! 'किं सम्यक्त्वं' ? न तन्मयाऽवधृतम् ।**
**गुरुराह भद्र ! देवः, सर्वज्ञो ध्वस्तभावरिपुः ।।१२५।।**

**શ્લોકાર્થ :-**

**વળી, આ=દ્રમક, કહે છે – હે ભગવન્ ! સમ્યક્ત્વ શું છે ? તે મારા વડે અવધારણ કરાયું નથી. ગુરુ કહે છે – હે ભદ્ર ! નાશ કર્યો છે ભાવરૂપી શત્રુ જેણે એવા સર્વજ્ઞ દેવ છે. ॥૧૨૫॥**

શ્લોક :-

तदभिहिताश्च पदार्था, जीवाऽजीवादयो नवावितथाः ।
रत्नत्रयं च धर्मस्तदभिहितः शिवपुरस्याध्वा ।।१२६।।

શ્લોકાર્થ :-

તેનાથી=સર્વજ્ઞથી, કહેવાયેલા જીવાજીવાદિ નવઅવિતથ પદાર્થો છે. અને તેમનાથી કહેવાયેલો=સર્વજ્ઞથી કહેવાયેલો, શિવપુરનો માર્ગ રૂપરત્નત્રય ધર્મ છે. ||૧૨૬||

શ્લોક :-

तच्चारिणश्च गुरवो, वन्द्या इति बुद्धिरेव सम्यक्त्वम् ।
शङ्कादिदोषरहितं, गम्यं प्रशमादिभिर्लिङ्गैः ।।१२७।।

શ્લોકાર્થ :-

તેને આચરનારા=રત્નત્રયીને આચરનારા, ગુરુઓ વંદ્ય છે. એ પ્રકારની બુદ્ધિ જ શંકાદિ દોષથી રહિત પ્રશમાદિ લિંગો વડે ગમ્ય સમ્યક્ત્વ છે. ||૧૨૭||

શ્લોક :-

इति कथयता भगवता, तीर्थाम्भः पायितो बलेनासौ ।
मोहक्षयोपशमतो, नष्टप्रायस्तदोन्मादः ।।१२८।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે કહેતા ભગવાન વડે આ તીર્થનું પાણી બલથી આ=જીવને, પિવડાવાયું. મોહના ક્ષયોપશમથી તેનો ઉન્માદ નષ્ટપ્રાયઃ થયો. ||૧૨૮||

શ્લોક :-

अथ निर्गतदाहार्तिर्दध्यौ हा कथमयं महात्माऽपि ।
वञ्चकबुद्ध्या दृष्टो, दृक्पटुतास्वास्थ्यहेतुर्मे ।।१२९।।

શ્લોકાર્થ :-

હવે, નાશ પામી છે દાહની પીડાવાળા જીવે વિચાર્યું, હા=ખેદ છે કે, મારી દૃષ્ટિની પટુતારૂપ સ્વાસ્થ્યના હેતુ એવા મહાત્મા પણ વંચકબુદ્ધિથી કેવી રીતે જોવાયા. ॥૧૨૯॥

શ્લોક :-

याऽयोग्येऽपि मयि कृपा, योग्येष्विव भगवतोऽजनि प्रथिता ।
सर्वत्र वर्षतः खलु, जलमेषा जलमुचः प्रकृतिः ।।१३०।।

શ્લોકાર્થ :-

યોગ્ય જીવોની જેમ અયોગ્ય પણ એવા મારામાં ભગવાનની વિસ્તારિત કૃપા થઈ. ખરેખર સર્વત્ર જલને વરસાવતાં વાદળાંઓની આ પ્રકૃતિ છે. ॥૧૩૦॥

શ્લોક :-

इति भावयन् विमुञ्चति, रौद्रत्वमसौ मदान्धतां त्यजति ।
ऋजुतां गच्छति रागं, शिथिलयति तनोति न द्वेषम् ।।१३१।।
अभिनिविशते च तत्त्वे, तत्त्वधियं त्यजति धनकलत्रादौ ।
लक्षयति गुणविशेषं, स्मरति स्वाचारदोषं च ।।१३२।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે ભાવન કરતો આ=દ્રમક, રૌદ્રત્વનો ત્યાગ કરે છે, મદાંધતાનો ત્યાગ કરે છે, ઋજુતાને પ્રાપ્ત કરે છે, રાગને શિથિલ કરે છે, દ્વેષને વિસ્તારતો નથી, તત્ત્વમાં અભિનિવેશ કરે છે=પૂર્વમાં જે ગુરુએ સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવ્યું તે તત્ત્વમાં પુનઃ પુનઃ ભાવન કરીને દૃઢ આગ્રહ ઉત્પન્ન કરે છે, ધન, કલત્રાદિમાં તત્ત્વબુદ્ધિનો ત્યાગ કરે છે, ગુણવિશેષને જાણે છે, અને સ્વાચારદોષનું સ્મરણ કરે છે. ॥૧૩૧-૧૩૨॥

શ્લોક :-

अभिसंस्कारप्रभवाः, कुविल्पास्तस्य कुसमयोल्लसिताः ।
चण्डपवनाद् घना इव गुरुसङ्गादेव परिगलिताः ।।१३३।।

શ્લોકાર્થ :-

કુસમયથી ઉલ્લસિત અભિસંસ્કારથી પ્રભવ તેના=દ્રમકના, કુવિકલ્પો પ્રચંડ પવનથી જેમ વાદળાંઓ તેમ ગુરુસંગથી જ પરિગલિત થયા=નાશ પામ્યા. ।।૧૩૩।।

શ્લોક :-

ययुरधिगमसम्यक्त्वात् सहजाश्चाशङ्कनीयशङ्काद्याः ।
धनविषयादिषु मूर्छा, दिग्मोहसमा तु न निवृत्ता ।।१३४।।

શ્લોકાર્થ :-

અધિગમ સમ્યક્ત્વથી અશંકનીયમાં શંકાદિ રૂપ સહજ વિકલ્પો ગયા, વળી, ધનવિષયાદિમાં દિગ્મોહસમ મૂર્છા નિવૃત્ત થઈ. ।।૧૩૪।।

શ્લોક :-

यद्वशगोऽयं जीवः, शास्त्रार्थज्ञोऽपि मूर्खतां भजते ।
पश्यन्नपि च न पश्यति, कर्तुं शक्नोति न निवृत्तिम् ।।१३५।।

શ્લોકાર્થ :-

જેના વશમાં ગયેલો આ જીવ=ધનાદિ મૂર્છાને વશમાં ગયેલો આ જીવ, શાસ્ત્રાર્થને જાણનાર પણ મૂર્ખતાને ભજે છે. જોવા છતાં પણ જોતો નથી, નિવૃત્તિને કરવા માટે સમર્થ થતો નથી=ધનાદિની મૂર્છાને નિવૃત્તિ કરવા સમર્થ થતો નથી. ।।૧૩૫।।

શ્લોક :-

अथ तं कदन्नमूर्छितमभिवीक्ष्य मुहुर्मुहुर्दृशं ददतम् ।
निजपात्रे तद्भावं, ज्ञात्वाऽऽह स धर्मबोधकरः ।।१३६।।

શ્લોકાર્થ :-

હવે નિજપાત્રમાં વારંવાર દૃષ્ટિને આપતા કદન્નમાં મૂર્છિત એવા તેને જોઈને=દ્રમકને જોઈને, તેના ભાવને જાણીને=દ્રમકના ભાવને જાણીને, તે ધર્મબોધકર કહે છે. ।।૧૩૬।।

શ્લોક :-

कन्याप्रदीयमानं, नादत्से किं नु मूर्ख ! परमान्नम् ।
किंच कदन्ने गृद्धः, स्वयं स्ववैरित्वमाचरसि ।।१३७।।

શ્લોકાર્થ :-

હે મૂર્ખ ! કન્યા વડે અપાતું પરમાન્ન તું કેમ ગ્રહણ કરતો નથી ? વળી, કદન્નમાં ગુદ્ધિવાળો તું સ્વયં સ્વવૈરીપણાને આચરે છે. ।।૧૩૭।।

શ્લોક :-

अस्माद् भवनाद् बाह्याः, सत्त्वास्तिष्ठन्ति दुःखिता बहवः ।
न च ते प्रभुणा दृष्टा, इति नस्तेष्वादरो नास्ति ।।१३८।।

શ્લોકાર્થ :-

આ ભવનથી બાહ્ય ઘણા જીવો દુઃખિત રહેલા છે, અને પ્રભુ વડે તેઓ જોવાયા નથી એથી અમને તેઓ પર આદર નથી. ।।૧૩૮।।

શ્લોક :-

त्वं पुनरेतद् दृष्ट्वा, तुष्टस्तेनासि वल्लभो नृपतेः ।
तत्त्वयि दयालवः स्मो, भृत्या भर्तुर्मनोऽभिज्ञाः ।।१३९।।

શ્લોકાર્થ :-

તું વળી આને જોઈને=જિનભુવનને જોઈને, તુષ્ટ થયો છે, તેથી નૃપતિને=સુસ્થિત રાજાને વલ્લભ છો, તે કારણથી તારામાં અમે દયાળુ છીએ. સેવકો=સુસ્થિત રાજાના સેવકો, ભર્તાના=સુસ્થિત રાજાના, મનને જાણનારા છે. ।।૧૩૯।।

શ્લોક :-

प्रभुरयममूढलक्षो, नापात्रे दृग्विलासमाधत्ते ।
व्यभिचारितश्च मार्गावतारहेतुस्त्वयाऽस्माकम् ।।१४०।।

શ્લોકાર્થ :-

અમૂઢ લક્ષવાળા આ પ્રભુ=સુસ્થિત રાજા, અપાત્રમાં=અયોગ્ય જીવમાં, દૃષ્ટિના વિલાસને આપતા નથી અને તારા વડે અમારો માર્ગના અવતારનો હેતુ વ્યભિચારિત કરાયો. ।।૧૪૦।।

શ્લોક :-

आदत्स्व ज्ञानफलं, तद्व्रतभिक्षां त्यजाऽनघ ! कदन्नम् ।
पश्यसि किं न विमोहानिहापि शमिनः सुधातृप्तान् ।।१४१।।

શ્લોકાર્થ :-

હે અનઘ ! કદન્નનો ત્યાગ કર, અને જ્ઞાનના ફલરૂપ તે વ્રતની ભિક્ષાને તું ગ્રહણ કર. અહીં પણ=રાજમંદિરમાં પણ, વિમોહવાળા, સુધાથી તૃપ્ત, શમવાળા એવા જીવોને તું કેમ જોતો નથી ? ।।૧૪૧।।

શ્લોક :-

इत्यभिहितः स बाढं, धृतविश्वासोऽपि रसवतीनाथे ।
भजते तस्य कदन्नत्याजनवचनेन विह्वलताम् ।।१४२।।

શ્લોકાર્થ :-

એ પ્રકારે કહેવાયેલ એવો તે=દ્રમક, રસવતીનાથમાં=ધર્મબોધકર આચાર્યમાં, અત્યંત ધારણ કરાયેલા વિશ્વાસવાળો પણ, તેમના=આચાર્યના, કદન્નના ત્યાજનના વચનથી વિહ્વલતાને પામે છે. ।।૧૪૨।।

શ્લોક :-

दैन्यमवलम्ब्य स ततः, प्राह वचो भगवतां प्रमाणमिदम् ।
क्लेशेनार्जितमेतत्, त्यक्तुं तु न भोजनं शक्यम् ।।१४३।।

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી દૈન્યનું અવલંબન લઈને તે કહે છે, ભગવાનનું=આચાર્યનું, આ વચન=કદન્નના ત્યાગાદિનું વચન, મને પ્રમાણ છે. ક્લેશથી અર્જિત એવું આ ભોજન ત્યાગ કરવા માટે વળી શક્ય નથી. ।।૧૪૩।।**

**શ્લોક :-**

निर्वाहकमिदमशनं, मम भवतां त्वेकदिवसमुपयुक्तम् ।
तत् सत्यस्मिन् देयं, यदि दित्सा भवति पूज्यानाम् ।।१४४।।

**શ્લોકાર્થ :-**

**મારું આ અશન=ભોજન, નિર્વાહક છે. વળી, તમારું અશન એક દિવસ ઉપયુક્ત છે. તે કારણથી આ હોતે છતે આપવું=પરમાન્ન આપવું, જો પૂજ્યોને આપવાની ઈચ્છા છે. ।।૧૪૪।।**

**ભાવાર્થ :-**

વળી, સદ્ગુરુએ ત્રણ ભેદવાળું ધર્મનું સ્વરૂપ બતાવ્યું ત્યારપછી ત્રણ પ્રકારના ધર્મમાંથી ક્યાં યત્ન કરવો ઉચિત છે ? તે બતાવવા અર્થે કહે છે – સદ્અનુષ્ઠાન જ સ્વભાવધર્મ અને કાર્યધર્મનું સંપાદક છે; કેમ કે દૃઢ પ્રણિધાનપૂર્વક કરાયેલું સદ્અનુષ્ઠાન પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરીને નિર્જરા કરાવે છે, જેના ફળરૂપે સુદેવત્વ અને સુમાનુષત્વરૂપ ફળ પ્રાપ્ત થાય છે. અને તે ધર્મ સમ્યક્ત્વપૂર્વક ગૃહસ્થધર્મ અને યતિધર્મના બે ભેદવાળું છે. તેથી દ્રમકને જિજ્ઞાસા થાય છે કે બે પ્રકારના ધર્મનું મૂલ સમ્યક્ત્વ કેવા પ્રકારના સ્વરૂપવાળું છે. એથી ગુરુ તે જીવના બોધને અનુસાર સંક્ષેપથી કે વિસ્તારથી વીતરાગ દેવ એ જ દેવ છે, તેમના કહેવાયેલા જીવાદિ પદાર્થો જ તત્ત્વ છે. અને ભગવાને કહેવાયેલો રત્નત્રયી રૂપ મોક્ષમાર્ગ ધર્મ છે, તેમ બતાવે છે અને તેને આચરનારા પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિવાળા મુનિઓ વંદનીય છે, આવી સ્થિર બુદ્ધિ સમ્યક્ત્વ છે, તેમ સુગુરુ કહે છે તેથી જેઓને જગતમાં આ જ ભાવો તત્ત્વ છે અન્ય સર્વ અતત્ત્વ છે. તેવો સ્થિર નિર્ણય થાય છે, અને શંકા, આકાંક્ષાદિ દોષ રહિત તે બુદ્ધિ સ્થિર થાય છે તે જીવોમાં દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે સ્થિર શ્રદ્ધા થવાને કારણે

પ્રશમાદિ ભાવો પ્રગટે છે, તેનાથી સમ્યક્ત્વનો નિર્ણય થાય છે. આ પ્રકારે શ્રોતાની બુદ્ધિ અનુસાર ગુરુના ઉપદેશને સાંભળીને મોહનો ક્ષયોપશમ થવાથી જીવનો ઉન્માર્ગ નાશ પામે છે, જે આચાર્ય વડે બળાત્કારે તીર્થનું પાણી પિવડાવવા તુલ્ય છે; કેમ કે ધર્મને અભિમુખ દ્રમકનું ચિત્ત ન હતું, છતાં અર્થ-કામના માહાત્મ્યને બતાવીને શ્રવણને અભિમુખ કરીને ધર્મશ્રવણને અભિમુખ ચિત્ત કર્યું, તે વિશિષ્ટ પ્રયત્નથી તીર્થના પાણીના પાનતુલ્ય છે. ઉન્માર્ગ નાશ થવાને કારણે તે દ્રમકને માહાત્મા તત્ત્વને બતાવનારા છે તેવો સ્થિર નિર્ણય થાય છે, તેથી જ પૂર્વમાં જે ઠગનારાની બુદ્ધિથી પોતે તેમની કલ્પના કરેલ તેનો પશ્ચાત્તાપ તે દ્રમકને થાય છે.

વળી, દેવ, ગુરુ, ધર્મના વિષયમાં અભિનિવેશ થાય છે અર્થાત્ આ તત્ત્વ છે તેવી બુદ્ધિ થાય છે, ધન, સ્ત્રી આદિમાં તત્ત્વબુદ્ધિ નાશ થાય છે. તેથી તે જીવમાં બે પ્રકારના કુવિકલ્પો નાશ પામે છે. ૧) કુતીર્થિકોના કે પાસત્થાદિના પરિચયથી સંસ્કારો પડેલા તેનાથી જે કુવિકલ્પો થતા હતા તે સર્વ શાંત થાય છે; કેમ કે દેવ, ગુરુ અને ધર્મના સ્વરૂપનો સ્પષ્ટ યથાર્થ નિર્ણય થયેલ છે. વળી, અશંકનીય એવા સાધુમાં શંકાદિ રૂપ જે સહજ કુવિકલ્પો થતા હતા, તે પણ ગુરુ વડે અપાયેલા દેવ, ગુરુના સ્વરૂપથી નિવર્તન પામે છે; કેમ કે નિઃસ્પૃહી મુનિઓ જ તેને ગુરુ દેખાય છે. આમ છતાં અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાદિ કષાયોનો ક્ષયોપશમ નહીં થયેલો હોવાથી ધનવિષયાદિમાં મૂર્ચ્છા દિગ્મોહ જેવી નિવર્તન પામતી નથી અર્થાત્ જેમ દિશામાં મોહ પામેલો જીવ સદ્ દિશામાં જઈ શકતો નથી તેમ તત્ત્વનો બોધ થવા છતાં સંપૂર્ણ નિઃસંગ એવા મુનિભાવને અભિમુખ જવા ચિત્ત બનતું નથી, તેથી ધનવિષયાદિમાં તત્ત્વબુદ્ધિ નહીં હોવા છતાં, ધનવિષયાદિમાં મૂર્ચ્છા દૂર થતી નથી.

વળી ધનવિષયાદિની મૂર્ચ્છાના વશથી શાસ્ત્રના અર્થને જાણનારો પણ મૂર્ખની જેમ ધનવિષયાદિમાં યત્ન કરે છે; કેમ કે શાસ્ત્ર અસંગમાં યત્ન કરવા પ્રેરણા કરે છે, છતાં ધનવિષયાદિની મૂર્ચ્છા ધનવિષયાદિમાં યત્ન કરાવે છે. તેથી ધર્મબોધકર તેના સદ્વીર્યને ઉલ્લસિત કરવા અર્થે કહે છે. મારી દયા વડે તને પરમાન્ન અપાય છે છતાં કેમ ગ્રહણ કરતો નથી ? અર્થાત્ સ્વયં તું અસંગમાં જવા સમર્થ નથી તોપણ ગુરુના ઉપદેશ દ્વારા પણ અસંગમાં જવાનું છોડીને

કદન્નમાં તું કેમ સારબુદ્ધિને ધારણ કરે છે એમ કહીને તત્ત્વને અભિમુખ તેમનું વીર્ય ઉલ્લસિત થાય તેવો યત્ન ગુરુ કરે છે.

વળી, તેને જ અતિશય કરવા અર્થે કહે છે કે જેઓ ભગવાનના શાસનમાં બહાર છે તેઓમાં અમે આદર કરતા નથી અર્થાત્ સાધુઓ પાસે આવે છે, સ્થૂલથી ધર્મ કરે છે છતાં તત્ત્વને સ્પર્શે એવી નિર્મલ મતિવાળા નથી તેઓનો અમે આદર કરતા નથી, પરંતુ તારું ચિત્ત પરમગુરુને અભિમુખ થયેલું છે, તેથી જ અમે તારા માટે ઉપદેશાદિ દ્વારા યત્ન કરીએ છીએ, છતાં અમારો માર્ગના અવતારનો હેતુ એવો જે ઉપદેશનો પ્રયત્ન કદન્નમાં મૂર્ચ્છા કરીને તું નિષ્ફળ કરે છે, માટે જે તને જ્ઞાન પ્રાપ્ત થયું છે તેના ફળસ્વરૂપ અસંગભાવને પ્રાપ્ત કરવા યત્ન કર અને આ સાધુઓ કઈ રીતે અસંગભાવના પરિણામથી તૃપ્તિનો અનુભવ કરે છે તેને તું જો, તેથી તે ભાવને પ્રાપ્ત કરવાનું તારું વીર્ય ઉલ્લસિત થાય. આ રીતે ગુરુ કહે છે. ગુરુના વચનમાં વિશ્વાસ હોવા છતાં કદન્ન પ્રત્યેની મૂર્ચ્છાને કારણે તે જીવ વિહ્વળ થાય છે અને ગુરુને કહે છે. તમારું ભોજન મને એક દિવસ નિર્વાહ કરાવી શકે તેવું છે અર્થાત્ એક દિવસ દૃઢ પ્રયત્નથી હું કંઈક મુનિભાવને અનુકૂળ યત્ન કરી શકું તેમ છું, પરંતુ સદા માટે તેવો યત્ન કરવા સમર્થ નથી. માટે તેના ત્યાગ વગર પ્રશમનું કારણ બને એવો ધર્મ બતાવો. **॥૧૨૪થી ૧૪૪॥**

**શ્લોક :-**

**अथ सूदो धर्मगुरुर्दध्यौ ही मोहजृम्भितं दुष्टम् ।**
**यदयं कदन्नलुब्धः, परमान्नं मन्यते तृणवत् ।।१४५।।**

**શ્લોકાર્થ :-**

**હવે, રસોઈયા એવા ધર્મગુરુએ વિચાર્યું, ખરેખર ! મોહનું વિલસિત દુષ્ટ છે, જે કારણથી કદન્નલુબ્ધ એવો આ જીવ પરમાન્નને તૃણની જેમ માને છે.**

ધર્મગુરુ સંસારી જીવની ચેષ્ટા જોઈને મનમાં વિચારે છે કે જીવમાં વર્તતો મોહનો વિલાસ દુષ્ટ છે તેના કારણે દુષ્ટ બુદ્ધિવાળો થયેલો જીવ કદન્નમાં લુબ્ધ બને છે તેથી પરમાન્નરૂપ ઉપશમના પરિણામને તૃણની જેમ અસાર માને છે. **॥૧૪૫॥**

**શ્લોક :-**

**तदपि तपस्विनमेनं, मोहापोहाय शिक्षयामि पुनः ।**
**पुनरेति तमःपटलं, रविरेव पुनर्विनाशयति ।।१४६।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી પણ આ તપસ્વીને મોહના અપોહ માટે હું ફરીથી શિક્ષા આપું, ફરી ફરી અંધકાર=ફરી ફરી જીવમાં વર્તતો અંધકાર, પટલને પામે છે=તત્ત્વને જોવામાં બાધક પડદારૂપે થાય છે. સૂર્ય જ ફરી વિનાશ કરે છે=સુગુરુરૂપી સૂર્ય જ તે અંધકારરૂપી પડદાનો નાશ કરે છે. ।।૧૪૬।।**

**શ્લોક :-**

**जीवस्य देशना खलु, योग्यत्वमनेकशः कृता कुर्यात् ।**
**मृत्कुम्भोऽपि शिलायां, पदमाधत्ते न किमुपायात् ।।१४७।।**

**શ્લોકાર્થ :-**

**અનેક વખત કરાયેલી દેશના જીવની યોગ્યતાને કરે, શિલામાં માટીનો ઘડો પણ સ્થાનને શું ઉપાયથી પ્રાપ્ત કરતો નથી અર્થાત્ પ્રાપ્ત કરે છે.**

ઉપદેશક ગુરુ જીવની યોગ્યતાનો નિર્ણય કર્યા પછી અનેક વખત સન્માર્ગનો ઉપદેશ પોતાની બુદ્ધિને અનુરૂપ કહે ત્યારે તે જીવમાં ઉપદેશના પરમાર્થને સ્પર્શવાની યોગ્યતા પ્રગટે છે. જેમ પથ્થરની શિલા ઉપર પ્રતિદિન મુકાતો ઘડો શિલા ઘસીને પોતાનું સ્થાન કરે છે, તેમ અનેક વખત શ્રવણથી જીવમાં ગુરુનો ઉપદેશ સ્થિર થાય છે. **।।૧૪૭।।**

**શ્લોક :-**

**ध्यात्वेति तेन भणितं, भद्र ! न जानासि किं तव शरीरे ।**
**एतत्कदन्नमूला, रोगाश्चित्ते विपर्यासाः ।।१४८।।**

**શ્લોકાર્થ :-**

**એ પ્રકારે ધ્યાન કરીને=એ પ્રકારે વિચાર કરીને, તેના વડે=ગુરુ વડે કહેવાયું. હે ભદ્ર ! તારા શરીરમાં=મતિજ્ઞાનના ઉપયોગરૂપ તારા શરીરમાં,**

ચિત્તમાં વિપર્યાસરૂપ આ કદન્ન મૂલવાળા રોગો તું કેમ જાણતો નથી ? ।।૧૪૮।।

શ્લોક :-

स्वयमेव हास्यसीदं, स्वादं ज्ञास्यसि यदा मदन्नस्य ।
न हि मालतीरसज्ञो, भ्रमति भ्रमरः करीरवने ।।१४९।।

શ્લોકાર્થ :-

જ્યારે મારા અન્નના સ્વાદને તું જાણીશ, ત્યારે સ્વયં જ આને=કદન્નને, તું ત્યાગ કરીશ, हि=જે કારણથી, માલતીના રસને જાણનારો ભ્રમર બોરડીના વનમાં ભમતો નથી=જ્યારે ચિત્તના અસંગભાવના ઉપશમના સુખને તું જાણીશ ત્યારે સ્વયં જ વિષયોમાં થતી ઇચ્છાનો તું ત્યાગ કરીશ. જેમ માલતીના રસને જાણનારો ભ્રમર બોરડીના વનમાં ભમતો નથી. ।।૧૪૯।।

શ્લોક :-

आश्चर्यकृत्त्वया किं, दृष्टाञ्जनसलिलयोर्न मे शक्तिः ।
मुञ्चेदं विस्रब्धस्तत्कल्याणं गृहाणेदम् ।।१५०।।

શ્લોકાર્થ :-

તારા વડે મારા અંજનની અને પાણીની આશ્ચર્યકારી શક્તિ શું જોવાઈ નથી ? તે કારણથી વિશ્વાસવાળો એવો તું આને=કદન્નને, મૂક. આ કલ્યાણને=પરમાન્નને, ગ્રહણ કર. ।।૧૫૦।।

શ્લોક :-

क्लेशार्जितमिदमिति या, त्यागाबुद्धिर्न साऽपि तव युक्ता ।
यदिदमत एव हेयं, क्लेशाङ्गं क्लेशरूपं च ।।१५१।।

શ્લોકાર્થ :-

ક્લેશથી અર્જિત આ=કદન્ન છે, એથી જે ત્યાગની અબુદ્ધિ છે તે પણ તારી યુક્ત નથી. જે કારણથી આ=કદન્ન, ક્લેશનું અંગ અને

**ક્લેશરૂપ છે આથી જ હેય છે.**

સમ્યક્ત્વ પામ્યા પછી દ્રમક ગુરુને કહે છે મને પરમાન્ન સુંદર જણાય છે છતાં મેં ઘણા ક્લેશથી ધન અને ભોગોનો સંચય કર્યો છે એથી મને ત્યાગ કરવાની ઇચ્છા થતી નથી. તેને ગુરુ કહે છે તારી તે બુદ્ધિ પણ યુક્ત નથી. કેમ યુક્ત નથી ? તેથી કહે છે – બાહ્ય પદાર્થોમાં સંશ્લેષ રૂપ કદન્ન ક્લેશનું અંગ છે.

તેને પ્રાપ્ત કરવા માટે ક્લેશ કરાવે છે અને સ્વયં ક્લેશ સ્વરૂપ છે આથી જ હેય છે. **॥૧૫૧॥**

**શ્લોક :-**

**वैषयिकसुखाभासे, चारित्रसुखं स्वभावजं त्यक्त्वा ।**
**बध्नाति रतिं न कृती, सुकृती यदुवाच वाचकराट् ।।१५२।।**
**भोगसुखैः किमनित्यैर्भयबहुलैः काङ्क्षितैः परायत्तैः ।**
**नित्यमभयमात्मस्थं, प्रशमसुखं तत्र यतितव्यम् ।।१५३।।**

**શ્લોકાર્થ :-**

**સ્વભાવથી ઉત્પન્ન થયેલા ચારિત્રસુખને છોડીને વૈષયિક સુખના આભાસમાં સુંદર કૃત્યવાળો બુદ્ધિમાન પુરુષ રતિને બાંધતો નથી. જે કારણથી વાચકરાટ્=શ્રીઉમાસ્વાતિજીએ કહ્યું છે. શું કહ્યું છે જે આગળની ગાથામાં બતાવે છે. અનિત્ય, ભયથી બહુલ, કાંક્ષિત, પરાધીન, એવાં ભોગસુખો વડે શું ? નિત્ય, ભય વગરનું, આત્મસ્થ પ્રશમસુખ છે. તેમાં પ્રયત્ન કરવો જોઈએ.**

સમ્યગ્દૃષ્ટિ એવા શ્રાવકને ચારિત્રના સુખ પ્રત્યે દૃઢ રાગ કરાવા અર્થે ગુરુ કહે છે. ચારિત્રનું સુખ સ્વભાવથી થનારું છે. વૈષયિક સુખ સુખાભાસ છે; કેમ કે ઇચ્છાથી આકુલ થયેલો જીવ તે તે ભોગક્રિયા કરે છે ત્યારે ક્ષણિક સુખ થાય છે જે સુખ ઇચ્છા અને શ્રમથી આશ્લિષ્ટ હોવાથી પારમાર્થિક સ્વસ્થતારૂપ સુખ નથી. એવા સુખમાં બુદ્ધિમાન પુરુષ ક્યારે રતિ કરે નહીં ? એમાં સાક્ષી બતાવતા કહે છે – શ્રી ઉમાસ્વાતિજીએ કહેલું છે કે, સંસારનાં જે બાહ્ય સુખો છે તે અનિત્ય છે; કેમ કે પુણ્યનો ઉદય પૂર્ણ થાય તો તે નાશ પામે છે

આયુષ્યનો ક્ષય થાય તો તે સુખો જન્માંતરમાં સાથે આવતાં નથી, માટે અનિત્ય છે. વળી, નાશ પામવાના ભયથી જીવ તેના રક્ષણાદિમાં યત્ન કરે છે તેથી ઘણા પ્રકારના ભયોથી યુક્ત સંસારનું સુખ છે. વળી, ઇચ્છાથી સુખ થાય છે, જો તે ભોગના સુખની ઇચ્છા ન હોય તો સુખ થતું નથી, તેથી ઇચ્છારૂપ વિહ્વળતાથી યુક્ત છે, પરાધીન છે; કેમ કે શરીર અને બાહ્ય સામગ્રીને આધીન છે. માટે અસાર છે. જ્યારે પ્રશમસુખ નિત્ય, ભય વગરનું અને આત્મામાં સ્વભાવિક રહેનારું છે. માટે તેમાં યત્ન કરવો જોઈએ. **॥૧૫૨-૧૫૩॥**

**શ્લોક :-**

**निर्वाहकत्वमुक्तं, प्रकृतिगतेर्यत्पुनः कदन्नस्य ।**
**कादाचित्कतया मत्परमान्नस्याऽतथात्वं च ।।१५४।।**
**तदपि न युक्तमपथ्यं, निर्वाहे न पटु यत्कदन्नं ते ।**
**मम तु न कादाचित्कं, वीर्योल्लासेन परमान्नम् ।।१५५।।**
**युग्मम् ।।**

**શ્લોકાર્થ :-**

**વળી, કદન્નની પ્રકૃતિની પ્રાપ્તિ હોવાથી જે નિર્વાહકપણું કહેવાયું=દ્રમક વડે કહેવાયું. અને મારા પરમાન્નનું કાદાચિત્કપણું હોવાને કારણે=શ્રમથી ક્યારેક પ્રાપ્ત થાય તેવું હોવાને કારણે, અતથાપણું છે=નિર્વાહકપણું નથી, તે પણ યુક્ત નથી, જે કારણથી અપથ્ય એવું કદન્ન તારા નિર્વાહમાં પટુ નથી=સમર્થ નથી. વળી વીર્યઉલ્લાસથી મારું પરમાન્ન કાદાચિત્ક નથી.**

દ્રમકે કહેલું કે મારું કદન્ન મારી પ્રકૃતિ થઈ ગઈ છે તેથી સુખપૂર્વક તે કદન્નથી જીવી શકું છું આથી જ ભોગવિલાસમાં પ્રવૃત્ત શ્રાવક પણ સ્વસ્થતાથી દિવસ પસાર કરી શકે છે. અને ગુરુએ આપેલું પરમાન્ન કાદાચિત્ક હોવાને કારણે સદા નિર્વાહક નથી; કેમ કે ગુરુ જ્યારે ઉપદેશ આપે છે ત્યારે કંઈક વીર્યોલ્લાસ થાય છે ત્યારે અસંગભાવને અભિમુખ ચિત્ત બને છે તોપણ સતત તે રહેતુ નથી માટે તે નિર્વાહક નથી. તેને ગુરુ કહે છે – આ વચન પણ તારું

યુક્ત નથી; કેમ કે કદન્ન અપથ્ય ભોજન છે તેથી રાગાદિની વૃદ્ધિ થાય છે માટે સ્વસ્થતાથી તે નિર્વાહક કરનાર નથી, પરંતુ અસ્વસ્થતાની વૃદ્ધિ કરનાર છે. વળી, જેઓને અસંગભાવને અનુકૂળ વીર્યનો ઉલ્લાસ થયો છે તેઓને પરમાન્ન કાદાચિત્ક નથી, પરંતુ પ્રતિદિન પરમાન્ન મળે છે જેનાથી ભાવ આરોગ્યની વૃદ્ધિ થાય છે. **॥૧૫૪-૧૫૫॥**

**શ્લોક :-**

**विगलितभवप्रपञ्चः, प्रशान्तवाही परीषहैरजितः ।**
**मुनिरुपचितस्ववीर्यो, निर्विघ्नं याति शिवसदनम् ।।१५६।।**

**શ્લોકાર્થ :-**

**વિગલિત ભવના પ્રપંચવાળા, પ્રશાંતને વહન કરનારા, પરિષહોથી નહીં જિતાયેલા, ઉપચિત સ્વવીર્યવાળા મુનિ નિર્વિઘ્ન મોક્ષ તરફ જાય છે. ।।૧૫૬।।**

**શ્લોક :-**

**तत्रानन्तं कालं, तिष्ठति भयखेदरोगनिर्मुक्तः ।**
**तत्प्रापकं मदन्नं, तस्मान्निर्वाहकमवेहि ।।१५७।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=મોક્ષમાં, અનંતકાલ, ભય, ખેદ, રોગથી મુક્ત રહે છે. તેનું પ્રાપક મારું અન્ન છે. તે કારણથી નિર્વાહક જાણવું. ।।૧૫૭।।**

**શ્લોક :-**

**इदमेव तुष्टिपुष्टिकृदतिवीर्यविवर्धकं गदच्छेदि ।**
**तदिदं गृहाण भूया भुक्त्वेदं नृपतिरिव सुखितः ।।१५८।।**

**શ્લોકાર્થ :-**

**આ જ=પરમાન્ન જ, તુષ્ટિ-પુષ્ટિને કરનારું, અતિવીર્યનું વિવર્ધક, રોગનો છેદ કરનાર છે. તે કારણથી આને=પરમાન્નને ગ્રહણ કર. આને=પરમાન્નને, ભોગવીને રાજાની જેમ તું સુખી થા. ।।૧૫૮।।**

શ્લોક :-

स प्राह बलिवर्दो, गलिरिव पादप्रसारिकां कृत्वा ।
नाऽलं त्यागेऽस्याहं, सत्यस्मिन् दीयतां देयम् ।।१५९।।

શ્લોકાર્થ :-

**ગળિયા બળદની જેમ પાદપ્રસારિકાને કરીને બળદ જેવો તે=દ્રમક, કહે છે. આના ત્યાગમાં હું સમર્થ નથી, આ હોતે છતે આપવાયોગ્ય આપો. ।।૧૫૯।।**

શ્લોક :-

ज्ञात्वा तन्निर्बन्धं, कृपापरो रसवतीपतिर्दध्यौ ।
सत्यप्यस्य कदन्ने, देयं देशोपरतिरन्नम् ।।१६०।।

શ્લોકાર્થ :-

**તેના=દ્રમકના, નિર્બંધને જાણીને કૃપાપર એવા રસવતીપતિ=આચાર્ય, વિચારે છે. આને દ્રમકને, કદન્ન હોતે છતે પણ દેશના વિરામરૂપ=દેશ-વિરતિરૂપ અન્ન, આપવું જોઈએ. ।।૧૬૦।।**

શ્લોક :-

पश्चाद् विज्ञातगुणः, स्वयमेव विहाय विषयभोगमसौ ।
लास्यति शुद्धं चरणं, न धैर्यकृद् विषयमाधुर्यम् ।।१६१।।

શ્લોકાર્થ :-

**પાછળથી=દેશવિરતિના પાલન પછી, વિજ્ઞાત ગુણવાળો આ=પ્રસ્તુત જીવ, સ્વયં જ વિષયભોગનો ત્યાગ કરીને શુદ્ધ ચરણને પ્રાપ્ત કરશે. વિષયનું માધુર્ય ધૈર્યને કરનારું નથી.**

સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે મુનિભાવ ઉપશાંત પરિણતિવાળો હોવાથી સુખાત્મક છે, તેવો બોધ હતો. તોપણ વિરતિની પરિણતિના સ્વાદનો અનુભવ સમ્યગ્દષ્ટિને સાક્ષાત્ થતો નથી અને વિષયોના ભોગોનો સ્વાદ સ્વઅનુભૂત છે, તેથી પોતે વિરતિના આચારો દ્વારા સર્વવિરતિના ઉપશમને અનુભવી શકશે એવો વિશ્વાસ

થતો નથી, તેથી કહે છે કે ભોગસુખાદિના ત્યાગ વગર જે પ્રકારનો ધર્મ થઈ શકે તેવા પ્રકારનો ધર્મ મને આપો તે પ્રકારનો તે જીવનો આગ્રહ જાણીને આચાર્ય તેને દેશવિરતિ આપે છે. અને વિચારે છે કે દેશવિરતિના પાલનથી થયેલા ઉપશમના સુખના બળથી સંચિત વીર્યવાળો થયેલો આ જીવ ભોગોનો ત્યાગ કરીને શુદ્ધચરણને પામશે; કેમ કે વિષયોનું માધુર્ય જીવના ધૈર્યને કરનારું નથી, પરંતુ ઉપશમનું સુખ જ ધૈર્યને કરનારું છે.

હું સુખી છું અને આ ઉપશમના બળથી હું ઉત્તરોત્તર સુખની વૃદ્ધિને પામીશ તેવું ધૈર્ય વિષયોનું માધુર્ય કરતું નથી, ઉપશમનું સુખ કરે છે. **॥૧૬૧॥**

**શ્લોક :-**

**अपसिद्धान्तो न ममाप्येवमुपाये प्रवर्तमानस्य ।**
**विनिरूप्य सर्वविरतिं, कथनीया देशविरतिर्यत् ।।१६२।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=સર્વવિરતિનો ઉપદેશ આપ્યા પછી અસમર્થ જાણીને તેને દેશવિરતિ આપે છે એ રીતે, ઉપાયમાં પ્રવર્તમાન એવા મને પણ=આચાર્યને પણ=ભગવાનના વચનાનુસાર ઉપદેશ આપવામાં પ્રવર્તમાન એવા મને પણ, અપસિદ્ધાંત નથી, જે કારણથી સર્વવિરતિનું નિરૂપણ કરીને દેશવિરતિ કહેવી જોઈએ. (એ પ્રકારનો સિદ્ધાંત છે.) ।।૧૬૨।।**

**શ્લોક :-**

**प्राक् तत्कथने हि भवेत्, तत्प्रतिबद्धं दृढं मनः श्रोतुः ।**
**इत्थं चानुमतिः स्यात्, सूक्ष्मप्राणातिपातादौ ।।१६३।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, પૂર્વમાં=સર્વવિરતિના કથનના પૂર્વમાં, તેના કથનમાં=દેશવિરતિના કથનમાં, શ્રોતાનું તત્ પ્રતિબદ્ધ=દેશવિરતિ માત્ર ગ્રહણ કરવામાં પ્રતિબદ્ધ, દૃઢ મન થાય. અને આ રીતે=ઉપદેશક સર્વવિરતિનું કથન કર્યા વગર દેશવિરતિનું કથન શ્રોતાને કરે એ રીતે, સૂક્ષ્મ પ્રાણાતિપાત આદિમાં અનુમતિ થાય=ઉપદેશકે સર્વવિરતિ ગ્રહણ કરવા**

સમર્થ જીવને દેશવિરતિનો પ્રથમ ઉપદેશ આપ્યો તેથી શ્રોતા દેશવિરતિને સ્વીકારે અને ત્યારપછી સર્વવિરતિનો ઉપદેશ સાંભળીને પણ સર્વવિરતિ ગ્રહણનો ઉલ્લાસ થાય નહીં તો સૂક્ષ્મ પ્રાણાતિપાતાદિ વિરતિનો જે અભાવ છે તેમાં અનુમતિના દોષની આચાર્યને પ્રાપ્તિ થાય. ॥૧૬૩॥

શ્લોક :-

प्रददौ परमान्नलवं, ध्यात्वेदं संज्ञिता दया तेन ।
सत्येव तत्कदन्ने, भुक्तं तेनात्मनः पात्रे ॥१६४॥

શ્લોકાર્થ :-

આ ધ્યાન કરીને=ગાથા-૧૬૦થી ૧૬૩માં કહ્યું એ વિચારીને, તેના વડે=આચાર્ય વડે, દયા=ગુરુની જીવ પ્રત્યેની દયા, સંજ્ઞા કરાઈ. પરમાન્નલવ અપાયું=ભાવને સ્પર્શે તે રીતે દેશવિરતિ અપાઈ. તે કદન્ન હોતે છતે જ=ગૃહસ્થ અવસ્થામાં જે ભોગસામગ્રી રૂપ કદન્ન હોતે છતે જ, તેના વડે=દ્રમક વડે, પોતાના પાત્રમાં ભોગવાયું=આયુષ્યરૂપી પાત્રમાં પરમાન્નલવ ભોગવાયું. ॥૧૬૪॥

શ્લોક :-

तद्देशविरतिरूपं, परिणममानं गदक्षयं चक्रे ।
गलिता क्षुधाऽञ्जनजलोद्भवमजनि सुखं त्वनन्तगुणम् ॥१६५॥

શ્લોકાર્થ :-

તે દેશવિરતિ રૂપ પરિણમન પામતું એવું તે=પરમાન્ન, રોગના ક્ષયને કર્યું. ક્ષુધા ગળી=દેશવિરતિના પાલનથી ભોગમાં આસક્તિ આપાદક અપ્રત્યાખ્યાની કષાયોનો ક્ષયોપશમ થવાથી ભોગ પ્રત્યેના સંશ્લેષરૂપ ક્ષુધા ઓછી થઈ, અંજન અને જલથી ઉત્પન્ન થયેલું સુખ અનંતગણું થયું=સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનકૃત જે પૂર્વમાં સુખ હતું તે અપ્રત્યાખ્યાની કષાયોના ક્ષયોપશમને કારણે અનંતગણું અધિક થયું; કેમ કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનકાળમાં વિરતિકૃત સુખનો સૂક્ષ્મબોધ હતો

તોપણ સાક્ષાત્ તેનું સ્વસંવેદન ન હતું. વળી દેશવિરતિકાળમાં તે સુખનું સાક્ષાદ્ સંવેદન થવાથી જ્ઞાનમાં અને દર્શનમાં અધિક નિર્મલતા થવાથી જ્ઞાનદર્શનનું સુખ જ અનંતગણું થયું. ॥૧૬૫॥

શ્લોક :-

अथ स प्रसृमरभक्तिर्नष्टभ्रान्तिर्बभाण भगवन्तम् ।
अनुपकृतोपकृतो मे, नाथा यूयं विनाथस्य ।।१६६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=પૂર્વના સુખમાં અતિશય સુખ થયું ત્યારપછી, વિસ્તાર પામતી ભક્તિવાળો=આચાર્ય પ્રત્યે પ્રવર્ધમાન ભક્તિવાળો, નષ્ટ ભ્રાંતિવાળો=પરમાન્નમાં જ સુખ છે, ભોગમાં સુખ નથી, ક્લેશ છે તેવો સ્થિર વિશ્વાસ થવાથી નષ્ટ ભ્રાંતિવાળો તે=દ્રમક, ભગવાનને કહે છે. શું કહે છે ? એથી કહે છે – અનુપકૃતને ઉપકાર કરનારા એવા તમે નાથ વગરના એવા મારા નાથ છો.

અપૂર્વ ગુણોનું યોજન અને વિદ્યમાન ગુણોનું રક્ષણ કરે તેવા મારા નાથ છો. ॥૧૬૬॥

શ્લોક :-

सूदः प्राह गुरुरथो, नाथः सर्वस्य जिनमहाराजः ।
अस्माभिस्तु तदाज्ञानुवर्तिभिर्भूयते सततम् ।।१६७।।

શ્લોકાર્થ :-

હવે સૂદ એવા ગુરુ=આચાર્ય, દ્રમકને કહે છે. સર્વના=મારા અને તમારા સર્વના, જિનમહારાજ=પરમગુરુ, નાથ છે. વળી, તેમના આજ્ઞાવર્તી એવા અમારા વડે સતત થવાય છે. ॥૧૬૭॥

શ્લોક :-

सामान्यतोऽपि येऽमुं, सेवन्ते ते क्रमेण शिवभाजः ।
ये तु विशिष्य भजन्ते, तेषामचिराद् भवति मुक्तिः ।।१६८।।

**શ્લોકાર્થ :-**

**સામાન્યથી પણ જેઓ આમને=સિદ્ધભગવંતોને સેવે છે, તેઓ ક્રમથી શિવને ભજનારા થાય છે=વિશેષ બોધ વગર પણ સિદ્ધભગવંતના પારમાર્થિક ગુણોને અભિમુખ થાય તેવા સામાન્ય પરિણામથી પણ જેઓ સિદ્ધભગવંતને સેવે છે તેઓ સિદ્ધભગવંતના તુલ્ય થવામાં બાધક કર્મોનો ક્રમસર નાશ કરીને સિદ્ધતુલ્ય થાય છે. વળી, જેઓ વિશેષ કરીને ભજે છે=સિદ્ધભગવંતોની ઉપાસના કરે છે, તેઓની શીઘ્ર મુક્તિ થાય છે=જેઓ સર્વજ્ઞ વચનાનુસાર સિદ્ધભગવંતોનું સ્વરૂપ જાણે છે અને તે સ્વરૂપની પ્રાપ્તિમાં અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન કષાયો અને નોકષાયો બાધક કઈ રીતે છે ? તેના સૂક્ષ્મ સ્વરૂપને જાણીને હું તેનો ક્ષયોપશમભાવ કરું તે પ્રકારના દૃઢ પ્રણિધાનપૂર્વક સિદ્ધભગવંતોની ઉપાસના કરે છે, તેઓ શીઘ્ર જ મુક્તિને પ્રાપ્ત કરે છે. ॥૧૬૮॥**

**શ્લોક :-**

**ये पापिष्ठाः सत्त्वा, जानन्ति न तेऽस्य नाममात्रमपि ।**
**नूनमिह भाविभद्रान्, स्वकर्मविवरः प्रवेशयति ।।१६९।।**

**શ્લોકાર્થ :-**

**જે પાપિષ્ઠ જીવો છે તેઓ આમનું નામ માત્ર પણ જાણતા નથી=સિદ્ધભગવંતોના નામ માત્રને પણ જાણતા નથી, ખરેખર અહીં=જિનસદનમાં, ભાવિભદ્ર જીવોને સ્વકર્મવિવર પ્રવેશ કરાવે છે.**

જેઓ માત્ર ભોગવિલાસને સારરૂપે જોનારા છે, માનખ્યાતિને સારરૂપે જોનારા છે, તેઓને સિદ્ધઅવસ્થા સંસારથી અતીત અવસ્થા છે અને સુંદર છે એ સ્વરૂપે નામ માત્ર પણ બોધ થયો નથી અને જેઓ કંઈક તેને અભિમુખ પરિણામવાળા થયા છે; કેમ કે મિથ્યાત્વની મંદતા થયેલી છે, તેવા ભાવિભદ્ર જીવોને સ્વકર્મવિવર રૂપ મિથ્યાત્વની મંદતાનો પરિણામ હેતુથી=ભાવથી પ્રવેશનું કારણ બને એવા પરિણામરૂપ હેતુથી, જૈનસદનમાં પ્રવેશ કરાવે છે. **॥૧૬૯॥**

શ્લોક :-

योगावञ्चकशक्त्या, त्वमपि विभुं वस्तुतः प्रपन्नोऽसि ।
इच्छामो योजयितुं, विशेषभक्तावथास्य त्वाम् ।।१७०।।

શ્લોકાર્થ :-

**યોગાવંચક શક્તિથી તું પણ=પ્રસ્તુત દ્રમક પણ, વસ્તુતઃ વિભુને પામેલો છે, આમની=સિદ્ધના જીવોની, વિશેષથી ભક્તિમાં તને યોજવા માટે અમે ઇચ્છીએ છીએ.**

ગુણવાનના ગુણોનો યોગ અવંચક થાય તે યોગ અવંચક છે, અને ભગવાનના સદનને જોઈને કંઈક ગુણનો રાગ દ્રમકને થયો તેથી ગુણવાન એવા જિનસદનનો યોગ અવંચક થયો. તે યોગાવંચક શક્તિથી તું સિદ્ધભગવંતને વસ્તુતઃ પામ્યો છે. હવે અમે તને વિશેષગુણની પ્રાપ્તિ દ્વારા સિદ્ધભગવંતની ભક્તિમાં યોજવા ઇચ્છીએ છીએ. એમ ગુરુ પ્રસ્તુત દ્રમકને કહે છે. **॥૧૭૦॥**

શ્લોક :-

सा च गदतानवात् स्यात्, क्षणे क्षणे भेषजत्रयीभोगात् ।
तत्स्थेयमत्र भवता, भुञ्जानेन त्रयमिदानीम् ।।१७१।।

શ્લોકાર્થ :-

**અને તે=વિશેષ ભક્તિ, ક્ષણે ક્ષણે ભેષજત્રયના ભોગથી, રોગના અલ્પપણાથી થાય. તે કારણથી અહીં=જિનસદનમાં, હમણાં ત્રયને=રત્નત્રયને, ભોગવતા તારા વડે રહેવા યોગ્ય છે.**

વિશેષ ભક્તિ પ્રગટ કરવા અર્થે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, અને દેશવિરતિ રૂપ ચારિત્ર એ રૂપ રત્નત્રયીને ભોગવતા તારે જિનસદનમાં રહેવું જોઈએ. **॥૧૭૧॥**

શ્લોક :-

दास्यति च मद्दया यत् तद्भुक्त्वा त्वं विशेषतो नृपतिम् ।
आराध्य तत्प्रभावाद् भवितासि नृपोत्तमप्रकृतिः ।।१७२।।

**શ્લોકાર્થ :-**

**અને મારી દયા=આચાર્યની દયા જે આપશે=રત્નત્રયીનો સૂક્ષ્મબોધ જે આપશે, તેને ભોગવીને=સેવીને, તું વિશેષથી નૃપતિની=સિદ્ધ-ભગવંતોની, આરાધના કરીને, તેના પ્રભાવથી નૃપોત્તમ પ્રકૃતિવાળો થનારો છે. ।।૧૭૨।।**

**શ્લોક :-**

**प्रमुदितमनास्ततस्तद्वचनैरतिकोमलैः प्रणयगर्भैः ।**
**प्रादुष्कृत्य स्वाशयमाह द्रमकोऽनु गुरुसूदम् ।।१७३।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=ગુરુએ શ્લોક-૧૭૨માં કહ્યું તેથી, પ્રીતિથી ગર્ભ એવા અતિ કોમલ તેમના વચનથી પ્રમુદિત મનવાળો દ્રમક ગુરુ સૂદને=આચાર્યને, ત્યારપછી પોતાનો આશય પ્રગટ કરીને કહે છે. ।।૧૭૩।।**

**શ્લોક :-**

**नालं पापस्त्यक्तुं, कदन्नमिति तत्समादिशान्यदतः ।**
**स प्राह नैतदर्थो, यत्नो मे तेन मा भैषीः ।।१७४।।**

**શ્લોકાર્થ :-**

**પાપી એવો હું કદન્નને ત્યાગ કરવા સમર્થ નથી. તે કારણથી બીજો આદેશ કરો=કદન્નના ત્યાગ સિવાયનો બીજો આદેશ કરો. આથી તે=ગુરુ કહે છે. આના અર્થવાળો=કદન્નના ત્યાગના અર્થવાળો, મારો યત્ન નથી. તે કારણથી તું ભય પામ નહીં.**

ભાવસાધુ કઈ રીતે મોહની સામે લડે છે તે બતાવીને ગુરુએ કહ્યું કે આ રીતે વિશેષથી ભગવાનની આરાધના કરીને તું પણ સિદ્ધભગવંત જેવો થઈશ તે સાંભળીને દ્રમકને પ્રીતિ થઈ તોપણ સંપૂર્ણ પાપની વિરતિ માત્ર બાહ્ય ત્યાગરૂપ નથી, ચિત્તને વીતરાગના વચનાનુસાર દિવસ-રાત પ્રવર્તાવવા સ્વરૂપ છે અને પોતે કંઈક કષાયવાળો છે તેથી ભાવસાધુની જેમ યત્ન કરવા અસમર્થ છે એમ જાણીને

તે દ્રમક ગુરુને કહે છે – હું પાપી છું જેથી આ રીતે કદન્નનો ત્યાગ કરીને મોહનાશ માટે સતત પ્રયત્ન કરી શકું તેમ નથી માટે અન્ય આદેશ કરો. જેથી હું આત્મહિત સાધી શકું. તેથી ગુરુ કહે છે. સર્વવિરતિ ગ્રહણ કરાવવાના આશયથી અમારો ઉપદેશ નથી. પરંતુ સર્વવિરતિ સર્વ કલ્યાણનું એક કારણ છે એવી સ્થિર બુદ્ધિ કરાવવા માટે સર્વવિરતિનું વર્ણન કરેલ છે. માટે તું ભય પામ નહીં=અમે સર્વ ભોગોનો ત્યાગ કરાવીને દીક્ષા આપશું એમ ભય પામ નહીં. **॥૧૭૪॥**

**શ્લોક :-**

**अत्याजयं पुराऽहं, तवैव हितकाम्यया कदन्नमिदम् ।**
**तुभ्यं न रोचते चेद्, भुङ्क्ष्वान्नं सत्यपीह तदा ।।१७५।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વમાં મેં તારી જ હિતકામનાથી આ કદન્ન ત્યાગ કરાવ્યો=દેશવિરતિ અપાઈ. તને જો રુચતું નથી=સર્વ ત્યાગ રુચતો નથી, તો અહીં રહ્યે છતે= ગૃહસ્થઅવસ્થામાં રહ્યે છતે, અન્નને ભોગવ=પરમાન્નને ભોગવ. ॥૧૭૫॥**

**શ્લોક :-**

**यच्च प्रागुपदिष्टं, तदत्र भवताऽवधारितं किंचित् ।**
**स प्राह नावधारितमतिमूर्छितमत्तसदृशेन ।।१७६।।**

**શ્લોકાર્થ :-**

**અને જે પ્રાગ્ ઉપદિષ્ટ છે તે અહીં તારા વડે કંઈક અવધારણ કરાયું ? તે કહે છે – અતિમૂર્છિત, મત્ત સદૃશ એવા મારા વડે અવધારણ કરાયું નથી. ॥૧૭૬॥**

**શ્લોક :-**

**नालमनाद्यभ्यासाद् धनादिमूर्छा वदत्स्वपि भवत्सु ।**
**भक्षितदधिवृन्ताको, निद्रामिव हातुमहमासम् ।।१७७।।**

**શ્લોકાર્થ :-**

**તમે કહે છતે પણ ભક્ષણ કરાયેલાં દહીં અને રીંગણાવાળો એવો હું**

નિદ્રાને જેમ અનાદિ અભ્યાસને કારણે ધનાદિ મૂર્છાને ત્યાગ કરવા માટે સમર્થ ન હતો. ।।૧૭૭।।

શ્લોક :-

उद्वेजिका तवाभूत्, प्रतिबोधनगीर्मम प्रसुप्तस्य ।
प्राप्तं तन्माधुर्यं भावयतश्चान्तराह्लादम् ।।१७८।।

શ્લોકાર્થ :-

સૂતેલા એવા મને પ્રતિબોધનને જગાડનાર એવી તમારી વાણી ઉદ્વેગને કરનારી થઈ. તેના માધુર્યને=વાણીના માધુર્યને, ભાવન કરતા એવા મને અંતરંગ આહ્લાદન પ્રાપ્ત થયું. ।।૧૭૮।।

શ્લોક :-

आहूतः पूर्वमहं, लास्यत्यन्नं ममायमिति भीतः ।
अञ्जितनेत्रस्तु बलान्नश्यामीत्याशयं धृतवान् ।।१७९।।

શ્લોકાર્થ :-

પૂર્વમાં બોલાવાયેલો એવો હું મારું અન્ન=મારું કદન્ન, આ=આચાર્ય, લઈ લેશે એ પ્રમાણે ભય પામેલો. વળી બલથી અંજિત નેત્રવાળો=એક વખત ઉપાશ્રય આવવાની પ્રતિજ્ઞા અપાયેલો, હું નાસી જાઉં એ પ્રકારનો આશય ધારણ કરતો હતો=ઉપાશ્રય આવીને સાધુનું દર્શન કરીને ચાલ્યો જાઉં એ પ્રકારનો આશય ધારણ કરતો હતો. ।।૧૭૯।।

શ્લોક :-

तीर्थाम्बु पायितः सन्, शैत्यं गमितो यदा पुनः पूज्यैः ।
परमोपकारकत्वं, युष्मासु तदा मयाऽवगतम् ।।१८०।।

શ્લોકાર્થ :-

તીર્થનું પાણી પિવડાયેલો છતો જ્યારે વળી પૂજ્યો વડે શીતલતાને પમાડાયો ત્યારે તમારામાં પરમોપકારીપણું મારા વડે જણાયું. ।।૧૮૦।।

શ્લોક :-

परिहर कदन्नमिदमिति गदिते पर्याकुलः पुनर्जातः ।
स्वयमेष न लाति परं, त्याजयतीत्युत्तराशक्तः ।।१८१।।

શ્લોકાર્થ :-

આ કદન્નનો પરિહાર કર એ પ્રમાણે કહેવાયે છતે ફરી પર્યાકુલ થયો. સ્વયં આ=મહાત્મા લેતા નથી પરંતુ ત્યાગ કરાવે છે એથી ઉત્તરમાં અશક્ત થયો. ।।૧૮૧।।

શ્લોક :-

सत्यस्मिन्मे भोज्यं देहीत्युक्ते त्वया दयाद्वारा ।
दापितमिदमतिहिततां, भुक्त्वाऽहं ज्ञातवान् भवतः ।।१८२।।

શ્લોકાર્થ :-

આ હોતે છતે=કદન્ન હોતે છતે, મને ભોજ્ય આપો એ પ્રમાણે કહેવાયે છતે તમારા વડે દયા દ્વારા અપાયેલું આ=પરમાન્ન, ભોગવીને મેં તમારી અતિહિતતાને જાણી. ।।૧૮૨।।

શ્લોક :-

वक्ति हि तत्त्वेनासौ, शक्तोऽस्मि न मोचने कदन्नस्य ।
इति चिन्ताकुलितस्य च, भवद्वचो मे हृदि न लग्नम् ।।१८३।।

શ્લોકાર્થ :-

તત્ત્વથી આ કહે છે=પરમાર્થથી ગુરુ કદન્નના ત્યાગનું કહે છે, કદન્નના ત્યાગમાં હું સમર્થ નથી એ પ્રમાણે ચિંતાથી આકુલ મારા હૃદયમાં તમારું વચન લાગ્યું નહીં. ।।૧૮૩।।

શ્લોક :-

न त्याजयामि सांप्रतमिति वचनेन त्वनाकुलो जातः ।
तद् ब्रूत सांप्रतं यन्ममेदृशस्यापि कर्तव्यम् ।।१८४।।

**શ્લોકાર્થ :-**

**હમણાં હું ત્યાગ કરાવતો નથી એ વચનથી=ગાથા-૧૭૪માં કહ્યું કે કદન્નના ત્યાગ અર્થે અમારો પ્રયત્ન નથી માટે તું ભય પામ નહીં એ વચનથી, વળી અનાકુલ થયો. આવા પ્રકારના પણ મને=સર્વવિરતિ ગ્રહણ કરવામાં અસમર્થ એવા મને, જે કર્તવ્ય છે તે હમણાં કહો. ॥૧૮૪॥**

**શ્લોક :-**

**इत्याकर्ण्य दयाढ्यः, प्राह स्वाञ्जनजलान्नमाहात्म्यम् ।**
**राज्ञा प्रोक्त योग्यायोग्यविभागं च तद्दाने ।।१८५।।**

**શ્લોકાર્થ :-**

**એ પ્રમાણે સાંભળીને દયાથી આઢ્ય એવા ગુરુ રાજા વડે કહેવાયેલ= સુસ્થિત રાજા વડે કહેવાયેલ, પોતાના અંજન, જલ અને અન્નના માહાત્મ્યને અને તેના દાનમાં યોગ્ય-અયોગ્ય વિભાગને કહે છે. ॥૧૮૫॥**

**ભાવાર્થ :-**

સદ્ગુરુ દ્રમકને કહે છે. મારા વડે અપાયેલ રત્નત્રયીને ભોગવીને તું વિશેષથી સિદ્ધભગવંત તુલ્ય થઈશ. તે સાંભળીને ગુરુના કોમળ વચનથી પ્રમુદિત થઈને દ્રમક પોતાનો આશય પ્રગટ કરે છે. અને કહે છે કે હું પાપી છું; કેમ કે સંપૂર્ણ કદન્નનો ત્યાગ કરીને ત્રણ ગુપ્તિમાં રહેવા માટે સમર્થ નથી. તેથી તે સિવાય અન્ય હું શું કરું તેનો મને આદેશ આપો. તે વખતે ગુરુ કહે છે – અમે કદન્નનો ત્યાગ કરાવવા માટે ઉપદેશ આપ્યો નથી. પરંતુ ચારિત્રના પારમાર્થિક સ્વરૂપનો બોધ થાય અને તારામાં બળસંચય થાય તો જ તને સ્વયં સર્વવિરતિ ગ્રહણ કરવાનો ઉત્સાહ થશે તે અર્થે ઉપદેશ આપેલ છે માટે તું ભય પામ નહીં. વળી, પૂર્વમાં જે દેશવિરતિ આપી તે પણ તારા હિતની ઇચ્છાથી જ અમે આપેલ છે. વળી, સર્વવિરતિ ગ્રહણ કરવાની શક્તિ ન હોય તો ગૃહસ્થઅવસ્થામાં રહીને તે દેશવિરતિનું તે રીતે સેવન કર કે જેથી સર્વવિરતિના બળનો સંચય થાય. આ રીતે કહીને ગુરુ પૂછે છે – પૂર્વમાં જે અમે સર્વવિરતિના સ્વરૂપનું વર્ણન કર્યું તે તારા વડે અવધારણ કરાયું કે નહીં ? તેના ઉત્તરરૂપે દ્રમક કહે છે મને ધનાદિમાં અતિમૂર્ચ્છા હતી. અને તેનો ત્યાગ કરાવવા તમે સર્વવિરતિનું કથન

કરો છો તેવો ભય લાગવાથી તે સ્વરૂપને જાણવા માટે વિશેષ યત્ન મારાથી થયો નથી; કેમ કે તે વખતે પણ હું ધનાદિને છોડી શકું તેમ નથી તે પ્રકારના ભયથી મારું ચિત્ત વ્યાકુળ હતું. તેથી જે પ્રકારે સર્વવિરતિના સ્વરૂપનું વર્ણન અવધારણ કરવું જોઈએ તે રીતે દત્ત ચિત્તથી મેં અવધારણ કર્યું નથી. ફક્ત તમારા સર્વવિરતિને કહેનારાં મધુર વચનો મને આલ્લાદક થયાં. આ પ્રમાણે કહીને પૂર્વમાં પોતાને ગુરુવિષયક શું શું વિકલ્પો થયા તે વ્યક્ત કરતાં કહે છે કે પ્રારંભમાં હું જ્યારે આવેલો ત્યારે મને ભય હતો કે મારું ધન આ મહાત્મા લઈ લેશે, પરંતુ જ્યારે તમે બળાત્કારે મને ઉપાશ્રય આવવાની પ્રતિજ્ઞા આપી ત્યારે પણ હું પ્રતિજ્ઞા લેવાથી દૂર રહીને નાસવાને ઇચ્છતો હતો. છતાં પ્રતિજ્ઞાના બળથી ઉપાશ્રય આવતો થયો. વળી તમારી ઉત્તમ આચરણા અને નિઃસ્પૃહ ચિત્ત જોયું ત્યારે મને કંઈક તત્ત્વ પ્રત્યે પ્રીતિ થઈ. ત્યારપછી તમે અનાદિ અનંત સંસાર છે, આત્મા છે, ઇત્યાદિ તત્ત્વો કહ્યાં તે સર્વ મને રુચિકર થયાં. તેથી તે તીર્થોદકના પાનથી તમે મારા ઉપકારી છો એ પ્રમાણે બોધ થયો. ત્યારે વિશ્વાસ થયો કે મારું કદન્ન તમે ત્યાગ કરાવવા ઇચ્છો છો પરંતુ સ્વયં લેવા ઇચ્છતા નથી. અને હું ત્યાગ કરવા અસમર્થ છું એમ કહીને આ કદન્ન હોતે છતે તમે પરમાન્ન આપો, એમ મેં કહ્યું. તેથી તમારી દયાથી મને પરમાન્ન મળ્યું અને તેનાથી તમે મારા અત્યંત હિતકારી છો તેવું મને જ્ઞાન થયું. તોપણ પોતે કદન્ન છોડવા તૈયાર નથી. તેથી ચિંતાથી આકુલવાળું મારું મન હતું. તેથી તમારા સર્વવિરતિના ઉપદેશમાં દૃઢ પ્રણિધાનપૂર્વક મેં અવધારણ કર્યું નથી. હમણાં જ્યારે તમે કહ્યું કે હું તને કદન્ન સર્વથા ત્યાગ કરાવતો નથી. તેથી મારું ચિત્ત અનાકુલ થયું છે માટે હવે મારે શું કરવું જોઈએ એ પ્રકારે મને કહો એમ દ્રમક આચાર્યને કહે છે. ત્યારે દયાથી યુક્ત એવા આચાર્ય દ્રમકને કહે છે – ભગવાને આ ત્રણ ઔષધો કોને આપવાં તેના યોગ્ય-અયોગ્યનો વિભાગ કહ્યો છે અને તે ત્રણેય ઔષધોનું માહાત્મ્ય કહ્યું છે અને તે કહીને ભગવાને શું કહ્યું છે તે હવે પછી બતાવે છે. **॥૧૪૫થી ૧૮૫॥**

**શ્લોક :-**

**योग्येभ्य एव दत्तं, गुणाय खलु भेषजत्रयं भवति ।**
**दोषायायोग्यस्य तु, दत्तं तद्दुग्धमिव फणिनः ।।१८६।।**

શ્લોકાર્થ :-

યોગ્યને જ અપાયેલું ભેષજત્રય ગુણ માટે થાય છે, વળી, અયોગ્યને અપાયેલું તે=ભેષજત્રય, સાપને અપાયેલા દૂધની જેમ દોષ માટે થાય છે. ।।૧૮૬।।

શ્લોક :-

इह भवनेऽयोग्याश्च, स्वकर्मविवरप्रवेशिता न स्युः ।
दृष्ट्या पश्यति राजा, नायोग्यान् कथमपि प्राप्तान् ।।१८७।।

શ્લોકાર્થ :-

અને આ ભવનમાં=ભગવાનના રાજમંદિરમાં, સ્વકર્મવિવરથી પ્રવેશ કરાયેલા અયોગ્ય ન હોય. કોઈક રીતે પણ પ્રાપ્ત થયેલા અયોગ્યને રાજા દૃષ્ટિથી જોતા નથી. ।।૧૮૭।।

શ્લોક :-

अक्लेशेन च येषां, मनसीदं भेषजत्रयं रमते ।
तेऽत्र सुसाध्या यत्नक्रमबोध्याः कृच्छ्रसाध्यास्तु ।।१८८।।

શ્લોકાર્થ :-

અને અક્લેશથી જેઓના મનમાં આ ભેષજત્રય વર્તે છે તેઓ અહીં=ભેષજદાનના વિષયમાં, સુસાધ્ય છે, વળી યત્નક્રમથી બોધ્ય કૃચ્છ્ર સાધ્ય છે. ।।૧૮૮।।

શ્લોક :-

येभ्यो न रोचते तु, क्रमेण विनियोज्यमानमप्येतत् ।
द्वेष्टारो दातॄणां, नराधमास्ते किलासाध्याः ।।१८९।।

શ્લોકાર્થ :-

વળી, જેઓને ક્રમથી વિનિયોજ્યમાન પણ આ=ગુરુ દ્વારા ઉપદેશરૂપે અપાતી પણ રત્નત્રયી, રુચતી નથી. દાતાઓનો દ્વેષ કરનારા છે તે નરાધમ ખરેખર અસાધ્ય છે. ।।૧૮૯।।

શ્લોક :-

नृपदृष्टो लक्षणतस्तत्र त्वं कृच्छ्रसाध्य एवासि ।
बलिनस्तवाङ्गरोगा, गदक्षयो नातियत्नमृते ।।१९०।।

શ્લોકાર્થ :-

**ત્યાં=ત્રણ પ્રકારના યોગ્ય-અયોગ્ય જીવોમાં, નૃપતિથી જોવાયેલો એવો તું=દ્રમક, લક્ષણથી કૃચ્છ્રસાધ્ય જ છો. તારા અંગના રોગો બલવાન છે. ગદક્ષય=રોગનો ક્ષય, અતિ યત્ન વગર નથી.**

પ્રસ્તુત દ્રમક સ્વકર્મવિવરથી પ્રવેશેલો હોવાને કારણે રાજાથી જોવાયેલો હતો. ત્યારપછી ક્રમસર ઘણા યત્ન દ્વારા દેશવિરતિ પામેલો છે તોપણ શીઘ્ર સર્વવિરતિ પામે તેમ નથી. તેથી મુશ્કેલીથી સર્વવિરતિને પામે તેવી યોગ્યતાવાળો છે અને ભોગ પ્રત્યે સંશ્લેષ કરાવે તેવા ભાવરોગો બળવાન છે. માટે તત્ત્વને સ્પર્શે તેવી ગુરુની પુનઃ પુનઃ દેશના વગર તે રોગોનો નાશ શક્ય નથી. એ પ્રમાણે ગુરુ કહે છે. **॥૧૯૦॥**

શ્લોક :-

तद्वत्स ! प्रयतः सन्, निराकुलोऽत्रैव नृपगृहे तिष्ठ ।
लात्वा कन्याहस्ताद् भुञ्जानो भेषजत्रितयम् ।।१९१।।

શ્લોકાર્થ :-

**તે કારણથી હે વત્સ ! આ જ રાજાના ગૃહમાં=જૈનશાસનમાં, કન્યાના હાથથી=ગુરુની દયાના હાથથી, ગ્રહણ કરીને ભેષજત્રયને ભોગવતો પ્રયત્નવાળો છતો=ઉત્તરોત્તર ગુણવૃદ્ધિમાં પ્રયત્નવાળો છતો, નિરાકુલ રહે.**

તું કૃચ્છ્રસાધ્ય છો માટે ગુરુની જે પ્રસ્તુત જીવ ઉપર દયા છે તે તને સતત મોક્ષમાર્ગમાં કઈ રીતે દૃઢ પ્રવૃત્તિ કરવી તેનું અનુશાસન આપશે. અને તે અનુ-શાસનને ઝીલીને તું રત્નત્રયીનું સેવન કરતો ગુરુના અનુશાસન અનુસાર પ્રયત્ન કરતો છતો આ સદનમાં રહે. જેથી તારા ભાવરોગો ક્રમસર અલ્પ થશે એમ ગુરુ કહે છે. **॥૧૯૧॥**

**શ્લોક :-**

**तेन तथेत्युक्तेऽसौ, चक्रे परिचारिकां दयां तस्य ।**
**भुङ्क्ते तद्दत्तमयं, कदन्नरागान्न चाद्रियते ।।१९२।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે=દ્રમક વડે, તે પ્રમાણે થાવ એમ કહેવાયે છતે=દ્રમક વડે ગુરુના આદેશનો તહત્તિ દ્વારા સ્વીકાર કરાયે છતે, આ ગુરુએ તેની=દ્રમકની, દયા પરિચારિકા કરી. તેનાથી અપાયેલું=દયાથી અપાયેલું પરમાન્ન, આ=દ્રમક ભોગવે છે. અને કદન્નના રાગને કારણે પરમાન્નનો આદર કરતો નથી.**

ગુરુએ કહ્યું કે આ રાજમંદિરમાં રહીને તું ભેષજત્રયનો ભોગ કર. તેથી તે દ્રમકે ગુરુનું વચન સ્વીકાર્યું. તેથી ગુરુ તે જીવ પ્રત્યેની દયાને કારણે સતત તેની ભૂમિકાનુસાર તેને અનુશાસન આપે છે. અને તે જીવ પણ તે અનુશાસન સાંભળીને કંઈક પરમાન્નને ભોગવે છે તેથી કંઈક રત્નત્રયીનો પરિણામ નિર્મળ થાય છે તોપણ વિષયોના સેવનથી જે પ્રકારનો આનંદ જીવને અનુભવસિદ્ધ છે તેવો આનંદ ઉપશમમાંથી પ્રગટ થતો નથી. તેથી પરમાન્નને અતિશય આદર કરતો નથી. **॥૧૯૨॥**

**શ્લોક :-**

**उपदंशतां व्रजति तन्मोहेन कुभोजनं तु बहु भुङ्क्ते ।**
**विनियुङ्क्ते च कदाचित्, तद्वचसैवाञ्जनं च जलम् ।।१९३।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=બહુ આદરથી પરમાન્નને ખાતો નથી તે કારણથી, ઉપદંશતાને પામે છે=પરમાન્ન અલ્પ સ્વાદનું જ કારણ બને છે. વળી, મોહને કારણે કુભોજન ઘણું ખાય છે=સંસારના ભોગાદિ પ્રચુર કરે છે અને ક્યારેક તેમના વચનથી જ=તદ્દયાના વચનથી જ, અંજન અને જલને નિયોજિત કરે છે.**

જીવ સુખનો અર્થી છે. સંયમની ક્રિયાથી ઉપશમનું સુખ પ્રચુર થતું નથી.

વિષયોના સેવનથી પ્રચુર આનંદ આવે છે તેથી ગુરુના ઉપદેશના બળથી જે દેશવિરતિની વિશિષ્ટ ક્રિયા કરે છે તે કંઈક અલ્પ આસ્વાદનને કરે છે અને વિષયોમાં મોહનો પરિણામ હોવાને કારણે ભોગવિલાસમાં પ્રચુર યત્ન કરે છે. વળી, ગુરુના દયાના વચનથી ક્યારેક નવું નવું શાસ્ત્ર અધ્યયન કરે છે. કંઈક તત્ત્વનું સ્વરૂપ સૂક્ષ્મ સૂક્ષ્મ જાણીને તત્ત્વની પ્રીતિ વધારે છે તોપણ ભોગ પ્રત્યેનો સંશ્લેષ તે પ્રકારે અલ્પ થતો નથી; કેમ કે પ્રસ્તુત જીવ કૃચ્છ્રસાધ્ય છે. **॥૧૯૩॥**

**શ્લોક :-**

**प्रतिदिनमेवाद्रियते, धनसाधनमन्तराऽन्तरा तु गृही ।**
**भजते गुरूपरोधाद् विरतिं ज्ञानं च सम्यक्त्वम् ।।१९४।।**

**શ્લોકાર્થ :-**

**વળી ગૃહસ્થ એવો તે વચવચમાં પ્રતિદિન જ ધનઅર્જનને આદરે છે. અને ગુરુના ઉપરોધથી વિરતિને, જ્ઞાનને અને સમ્યક્ત્વને સેવે છે.**

દેશવિરતિ સ્વીકાર્યા પછી તે દ્રમક વચવચમાં પ્રતિદિન ધનને અર્જન કરવામાં સતત યત્ન કરે છે; કેમ કે ધનપ્રાપ્તિમાં પ્રીતિ વર્તે છે. જ્યારે ઉપશમનું સુખ તેવું વિશેષ પ્રગટ થયેલું નહીં હોવાથી જ્યારે જ્યારે ગુરુ ઉપદેશ આપે છે ત્યારે ત્યારે કંઈક વિરતિમાં યત્ન કરે છે, નવું નવું અધ્યયન કરવામાં યત્ન કરે છે અને તત્ત્વરુચિને અતિશય કરવામાં યત્ન કરે છે. **॥૧૯૪॥**

**શ્લોક :-**

**भूरिमहाकल्याणं, संभ्रमतस्तदथ गुरुदयादत्तम् ।**
**निदधाति कर्परेऽसौ, भुक्त्वाऽल्पं हेलया शेषम् ।।१९५।।**

**શ્લોકાર્થ :-**

**હવે ગુરુની દયાથી અપાયેલા તે ઘણા મહાકલ્યાણને સંભ્રમથી અલ્પ ખાઈને લીલાથી શેષને આ=દ્રમક, કર્પરમાં=ઠીકરામાં, સ્થાપન કરે છે.**

ગુરુ મહાસંવેગને ઉત્પન્ન કરે તેવો રત્નત્રયી વિષયક સૂક્ષ્મ સૂક્ષ્મતર બોધ કરાવે છે; કેમ કે આ જીવ શીઘ્ર ભવથી નિસ્તાર પામે તેવી દયા ગુરુમાં વર્તે છે.

છતાં ઉપશમના સુખમાં બાધક અપ્રત્યાખ્યાનીય કષાય બળવાન હોવાથી આ જીવ તે ચારિત્રની પરિણતિને કંઈક માત્ર સ્પર્શે છે, શેષ ક્રિયાત્મક તે અનુષ્ઠાન કરે છે જે આત્મામાં પરિણમન પમાડવા સ્વરૂપ ખાવાની ક્રિયારૂપ નથી. પરંતુ પોતાના કદન્નમાં તે ઉત્તમ ક્રિયાને નાંખી દેવા તુલ્ય છે; કેમ કે સંવેગના પરિણામ રહિત કરાયેલી ક્રિયાથી પુણ્ય બંધાય છે જેનાથી તે કદન્નની જ વૃદ્ધિ થાય છે. **॥૧૯૫॥**

**શ્લોક :-**

**याति तदन्नं वृद्धिं, तत्सान्निध्यात् प्रहृष्यति ततोऽसौ ।**
**तद्धेतुमनभिजानन्, त्रितये शिथिलादरो भवति ।।१९६।।**

**શ્લોકાર્થ :-**

**તેના સાંનિધ્યથી=પરમાન્નને કદન્નમાં નાંખ્યું તે પરમાન્નના સાંનિધ્યથી, તે અન્ન=કદન્ન, વૃદ્ધિને પામે છે. તેથી=કદન્નની વૃદ્ધિ થઈ તેથી, આ=દ્રમક, હર્ષિત થાય છે. તેના હેતુને નહીં જાણતો=કદન્નની વૃદ્ધિના હેતુને નહીં જાણતો, ત્રિતયમાં=રત્નત્રયીમાં, શિથિલ આદરવાળો થાય છે.**

મંદ સંવેગપૂર્વક જે ક્રિયાઓ કરે છે તે ક્રિયાઓના સાંનિધ્યથી પુણ્ય બંધાય છે તેનાથી ભોગસામગ્રી પ્રચુર મળે છે તોપણ તે ક્રિયાથી કષાયોના ઉપશમરૂપ ગુણની પ્રાપ્તિ અલ્પ થાય છે. વળી, તીવ્ર સંવેગથી જેટલું મહાકલ્યાણ ભોજન કરે છે તેનાથી કષાયોની અલ્પતા ઘણી થાય છે, જ્યારે મંદસંવેગથી સેવાયેલા અનુષ્ઠાનથી મનુષ્યભવમાં કે દેવભવમાં ધન-વિષયાદિ પ્રચુર મળે છે તેથી તે જીવ તેને પ્રાપ્ત કરીને હર્ષિત થાય છે; કેમ કે હજી ભોગ પ્રત્યેનું સર્વથા વલણ તે જીવનું દૂર થયું નથી. વળી, આ ભોગસામગ્રીની વૃદ્ધિ પોતે જે પરમાન્ન ખાધું છે અને કદન્નમાં નાંખ્યું છે તેનાથી થયેલ છે તેવો સૂક્ષ્મબોધ હજી તે જીવને થયો નથી. તેથી રત્નત્રયીની વૃદ્ધિમાં તે શિથિલ આદરવાળો થાય છે. **॥૧૯૬॥**

**શ્લોક :-**

**जाता रोगा याप्यास्त्रितयास्वादादनादरेणापि ।**
**बहुलापथ्याहारात्, क्वचिद्विकारोऽपि तस्यासीत् ।।१९७।।**

**શ્લોકાર્થ :-**

**અનાદરથી પણ ત્રિતયના આસ્વાદનથી=મંદસંવેગપૂર્વક રત્નત્રયના સેવનથી, રોગો=ભાવરોગો, શાંત થયા. ઘણા અપથ્યનો આહાર હોવાથી= પ્રાપ્ત થયેલા ભોગોમાં ઘણો સંશ્લેષ હોવાથી, ક્યારેક તેને વિકારો પણ થયા.**

શિથિલ આદરપૂર્વક કેટલાંક અનુષ્ઠાનો સેવેલાં તેથી પરમાન્નતુલ્ય તે અનુષ્ઠાનથી પુણ્ય બંધાયું. તેના કારણે દેવ અને મનુષ્યના ભવમાં ઉત્તમ ભોગસામગ્રી મળે છે. વળી તે શિથિલ આદરપૂર્વક સેવનકાળમાં કંઈક સંવેગપૂર્વક રત્નત્રયીનું સેવન પણ હતું. તેથી જે અપ્રત્યાખ્યાનીય આદિ કષાયો ઉદયમાં હતા તે કંઈક શાંત થાય છે તેથી ભાવરોગો મંદ થયા. વળી, પુણ્યના ઉદયથી ઘણી ભોગસામગ્રી મળી. તે અપથ્ય આહારના સેવનથી ઘણા વિકાર થયા છતાં જીવમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને દેશવિરતિનો પરિણામ વિદ્યમાન છે તેથી તે વિકારોને વિકારરૂપે જાણીને અલ્પરૂપે કરવા યત્ન કરે છે તોપણ પ્રમાદવશ હોય ત્યારે તે ભોગસામગ્રી વિકાર પણ કરે છે. **॥૧૯૭॥**

**શ્લોક :-**

**शूलं दाहो मूर्छा, ज्वरः क्वचिच्छर्दिरेव जाड्यं च ।**
**हृत्पार्श्ववेदनाऽऽसीत्, क्वचिदुन्मादोऽप्यरोचकता ।।१९८।।**

**શ્લોકાર્થ :-**

**ક્વચિત્ શૂલ, દાહ, મૂર્ચ્છા, જ્વર, શરદી, જડપણું, ખરડાયેલા પડખાની વેદના, ક્યારેક અરોચકતા અને ઉન્માદ પણ થયો.**

તે દ્રમકની જેમ તે જીવને પણ પ્રમાદવશ ક્યારેક કષાય-નોકષાયના ઉદયરૂપ શૂલ, દાહાદિ થાય છે અને ક્યારેક મિથ્યાત્વના ઉદયથી અરોચકતા અને ઉન્માદ પણ થાય છે. **॥૧૯૮॥**

**શ્લોક :-**

**गृह्णाति मन्दवीर्यः, कानिचिदेव व्रतानि तीव्रधिया ।**
**गुरुदाक्षिण्यात्कानिचिदयमिह शेषस्य निक्षेपः ।।१९९।।**

**શ્લોકાર્થ :-**

**મંદવીર્યવાળો કેટલાંક જ વ્રતોને તીવ્ર બુદ્ધિથી=તીવ્ર સંવેગથી, ગ્રહણ કરે છે. ગુરુના દાક્ષિણ્યથી=ગુરુ કહે છે તેના વચનના અનુરોધથી, કેટલાંક વ્રતો ગ્રહણ કરે છે એ અહીં=કદન્નમાં, શેષનો નિક્ષેપ છે=શેષ પરમાન્નનો નિક્ષેપ છે.**

ગુરુ જીવની શક્તિનું સમ્યગ્ સમાલોચન કરીને તેની બુદ્ધિને સ્પર્શે તે રીતે પરમાન્નનું સૂક્ષ્મ સ્વરૂપ બતાવે છે ત્યારે પણ તે જીવ મંદવીર્યવાળો હોવાથી ગુરુએ બતાવેલાં વ્રતોમાંથી કેટલાંક જ વ્રતો તીવ્ર સંવેગથી ગ્રહણ કરે છે. બધાં વ્રતો તીવ્ર સંવેગથી ગ્રહણ કરતો નથી. અને કેટલાંક વ્રતો ગુરુના ઉપરોધથી ગ્રહણ કરે છે. તેથી આચરણારૂપે તેનું પાલન કરે છે. સેવન દ્વારા જે ભાવો કરવાના છે તે ભાવોમાં યત્ન થાય તે પ્રકારે તે વ્રતોનું સેવન કરતો નથી. તે કદન્નમાં પરમાન્નનો નિક્ષેપ છે. **॥૧૯૯॥**

**શ્લોક :-**

**ईदृशमप्यनुषङ्गात् तत्परमान्नं धनादिवृद्ध्यै स्यात् ।**
**सेयं कदन्नवृद्धिर्ज्ञेया परमान्नसंबन्धात् ।।२००।।**

**શ્લોકાર્થ :-**

**આવા પ્રકારનું પણ તે પરમાન્ન=તીવ્ર સંવેગપૂર્વક સેવાયેલું અને કેટલુંક મંદસંવેગપૂર્વક સેવાયેલું એવા પ્રકારનું પણ તે પરમાન્ન, અનુષંગથી ધનાદિની વૃદ્ધિ માટે થાય. તે આ કદન્નની વૃદ્ધિ=પરમાન્નના સેવન અને પરમાન્નને કદન્નમાં પ્રક્ષેપ કરવાને કારણે કદન્નની વૃદ્ધિ, પરમાન્નના સંબંધથી જાણવી. ॥૨૦૦॥**

**શ્લોક :-**

**तद्धेतोरज्ञानं, धर्मानादरकृतो विपर्यासः ।**
**त्रितये शिथिलादरता, धनवृद्धौ बालवच्चेष्टा ।।२०१।।**

**શ્લોકાર્થ :-**

**અને તેના હેતુનું અજ્ઞાન, ધર્મમાં અનાદરકૃત વિપર્યાસ, ત્રિતયમાં શિથિલ આદરતા, ધનવૃદ્ધિમાં બાલની જેમ ચેષ્ટા છે.**

પોતાને જે ધનાદિની વૃદ્ધિ થઈ તેનો હેતુ રત્નત્રયીનું સેવન છે તેનું તે જીવને અજ્ઞાન છે અને તેના કારણે ધર્મમાં અનાદરકૃત વિપર્યાસ થાય છે તેથી ધનાદિનો અર્થી એવો જીવ તેના કારણીભૂત રત્નત્રયીમાં શિથિલ આદરવાળો થાય છે અને ધનવૃદ્ધિમાં બાળની જેમ ચેષ્ટા કરે છે. **॥૨૦૧॥**

**શ્લોક :-**

**मन्दादपि संवेगाद्, याप्यत्वं यच्च भावरोगाणाम् ।**
**सा प्रबलहेत्वयोगे, तनुताऽनाविष्कृतावस्था ।।२०२।।**

**શ્લોકાર્થ :-**

**અને મંદ પણ સંવેગથી ભાવરોગોનું જે શાંતપણું છે, પ્રબલ હેતુના અયોગમાં=તીવ્ર સંવેગ રૂપ પ્રબલ હેતુના અયોગમાં, તે તનુતા=કષાયોની અલ્પતા, અનાવિષ્કૃત અવસ્થા છે.**

**શ્લોક :-**

**तेषामेव विकारोऽभिव्यक्तिः प्रबलहेतुसंपर्कात् ।**
**धर्मोऽनादरविहितस्तत्र त्राणं न कस्यापि ।।२०३।।**

**શ્લોકાર્થ :-**

**પ્રબલ હેતુના સંપર્કથી=ધનાદિ પ્રચુર મળે છે એ રૂપ પ્રબલ હેતુના સંપર્કથી, તેની જ અભિવ્યક્તિ=અનાવિષ્કૃત અવસ્થાવાળી કષાયોની અલ્પતાની જ અભિવ્યક્તિ વિકાર છે=ધનાદિ પ્રાપ્ત થાય છે ત્યારે ધનાદિમાં સંશ્લેષરૂપ વિકાર છે. ત્યાં=અનાવિષ્કૃત અવસ્થાના અભિ-વ્યક્તિરૂપ વિકારમાં, અનાદરથી કરાયેલો ધર્મ કોઈને પણ ત્રાણ થતો નથી.**

ગુરુ પાસેથી તત્ત્વોનું શ્રવણ કરીને તે શ્રાવક મંદ સંવેગથી જે પરમાન્ન ગ્રહણ કરે છે તે પરમાન્નરૂપ ક્રિયા કાયાથી કરે છે પરંતુ તે ક્રિયા દ્વારા નિષ્પાદ્ય

ભાવોમાં શક્તિના પ્રકર્ષથી યત્ન કરતો નથી. તેથી તે જીવમાં તેના હેતુનું અજ્ઞાન વર્તે છે=આ ક્રિયા કેવા પ્રણિધાનથી કરવાથી ચારિત્રની વૃદ્ધિનું કારણ છે તેનું અજ્ઞાન વર્તે છે. વળી, શક્તિ હોવા છતાં તે પ્રકારે તેને જાણવા માટે અને સેવવા માટે તે જીવ યત્ન કરતો નથી. તે ધર્મમાં અનાદરકૃત વિપર્યાસ છે. તેનાં કારણે રત્નત્રયીમાં શિથિલ આદરવાળો થાય છે; કેમ કે ધર્મનાં કૃત્યોથી ધન વધે છે તેવો બોધ નથી અને ધનમાં સંશ્લેષને કારણે ધનની પ્રાપ્તિમાં સુખનું વેદન થાય છે અને રત્નત્રયીના સેવનથી ઉપશમના સુખનું વેદન થતું નથી માટે રત્નત્રયીના સેવનમાં શિથિલ આદરવાળો થાય છે. અને ધનની વૃદ્ધિમાં સુખની પ્રાપ્તિ જણાતી હોવાથી તત્ત્વમાં બાળની જેમ ચેષ્ટા કરે છે. વળી, તે જીવ મંદ સંવેગથી જે વિરતિની ક્રિયા કરે છે તેમાં ભાવરોગોની મંદતા છે તે શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે – ભોગાદિની પ્રવૃત્તિ નહીં હોવાને કારણે જે ભાવરોગો સ્પષ્ટ પ્રગટ થતા નથી તેથી તે ભાવરોગોની અપ્રગટ અવસ્થા છે તે જ કષાયોની મંદતા છે. જો તે સદ્અનુષ્ઠાન સેવવાને બદલે તે જીવ ભોગાદિની પ્રવૃત્તિ કરે તો ભાવરોગો ભોગાદિ કાળમાં પ્રગટ થાય છે જ્યારે પ્રમાદથી સદ્અનુષ્ઠાન સેવે છે ત્યારે સદ્અનુષ્ઠાનમાં દૃઢ યત્ન કરીને કષાયની અલ્પતા તે જીવ કરતો નથી તોપણ કષાયોની વૃદ્ધિના હેતુના અભાવને કારણે તે ભાવરોગો અભિવ્યક્ત થતા નથી તે જ કષાયની મંદતા છે. અને પુણ્યના ઉદયથી જ્યારે ધન મળે છે ત્યારે તે વિકારોના પ્રબલ હેતુનો સંપર્ક હોવાથી, નહિ પ્રગટ થયેલા જ વિકારો અભિવ્યક્ત થાય છે તેથી જ ધનની વૃદ્ધિમાં તે જીવને ફરી ગૃદ્ધિ થાય છે; કેમ કે મંદ સંવેગથી સેવાયેલા ધર્મના અનુષ્ઠાનકાળમાં શક્તિ અનુસાર સંવેગને ઉલ્લસિત કરવાનો જે અનાદર હતો તેનાથી સેવાયેલું તે અનુષ્ઠાન કોઈને ત્રાણ કરનારું થતું નથી=ભોગની સામગ્રીમાં અસંશ્લેષ કરવાનું કારણ તે અનુષ્ઠાન થતું નથી. તેથી અનાદરથી સેવાયેલ સદ્અનુષ્ઠાનના બળથી જે કદન્નરૂપ ભોગની વૃદ્ધિ થઈ તેમાં તે જીવને સંશ્લેષ થતો અટકાવવા માટે તે ધર્મ સમર્થ બનતો નથી. **॥૨૦૨-૨૦૩॥**

**શ્લોક :-**

**व्यथयत्यपथ्यदोषादकाण्डशूलं धनव्ययविषादः ।**
**दहति परेर्ष्यादाहो, लुम्पति मूर्छाऽखिलस्वहृतिः ।।२०४।।**

**શ્લોકાર્થ :-**

**ધનવ્યયનો વિષાદ અપથ્યના દોષથી અકાણ્ડશૂલ વ્યથા કરે છે=ગાથા-૧૯૮માં કહેલ કે અપથ્યના સેવનને કારણે શૂલ થાય છે તે શૂલ કોઈક નિમિત્તે ધનવ્યય થાય ત્યારે જીવને વ્યથા થાય છે તે રૂપ છે. પરની ઈર્ષ્યારૂપ દાહ થાય છે=અનાદરથી સેવાયેલા અનુષ્ઠાનને કારણે ઈર્ષ્યાનો પરિણામ વિશિષ્ટ શાંત નહિ થવાથી નિમિત્તને પામીને પરની ઈર્ષ્યાનો દાહ થાય છે. સંપૂર્ણ પોતાના હરણરૂપ મૂર્ચ્છા લોપ કરે છે=આત્માનો વિષયોમાં સંશ્લેષનો પરિણામ પોતાના નિરાકુળ સ્વભાવનો નાશ કરે છે તેથી તે નિરાકુળ સ્વભાવના નાશ સ્વરૂપ જ મૂર્ચ્છા જીવના સ્વરૂપનો નાશ કરે છે. ।।૨૦૪।।**

**શ્લોક :-**

**कामज्वरो ज्वरयति, छर्दिर्मर्दयति चोत्तमर्णकृता ।**
**धननिर्यातनचिन्ता, स्खलयति जाड्यं जनाभिभवः ।।२०५।।**

**શ્લોકાર્થ :-**

**કામનો જ્વર જ્વરના જેવું કાર્ય કરે છે. ઉત્તમર્ણકૃત શરદી મર્દન કરે છે=લેણદારકૃત જે યાતના શરદીની જેમ જીવને વિહ્વળ કરે છે. ધનના નિર્યાતનની ચિંતા=નાશની ચિંતા, રોગના અભિભવરૂપ જાડ્યને સ્ખલના કરે છે=પ્રગટ કરે છે.**

જે જીવો અનાદરથી સદ્અનુષ્ઠાનો સેવે છે, તેઓને મંદ કોટિનું પુણ્ય બંધાય છે અને ધનાદિ પ્રત્યેની મૂર્ચ્છા ક્ષીણ થતી નથી. તેથી તે તે નિમિત્તને પામીને શૂલ, દાહ આદિ ભાવો થાય છે. વળી જેઓ દૃઢ પ્રણિધાનપૂર્વક સત્ ક્રિયાઓ કરે છે તેઓમાં સામાયિકના પરિણામરૂપ ઉત્તમ સંસ્કારો પડેલા હોવાથી પ્રાયઃ તેવાં નિમિત્તો પ્રાપ્ત થતાં નથી. ક્વચિત્ પૂર્વના કર્મને કારણે તેવાં નિમિત્ત મળે તોપણ સામાયિકના પરિણામના સ્પર્શને કારણે સમાધિના સંસ્કારો ક્રિયાસેવનકાળમાં થયેલા હતા. તેથી તેવા વિષમ સંયોગમાં પણ અંતરંગ અસ્વસ્થતારૂપ તે તે ભાવો પ્રાયઃ થતા નથી. ક્વચિત્ થાય તોપણ મંદ થાય છે; કેમ કે વિવેકપૂર્વક સેવાયેલા ધર્મથી વિવેકચક્ષુ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. **।।૨૦૫।।**

**શ્લોક :-**

**संयोगवियोगार्तिर्दलयति हृत्पार्श्ववेदना हृदयम् ।**
**मिथ्यात्वकृतोन्मादः, प्रमादमूलोऽवसादयति ।।२०६।।**

**શ્લોકાર્થ :-**

**સંયોગ-વિયોગની પીડારૂપ ખરડાયેલાં બે પાસાંની વેદના હૃદયને દળે છે. પ્રમાદમૂલવાળો મિથ્યાત્વકૃત ઉન્માદ અવસાદન કરે છે=જીવને વિનાશ કરે છે.**

ગાથા-૧૯૮માં કહેલ તે દ્રમક ખરડાયેલાં બે પાસાંવાળો હતો તે વેદના જીવને પ્રતિકૂલના સંયોગરૂપ અને અનુકૂળના વિયોગરૂપ છે જે જીવને હૃદયમાં પીડા કરે છે. વળી, અનુષ્ઠાનમાં પ્રમાદ વર્તે છે તે મિથ્યાત્વકૃત ઉન્માદ છે. આથી જ સદ્અનુષ્ઠાનને પારમાર્થિક રીતે જોવાની નિર્મળદૃષ્ટિ નહીં હોવાથી પ્રમાદવશ સદ્અનુષ્ઠાન કરે છે. **॥૨૦૬॥**

**શ્લોક :-**

**ग्लपयति सदनुष्ठाने, पथ्ये भृशतरमरोचको गहनः ।**
**इयतीं भुवमारूढेऽप्यहह विकारैर्न किं क्रियते ।।२०७।।**

**શ્લોકાર્થ :-**

**સદ્અનુષ્ઠાન રૂપ પથ્યમાં અરોચક એવું ગહન અત્યંત ગ્લપન કરે છે=જીવમાં વર્તતો સદ્અનુષ્ઠાન પ્રત્યેનો અરોચક પરિણામ પથ્ય એવા સદ્અનુષ્ઠાનના સેવનકાળમાં તેને અત્યંત શિથિલ કરે છે. ખેદની વાત છે કે આટલી ભૂમિમાં આરૂઢ થયેલા જીવમાં વિકારોથી શું કરાતું નથી ?**

સમ્યક્ત્વ, દેશવિરતિ આદિ પામેલા જીવો જ્યારે પ્રમાદવશ થાય છે ત્યારે મિથ્યાત્વને પામે છે અને સદ્અનુષ્ઠાનમાં અરોચકતા થાય છે તે સર્વ વિકારો વડે જીવની શું શું વિડંબના નથી કરાતી ? સર્વ વિડંબના કરાય છે. **॥૨૦૭॥**

**શ્લોક :-**

**दृष्ट्वा गुरुसूददया, कदाचिदथ तं विकारलुप्ताङ्गम् ।**
**आक्रन्दन्तं कृपया, प्रोवाच परोपकारपरा ।।२०८।।**

**શ્લોકાર્થ :-**

**હવે ક્યારેક વિકારથી લુપ્ત અંગવાળા આક્રંત કરતા તેને જોઈને કૃપાથી પરોપકારમાં તત્પર ગુરુરૂપ રસોઈયાની દયાએ કહ્યું. ।।૨૦૮।।**

**શ્લોક :-**

**रोगाः कदन्नमूलास्तव ये तातेन सौम्य ! निर्दिष्टाः ।**
**नैवं तेभ्यो मोक्षो, भेषजमफलं ह्यपथ्यभुजः ।।२०९।।**

**શ્લોકાર્થ :-**

**હે સૌમ્ય ! કદન્નમૂલ તારા જે રોગો પિતા વડે=દયાના પિતા એવા ગુરુ વડે, બતાવાયા. આ રીતે અપથ્યને ખાનારા તને=પ્રમાદને વશ જેમતેમ તું અનુષ્ઠાન સેવે છે એ રીતે અપથ્ય ખાનારા તને, તેનાથી=તે રોગોથી, મોક્ષ નથી. ઔષધ અફલ છે.**

ગુરુની દયા તે જીવના પ્રમાદને જોઈને વારંવાર ચારિત્રનો નાશ થતો જુએ છે, સમ્યક્ત્વનું વમન થતું જુએ છે તેથી તેને કહે છે. જે રોગો કદન્નને કારણે થાય છે તે પિતા વડે તને બતાવાયા છે. આ રીતે જેમતેમ ક્રિયા કરવાથી તે રોગોથી મોક્ષ થાય નહીં. અને તું જે ક્રિયા કરે છે તે રૂપ ઔષધ પણ ચિત્તની સમાધિરૂપ ફળ પ્રાપ્ત કરાવી શકે નહીં. માટે પ્રમાદને છોડીને સદ્અનુષ્ઠાનને તે રીતે સેવ કે જેથી ચિત્તની સમાધિની વૃદ્ધિ થાય. **।।૨૦૯।।**

**શ્લોક :-**

**प्रसरति ममाप्यकीर्तिस्त्वत्तः परिचारिका तवाहमिति ।**
**न च वक्तुं शक्ताऽहं, हठवति न फलं वचस्तनुते ।।२१०।।**

**શ્લોકાર્થ :-**

**તારી પરિચારિકા હું છું=તદ્દયા છું, એથી તારાથી=દ્રમકથી, મારી**

**પણ અકીર્તિ પ્રસરે છે. હઠવાળા એવા તારામાં હું કહેવા માટે સમર્થ નથી. વચન ફલને વિસ્તારતું નથી=મારું વચન ફલને વિસ્તારતું નથી.**

તદ્દયા જીવને હિતોપદેશ આપતાં કહે છે – ગુરુની દયા આની પરિચારિકા છે છતાં આ જીવને અનેક પ્રકારની કદર્થનાઓ થાય છે માટે આના જ ગુરુ તેને સન્માર્ગ બતાવનારા નથી એવી મારી અપકીર્તિ ફેલાય છે. વળી, તું પોતાની રીતે કરવાને હઠવાળો છે તેથી તને અપ્રમાદથી સદ્અનુષ્ઠાન સેવવાનો ઉપદેશ આપવા હું સમર્થ નથી. મારું વચન તને સ્પર્શતું નથી તેથી ફળ આવતું નથી. **॥૨૧૦॥**

**શ્લોક :-**

**स प्राह महाभागे, त्यक्तुं नैवोत्सहे स्वयमपथ्यम् ।**
**वारय तेन तदिच्छां, कारय पथ्यादरं च दृढम् ।।२११।।**

**શ્લોકાર્થ :-**

**તે કહે છે=દ્રમક કહે છે, હે મહાભાગ એવી તદ્દયા ! હું સ્વયં અપથ્યનો ત્યાગ કરવા માટે ઉત્સાહિત થતો નથી, તે કારણથી તેની ઈચ્છાને=અપથ્યની ઈચ્છાને, તું વારણ કર અને પથ્યમાં દઢ આદર કરાવ.**

જ્યારે ગુરુ તેને ઉપદેશ આપે છે ત્યારે તે પ્રયત્ન કરતો નથી તેથી ગુરુ તે પ્રકારે વિધિપૂર્વક સદ્અનુષ્ઠાન કરવાનો ઉપદેશ અને અપથ્યના પરિહારનો ઉપદેશ આપતા નથી, જ્યારે ગાથા-૨૧૦માં કહ્યું તે પ્રમાણે ગુરુ તેને કહે છે ત્યારે તે સમ્યગ્જ્ઞાન, દર્શન, દેશવિરતિવાળો જીવ ગુરુની દયાને કહે છે=ગુરુને કહે છે – હે મહાભાગ ! હું સ્વયં સંસારની અત્યંત પ્રવૃત્તિરૂપ અપથ્યનો ત્યાગ કરવા માટે ઉત્સાહિત થતો નથી, પરંતુ તમે વારણ કરશો તો=તેની અનર્થકારિતાનો વારંવાર ઉપદેશ આપશો તો, તે અપથ્યસેવનની મારી ઇચ્છા શાંત થશે અને સદ્અનુષ્ઠાનરૂપ પથ્યને દઢ આદરપૂર્વક તમે કરાવશો તો=પ્રણિધાનાદિ આશયપૂર્વક સદ્અનુષ્ઠાન તમે કરાવશો તો, મારું હિત થશે. **॥૨૧૧॥**

**શ્લોક :-**

**स्तोकस्तोकमपथ्यं, त्वद्व्यापाराद् भविष्यति त्यजतः ।**
**सर्वत्यागे शक्तिर्ममेति साऽप्येतदनुमेने ।।२१२।।**

**શ્લોકાર્થ :-**

**તમારા વ્યાપારથી અપથ્યનું થોડું થોડું ત્યાગ કરતા એવા મારી સર્વ ત્યાગમાં શક્તિ થશે, તે પણ=ગુરુની દયા પણ, આને=દ્રમકના તે વચનને, સ્વીકારે છે.**

તે જીવ ગુરુને કહે છે તમે મને સદા અપથ્યસેવનના ત્યાગનો ઉપદેશ આપશો તો તમારા વચનથી જે અપથ્યનું સેવન હું કરું છું તે થોડું થોડું ત્યાગ કરતાં મારામાં તમારી જેમ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ સર્વ અપથ્યના ત્યાગની શક્તિ પ્રગટ થશે અને ગુરુની દયા પણ તે જીવના તે વચનનો સ્વીકાર કરે છે; કેમ કે ગુરુની દયા પ્રસ્તુત જીવને સંસારસાગરથી તારવાને અનુકૂળ પરિણતિ સ્વરૂપ છે. **॥૨૧૨॥**

**શ્લોક :-**

**अथ साऽधिकं कदन्नं, भुञ्जानं तं भृशं निवारयति ।**
**तेन स्याद् गदतनुता, त्यजति यदा सा न तत्पार्श्वम् ।।२१३।।**

**શ્લોકાર્થ :-**

**હવે તે=ગુરુની દયા, અધિક કદન્ન ભોગવતા તેને અત્યંત નિવારણ કરે છે, જ્યારે તે=તદ્દયા, તેના પડખાને છોડતી નથી તેનાથી=ગુરુની દયાના સાન્નિધ્યથી, રોગની અલ્પતા થાય.**

જીવનો સહજ પ્રમાદી સ્વભાવ હોવાથી નિમિત્તો પ્રમાણે ભાવો કરીને કષાયોની વૃદ્ધિ કરવા રૂપ ભાવો કરે છે અને તે ભાવો ક્વચિત્ ભોગવિલાસ દ્વારા કરે છે, તો ક્વચિત્ ધર્મઅનુષ્ઠાન કરીને પણ માન, સન્માન, કીર્તિ આદિના અધ્યવસાય કરીને કદન્નને સેવે છે. ગુરુ તેને તે પ્રકારના અધ્યવસાય કરવાથી અત્યંત વારણ કરે છે અને જ્યારે ગુરુની દયા તેના પડખાનો ત્યાગ કરતી નથી, પરંતુ તે ક્રિયામાં સતત ઉચિત અધ્યવસાય કરવાની પ્રેરણા આપે છે તેનાથી તેના રોગની અલ્પતા થાય છે. **॥૨૧૩॥**

શ્લોક :-

**सा च विनियोजिताऽस्ति, प्रागेवाशेषलोकबोधाय ।**
**पीड्यत एव विकारैरिति तस्यां दूरवर्तिन्याम् ।।२१४।।**

શ્લોકાર્થ :-

**અને પૂર્વમાં જ અશેષ લોકના બોધ માટે તે=ગુરુની દયા, વિનિયોજિત છે એથી તે દૂરવર્તી હોતે છતે વિકારો વડે પીડાય જ છે=પ્રસ્તુત જીવ પીડાય જ છે.**

વળી, ગુરુની દયા બધા લોકોના ઉપદેશ માટે વિનિયોજન કરાયેલી છે તેથી ક્વચિત્ તે નગરને છોડીને અન્ય સ્થાને પણ વિહાર કરીને જાય છે તેથી તે તે જીવોનો ઉપકાર થાય. ક્વચિત્ તે નગરમાં હોય ત્યારે પણ અન્યને ઉદ્દેશીને બોધ કરાવાના યત્નવાળા હોય ત્યારે પ્રસ્તુત જીવને ઉદ્દેશીને દયાનો વ્યાપાર થતો નથી તેથી તે ગુરુની દયા તે જીવથી દૂરવર્તી બને છે ત્યારે પ્રમાદને સેવીને પ્રસ્તુત જીવ વિકારોથી પીડાય છે. **॥૨૧૪॥**

શ્લોક :-

**दृष्ट्वाऽथ तं तथाविधमनुकम्पां प्राप धर्मबोधकरः ।**
**दध्यौ नायमनुन्नः, प्रवर्तते न च दयाऽव्यग्रा ।।२१५।।**

શ્લોકાર્થ :-

**હવે તેવા પ્રકારના તેને જોઈને=વિકારોથી પીડાતા તે જીવને જોઈને, ધર્મબોધકરને અનુકંપા થઈ. વિચાર્યું. આ=પ્રસ્તુત જીવ, અનુન્ન નથી= પ્રેરણા કર્યા વગર પરમાન્નમાં યત્નવાળો નથી અને દયા અવ્યગ્ર પ્રવર્તતી નથી=મારી દયા ક્યારેક ક્યારેક પ્રવર્તે છે પરંતુ તેના હિતમાં સતત પ્રવર્તતી નથી.**

જ્યારે જ્યારે આ જીવ ગુરુની દયાની પ્રેરણા વગરનો બને છે ત્યારે પ્રમાદી સ્વભાવને અનુરૂપ સંસારની પ્રવૃત્તિઓમાં કે ધર્મની પ્રવૃત્તિઓમાં પ્રમાદ કરીને કષાયોના વિકારોથી પીડાય છે તેથી તેની કષાયની પરિણતિની વૃદ્ધિ જોઈને ધર્મબોધકરને તે જીવ પ્રત્યે અનુકંપા થાય છે. તેથી વિચારે છે કે સતત પ્રેરણા

વગર આ જીવ સંયમને અનુકૂળ બળસંચયવાળો થાય તેમ નથી અને મારી દયાની પરિણતિ અન્ય અન્ય જીવોને બોધ કરાવાને વ્યાપારવાળી છે. તેથી સતત પ્રવર્તતી નથી, તેથી શું કરવું જોઈએ ? તે વિચારે છે. **॥૨૧૫॥**

**શ્લોક :-**

**प्रतिचारिकाऽस्य कार्या, तस्मादन्या सदैव सन्निहिता ।**
**इति मत्वा सद्बुद्धिं, प्रददौ परिचारिकां तस्मै ।।२१६।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=ગાથા-૨૧૫માં કહ્યું એ પ્રમાણે ગુરુએ વિચાર કર્યો તે કારણથી, આની=પ્રસ્તુત જીવની, અન્ય સદા જ સન્નિહિત એવી પરિચારિકા કરવી જોઈએ એ પ્રમાણે માનીને તેને=તે જીવને, સદ્બુદ્ધિરૂપ પરિચારિકા આપી. ॥૨૧૬॥**

**શ્લોક :-**

**इति शिक्षितश्च सोऽस्यां, त्वया न वत्सादरो विमोक्तव्यः ।**
**नैषाऽलसे प्रसीदति, दुर्भग इव पण्डिता वनिता ।।२१७।।**

**શ્લોકાર્થ :-**

**એથી તે=પ્રસ્તુત જીવ, શિક્ષિત કરાયો=સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય એ પ્રમાણે શિક્ષિત કરાયો. હે વત્સ ! આમાં=સદ્બુદ્ધિમાં, તારા વડે આદર મુકાવો જોઈએ નહીં. જેમ પંડિત સ્ત્રી દુર્ભગમાં પ્રસાદ પામતી નથી, તેમ આ=સદ્બુદ્ધિ આળસુ જીવમાં પ્રસાદ પામતી નથી. ॥૨૧૭॥**

**શ્લોક :-**

**अस्यां प्रसादितायां, वयं प्रसन्नास्तथा महाराजः ।**
**एषैव तत्प्रसाद्या, दास्यति मध्ये दयाऽपि हितम् ।।२१८।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રસાદિત હોતે છતે=સદ્બુદ્ધિ તારા દ્વારા પ્રસાદિત કરાયે છતે, અમે પ્રસન્ન છીએ. અને મહારાજ પ્રસન્ન છે=ભગવાન તારા ઉપર પ્રસન્ન**

**છે. તે કારણથી આ જ=સદ્બુદ્ધિ જ, પ્રસાદ કરાવવા યોગ્ય છે. મધ્યમાં=વચવચમાં દયા પણ હિતને આપશે.**

ગુરુએ અત્યાર સુધી વારંવાર તેની હિતચિંતા કરીને તેની બુદ્ધિ અત્યંત માર્ગાનુસારી કરી તેથી હવે તે જીવ સ્વયં સદ્બુદ્ધિને પામી શકે તેવી યોગ્યતાવાળો છે એથી તેને સદ્બુદ્ધિ આપે છે અને કહે છે કે શરીર અન્ય છે અને મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ આત્મા અન્ય છે. તે મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ આત્મામાં નિમિત્તોને પામીને મોહના ભાવો થાય છે. તે ભાવોને ક્ષીણ કરવા માટે સતત સંસારનું સ્વરૂપ ભાવન કરવું જોઈએ, સંસારની રૌદ્રતાનું ભાવન કરવું જોઈએ અને જે રીતે નિર્મલબુદ્ધિથી કષાયોની અલ્પતા થાય તે રીતે સર્વત્ર જિનવચનાનુસાર બુદ્ધિથી પ્રવર્તવું જોઈએ; કેમ કે જિનવચનનો ઉપદેશ જ સદ્બુદ્ધિ છે અને જિનવચન જીવને સ્વભૂમિકાનુસાર જિનતુલ્ય થવાને પ્રેરણા કરે છે ઇત્યાદિ સમ્યક્ આલોચન કરીને સદ્બુદ્ધિ પ્રમાણે સદા પ્રયત્ન કરવો જોઈએ. જેઓ જિનવચનના હાર્દને જાણવા માટે અને જાણીને સેવવા માટે આળસુ છે તેઓને આ સદ્બુદ્ધિ પરિણમન પામતી નથી અને જેઓ સદ્બુદ્ધિને પરિણમન પમાડવા માટે યત્ન કરે છે તેમના ઉપર અમે પ્રસન્ન થઈએ છીએ અને તીર્થંકરો પ્રસન્ન થાય છે; કેમ કે સદ્બુદ્ધિનું વચન તીર્થંકરતુલ્ય થવા માટે જીવને સતત પ્રેરણા કરે છે. વળી, ધર્મબોધકર કહે છે કે સદ્બુદ્ધિને તારે સતત પ્રસાદ કરવા યત્ન કરવો જોઈએ અને વચવચમાં મારી દયા પણ તારું હિત કરશે=હું પ્રસંગ અનુસાર તને સતત સન્માર્ગની પ્રેરણા કરીશ. **॥૨૧૮॥**

**શ્લોક :-**

**अथ बुद्ध्याऽनुगृहीतः, स्मरन्नसौ धर्मबोधकरवाचम् ।**
**पथ्याहाररतोऽभूत्, कदापि भुङ्क्तेऽन्यदभ्यासात् ।।२१९।।**

**શ્લોકાર્થ :-**

**હવે બુદ્ધિથી અનુગૃહીત ધર્મબોધકરના વચનને સ્મરણ કરતો આ જીવ પથ્ય આહારમાં રત હતો. ક્યારેક જ અભ્યાસથી અન્યને=કદન્નને, ખાય છે. ॥૨૧૯॥**

**શ્લોક :-**

**स्वप्नेन्द्रजालसदृशं, संसारं मन्यते हि सद्बुद्धिः ।**
**तप्तायःपददानन्यायाद् भुङ्क्तेऽपि विषयसुखम् ।।२२०।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, સદ્બુદ્ધિ સંસારને સ્વપ્ન અને ઈન્દ્રજાલ સદૃશ માને છે. તપાયેલા લોખંડના ગોળા ઉપર પદ મૂકવાના ન્યાયથી=દૃષ્ટાંતથી, વિષયસુખને ભોગવે છે.**

ગુરુ દ્વારા સદ્બુદ્ધિ પ્રાપ્ત થયા પછી ગુરુએ આપેલ સદ્બુદ્ધિના હાર્દને કહેનારાં વચનોને આ જીવ સદા સ્મરણ કરે છે તેથી સદ્અનુષ્ઠાનો તે રીતે જ સેવે છે કે જેથી તે સદ્અનુષ્ઠાનોમાં ચિત્ત અત્યંત સંશ્લેષ પામે અને તે સદ્-અનુષ્ઠાનના બળથી સર્વવિરતિને અનુકૂળ અસંગભાવવાળું ચિત્ત પ્રગટ થાય. વળી, પૂર્વમાં કદન્ન ખાવાનો અભ્યાસ છે તેના વશથી ક્યારેક સંસારના વિષયો સેવે છે તોપણ સદ્બુદ્ધિના વશથી તેઓને ધન, વિષય, ભોગસામગ્રી સર્વ રૂપ સંસાર સ્વપ્નના જેવો કે ઇન્દ્રના જાલ જેવો દેખાય છે તેથી ભોગાદિમાં ચિત્ત સંશ્લેષ પામતું નથી અને વિષયસુખો જે અલ્પ પ્રમાણમાં ભોગવે છે તે પણ તપાવેલા ગોળા ઉપર પદના સ્થાપનના દૃષ્ટાંતથી ભોગવે છે. જેમ બુદ્ધિમાન પુરુષ જાણે છે કે આ ગોળો તપાવેલો છે છતાં મારે કોઈક કારણે પગ મૂકવો પડે એમ છે તો તેને પગ સ્પર્શે કે તરત પગને ખેંચીને સામે કૂદીને પડે છે તેમ સદ્બુદ્ધિવાળા વિવેકી શ્રાવકો તે રીતે ભોગ કરે છે કે જેથી ભોગનો સંશ્લેષ થતો નથી. જેથી ભોગકૃત ઈષદ્ કષાયોનો તાપ માત્ર થાય છે જેમ તપાવેલા ગોળા ઉપર પગ મૂકનારને ઈષદ્ તાપ માત્ર થાય છે, પરંતુ દાહ કે ફોડલા થતા નથી તેમ ભોગથી પણ ભોગના સંસ્કારોરૂપી દાહ વૃદ્ધિ પામતો નથી. **॥૨૨૦॥**

**શ્લોક :-**

**जाता चरणसुखाशा, तनुवाङ्मनसां व्यथा निरनुबन्धा ।**
**अहितेऽस्य गृद्ध्यभावान्नष्टं बीभत्सरूपत्वम् ।।२२१।।**

**શ્લોકાર્થ :-**

**ચરણસુખાશા=ચારિત્રના પરિણામરૂપ સુખાસિકા થઈ. શરીર, વાણી અને મનની વ્યથા નિરનુબંધ થઈ. આને=પ્રસ્તુત જીવને, અહિતમાં= ભોગના સેવનમાં, ગૃદ્ધિનો અભાવ હોવાથી બીભત્સ સ્વરૂપ નષ્ટ થયું.**

સદ્બુદ્ધિના પ્રસાદથી ચિત્ત ભોગમાં અસંશ્લેષવાળું થયું અને સદ્અનુષ્ઠાનમાં ગાઢ આસક્ત ચિત્ત થયું. તેથી ચારિત્રનું સુખ ઉત્પન્ન થયું=ઉપશમ-ભાવનું સુખ ઉત્પન્ન થયું અને ભોગમાં સંશ્લેષને કારણે જે શરીરની, વાણીની અને મનની વ્યથા પૂર્વમાં હતી તે વ્યથા ઇન્દ્રજાળ જેવું ભોગનું સુખ છે તેમ જણાવાથી ઉત્તરોત્તર અલ્પ, અલ્પતર થાય તેવી ક્ષીણ શક્તિવાળી થઈ પરંતુ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તેવી અનુબંધવાળી નાશ પામી. અહિત એવા ભોગાદિમાં ગૃદ્ધિનો અભાવ થવાથી ભોગમાં સંશ્લેષની પરિણતિવાળું આત્માનું બીભત્સ સ્વરૂપ નષ્ટ થયું. **॥૨૨૧॥**

**શ્લોક :-**

**सद्बुद्धेः सान्निध्यात्, कदन्नभुक्तौ स लज्जते बाढम् ।**
**हतदोषकामचारस्तदसौ जातः सदाचारः ।।२२२।।**

**શ્લોકાર્થ :-**

**સદ્બુદ્ધિના સાન્નિધ્યથી કદન્નના ભોજનમાં તે ગાઢ લજ્જા પામે છે. તે કારણથી હણાયેલા દોષ અને હણાયેલા કામના આચારવાળો એવો આ=પ્રસ્તુત જીવ, સદાચારવાળો થયો.**

જીવને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે ભોગોની ચેષ્ટા અત્યંત લજ્જનીય જણાય છે તેથી પ્રાયઃ ભોગની પ્રવૃત્તિ કરતો નથી, ક્વચિત્ કંઈક ઇચ્છાથી તે ભોગની પ્રવૃત્તિ કરે છે ત્યારે તે ભોગની પ્રવૃત્તિ પણ તેને લજ્જાસ્પદ જણાય છે. જેમ શિષ્ટ પુરુષને કોઈક કારણથી મૃષા બોલવું પડે ત્યારે લજ્જા આવે છે તેમ સદ્બુદ્ધિવાળા જીવોને ભોગની પ્રવૃત્તિમાં કુત્સિતતાનો બોધ હોવાથી લજ્જા આવે છે. તેથી ભોગમાં સંશ્લેષરૂપ દોષ અને ઇચ્છા પ્રમાણે ભોગમાં પ્રવૃત્તિ કરવા રૂપ આચારો નાશ પામે છે તેથી સદ્બુદ્ધિવાળો જીવ સદાચારો અત્યંત દૃઢ પ્રણિધાનપૂર્વક સેવે છે. **॥૨૨૨॥**

**શ્લોક :-**

**पृष्टा तेन सुबुद्धिः, किमिवेदमकाण्डताण्डवं जातम् ।**
**साऽऽह स्तोककदन्नत्यागोपायस्य महिमाऽयम् ।।२२३।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે=પ્રસ્તુત જીવ વડે, સદ્બુદ્ધિ પુછાવાઈ, કયા કારણથી આ અકાંડ તાંડવ થયું=અચાનક પ્રશમનું સુખ થયું. તે કહે છે=સદ્બુદ્ધિ કહે છે, થોડા કદન્નના ત્યાગના ઉપાયનો આ મહિમા છે.**

સદ્બુદ્ધિના પ્રસાદથી જ્યારે જીવ ભોગાદિમાં અત્યંત અસંશ્લેષવાળો થાય છે અને સદ્અનુષ્ઠાનોમાં ગાઢ પ્રતિબંધવાળો થાય છે ત્યારે સદ્અનુષ્ઠાનના સેવનના બળથી વિશિષ્ટ પ્રકારનું પ્રશમસુખ થાય છે તેથી પોતાની સદ્બુદ્ધિ સાથે પર્યાલોચન કરે છે તેથી તેને જણાય છે કે પૂર્વમાં જે હું કદન્ન ખાતો હતો તે વખતે જે સંશ્લેષ હતો તે ઘણો અલ્પ થવાથી થોડાક કદન્નના ત્યાગના સેવનનો આ પ્રશમનો પરિણામ છે. **॥૨૨૩॥**

**શ્લોક :-**

**स जगौ ननु यद्येवं, त्यजामि तत्सर्वथा कदन्नमिदम् ।**
**सर्वाकुलतारहितं, येन प्राप्नोमि सुखमतुलम् ।।२२४।।**

**શ્લોકાર્થ :-**

**તે=પ્રસ્તુત જીવ, બોલ્યો=સદ્બુદ્ધિને કહ્યું, ખરેખર જો આ પ્રમાણે છે=થોડાક કદન્નના ત્યાગથી આવું ઉત્તમ સુખ થાય છે એ પ્રમાણે છે, તો સર્વથા આ કદન્નનો હું ત્યાગ કરું. જેના કારણે સર્વાકુલતા રહિત અતુલ સુખને પ્રાપ્ત કરું.**

પ્રશમનું સુખ થોડાક કદન્નના ત્યાગથી થવાને કારણે પ્રશમના સુખનો દૃઢ પક્ષપાત થવાથી તે જીવને વિચાર આવે છે કે સર્વ સંગનો ત્યાગ કરીને હું અતુલ સુખને પ્રાપ્ત કરું; કેમ કે સંયમજીવનમાં દૃઢ પ્રણિધાનપૂર્વક સેવાયેલી સત્ ક્રિયાઓથી ચિત્ત સર્વ આકુળતા રહિત શ્રેષ્ઠકોટિના પરમસુખનું કારણ બને છે. **॥૨૨૪॥**

શ્લોક :-

**सा प्राह सर्वसङ्गत्यागः श्रेयान् परं सति विवेके ।**
**स्नेहच्छेदे फलवान्, विपरीतफलोऽन्यथा ह्येषः ।।२२५।।**

શ્લોકાર્થ :-

**તે=સદ્બુદ્ધિ, કહે છે. સર્વ સંગનો ત્યાગ શ્રેયકારી છે પરંતુ વિવેક હોતે છતે સ્નેહના છેદમાં ફળવાળું છે. हि=જે કારણથી, અન્યથા=વિવેકના અભાવમાં સ્નેહનો છેદ થાય નહીં તો આ=સર્વ સંગનો ત્યાગ, વિપરીત ફલવાળો છે.**

સદ્બુદ્ધિના ફલરૂપ પ્રશમ સુખનો સાક્ષાત્ અનુભવ થવાને કારણે જીવને વિચાર આવે છે કે દેશવિરતિમાં રહીને હું જે અલ્પ અનુષ્ઠાન સેવું છું, ત્યારે પણ આવું અપૂર્વ સુખ થાય છે તો સર્વ સંગના ત્યાગને કારણે રાત-દિવસ સદ્અનુષ્ઠાનનું સેવન થશે તેથી અપૂર્વ કોટિનું સુખ પ્રાપ્ત થશે, તે વખતે સૂક્ષ્મ પ્રજ્ઞાથી વિચારતાં સદ્બુદ્ધિના બળથી તે જીવને જણાય છે કે પ્રકર્ષવાળું ભેદજ્ઞાન સ્નેહનો છેદ કરીને સુખ આપવાના ફલવાળું છે અને સર્વ સંગનો ત્યાગ કર્યા પછી જો પ્રકર્ષવાળું ભેદજ્ઞાન પ્રગટ નહીં થાય અને પૂર્વના અભ્યાસના બળથી સંગની વાસના જાગશે તો સર્વ સંગનો ત્યાગ પૂર્વના સંગના પરિણામનું સ્મરણ કરાવીને વિનાશનું જ કારણ બનશે. **॥૨૨૫॥**

શ્લોક :-

**वसतो गृहेऽप्यगृद्ध्या, यान्ति श्राद्धस्य याप्यतां रोगाः ।**
**कृतसर्वत्यागस्याप्यभिलाषवतस्तु विकृताः स्युः ।।२२६।।**

શ્લોકાર્થ :-

**ઘરમાં વસતા પણ શ્રાવકને અગૃદ્ધિથી રોગો શાંતતાને પ્રાપ્ત કરે છે. વળી કરાયેલા સર્વ ત્યાગવાળા પણ અભિલાષવાળા જીવને વિકૃત થાય છે=રોગો વિકૃતિવાળા થાય છે.**

સર્વ સંગના ત્યાગની ઇચ્છાવાળાને સદ્બુદ્ધિથી સૂક્ષ્મ આલોચન કરવાને કારણે જણાય છે કે બાહ્ય ત્યાગમાત્રથી રોગો ક્ષીણ થતા નથી તેથી ઘરમાં

વસતાં પણ ભોગમાં અગૃદ્ધિને કારણે રોગો શાંત થાય છે અને જે ભોગની થોડી ઇચ્છા હજી નષ્ટ થઈ નથી અને સર્વ સંગનો ત્યાગ કરવામાં આવે અને જો તે ભોગની અભિલાષા થાય તો બાહ્ય ત્યાગ હોવા છતાં ભાવરોગો અત્યંત વિકૃત બને છે. **॥૨૨૬॥**

**શ્લોક :-**

**शस्त्रमिव सुप्रयुक्तं, शत्रूच्छेदाय भवति चारित्रम् ।**
**अहिताय दुष्प्रयुक्तं, ग्राह्यं तत्सम्यगालोच्य ।।२२७।।**

**શ્લોકાર્થ :-**

**સુપ્રયુક્ત શસ્ત્રની જેમ ચારિત્ર શત્રુના છેદ માટે થાય છે. દુષ્પ્રયુક્ત શસ્ત્ર અહિતને માટે થાય છે, તે કારણથી સમ્યગ્ આલોચન કરીને=સ્વ-શક્તિનું નિપુણ પ્રજ્ઞાથી આલોચન કરીને ગ્રહણ કરવું જોઈએ=ચારિત્ર ગ્રહણ કરવું જોઈએ.**

શસ્ત્ર શત્રુથી પોતાના રક્ષણ અર્થે હોય છે અને સુંદર રીતે તે શસ્ત્રને પ્રવર્તાવવામાં આવે તો શસ્ત્ર દ્વારા શત્રુનો છેદ થાય છે તેમ અસંગભાવની વૃદ્ધિ કરે તે રીતે સેવાયેલી ચારિત્રની ક્રિયા મોહના સંસ્કારરૂપ શત્રુના છેદ માટે થાય છે અને જેમતેમ સેવાયેલી ચારિત્રની ક્રિયા કુત્સિત સંસ્કારો આધાન કરીને અહિત માટે થાય છે, માટે પોતાની શક્તિનું સમ્યગ્ સમાલોચન કરીને ચારિત્ર ગ્રહણ કરવું જોઈએ એમ સદ્બુદ્ધિ સલાહ આપે છે. **॥૨૨૭॥**

**શ્લોક :-**

**इति सद्बुद्धिविमर्शादीषद्दोलायितं मनस्तस्य ।**
**दध्यौ पतितमपि हितं, तरुपतनान्नोच्चमपि तु फलम् ।।२२८।।**

**શ્લોકાર્થ :-**

**એ પ્રમાણે=ગાથા-૨૨૭માં કહ્યું કે સમ્યગ્ આલોચન કરીને સંયમ ગ્રહણ કરવું જોઈએ એ પ્રમાણે, સદ્બુદ્ધિના વિમર્શથી તેનું=પ્રસ્તુત જીવનું, થોડુંક મન ડોલાયમાન થયું. વિચાર્યું વૃક્ષથી પતન થવાને કારણે=**

**વૃક્ષ ઉપર ચઢીને ફલ લેવા જતાં પતન થવાને કારણે, શ્રેષ્ઠ પણ ફલ હિત નથી. પડેલું પણ=જમીનમાં પડેલું પણ, હિત છે.**

ગાથા-૨૨૭માં કહ્યું કે વિવેકીએ સમ્યગ્ આલોચન કરીને સંયમ ગ્રહણ કરવું જોઈએ. આ પ્રકારની સદ્‌બુદ્ધિના બોધથી ભિક્ષા માટે તત્પર થયેલા જીવનું મન સંયમ લેવામાં કંઈક તત્પર હોવા છતાં ડોલાયમાન થાય છે અને વિચારે છે કે વૃક્ષ ઉપરથી પતનનો ભય હોય તો વૃક્ષ ઉપર રહેલું શ્રેષ્ઠ ફલ પણ ગ્રહણ કરવું હિતકારી નથી પરંતુ નીચે પડેલું સામાન્ય ફલ જ હિતકારી છે તેમ સંયમ ગ્રહણ કર્યા પછી અસંગ શક્તિને અનુકૂળ દૃઢ યત્ન કરવામાં ચિત્ત વ્યાપારવાળું ન થઈ શકે અને સંગથી જ આનંદ લેવાની વૃત્તિ ઉલ્લસિત થાય તો સંયમ ગ્રહણ કર્યા પછી પણ બાહ્ય પદાર્થોના સંગમાંથી જ આનંદ લેવાનો પ્રયત્ન થાય ત્યારે ઉપમિતિમાં બતાવેલ સિંહ મુનિની જેમ પતન થવાનો સંભવ છે, તેથી ગૃહસ્થ અવસ્થામાં રહીને જ અસંગ શક્તિને પ્રગટ કરવાનો યત્ન કરવો તે હિત છે. **॥૨૨૮॥**

**શ્લોક :-**

**अजनि कदालम्बनधीरनुवृत्तैरथ चरित्रमोहांशैः ।**
**पोष्यं कुटुम्बकं मे, किमनेनाकाण्डकलहेन ।।२२९।।**

**શ્લોકાર્થ :-**

**હવે અનુવૃત્ત એવા ચારિત્ર મોહાંશોથી=ચિત્તવૃત્તિમાં વર્તતા ચારિત્ર મોહાંશોથી, કદાલંબન બુદ્ધિવાળો થયો. મારું કુટુંબ પોષ્ય છે. અકાંડ કલહવાળા એવા આના વડે=અનવસરે ક્લેશ કરાવનારા એવા સંયમ ગ્રહણ વડે શું ?**

સંયમ ગ્રહણ કર્યા પછી જો બાહ્ય વિષયોને અભિમુખ ચિત્ત જશે તો અધિક વિનાશ થશે તેવું સદ્‌બુદ્ધિથી નિર્ણય થવાને કારણે કેટલાક જીવોનું સદ્‌વીર્ય દૃઢ પ્રયત્નપૂર્વક સંયમ ગ્રહણ કરવાને અભિમુખ ઉલ્લસિત થાય છે જ્યારે કેટલાક અલ્પ વીર્યવાળા જીવોના ચિત્તમાં અનુવૃત્તિરૂપે રહેલા સંગના પરિણામરૂપ ચારિત્રમોહના પરિણામથી કદાલંબનની બુદ્ધિ થાય છે=મારામાં હજી તેવું બલ

સંચય થયું નથી તેથી મને ચારિત્ર ગ્રહણ કર્યા પછી સંગની વાસના ઊઠે તેવું મારું ચિત્ત જણાય છે તેવી કદાલંબનની બુદ્ધિ થાય છે, પરંતુ સર્વ ઉદ્યમથી હું અસંગને અનુકૂળ યત્ન કરીશ તેવી સદાલંબનની બુદ્ધિ ઉલ્લસિત થતી નથી તેથી વિચારે છે કે મારું કુટુંબ મારા ઉપર નિર્ભર છે. તેની ચિંતા હું નહીં કરું તો સંયમ ગ્રહણ કર્યા પછી તેના વિચારો મને વિહ્વલ કરશે તેથી અચાનક જ કલહ કરાવનાર સંયમગ્રહણ થશે. તેથી તેનાં ગ્રહણથી શું ? આ પ્રકારે કદા-લંબનબુદ્ધિ તે જીવ થાય છે. **॥૨૨૯॥**

**શ્લોક :-**

**प्रव्रज्या बाहुभ्यां, जलनिधितरणं नभस्वता भरणम् ।**
**वस्त्रग्रन्थेः शिरसा, विदारणं पर्वतस्य तथा ।।२३०।।**
**चर्वणमयोयवानां, मानं पाथोनिधेः कुशाग्रेण ।**
**राधावेधविधानं, गमनं नद्यां प्रतिश्रोतः ।।२३१।।**
**शक्तोऽहं नैतस्यां, न विनाऽप्येनां समग्रसुखलाभः ।**
**तत् किं कुर्वे साम्प्रतमिति संदेहाकुलः सोऽभूत् ।।२३२।।**

**શ્લોકાર્થ :-**

**બાહુ દ્વારા સમુદ્રનું તરણ, વસ્ત્રની ગ્રંથિથી પવનનું ભરવું અને પર્વતને મસ્તક વડે તોડવું પ્રવ્રજ્યા છે. લોખંડના જવોનું ચાવવું પ્રવ્રજ્યા છે. કુશના અગ્રભાગથી સમુદ્રને માપવાની ક્રિયા પ્રવ્રજ્યા છે. રાધાવેધને સાધવું પ્રવ્રજ્યા છે, નદીના પ્રતિશ્રોતનું ગમન પ્રવ્રજ્યા છે. હું આમાં=પ્રવ્રજ્યામાં, સમર્થ નથી આના વગર પણ=પ્રવ્રજ્યા વગર પણ, સમગ્ર સુખનો લાભ નથી=અસંગ પરિણતિરૂપ સુખની પ્રાપ્તિ નથી, તે કારણથી હમણાં હું શું કરું એ પ્રમાણે સંદેહથી આકુલ તે=પ્રસ્તુત જીવ થયો.**

ગાથા-૨૨૭માં કહ્યું કે ચારિત્રમોહના અંશને કારણે પ્રસ્તુત જીવને કદાલંબનની બુદ્ધિ થઈ તેથી સંયમનું પારમાર્થિક સ્વરૂપ જાણવા છતાં તેની દુષ્કરતાની જ ભિન્ન ભિન્ન દૃષ્ટાંતોથી વિચારણા કરે છે. અને વિચારે છે કે અસંગશક્તિને અનુકૂળ યત્ન કરવા હું સમર્થ નથી અને અસંગશક્તિના યત્નરૂપ પ્રવ્રજ્યા વગર

પૂર્ણ સુખ થાય તેમ નથી તેથી હું શું કરું એ નિર્ણય કરવા માટે અસમર્થ બને છે, તેથી પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને અભિમુખ થયેલું ચિત્ત કંઈક શિથિલ બને છે. **॥૨૩૦થી ૨૩૨॥**

**શ્લોક :-**

भूरिमहाकल्याणं, भुक्त्वाऽयमथान्यदा तपोनियमैः ।
भक्षितवानल्पतरं, प्रसंगतोऽर्थार्जनकदन्नम् ।।२३३।।

**શ્લોકાર્થ :-**

**હવે અન્યદા તપ નિયમોથી ઘણા મહાકલ્યાણને ખાઈને પ્રસંગથી અર્થઅર્જનરૂપ કદન્નને અલ્પતર ખાધું. ॥૨૩૩॥**

**શ્લોક :-**

स ततः सदन्नतृप्तेः, सद्बुद्धेः सन्निधेश्च तदपथ्यम् ।
अन्वभवत् क्वथितरसं, मलाविलं लज्जनीयं च ।।२३४।।

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી સદ્ અન્નની તૃપ્તિ હોવાથી અને સદ્બુદ્ધિનું સન્નિધાન હોવાથી તે અપથ્યને=અલ્પતર અર્થઅર્જનાદિ કદન્નના ભક્ષણને, ક્વથિત રસવાળું=કુત્સિત રસવાળું, મલથી યુક્ત અને લજ્જનીયને તેણે અનુભવ કર્યું. ॥૨૩૪॥**

**શ્લોક :-**

छित्त्वाऽथ रागतन्तून्, स्वजनादिभवं व्यलीकमनुचिन्त्य ।
प्रविहाय पूर्वपक्षं, पुनरभिलाषस्य दृढभावात् ।।२३५।।
लब्ध्वा राज्यं दासः, कः स्यादिति संयमे रतिं कुर्वे ।
यद् भाव्यं तद् भवतादिति सिद्धान्तं स जग्राह ।।२३६।।
युग्मम् ।।

**શ્લોકાર્થ :-**

**હવે સ્વજનાદિથી થયેલ ખોટી આચરણાને વિચારીને, રાગતંતુને છેદીને, પૂર્વ પક્ષનો ત્યાગ કરીને=મારું કુટુંબ પોષ્ય છે ઇત્યાદિ રૂપ પૂર્વ પક્ષનો ત્યાગ કરીને, ફરી અભિલાષનો દૃઢ ભાવ હોવાથી=અસંગ પરિણામને પ્રગટ કરવાના અભિલાષનો દૃઢ ભાવ હોવાથી, રાજ્યને પ્રાપ્ત કરીને કોણ દાસ થાય, એ પ્રમાણે સંયમમાં રતિ કરી, જે થવાનું હશે તે થાઓ એ પ્રમાણે સિદ્ધાંતને તેણે ગ્રહણ કર્યો.**

સમ્યગ્દૃષ્ટિજીવ શાસ્ત્ર ભણીને નિપુણ પ્રજ્ઞાવાળો થાય છે ત્યારે સદ્બુદ્ધિને પ્રાપ્ત કરે છે. સદ્બુદ્ધિને પામ્યા પછી પણ અવિરતિ આપાદક કર્મો ભોગમાં સર્વથા અસંશ્લેષની પરિણતિ પ્રગટ થવા દેતાં નથી તેથી જ સદ્બુદ્ધિના બળથી પ્રસ્તુત જીવને ચારિત્રપાલન અત્યંત દુષ્કર જણાય છે. આ રીતે કેટલોક કાળ પસાર કર્યા પછી પ્રતિદિન નિર્લેપ પરિણતિરૂપ ભૂરિ મહાકલ્યાણને ભોગવે છે અને શક્તિના પ્રકર્ષથી તપનિયમ કરીને નિર્લેપ પરિણતિને સ્થિર, સ્થિરતર કરે છે, છતાં ગૃહસ્થઅવસ્થામાં પ્રસંગથી અર્થઅર્જનની ક્રિયા કરે છે. જે નિર્લેપ પરિણતિને વ્યાઘાતક હોવાથી કદન્નને તુલ્ય છે, છતાં તે અર્થઅર્જનમાં અત્યંત અલ્પ સંશ્લેષ હોવાથી તે કદન્નનું ભક્ષણ અલ્પતર થાય છે; કેમ કે અર્થઅર્જનકાળમાં પણ અસંગ પરિણતિનો દૃઢ રાગ હોવાથી સંશ્લેષ નહિવત્ થાય છે. તેથી તપ-નિયમાદિ દ્વારા જે સંયમની પરિણતિ ઉલ્લસિત થઈ તેથી તુપ્તિની વૃદ્ધિ થઈ અને તત્ત્વને જોનારી નિર્મળમતિરૂપ સદ્બુદ્ધિ વિદ્યમાન હોવાથી ભોગના સંશ્લેષ વગરની અવસ્થા જ સુખાત્મક છે તેવો સ્પષ્ટ બોધ થાય છે અને અર્થઅર્જનાદિની પ્રવૃત્તિ કુત્સિત, લજ્જનીય જણાય છે; કેમ કે તે પ્રવૃત્તિથી સ્પષ્ટ રીતે મનુષ્યભવ નિષ્ફળ થતો જણાય છે. તેથી કુટુંબ પોષ્ય છે ઇત્યાદિ પૂર્વમાં ચિંતવન કરેલું તેનો ત્યાગ કરીને સ્વજનાદિ પ્રત્યેના રાગતંતુને છેદીને અને સ્વજનાદિ પોતાની તે તે પ્રકારની કર્મજન્ય પરિણતિને કારણે જે અસંબદ્ધ આચરણા કરે છે તેનો વિચાર કરીને સર્વત્ર અપ્રતિબદ્ધ માનસને પ્રગટ કરવાના અભિલાષને તે દૃઢ કરે છે; કેમ કે નિર્લેપ પરિણતિરૂપ રાજ્ય જે પુરુષને પોતાને હાથમાં દેખાતું હોય તે પુરુષ કઈ રીતે વિષયોના દાસને સ્વીકારે ? એ પ્રકારે વિચારીને પ્રસ્તુત જીવ સર્વ ત્યાગમાં રતિને કરે છે. અને વિચારે છે કે જે થવાનું હોય તે થાઓ,

હું અવશ્ય સર્વ સંગનો ત્યાગ કરીને સુખની પરંપરાને પ્રગટ કરવા પ્રયત્ન કરીશ એ પ્રકારનો સિદ્ધાંત ચિત્તમાં સ્થાપન કરે છે. **॥૨૩૫-૨૩૬॥**

**શ્લોક :-**

**अथ सद्बुद्धिः प्रोक्ता, तेनेदं क्षालयाधुना भद्रे ।**
**मम भाजनं कदन्नं, त्यजामि सर्वं हिताकाङ्क्षी ।।२३७।।**

**શ્લોકાર્થ :-**

**હવે તેના વડે=તે પ્રસ્તુત જીવ વડે, સદ્બુદ્ધિ કહેવાઈ, હે ભદ્રા ! સદ્બુદ્ધિ ! હવે મારું આ ભાજન=કદન્નનું ભાજન, સ્વચ્છ કર. હિતનો આકાંક્ષી એવો હું સર્વ કદન્નનો ત્યાગ કરું છું.**

પ્રસ્તુત જીવ ભગવાનના વચન રૂપ સદ્બુદ્ધિથી તે રીતે આત્માને ભાવિત કરે છે જેથી આયુષ્યરૂપી પોતાનું ભાજન ભોગાદિ પ્રત્યે અત્યંત અસંશ્લેષવાળું થાય તે સદ્બુદ્ધિને ભાજન ધોવાની આજ્ઞા સ્વરૂપ છે અને સંપૂર્ણ નિઃસંગ પરિણતિ રૂપ હિતનો આકાંક્ષી એવો તે જીવ વિચારે છે કે સર્વ પદાર્થો પ્રત્યેના સંશ્લેષ રૂપ કદન્નનો અને તેના કારણીભૂત સ્વજનાદિ સંબંધ રૂપ કદન્નનો હું ત્યાગ કરું છું. આ પ્રકારે ભાવન કરીને તે જીવ અત્યંત સંયમને અભિમુખ ચિત્તવાળો થાય છે. **॥૨૩૭॥**

**શ્લોક :-**

**सा प्राह प्रष्टव्यः, कार्येऽस्मिन् चारुधर्मबोधकरः ।**
**कार्यतरुर्न विकारं, विचारपरिरक्षितो याति ।।२३८।।**

**શ્લોકાર્થ :-**

**તે=સદ્બુદ્ધિ કહે છે, આ કાર્યમાં=સર્વ કદન્ન ત્યાગના કાર્યમાં, ધર્મબોધકર અત્યંત પૂછવા યોગ્ય છે. વિચારથી પરિરક્ષિત એવો કાર્યરૂપી વૃક્ષ વિકારને પામતો નથી.**

સદ્બુદ્ધિરૂપ ભગવાનની આજ્ઞા તે જીવને બોધ કરાવે છે કે મને મારી બુદ્ધિથી સંયમની યોગ્યતા જણાઈ, હવે મારાથી અધિક પ્રજ્ઞાવાળા ધર્મબોધકરના

અભિપ્રાયથી પણ મારી યોગ્યતાનો નિર્ણય કરવો જોઈએ; કેમ કે પોતાની બુદ્ધિરૂપ અને પ્રાજ્ઞ પુરુષ એવા ગુરુની બુદ્ધિરૂપ વિચારથી રક્ષણ કરાયેલું સર્વ સંગના ત્યાગરૂપ કાર્ય સ્વરૂપ વૃક્ષ ક્યારેય વિકારને પામતું નથી=સ્વપ્રજ્ઞાથી પોતાની યોગ્યતાનો નિર્ણય થયો છે અને ગુરુને પણ પોતાની યોગ્યતાને જોઈને સંયમને યોગ્ય છે તેવો નિર્ણય થયો છે તેથી સર્વ સંગના ત્યાગરૂપ કાર્ય અવશ્ય નિર્લેપ પરિણતિને પ્રગટ કરવા સમર્થ બને છે. પરંતુ વિપરીત ફલવાળું થતું નથી. **॥૨૩૮॥**

**શ્લોક :-**

**निजनिश्चयप्रदर्शनपूर्वं पृष्टोऽथ धर्मबोधकरः ।**
**योग्यत्वं गीतार्थैः, सह पर्यालोच्य जानानः ।।२३९।।**
**अत्याजयत् कदन्नं, विमोचयंस्तं समस्तसङ्गेभ्यः ।**
**अक्षालयच्च भाजनमाजन्मालोचनासलिलैः ।।२४०।।**

**શ્લોકાર્થ :-**

**હવે પોતાના નિશ્ચયના પ્રદર્શનપૂર્વક ધર્મબોધકર પુછાયા, ગીતાર્થોની સાથે પર્યાલોચન કરીને યોગત્વને જાણતા સમસ્ત સંગોથી તેને છોડાવતા એવા ધર્મબોધકરે કદન્નનો ત્યાગ કરાવ્યો, અને આજન્મના આલોચનરૂપી પાણીથી ભાજન ધોયું.**

પ્રસ્તુત જીવ પોતાની સ્વબુદ્ધિથી અને ભગવાનની આજ્ઞાના આલોચનથી પોતાની યોગ્યતાનો નિર્ણય કરીને હું સર્વ સંગનો ત્યાગ કરવા તત્પર થયો છું તેથી મારે શું કરવું જોઈએ એ પ્રકારે ધર્મબોધકરને પૂછે છે. ધર્મબોધકર ગુરુ તેની યોગ્યતાને જાણી શકે છે તોપણ સર્વ સંગનો ત્યાગ ભાવથી અતિદુષ્કર છે તેથી પ્રસ્તુત જીવની પ્રકૃતિના બોધપૂર્વક ગીતાર્થોની સાથે પર્યાલોચન કરે છે કે સર્વ સંગનો ત્યાગ કર્યા પછી આ જીવ સંયમની વૃદ્ધિને અનુકૂળ યત્ન કરી શકશે કે નહીં. સર્વ ગીતાર્થોના વચનથી તેની યોગ્યતાનો નિર્ણય કરીને સુગુરુ સંસારના સર્વ સંબંધરૂપ કદન્નનો ત્યાગ કરાવે છે.

ધર્મ ઉપકરણ સિવાય દેહ, સ્વજન, કુટુંબરૂપ સર્વ સંગનો ત્યાગ કરાવતા

ગુરુ તેના મનુષ્યના આયુષ્યરૂપ ભાજનને તીવ્ર સંવેગપૂર્વક આજન્મના આલોચનરૂપ પાણીથી સ્વચ્છ કરે છે જેથી સંવેગપૂર્વક જન્મથી માંડેલાં સર્વ પાપોને નિવેદન કરીને તે મહાત્મા નિષ્પાપ ચિત્તવૃત્તિવાળા બને છે. આ રીતે આયુષ્યરૂપી ભાજનને તે મહાત્મા આલોચન દ્વારા સ્વચ્છ કરે છે. **॥૨૩૯-૨૪૦॥**

**શ્લોક :-**

**आलोचनाख्यसलिलक्षालनमाहात्म्यतश्च तत्पात्रम् ।**
**जातं तपनीयमयं, वाक्पारे दिव्यवस्तुगुणः ।।२४१।।**

**શ્લોકાર્થ :-**

**અને આલોચન નામના પાણીના ક્ષાલનના માહાત્મ્યથી તે પાત્ર સુવર્ણમય થયું. વાણીરૂપી સમુદ્રમાં દિવ્ય વસ્તુનો ગુણ છે.**

આલોચના ગ્રહણ કરવાની ક્રિયારૂપ પાણીમાં જે પશ્ચાત્તાપરૂપ દિવ્ય વસ્તુ છે તેના બળથી લોહમય એવું પાત્ર સુવર્ણમય થયું. **॥૨૪૧॥**

**શ્લોક :-**

**अन्यदसंयमजीवितमन्यच्च वदन्ति संयमायुष्कम् ।**
**इति गृहियतिवरभिक्षाभाजनभेदः समयसिद्धः ।।२४२।।**

**શ્લોકાર્થ :-**

**અન્ય અસંયમ જીવિત=ગૃહસ્થનું જીવન, અને અન્ય સંયમાયુષ્ક કહે છે=શિષ્ટપુરુષો કહે છે એથી ગૃહસ્થના અને શ્રેષ્ઠ યતિના ભિક્ષાના ભાજનનો ભેદ સમયસિદ્ધ છે.**

પૂર્વ ગાથામાં કહ્યું કે આયુષ્યરૂપી દેહ પૂર્વમાં લોખંડ હતું તે આલોચના કાળમાં વર્તતા પશ્ચાત્તાપના બળથી સુવર્ણમય બન્યું. કેમ સુવર્ણમય બન્યું ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે – ગૃહસ્થઅવસ્થામાં અસંયમ જીવિત આયુષ્ક છે. તેથી લોખંડ જેવું તે આયુષ્ય છે. અને દિવ્યવસ્તુના સંયોગથી આત્મામાં જે સંયમનો પરિણામ પ્રગટ્યો તે વીતરાગ તરફ જનારી પરિણતિ સ્વરૂપ હોવાથી અન્ય પ્રકારનો છે તેથી ગૃહસ્થનું આયુષ્યરૂપી ભાજન લોખંડ જેવું હોવાથી

દક્ષિણ તરફ આવર્તવાળું ન હતું. વળી સંયમ ગ્રહણ કર્યું ત્યારે સાધુનું આયુષ્કરૂપી ભાજન આત્માના નિરાકુળ સ્વભાવ તરફ જનાર થયું તેથી દક્ષિણ તરફ આવર્તવાળું થયું તેથી ગૃહસ્થના આયુષ્યના ભાજનથી સાધુના આયુષ્યના ભાજનનો ભેદ છે. એ કથન શાસ્ત્રથી સિદ્ધ છે. **॥૨૪૨॥**

**શ્લોક :-**

**तच्च महाकल्याणकपूर्णं चक्रे महाव्रतारोपात् ।**
**जिनचैत्यसंघपूजामहोत्सवस्तद्दिने ववृधे ।।२४३।।**

**શ્લોકાર્થ :-**

**અને મહાવ્રત આરોપથી મહાકલ્યાણકથી પૂર્ણ એવા તેને=આયુષ્યરૂપી ભાજનને, કર્યું. તે દિવસમાં=મહાવ્રતના આરોપણના દિવસમાં, જિનનાં ચૈત્ય, સંઘપૂજા, મહોત્સવાદિ વૃદ્ધિ પામ્યાં.**

સંયમ ગ્રહણ કરવા તત્પર થયેલા જીવમાં ગુરુ આયુષ્યરૂપી ભાજનને આલોચનાથી શુદ્ધ કર્યા પછી પાંચ મહાવ્રતો ઉચ્ચરાવે છે અને દીક્ષા ગ્રહણ કરનાર મહાત્મા દૃઢ પ્રણિધાનપૂર્વક તે પ્રતિજ્ઞાને સ્મરણ કરે છે જેનાથી હવે પછી આ મહાવ્રતોની મર્યાદાથી જ મારે મન, વચન, કાયાને પ્રવર્તાવવાં જોઈએ તેવો સંકલ્પ થાય છે. અને મહાવ્રતોના સૂક્ષ્મ બોધપૂર્વક કરાયેલો તે સંકલ્પ હોવાથી તેનું આયુષ્ય વીતરાગગામી ઉપયોગવાળું બને છે. તેથી તે આયુષ્યરૂપી ભાજન મહાકલ્યાણકથી પૂર્ણ છે તેમ કહેવાય છે અને તેવા ઉત્તમ સંકલ્પને કારણે તે દિવસે જિનચૈત્યમાં પૂજા કરાય છે, સંઘપૂજા કરાય છે, મહોત્સવ કરાય છે જે સર્વ પ્રવૃત્તિઓ મહાવ્રતો પ્રત્યેનો બદ્ધરાગ સ્થિર કરવાના અંગભૂત એવી ક્રિયાઓ રૂપ છે. **॥૨૪૩॥**

**શ્લોક :-**

**मेदस्विनी सुबुद्धिर्जाता मुदितश्च धर्मबोधकरः ।**
**उल्लसिता तस्य दया, प्रीतं नृपमन्दिरं निखिलम् ।।२४४।।**

**શ્લોકાર્થ :-**

**સુબુદ્ધિ મેદસ્વિની થઈ=પૂર્વમાં જે સુબુદ્ધિ હતી તે અતિનિર્મલતર થઈ,**

**ધર્મબોધકર આનંદિત થયા, તેની દયા=ધર્મબોધકરની દયા, ઉલ્લસિત થઈ, આખું રાજમંદિર પ્રીતિવાળું થયું.**

સંયમ ગ્રહણ કરનાર જીવમાં જે સુબુદ્ધિ પૂર્વમાં હતી તે અત્યંત સંયમ ગ્રહણ કર્યા પછી નિર્મલતર થાય છે; કેમ કે સર્વ ઉદ્યમથી આત્મગત સંક્લેશના ઉચ્છેદ માટે તે જીવને પ્રવર્તાવે તેવી સમર્થ બને છે. ધર્મબોધકર એક જીવ સંસારસમુદ્રમાંથી નિસ્તાર પામશે તેમ જાણીને હર્ષિત થાય છે. વળી, ધર્મબોધકરની દયા દીક્ષા આપ્યા પછી તે જીવને ઉચિત અનુશાસન આપવા દ્વારા અત્યંત ઉલ્લસિત થાય છે. તેથી દીક્ષા આપ્યા પછી સતત ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા દ્વારા તે મહાત્માના પારમાર્થિક હિતની ચિંતા કરે છે. ભગવાનના શાસનમાં જે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા વિદ્યમાન છે તેઓ અસંગતાને અનુકૂળ જતાં પ્રસ્તુત જીવના ચિત્તને જોઈને પ્રીતિવાળા થાય છે. **॥૨૪૪॥**

**શ્લોક :-**

**जातश्च यशोवादो, योऽयं राज्ञाऽवलोकितः सम्यग् ।**
**तत्सूदस्याभिमतस्तद्दयया पालितो विधिना ।।२४५।।**
**सद्बुद्ध्याऽनुगृहीतस्त्यक्तापथ्यश्च तत्प्रभावेन ।**
**सद्भेषजसेवनया, विमुक्तकल्पश्च रोगौघैः ।।२४६।।**
**सोऽयं नो निष्पुण्यः, किन्तु महात्मा सपुण्यको नूनम् ।**
**न हि दारिद्र्यापादककर्महतश्चक्रवर्ती स्यात् ।।२४७।।**

**શ્લોકાર્થ :-**

**અને યશોવાદ થયો. શું યશોવાદ થયો ? તે સ્પષ્ટ કરે છે – જે આ=પ્રસ્તુત જીવ, રાજા વડે સમ્યગ્ અવલોકન કરાયો, તેના સૂદને=રાજાના સૂદ એવા આચાર્યને, અભિમત થયો=પ્રસ્તુત જીવ અભિમત થયો, વિધિથી તદ્દયા વડે=આચાર્યની દયા વડે, પાલન કરાયો. સદ્બુદ્ધિ વડે અનુગ્રહ કરાયો અને તેના પ્રભાવથી=રાજાના અવલોકનના, આચાર્યની અભિમતતાના, આચાર્યની દયાના પ્રભાવથી, સદ્બુદ્ધિથી અનુગ્રહ કરાયેલો અને ત્યાગ કરાયેલા અપથ્યવાળો એવો પ્રસ્તુત જીવ**

**સદ્‌ઔષધના સેવનથી=જિનવચન અનુસાર ઉચિત ક્રિયાઓના સેવનથી, રોગના સમૂહ વડે મુક્ત જેવો તે આ નિષ્પુણ્ય નથી, પરંતુ ખરેખર સપુણ્યક મહાત્મા છે. હિ=જે કારણથી, દારિદ્ર્ય આપાદક કર્મથી હણાયેલો જીવ ચક્રવર્તી ન થાય.**

પ્રસ્તુત જીવે સંયમ ગ્રહણ કર્યું, ભાવથી સંયમની પરિણતિ સ્પર્શી, તેથી સુસ્થિત મહારાજારૂપ જે સિદ્ધના જીવો છે તેમને અત્યંત અભિમુખ પ્રસ્તુત જીવનું ચિત્ત થયું, તેથી સુસ્થિત રાજા વડે તે મહાત્મા સમ્યગ્ અવલોકન કરાયા છે. વળી ભગવાન વડે અવલોકન થયા છે માટે આચાર્યને પણ તે જીવ અત્યંત યોગ્યરૂપે સંમત છે. આથી જ તે આચાર્યની દયા તે જીવને વિધિપૂર્વક અનુશાસન આપીને સંયમની વૃદ્ધિ થાય તે પ્રકારે પાલન કરે છે અને જેમ જેમ ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા દ્વારા તે મહાત્મા સંપન્ન થાય છે તેમ તેમ તે મહાત્મા સદ્‌બુદ્ધિથી અનુગૃહીત થાય છે=વીતરાગતાને અભિમુખ જવા માટેની નિર્મળ સદ્‌બુદ્ધિ તેનામાં પ્રગટે છે તેના પ્રભાવથી બાહ્ય પદાર્થોના સંશ્લેષરૂપ અપથ્યનો તે જીવ ત્યાગ કરે છે. વળી, જિનવચનાનુસાર સર્વ ક્રિયાઓ કરે છે તેથી જિનનું સ્મરણ, જિને બતાવેલ જિન થવાની વિધિનું સ્મરણ કરીને તે મહાત્મા સર્વ ક્રિયાઓ કરે છે તેથી બાહ્ય પદાર્થો પ્રત્યેના સંશ્લેષના કારણે થતા રોગના સમૂહથી તે મુકાય છે માટે તે નિષ્પુણ્ય નથી પરંતુ સપુણ્યશાળી છે; કેમ કે દરિદ્રના આપાદક કર્મથી હણાયેલો જીવ ચક્રવર્તી થાય નહીં અને પ્રસ્તુત જીવ ભાવદારિદ્ર્યનાં આપાદક કર્મોથી રહિત હોવાને કારણે ચક્રવર્તી થયો છે. **॥૨૪૫થી ૨૪૭॥**

**શ્લોક :-**

**अथ तिष्ठतो नृपगृहे, तस्य दयाबुद्धिदलितदोषस्य ।**
**न भवति पीडा व्यक्ता, सूक्ष्मा प्राग्दोषतस्तु स्यात् ।।२४८।।**

**શ્લોકાર્થ :-**

**હવે, નૃપઘરમાં=સુસ્થિત રાજાના જિનસદનમાં, રહેતા, દયા અને બુદ્ધિથી દલિત દોષવાળા તેને=ગુરુની દયા અને સદ્‌બુદ્ધિથી નાશ કરેલા દોષવાળા એવા પ્રસ્તુત જીવને, વ્યક્ત પીડા થતી નથી. વળી,**

**પૂર્વના દોષથી સૂક્ષ્મ થાય છે.**

પ્રસ્તુત જીવ સંયમ ગ્રહણ કરીને ભગવાનના શાસનમાં વર્તે છે, ગુરુની દયા અને સદ્બુદ્ધિ દ્વારા સતત કષાયોની શક્તિને ક્ષીણ કરે છે તેથી બાહ્ય પદાર્થોમાં વ્યક્ત સંશ્લેષ પામે તેવા કષાયોની પીડા થતી નથી. તોપણ પૂર્વમાં કષાયોનો પ્રચુર અભ્યાસ કરેલો છે તેના સંસ્કારો નાશ થયા નથી તેથી, ઈષદ્ જ્વલનરૂપ સૂક્ષ્મ કષાયોની પીડા ક્યારેક થાય છે. **॥૨૪૮॥**

**શ્લોક :-**

**अथ सूक्ष्मभावदोषप्रतिघातपरायणः प्रशमपूर्णः ।**
**परिगलितलोकसंज्ञो, वैषयिकसुखे निराकाङ्क्षः ।।२४९।।**
**अक्ष्णोर्विमलालोकं, निदधात्यञ्जनमधीतपरमार्थः ।**
**तत्त्वप्रीतिकृदम्भः, पिबति च नित्यं पवित्रात्मा ।।२५०।।**
**विधिना भुङ्क्ते च महाकल्याणं चरणकरणचारुमतिः,**
**धीर्धृतिरोजः स्वास्थ्यं, प्रफुरति ततो धामहर्षश्च ।।२५१।।**

**શ્લોકાર્થ :-**

**હવે, સૂક્ષ્મ ભાવદોષના પ્રતિઘાતમાં તત્પર, પ્રશમથી પૂર્ણ, ગળી ગઈ છે લોકસંજ્ઞા જેમાં એવા, વૈષયિક સુખમાં આકાંક્ષા વગરના, ચક્ષુમાં વિમલાલોકરૂપ અંજન આંજે છે. અને જાણેલા પરમાર્થવાળો પવિત્ર આત્મા, તત્ત્વપ્રીતિને કરનારું પાણી નિત્ય પીએ છે અને ચરણકરણમાં સુંદર મતિવાળો વિધિપૂર્વક મહાકલ્યાણને ખાય છે. તેનાથી=રત્નત્રયના સેવનથી, બુદ્ધિ, ધૃતિ, તેજ, સ્વાસ્થ્ય અને તેજનો હર્ષ સ્ફુરાયમાન થાય છે.**

સંયમ ગ્રહણ કર્યા પછી પ્રસ્તુત જીવ સતત સૂક્ષ્મ ભાવદોષરૂપ કષાયોના પ્રતિઘાત કરવામાં તત્પર રહે છે=ક્ષયોપશમભાવના કષાયોને ક્ષાયિક ભાવોને અનુકૂળ કરવામાં યત્નશીલ રહે છે અને જેમ જેમ ક્ષયોપશમભાવની વૃદ્ધિ થાય છે તેમ તેમ પ્રશમસુખથી પૂર્ણ બને છે.

વળી લોકોને અનુકૂળ વર્તન કરવા રૂપ લોકસંજ્ઞાથી પર, પરતર થાય છે,

પાંચ ઇન્દ્રિયોના સુખોમાં આકાંક્ષા શાંત, શાંતતર થાય છે. અને નવું નવું શ્રુત અધ્યયન કરીને પરમાર્થને પામેલો તે જીવ સતત વિમલાલોક અંજનને આંજે છે=મોક્ષપ્રાપ્તિના ઉપાયભૂત મોક્ષમાર્ગના સૂક્ષ્મ ભાવોને જાણવા યત્ન કરે છે.

વળી, સતત સિદ્ધઅવસ્થા અને તેનાં કારણીભૂત જે તત્ત્વો છે તેમાં પ્રીતિ વધારે છે. વળી, વિધિપૂર્વક ચરણ સિત્તરી અને કરણ સિત્તરી સેવવાની સુંદર મતિને સ્થિર, સ્થિરતર કરે છે જેના કારણે તે મહાત્માની બુદ્ધિ નિર્મળ, નિર્મળતર થાય છે, મોક્ષમાર્ગમાં પ્રવર્તવાને અનુકૂળ ધૃતિ વૃદ્ધિ પામે છે, મોહનાશને અનુકૂળ તેજ વધે છે. ભાવઆરોગ્યરૂપ સ્વાસ્થ્ય અતિશયિત થાય છે અને મોક્ષપથના સૂક્ષ્મ, સૂક્ષ્મતર બોધને કારણે હર્ષ વધે છે. **॥૨૪૯થી ૨૫૧॥**

**શ્લોક :-**

**યઃ પ્રેતઃ પ્રાગાસીદ્, દેવઃ સોઽનેન સાંપ્રતં વિહિતઃ ।**
**ઇતિ ધર્મબોધકયશોમહિમા જગતિ પ્રસૃમરોઽભૂત્ ।।૨૫૨।।**

**શ્લોકાર્થ :-**

**જે પૂર્વમાં પ્રેત હતો, તે આના દ્વારા=દીક્ષા આપવા દ્વારા, હવે દેવ કરાયો એથી ધર્મબોધકરનો યશ મહિમા જગતમાં વિસ્તારવાળો થયો. ।।૨૫૨।।**

**શ્લોક :-**

**प्रथमदशावैराग्यादित्थं स्फीताशयश्चरणमानी ।**
**स्वगुणासङ्गवनेऽसौ, क्रीडां कर्तुं कदापि ययौ ।।२५३।।**
**तत्रात्मसंस्तुतिलताः, परनिन्दाशल्यपल्लवाताम्राः ।**
**विस्फारगारवफलाः, पूजाकुसुमस्मिता दृष्टाः ।।२५४।।**
**तादृशलताभिरभितो, रमणीयं प्रेक्ष्य किल तदुद्यानम् ।**
**शयितस्तच्छायायां, व्ययितो यत्नोऽञ्जनादीनाम् ।।२५५।।**
**सुप्तोत्थितश्च तस्मिन्, पञ्चेलिमं फलमपूर्वमालोक्य ।**
**आस्वाद्य गतः स्थाने, प्रस्तुतकार्यं पुनश्चक्रे ।।२५६।।**

भुञ्जानस्यापि महाकल्याणकमथ समग्रविधियुक्तम् ।
प्रकुपित इव वेतालः पुनरुन्मादोऽतुदद् गात्रम् ।।२५७।।
जाता ज्वरजर्जरता, मूर्छाकूपे च मानसं मग्नम् ।
दृष्ट्वेदृशं तमासीच्चिन्ताभाग् धर्मबोधकरः ।।२५८।।

युग्मम् ।।

**શ્લોકાર્થ :-**

**આ પ્રકારે પ્રથમ દશાના વૈરાગ્યથી સ્ફીત આશયવાળો, ચરણમાની, સ્વગુણના આસંગરૂપી વનમાં આ=પ્રસ્તુત જીવ, ક્યારેક ક્રીડા કરવા માટે ગયો. ત્યાં=સ્વગુણના આસંગરૂપી વનમાં, પરનિંદારૂપ શલ્યના પલ્લવોથી આ તામ્રવાળી, વિસ્ફાર પામતા ગારવના ફલવાળી, પૂજારૂપી કુસુમથી સ્મિત એવી આત્મસંસ્તુતિની લતા જોવાઈ. તેવા પ્રકારની લતાથી=ગાથા-૨૫૪માં કહ્યું તેવા પ્રકારની આત્મસંસ્તુતિરૂપી લતાથી, ચારે બાજુથી રમણીય તે ઉધાનને ખરેખર જોઈને તેની છાયામાં સૂતો, અંજનાદિનો યત્ન શિથિલ કરાયો. તેમાં=આત્મસંસ્તુતિરૂપ લતાની છાયામાં, સૂઈને ઊઠેલો અપૂર્વ એવા પાકેલા ફળને જોઈને આસ્વાદન કરીને સ્વસ્થાનમાં=તે વનને છોડીને સંયમની ક્રિયારૂપ સ્વસ્થાનમાં ગયો, ફરી પ્રસ્તુત કાર્યને કર્યું=સંયમવૃદ્ધિને અનુકૂળ એવાં ઉચિત અનુષ્ઠાનો રૂપ કાર્યને કર્યું. હવે સમગ્ર વિધિથી યુક્ત મહાકલ્યાણને ભોગવતા પણ પ્રકુપિત થયેલા વેતાલની જેમ તેના શરીરને ફરી ઉન્માદે પીડા કરી. જ્વરથી જર્જરતા થઈ, મૂર્છારૂપી કૂવામાં માનસ મગ્ન થયું, આવા પ્રકારના તેને જોઈને ધર્મબોધકર ચિંતાવાળા થયા.**

વૈરાગ્યની બે દશા છે. વિષયોનો વૈરાગ્ય અને ગુણનો વૈરાગ્ય. તેમાંથી પ્રસ્તુત જીવને આ રીતે પ્રથમ દશાવાળા વૈરાગ્યની પ્રાપ્તિ થઈ, તેથી સંયમ ગ્રહણ કરીને નિર્લેપ ચિત્તની પ્રાપ્તિ થઈ. સંગની પરિણતિના ત્યાગનો સ્ફીત આશય પ્રગટ થયો. છતાં સરાગ ચારિત્ર હોવાથી ચારિત્રનો માની પ્રસ્તુત જીવ થાય છે=હું ચારિત્રવાળો છું એ પ્રકારનો પ્રશસ્તમાન થાય છે. આમ છતાં

ક્યારેક સ્વગુણમાં આસંગદોષની પ્રાપ્તિ થાય છે અર્થાત્ ક્રિયાના ખેદ, ઉદ્વેગ આદિ આઠ દોષો છે તેમાંથી આસંગ નામનો અંતિમ દોષ છે જે ગુણસ્થાનકની વૃદ્ધિમાં બાધક બને છે; કેમ કે પ્રાપ્ત થયેલા ગુણસ્થાનકમાં આસક્તિ છે તેથી ઉપરના ગુણસ્થાનકમાં જવાનો યત્ન થતો નથી.

વળી જે મહાત્માઓને આસંગદોષ પ્રાપ્ત થયો નથી તેઓ પોતાની ભૂમિકા અનુસાર જે ગુણસ્થાનકને સેવતા હોય ત્યારે ઉપરના ગુણસ્થાનક પ્રત્યે બદ્ધરાગ-વાળા હોય છે તેથી ઉત્તરના ગુણસ્થાનકના સેવનને અનુકૂળ શક્તિનો સંચય થાય તે રીતે ગુણસ્થાનક સેવે છે. જેમ દેશવિરતિવાળા શ્રાવકો પણ આસંગદોષવાળા ન હોય તો સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય થાય તદ્ અર્થે પ્રતિદિન સાધુસામાચારી શ્રવણ કરે છે, ભાવન કરે છે અને જેઓ દેશવિરતિમાં જ આસક્તિવાળા થાય છે તેઓને "આ જ ગુણસ્થાનક સુંદર છે" તેવી બુદ્ધિ થવાથી સર્વવિરતિ પ્રત્યે આદર હોવા છતાં તેઓનું સર્વવિરતિને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થતું નથી. જેમ ગૌતમ સ્વામીને આસંગદોષ હતો તેના કારણે કેવલજ્ઞાનને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થતું ન હતું, તેમ પ્રસ્તુત મહાત્માને પણ સર્વવિરતિની પ્રાપ્તિની પછી આસંગદોષને કારણે ચારિત્રના ઉત્તરના કંડકોમાં જવાને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થતું ન હતું. પરંતુ પ્રાપ્ત થયેલા ગુણસ્થાનકમાં જ આસક્તિ વર્તતી હતી.

વળી, તે મહાત્મા ગુણસ્થાનકમાં હોવાથી લોકો તેમની સ્તુતિ કરે છે, તેથી પોતાની સ્તુતિની લતા તેમને દેખાય છે. વળી, બીજા સંસારી જીવો સાત્ત્વિક નથી પોતે સાત્ત્વિક છે એ રૂપ પરનિંદાના શલ્યના પલ્લવથી આ તામ્ર એવી તે સ્તુતિલતા હતી. વળી, તે સ્તુતિલતા ઉપર વિશાલ ગારવરૂપી ફલો અને પૂજારૂપી કુસુમ દેખાતાં હતાં. તેથી લોકો પોતાની સ્તુતિ કરે છે તે સાંભળીને પ્રસ્તુત જીવને તે રમણીય લાગે છે. તેથી તે ઉદ્યાનની છાયામાં સૂતા. જેના કારણે માન ખ્યાતિ આદિના ભાવો સ્પર્શે તેવો કંઈક ચિત્તમાં રમણીયભાવ થયો. તેથી તે ઉદ્યાનની છાયામાં સૂવાતુલ્ય પ્રવૃત્તિ બની.

વળી તે મહાત્મા અંજનાદિમાં યત્નનો ત્યાગ કરે છે; કેમ કે જ્યારે ઉપયોગ કષાયને અનુકૂળ હોય ત્યારે રત્નત્રયીને અનુકૂળ યત્ન થતો નથી, તેથી પોતાની સ્તુતિ આદિ ભાવો જ્યારે સ્પર્શે છે ત્યારે રત્નત્રયીનો યત્ન ત્યાગ થાય છે અને

માન, સન્માનાદિ ભાવોને સ્પર્શે તેવું ચિત્ત બને છે.

વળી જાગ્યા પછી ગારવરૂપ ફલ તેને અપૂર્વ જણાય છે તેથી પોતાની ઋદ્ધિ પ્રત્યે આસક્તિનું આસ્વાદન કરીને સંયમની ક્રિયામાં તે મહાત્મા પ્રયત્નવાળા થયા. પરંતુ ચિત્તમાં માન, ખ્યાતિનો ગારવ સ્પર્શેલો હોવાથી પ્રકુપિત વેતાલ જેવો ઉન્માદ તેમના મતિજ્ઞાનરૂપ શરીરમાં પીડા કરતો હતો તેથી, જ્વરથી=માન સન્માનના જ્વરથી, મતિજ્ઞાનના ઉપયોગરૂપ શરીર જર્જરિત થયું. મન માન, ખ્યાતિ આદિ મૂર્ચ્છારૂપ કૂવામાં મગ્ન થયું. તેથી સંયમની ક્રિયામાં પણ પ્રશમથી યુક્ત ચિત્ત પ્રવર્તતું નથી. આવી સ્થિતિ જોઈને ધર્મબોધકરને ચિંતા થઈ. **॥૨૫૩થી ૨૫૮॥**

**શ્લોક :-**

**पृष्टं रोगनिदानं, तेनोपेक्षागतं न तत्प्रोक्तम् ।**
**विषफलभुक्तिर्गुरुणा, ज्ञाता मतिनाडिकागत्या ।।२५९।।**

**શ્લોકાર્થ :-**

**રોગનું કારણ પુછાયું=ભાવરોગ કેમ થયો તે ધર્મબોધકર વડે પુછાયું, તેના વડે=પ્રસ્તુત જીવ વડે, ઉપેક્ષાગત એવું તે=પોતે ગારવફલ વાપર્યું છે તેનું ગુરુ આગળ પ્રકાશન કરવા પ્રત્યે ઉપેક્ષાના પરિણામવાળું એવું તે, કહેવાયું નહીં. વિષફલની ભુક્તિ ગુરુ વડે મતિરૂપી નાડિકાગતિથી જણાઈ.**

પ્રસ્તુત જીવ વિધિપૂર્વક ક્રિયા કરે છે છતાં વિશેષ પ્રકારનો ઉપશમ ક્રિયાથી થતો નથી પરંતુ ચિત્ત ભાવથી કષાયોના સંસ્પર્શવાળું હોવાને કારણે શાંત રસને સ્પર્શતું નથી. તે રોગને જોઈને ગુરુએ કારણ પૂછ્યું અને પ્રસ્તુત જીવને પોતે માનકષાયને કંઈક સ્પર્શ્યો છે તે કહેવાનો અધ્યવસાય નહીં હોવાથી કીધું નહીં પરંતુ ગુરુ શિષ્યના અધ્યવસાયની વૃદ્ધિને સદા જોનારા છે અને વર્તમાનની ક્રિયાથી શાંત રસની વૃદ્ધિ નહીં થતી જોઈને શિષ્યની મતિરૂપી નાડીની ગતિથી જાણ્યું કે આ જીવને માન-ખ્યાતિનો સ્પર્શ થયો છે. આથી વિધિયુક્ત ક્રિયા કરવા છતાં વિશેષ ઉપશમ ભાવ સ્પર્શતો નથી. **॥૨૫૯॥**

**શ્લોક :-**

**उक्तं च वत्स ! गारवविषफलभुक्तेरसौ विकारभरः ।**
**चारित्रसदन्नभुजामप्ययमतिदुःखकृद् भणितः ।।२६०।।**

**શ્લોકાર્થ :-**

**અને કહેવાયું – હે વત્સ ! ગારવરૂપ વિષફલની ભુક્તિનો આ વિકારનો સમૂહ છે. ચારિત્રરૂપ સદ્અન્ન ભોગવતા એવા પણ તને આ= ગારવ ફલ, અતિ દુઃખને કરનારું કહેવાયું છે.**

ગુરુએ મતિરૂપી નાડી દ્વારા શિષ્યના રોગનું કારણ નિર્ણય કરીને કહ્યું કે તારા મતિજ્ઞાનમાં જે વિકારનો સમૂહ વર્તે છે તે ઋદ્ધિગારવરૂપ વિષફલના સેવનનું કાર્ય છે. આથી જ સમગ્ર વિધિયુક્ત ચારિત્રની ક્રિયા કરવા છતાં પણ તને ગારવનો વિકાર અતિ દુઃખને કરનારો બને છે; કેમ કે ગુણસ્થાનકની વૃદ્ધિમાં અત્યંત બાધક છે. **॥૨૬૦॥**

**શ્લોક :-**

**एतत्प्रतिक्रियां तद्गुणवैतृष्ण्याख्यपरमवैराग्यम् ।**
**सेवस्व येन न कदाऽप्येष विकारः समुद्भवति ।।२६१।।**

**શ્લોકાર્થ :-**

**તદ્ગુણ વૈતૃષ્ણ્ય નામના પરમ વૈરાગ્યરૂપ આની પ્રતિક્રિયાને=જે ગુણ તને પ્રાપ્ત થયો તે ગુણ પ્રત્યે આસક્તિના ત્યાગરૂપ પરમ વૈરાગ્યરૂપ ગારવવિષની પ્રતિક્રિયાને, તું સેવન કર. જેથી ક્યારેય પણ આ વિકાર ઉત્પન્ન થાય નહીં. ॥૨૬૧॥**

**શ્લોક :-**

**आद्यं खलु वैराग्यं, विषयत्यागाय विषयवैतृष्ण्यम् ।**
**ज्ञानादिविकारहरं, गुणवैतृष्ण्यं द्वितीयं तु ।।२६२।।**

**શ્લોકાર્થ :-**

**ખરેખર વિષયના ત્યાગ માટે વિષયનું વૈતૃષ્ણ્ય આદ્ય વૈરાગ્ય છે. વળી, બીજું ગુણનું વૈતૃષ્ણ્ય જ્ઞાનાદિ વિકારને હરનારું છે. ।।૨૬૨।।**

**શ્લોક :-**

**शिक्षामेनां लब्ध्वा, तत्प्रतिकारं विधाय जातोऽसौ ।**
**अविकृतनिजगुणपात्रं, परमान्नरसादथ स्वस्थः ।।२६३।।**

**શ્લોકાર્થ :-**

**હવે, આ શિક્ષાને પામીને=ગુરુએ આપેલા ઉપદેશને પ્રાપ્ત કરીને, અવિકૃત નિજગુણ પાત્રરૂપ તેના પ્રતિકારને કરીને=ગારવના વિકારના પ્રતિકારને કરીને, આ=પ્રસ્તુત જીવ પરમાન્ન રસથી સ્વસ્થ થયો.**

ગુરુએ ગુણનું વૈતૃષ્ણ્ય સેવવાનું કહ્યું તે સ્વીકારેલા ગુણસ્થાનકમાં આસંગદોષના ત્યાગ સ્વરૂપ છે અને તે પ્રમાણે આસંગદોષનો ત્યાગ કરીને પ્રસ્તુત જીવ નિજ-ગુણરૂપ જે પોતાનો મતિજ્ઞાનનો પરિણામ છે તે આસંગદોષના ત્યાગથી અવિકૃત કરે છે, તેનાથી ગારવદોષનો પ્રતિકાર થાય છે અને ત્યારપછી સમગ્ર વિધિપૂર્વક જે ક્રિયાઓ સેવે છે તે પરમાન્નના સેવનરૂપ છે જેના બળથી ગુણસ્થાનકની વૃદ્ધિ થાય તેવી ક્રિયાઓને સેવનાર તે જીવ સ્વસ્થ થાય છે. **।।૨૬૩।।**

**શ્લોક :-**

**एवं यो यो दोषो, यदा यदा बाधतेऽस्य सूक्ष्मोऽपि ।**
**तत्तत्प्रतिक्रियायां, प्रक्रमते धर्मबोधकरः ।।२६४।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=જે રીતે પ્રસ્તુત ગારવદોષ ગુરુએ દૂર કર્યો એ રીતે, જે જે દોષ આને સૂક્ષ્મ પણ જ્યારે જ્યારે બાધ કરે છે, ત્યારે ત્યારે તે તે દોષની પ્રતિક્રિયાને ધર્મબોધકર કરે છે. ।।૨૬૪।।**

શ્લોક :-

अथ कृतसमस्तदोषप्रतिकारः परिणतोरुगुरुशिक्षः ।
वचनक्षमादिसिद्धेरधिगतधर्मक्षमादिरतिः ।।२६५।।
वचनक्रियाप्रकर्षाश्रयादसङ्गक्रियासु लब्धरसः ।
कर्ममलस्यापगमाच्छुक्लः शुक्लाभिजात्यश्च ।।२६६।।
खेदोद्वेगभ्रान्तिक्षेपोत्थानान्यमुद्रुजासङ्गैः ।
मुक्तश्च पृथक्चित्तैरष्टभिरष्टाङ्गयोगधरः ।।२६७।।
मदमदनमोहमत्सररोषविषादैरधर्षितः सततम् ।
तुल्यारण्यकुलाकुलकाञ्चनतृणशत्रुमित्रगणः ।।२६८।।
दृष्टिं स्थिरां च कान्तां, प्रभां परां च प्रसारयन् धर्मे ।
धर्मध्यानाभिरतः, शुक्लध्यानैकतानमनाः ।।२६९।।
श्लिष्टं विधाय चित्तं, सुलीनमपि संयमे वितन्वंस्तत् ।
आत्मारामः शून्यं, परभावविजृम्भितं पश्यन् ।।२७०।।
उल्लसितसहजवीर्यः, परिशुद्धसमाधिदृष्टपरमार्थः ।
जीवन्मुक्तः शर्माऽनुबभूव भवातिगं किंचित् ।।२७१।।

सप्तभिः कुलकम् ।।

શ્લોકાર્થ :-

હવે કરાયેલા સમસ્ત દોષના પ્રતિકારવાળો, પરિણત સુગુરુની શિક્ષાવાળો, વચનક્ષમાદિની સિદ્ધિથી પ્રાપ્ત થયેલા ધર્મક્ષમાદિમાં રતિવાળો, વચનક્રિયાના પ્રકર્ષના આશ્રયથી અસંગ ક્રિયામાં લબ્ધરસવાળો, કર્મમલના અપગમથી શુક્લ અને શુક્લાભિજાત્ય ખેદ, ઉદ્વેગ, ભ્રાંતિ, ક્ષેપ, ઉત્થાન, અન્યમુદ્, રુગ્=રોગ અને આસંગ રૂપ આઠ પૃથક્ ચિત્તોથી મુક્ત, આઠ પ્રકારના યોગને ધારણ કરનારો, મદ, કામ, મોહ, મત્સર, રોષ, વિષાદાદિથી સતત અધર્ષિત, તુલ્ય અરણ્ય અને કુલાકુલ, કાંચન અને તૃણ, શત્રુ અને મિત્રના ગણવાળો=જેને

**અરણ્ય અને નગરો તુલ્ય છે, સુવર્ણ અને તૃણ તુલ્ય છે શત્રુ અને મિત્રગણ સમાન છે એવો, ધર્મમાં સ્થિરા, કાંતા, પ્રભા અને પરા દૃષ્ટિને વિસ્તાર કરતો, ધર્મધ્યાનમાં અભિરત=સતત ધર્મધ્યાનમાં યત્નશીલ, શુક્લધ્યાનમાં એકતાન મનવાળો=શુક્લધ્યાનને પ્રગટ કરવામાં યત્નવાળો, સંયમમાં સુલીન પણ શ્લિષ્ટ ચિત્તને કરીને તેને વિસ્તારતો=સંયમને વિસ્તારતો, આત્મામાં વિશ્રાંતિવાળો, પરભાવના વિલસિતને શૂન્ય જોતો, ઉલ્લસિત સહજ વીર્યવાળો, પરિશુદ્ધ સમાધિથી દૃષ્ટ પરમાર્થવાળો, જીવન્મુક્ત=દેહધારી હોવા છતાં ભાવથી મુક્ત, ભવથી અતીત એવા કંઈક સુખને અનુભવ્યું.**

પૂર્વગાથામાં કહ્યું કે ગુરુ આસંગદોષને જાણીને તેનાથી ઉત્પન્ન થયેલા ગારવની ઉચિત ચિકિત્સા કરીને પ્રસ્તુત જીવને માર્ગમાં સ્થાપન કરે છે એ રીતે પ્રસ્તુત જીવને જે જે દોષો થાય છે તે બધા જ દોષોનું સૂક્ષ્મ અવલોકન કરીને ગીતાર્થ ગુરુ તે તે દોષોની પ્રતિક્રિયા કરે છે. અનુશાસન આપીને તે દોષોથી મુક્ત કરે છે જેના ફળરૂપે તે શિષ્યને શું પ્રાપ્ત થાય તે બતાવે છે.

કરાયેલા સમસ્ત દોષના પ્રતિકારવાળો જીવ બને છે; કેમ કે પ્રતિદિન ગુરુના અનુશાસનના બળથી પોતાની શક્તિ પ્રકર્ષથી દોષને દૂર કરવા યત્ન કરે છે. તેથી તે મહાત્મા સંયમના વિશેષ પરિણામથી પરિણત થાય છે અને સુગુરુની શિક્ષાવાળા બને છે=સુગુરુ દ્વારા ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષાને પ્રાપ્ત કરે છે.

સૂત્રો, અર્થોને યથાર્થ તાત્પર્યમાં સુગુરુ બોધ કરાવે છે અને તે સૂત્રો અને અર્થો સ્પર્શે તે રીતે સર્વ સંયમની ક્રિયા કરતાં ગુરુ શિખવાડે છે. જેનાથી તે મહાત્માના ચિત્તમાં વચન ક્ષમાદિની સિદ્ધિ થાય છે.

સર્વ પ્રવૃત્તિઓ જિનવચનનું સ્મરણ કરીને તે મહાત્મા કરે છે તેથી વચનના દાતા પરમગુરુ હૈયામાં ઉપસ્થિત થાય છે અને પરમગુરુએ આ અનુષ્ઠાન આ વિધિથી કરવાનું વિધાન કર્યું છે એ પ્રકારે સ્મરણ કરીને તે મહાત્માનું ચિત્ત સર્વ અનુષ્ઠાનોમાં પ્રવર્તે છે, જેનાથી તે મહાત્મામાં વચન ક્ષમા, વચન માર્દવ, વચન આર્જવ અને વચનની નિરીહિતા પ્રગટે છે જે જિનવચનાનુસાર વીતરાગ-ગામી ઉપયોગ સ્વરૂપ છે, અને તેનાથી ધર્મક્ષમાદિમાં રતિ થાય છે.

તે ક્ષમાદિ ભાવોને પ્રકૃતિરૂપે કરવાની પરિણતિ તે જીવમાં પ્રગટે છે. વચનક્રિયાના પ્રકર્ષના આશ્રયથી તે જીવ અસંગ ક્રિયામાં લબ્ધ રસવાળો બને છે.

જે મહાત્મા સ્ખલના વગર ભગવાનના વચનાનુસાર સર્વ ક્રિયાઓ કરી શકે છે તેમાં વચનક્રિયાનો પ્રકર્ષ વર્તે છે જેના બળથી ધર્મક્ષમારૂપ અસંગ ક્રિયામાં તે જીવને બલવાન રસ ઉત્પન્ન થાય છે; કેમ કે જીવની પ્રકૃતિરૂપ ક્ષમાદિ ભાવો થાય તો જ પ્રકર્ષને પામીને તેનાથી વીતરાગતાની પ્રાપ્તિ થાય. આ રીતે અસંગક્રિયાને અભિમુખ જતું તે મહાત્માનું ચિત્ત હોવાથી કષાયોથી ઉત્પન્ન થયેલા કર્મોરૂપી મલનો અપગમ થાય છે અને તે મહાત્મા અસંગક્રિયાને પ્રાપ્ત કરે છે ત્યારે અસંગક્રિયાના બળથી સર્વાર્થ સિદ્ધ કરતાં પણ અધિક સુખને પ્રાપ્ત કરે છે. ત્યારપછી વિશેષ શુદ્ધિ થવાથી ઉપશમનું વિશેષ સુખ થાય છે જે શુક્લ સ્વરૂપ છે, ત્યારપછી શુક્લ આભિજાત્ય થાય છે જે શ્રેણી ઉપર ચઢવાને અત્યંત અભિમુખ પરિણતિ સ્વરૂપ છે. તે વખતે તે મહાત્મા ખેદ, ઉદ્વેગ આદિ ક્રિયાઓના આઠ દોષો છે જે સામાન્ય જીવો ધર્મઅનુષ્ઠાનકાળમાં કરતા હોય છે તેથી પૃથક્ ચિત્ત સ્વરૂપ છે તેવા આઠ પૃથક્ ચિત્તોથી મુક્ત બને છે જેથી આઠ અંગોને ધારણ કરનાર બને છે. જેના કારણે તે મહાત્માના માનકષાય, કામ, મોહ, મત્સર, રોષ, વિષાદાદિ દોષો સતત ક્ષીણ, ક્ષીણતર થાય છે.

જો કે આત્મામાં અનાદિથી તે દોષના આપાદક સંસ્કારો દૃઢ થયેલા છે છતાં અસંગ અનુષ્ઠાવાળા ચિત્તને કારણે તે દોષના સંસ્કારો ઉત્થિત થતા નથી પરંતુ વિરુદ્ધ ભાવોથી સતત ક્ષીણ થાય છે.

વળી, તે વખતે તે મહાત્માનું ચિત્ત સમભાવવાળું છે તેથી અરણ્યમાં અને લોકોથી આકુલ એવા નગરોમાં સમાન છે. સુવર્ણ અને તૃણમાં, શત્રુ અને મિત્રમાં તે મહાત્માનું ચિત્ત સમાન છે. આ રીતે સમભાવની પરિણતિવાળા તે મહાત્મા પ્રથમ ભૂમિકામાં સ્થિરા દૃષ્ટિનો વિસ્તાર કરે છે, ત્યારપછી કાંતા દૃષ્ટિને પ્રાપ્ત કરીને વિસ્તાર કરે છે ત્યારપછી પ્રભાને પ્રાપ્ત કરીને વિસ્તાર કરે છે, ત્યારપછી પરા દૃષ્ટિને પ્રાપ્ત કરીને વિસ્તાર કરે છે. ત્યારે તે મહાત્મા ધર્મધ્યાનમાં અભિરતવાળા હોય છે. અને શુક્લધ્યાનને પ્રાપ્ત કરવા અર્થે એકતાન મનવાળા હોય છે. તે વખતે તે મહાત્માનું ચિત્ત આત્માના નિરાકુલ સ્વભાવ રૂપ સંયમમાં સુલીન થયેલું પણ શ્લેષવાળું હોય છે=સંયમમાં જ તે

મહાત્માનું ચિત્ત શ્લેષવાળું હોય છે, અન્યત્ર નહીં. તેથી સંયમ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. તેના કારણે આત્મમાત્રમાં વિશ્રાંત થનારું તેમનું ચિત્ત હોય છે અને આત્માથી અતિરિક્ત બીજા ભાવોની પરિણતિ તેઓને શૂન્ય જણાય છે. અર્થાત્ જગતની પરિણતિને જોવાને અભિમુખ પણ તેમનું ચિત્ત જતું નથી. આ રીતે સમભાવના પરિણામના બળથી ઉલ્લસિત થયેલા સહજ વીર્યવાળા તે મહાત્મા બને છે જેનાથી પરિશુદ્ધ ક્ષમાદિ પ્રગટે છે. જેના કારણે પોતાનો પરમાર્થ શું છે ? તેને જોઈ શકે છે. તે વખતે શરીરધારી આત્મા હોવા છતાં મુક્ત જેવા સુખને અનુભવે છે જેથી જીવનમુક્ત અવસ્થાવાળા તે કહેવાય છે અને સામાન્યથી સંસારમાં જેનું વેદન ન થઈ શકે તેવા સુખનું વેદન કરે છે. **॥૨૬૫થી ૨૭૧॥**

**શ્લોક :-**

**इत्थं द्रमकोऽपि महाराज इवाकारि धर्मबोधकरैः ।**
**गुरुभिस्तन्माहात्म्यं, वर्णयितुं नालमिन्द्रोऽपि ।।२७२।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, દ્રમક પણ ગુરુ એવા ધર્મબોધકર વડે મહારાજા જેવો કરાયો. તેમનું માહાત્મ્ય=ગુરુનું માહાત્મ્ય ઈન્દ્ર પણ વર્ણન કરવા સમર્થ નથી.**

પ્રસ્તુત સ્તબકમાં દ્રમકને ગુરુ સમ્યક્ત્વાદિના ક્રમથી અસંગ અનુષ્ઠાન સુધી કઈ રીતે પ્રાપ્ત કરાવે છે તે બતાવીને દ્રમક જેવો પણ તે જીવ સુસ્થિત મહારાજાની જેમ સંસારઅવસ્થામાં પણ જીવનમુક્ત અવસ્થાને પ્રાપ્ત કરે છે તે બતાવ્યું. તેથી મહારાજા જેવો નથી છતાં પણ મહારાજા સદૃશ ઘણી ભૂમિકાને પામેલ છે તે સર્વ ધર્મબોધકર ગુરુનું માહાત્મ્ય છે. તેથી સાક્ષાત્ ઇન્દ્ર પણ તેવા ગુરુનું માહાત્મ્ય વર્ણન કરવા સમર્થ નથી. **॥૨૭૨॥**

**શ્લોક :-**

**अनुभवसिद्धं चेदं, साक्षाद् द्रमकोपमोऽप्यहं सदयैः ।**
**गुरुभिः प्रवेशितो यज्जिनसमये शर्म किमपि लभे ।।२७३।।**

શ્લોકાર્થ :-

અને આ=ગાથા-૨૭૨માં ગુરુનું માહાત્મ્ય બતાવ્યું એ સાક્ષાત્ અનુભવ-સિદ્ધ છે. જે કારણથી દ્રમકની ઉપમાવાળો પણ હું સદયાવાળા એવા ગુરુ વડે જિનશાસનમાં પ્રવેશ કરાવાયો, કંઈક પણ સુખને મેં પ્રાપ્ત કર્યું. ।।૨૭૩।।

શ્લોક :-

विकलानुष्ठानादपि, शुद्धानुष्ठानतीव्रभावयुजः ।
मार्गप्रवेशनफलादलाघवं भावयामि भृशम् ।।२७४।।

શ્લોકાર્થ :-

શુદ્ધ અનુષ્ઠાનના તીવ્ર ભાવથી યુક્ત એવા અમારા વિકલ અનુષ્ઠાનથી પણ માર્ગમાં પ્રવેશરૂપ ફલ હોવાથી અત્યંત અલાઘવને હું ભાવન કરું છું. ।।૨૭૪।।

શ્લોક :-

विमलालोकात् तीर्थोदकाच्च यद्रोगतानवं भवति ।
सोऽयं गुरुप्रसादः, परमान्नलवस्य लाभश्च ।।२७५।।

શ્લોકાર્થ :-

જે કારણથી વિમલ આલોકથી અને તીર્થોદકથી જે રોગનું તાનવ થાય છે. અને પરમાન્ન લવનો લાભ થાય છે તે આ ગુરુનો પ્રસાદ છે. ।।૨૭૫।।

શ્લોક :-

एवं येषां गुरवो, भक्त्येकवशा भृशं प्रसीदन्ति ।
भव्या भवन्ति पुरुषास्ते सर्वश्रेयसां पात्रम् ।।२७६।।

શ્લોકાર્થ :-

આ રીતે જેઓને ભક્તિ એકવશવાળા ગુરુઓ=ગુરુના ગુણોને જોઈને

જેના હૈયામાં તેમને પરતંત્ર થવાની ભક્તિ વર્તે છે તેને વશ એવા ગુરુઓ, અત્યંત પ્રસાદ કરે છે. તે ભવ્યપુરુષો સર્વ શ્રેયના પાત્ર થાય છે. ॥૨૭૬॥

શ્લોક :-

किं तच्चित्रं गुरुरिह महाशास्त्रसंदर्भवेदी,
न स्वायासं गणयति रतो नित्यमन्यार्थसिद्धौ ।
अम्भोवाहो व्रजति जलधौ क्रामति व्योम विद्युत्,
तापव्यापं वहति हृदये तत्र कः स्वार्थलोभः ॥२७७॥

શ્લોકાર્થ :-

તે કારણથી=ભક્તિ એકવશ ગુરુ છે તે કારણથી, શું આશ્ચર્ય છે. અહીં=સંસારમાં, મહાશાસ્ત્રના સંદર્ભને જાણનારા ગુરુ હંમેશાં અન્યના અર્થની સિદ્ધિમાં રત પોતાના શ્રમને ગણતા નથી. મેઘ સમુદ્રમાં જાય છે, વિદ્યુત્ આકાશમાં આક્રમણ કરે છે, હૃદયમાં તાપના વ્યાપને વહન કરે છે=ગુરુ શિષ્યની ચિંતારૂપ તાપના વ્યાપને વહન કરે છે, ત્યાં=શિષ્યની ચિંતામાં સ્વાર્થ લોભ ક્યો છે ? કોઈ લોભ નથી. માત્ર શિષ્ય પ્રત્યેની દયા જ કારણ છે. ॥૨૭૭॥

શ્લોક :-

जडमपि कृतिनं गुरुर्विधत्ते,
कुटिलमपि प्रगुणीकरोति सद्यः ।
धवलयति धरातलं हिमांशुः,
कुमुदवनस्य भिनत्ति मंक्षु मुद्राम् ॥२७८॥

શ્લોકાર્થ :-

ગુરુ જડ પણ શિષ્યને બુદ્ધિમાન કરે છે, કુટિલ પણ શિષ્યને પ્રગુણી કરે છે. ચંદ્ર પૃથ્વીતલને ધવલ કરે છે, કુમુદવનની મુદ્રાને શીઘ્ર ભેદ કરે છે.

ગ્રંથકારશ્રી પણ સદ્ધર્મની પ્રાપ્તિ પૂર્વે દ્રમકની ઉપમા જેવા હતા તેથી કહે છે, ગુરુને પ્રાપ્ત કરીને હું ભગવાનના શાસનમાં પ્રવેશ્યો તે સ્વઅનુભવસિદ્ધ છે અને ભગવાનના શાસનને પામીને ચિત્તના સ્વાસ્થ્યનું જે સુખ ગ્રંથકારશ્રી પામ્યા તે પણ સ્વઅનુભવસિદ્ધ છે. કેવલ કાલદોષને કારણે શુદ્ધ અનુષ્ઠાન કરવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં પણ પોતે વચન અનુષ્ઠાન સેવવા માટે અસમર્થ છે તેથી પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રકારના ગુણસ્થાનકને સ્પર્શવા માટે પોતે શક્તિમાન નથી છતાં પણ ગુરુના પ્રસાદથી માર્ગના પ્રવેશને પામ્યા છે તેથી ભગવાનના વચનના સૂક્ષ્મ ભાવોને જાણવા સ્વરૂપ વિમલાલોક અંજન આંજે છે, ભગવાનના વચનમાં તીવ્ર રુચિ કરે છે અને પરમાન્ન રૂપ વિરતિભાવને પામ્યા છે જેનાથી ભાવરોગો અલ્પ થયા છે તે જ ગુરુનો પ્રસાદ છે. તેથી પરમગુરુના વચનના હાર્દને બતાવનારા જેઓને સુગુરુ પ્રાપ્ત થયા છે અને જેઓને તેવા ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિ છે તે જીવો સર્વ કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. વધારે શું ? ગુરુ જ મહાશાસ્ત્રના સંદર્ભને જાણનારા છે તેથી તે ફલિત થાય કે જેના ઘણા શિષ્યો હોય, ત્યાગી હોય, એટલા માત્રથી તે ગુરુ મહાશાસ્ત્રના સંદર્ભના વેદનને કરનારા થતા નથી પરંતુ પરમગુરુના વચનના રહસ્યના પરમાર્થ જાણી શકે તે પ્રકારે તે કાળમાં વિદ્યમાન ગ્રંથોને જોડીને યોગમાર્ગના ઉચિત હાર્દને જેઓ પામ્યા છે તેવા ગુરુ જ મહાશાસ્ત્રના સંદર્ભને જાણનારા છે અને તેઓ શાસ્ત્રમાં નિપુણ થયા પછી પોતાના શ્રમને ગણ્યા વગર યોગ્ય જીવોને તેના પરમાર્થને બતાવવામાં જ રત રહે છે. તેથી જેમ વાદળાંઓ સમુદ્રમાં વરસે છે, તેઓનું કોઈ પ્રયોજન નથી તોપણ તેઓનો સ્વભાવ જ વરસવાનો છે તેમ સુગુરુનો સ્વભાવ છે કે સંસારસમુદ્રમાં ડૂબેલા યોગ્ય જીવોનો નિસ્તાર કરે છે. વળી જેઓ યોગ્યતા હોવા છતાં તત્ત્વના વિષયમાં જડ છે, તેઓને સુગુરુ બુદ્ધિમાન કરે છે. સ્યાદ્વાદના પરમાર્થને સ્પર્શી શકે તેવી નિપુણ મતિવાળા કરે છે. વળી, કોઈક જીવમાં કંઈક વક્રતા હોય તોપણ તેના ઉચિત ઉપાય દ્વારા સુગુરુ તેઓને માર્ગાનુસારી બુદ્ધિવાળા કરે છે. **॥૨૭૮॥**

**શ્લોક :-**

**सूतेऽनम्बुधरोऽपि चंद्रकिरणैरम्भांसि चन्द्रोपल-**
**स्तद्रूपं पिचुमन्दवृंदमपि च स्याच्चान्दनैः सौरभैः ।**

**स्पर्शात् सिद्धरसस्य किं भवति नो लोहं च लोहोत्तमम्,**

**प्राप्य श्रीगुरुपादपङ्कजकृपां मूर्खोऽपि सूरिर्भवेत् ।।२७९।।**

**શ્લોકાર્થ :-**

**પાણી નહીં ધારણ કરનાર પણ ચંદ્રકાંતમણિ ચંદ્રનાં કિરણોથી પાણીને પ્રગટ કરે છે. ચંદનના સૌરભથી લીમડાના વૃક્ષનો સમૂહ પણ તદ્રૂપને=ચંદનની ગંધને, ધારણ કરે છે. શું સિદ્ધરસના સ્પર્શથી લોખંડ સુવર્ણ થતું નથી ?=થાય છે – શ્રી ગુરુના ચરણરૂપી કમળની કૃપા પ્રાપ્ત કરીને મૂર્ખ પણ સૂરિ થાય છે.**

જેમ પાણી વગરનો ચંદ્રકાંતમણિ પણ ચંદ્રનાં કિરણોથી પાણીવાળો બને છે તેમ સુગુરુ યોગ્ય જીવમાં બોધનો અભાવ હોવા છતાં શાસ્ત્ર ભણાવીને તે પ્રકારે બુદ્ધિમાન કરે છે કે જેથી સૂરિપદને પણ પ્રાપ્ત કરે. **॥૨૭૯॥**

**શ્લોક :-**

**जिज्ञासुताङ्कुरवती सुरूचिप्रवाला,**

**ज्ञानादिपुष्पकलिता समताफलाढ्या ।**

**हित्वा करीरवनतुल्यमुपायमन्यं,**

**सेव्या सदा गुरुकृपात्रिदशद्रुवल्लिः ।।२८०।।**

**શ્લોકાર્થ :-**

**જિજ્ઞાસુતા અંકુરવાળી, સુરુચિપ્રવાલવાળી, જ્ઞાનાદિ પુષ્પથી કલિત, સમતારૂપી ફલથી આઢ્ય એવી ગુરુકૃપારૂપી કલ્પવૃક્ષની વેલડી, બોરડીના વનતુલ્ય અન્ય ઉપાયને છોડીને સદા સેવવી જોઈએ.**

યોગ્ય જીવમાં પ્રથમ ભૂમિકાની યોગ્યતારૂપ ગુણ અદ્વેષ હોય તો ગુરુની કૃપારૂપી કલ્પવૃક્ષની વેલડી ઉચિત યત્ન કરીને તત્ત્વની જિજ્ઞાસારૂપ અંકુર પ્રગટ કરે છે, ત્યારપછી તત્ત્વનો સૂક્ષ્મ બોધ કરાવીને તત્ત્વ પ્રત્યે તીવ્ર રુચિરૂપ સુરુચિ પ્રગટ કરે છે, ત્યારપછી તત્ત્વની રુચિપૂર્વક સૂક્ષ્મજ્ઞાન, ચારિત્રની પરિણતિરૂપ પુષ્પ પ્રગટ કરે છે. ત્યારપછી સમતારૂપી ફલ પ્રગટ કરે છે. અને કલ્પ

વેલડીનું ફલ જેઓ સેવે છે તેઓ અલ્પ કાળમાં સંસારસમુદ્ર તરે છે. તેથી જે ગુરુ જિજ્ઞાસાદિના ક્રમથી ફલ પ્રગટ કરી શકે તેવા હોય તેવાની જ સેવા કરવી જોઈએ, અન્ય સર્વ સર્વ ઉપાયો બોરડીના વનતુલ્ય છે માટે સેવવા જોઈએ નહીં. **॥૨૮૦॥**

**શ્લોક :-**

**गुरुकृतगरिमप्रथापवित्रं,**
**द्रमकचरित्रमिदं निशम्य सम्यक् ।**
**य इह वितनुते तदंह्रिसेवां,**
**त्यजति न तं गुणरागिणी यशःश्रीः ।।२८१।।**

**इति श्रीवैराग्यकल्पलतायां गुरुप्रभाववर्णनो**
**नाम द्वितीयः स्तबकः समाप्तः ।**

**શ્લોકાર્થ :-**

**ગુરુકૃત ગરિમ પ્રથાથી પવિત્ર આ દ્રમકચરિત્રને=ગુરુ વડે કરાયેલા મહાન પ્રયત્નથી સુંદર થયેલા આ દ્રમકચરિત્રને, સમ્યક્ સાંભળી જેઓ અહીં=સંસારમાં, તેઓના ચરણની સેવા=ગુરુના ચરણની સેવા, કરે છે. તેને ગુણરાગિણી એવી યશની લક્ષ્મી ત્યાગ કરતી નથી.**

પ્રસ્તુત દ્રમકને ગુરુએ કઈ રીતે જિજ્ઞાસાથી માંડીને જીવનમુક્ત દશા સુધી સંપન્ન કર્યો તે ગુરુકૃત ગરિમ વિસ્તારરૂપ ચરિત્ર છે, તેને યથાર્થ તાત્પર્યથી સાંભળીને મારે પણ તે ગુરુની તે રીતે ઉપાસના કરવી છે જે રીતે મારામાં વિદ્યમાન મોક્ષમાર્ગને અનુકૂળ શક્તિ હોય તે ગુરુની કૃપાથી પ્રગટ થાય. તે જીવને સદ્ગતિઓની પરંપરારૂપ યશની લક્ષ્મી ક્યારેય ત્યાગ કરતી નથી. **॥૨૮૧॥**

**આ પ્રમાણે શ્રીવૈરાગ્યકલ્પલતા ગ્રંથમાં ગુરુપ્રભાવવર્ણન**
**નામનો બીજો સ્તબક સમાપ્ત થયો.**

# ※ તૃતીય સ્તબક ※

શ્લોક :-

अथ प्रस्तूयते कीर्तिकथा पीयूषवर्षिणी ।
अनुसुन्दरराजर्षेश्चन्द्रोज्ज्वलगुणश्रियः ।।१।।
जायते परबोधाय, स्वसंसारविडम्बनाम् ।
श्रद्धावान् कथयन् यद्वच्चक्रवर्त्यनुसुन्दरः ।।२।।

શ્લોકાર્થ :-

હવે ચંદ્ર જેવા ઉજ્જ્વળ ગુણશ્રીવાળા અનુસુંદર રાજર્ષિની અમૃતને વર્ષાવનારી કીર્તિકથા પ્રસ્તુત કરાય છે. ।।૧।।

સ્વસંસારની વિડંબનાને કહેતો શ્રદ્ધાવાન પુરુષ પરબોધને માટે થાય છે, જે પ્રમાણે અનુસુંદર ચક્રવર્તી. ।।૨।।

શ્લોક :-

अस्ति स्वस्तिमती क्षेमपुरी सुरपुरीसमा ।
सुकच्छविजयस्थाने, प्राग्विदेहे मनोहरे ।।३।।

શ્લોકાર્થ :-

મનોહર સુકચ્છ વિજયસ્થાન એવા પૂર્વ વિદેહમાં દેવનગરી જેવી સ્વસ્તિમતી=કલ્યાણને કરનારી, ક્ષેમપુરી છે. ।।૩।।

શ્લોક :-

तत्रारिनारीनेत्राम्बुजातोज्ज्वलयशोम्बुजः ।
अभूद् युगन्धरो राजा, प्रतापजितभास्करः ।।४।।

શ્લોકાર્થ :-

ત્યાં=ક્ષેમપુરી નગરીમાં, શત્રુની સ્ત્રીનાં નેત્રોના પાણીથી ઉત્પન્ન થયેલ ઉજ્જ્વલ યશરૂપી કમળ જેવા=શત્રુઓની સ્ત્રીઓના રુદનથી થયેલા

ઉજ્જ્વલ યશરૂપી કમળવાળા, પ્રતાપથી જીત્યો છે સૂર્ય જેમણે એવા યુગંધર રાજા થયા. ॥૪॥

શ્લોક :-

तस्यासीन्नलिनी नाम महिषी नलिनेक्षणा ।
विजिता रूपपीयूषसरस्याऽप्सरसो यया ॥५॥

શ્લોકાર્થ :-

તેને નલિની નામની કમલ જેવા નેત્રવાળી પટરાણી છે. જેણીના રૂપ સ્વરૂપ અમૃતના સરોવરમાં અપ્સરાઓ જિતાઈ. ॥૫॥

શ્લોક :-

चतुर्दशमहास्वप्नसूचितो जनितस्तया ।
पुण्योदययुतः पुत्रः, सुधास्निग्धेन्दुसोदरः ॥६॥

શ્લોકાર્થ :-

તેણી વડે ૧૪ મહાસ્વપ્નથી સૂચિત પુણ્યોદયથી યુત, સુધાસ્નિગ્ધ એવા ચંદ્રના સોદર પુત્ર થયો. ॥૬॥

શ્લોક :-

जनकेन पुरो ज्ञातेः, सुतजन्मोत्सवक्रमात् ।
प्रतिष्ठितं च तन्नाम, यथाऽयमनुसुन्दरः ॥७॥

શ્લોકાર્થ :-

જનક વડે જ્ઞાતિની આગળ પુત્રના જન્મના ઉત્સવના ક્રમથી તેનું નામ પ્રતિષ્ઠિત કરાયું. જે પ્રમાણે આ અનુસુંદર છે. ॥૭॥

શ્લોક :-

अथ प्रवर्धमानोऽसौ, कौमारे ग्राहितः कलाः ।
तातेन यौवनस्थश्च, यौवराज्ये निवेशितः ॥८॥

શ્લોકાર્થ :-

હવે પ્રવર્ધમાન એવો આ=અનુસુંદર, કુમાર અવસ્થામાં કલાઓ ગ્રહણ કરાયો અને યૌવનમાં રહેલો પિતા વડે યૌવરાજ્યમાં સ્થાપન કરાયો. ॥૮॥

શ્લોક :-

गतोऽस्तं तत्पिता भास्वान्, निलीना नलिनी तथा ।
राज्याभिषेकं तस्याथ, सामन्ताः कर्तुमुद्यताः ।।९।।

શ્લોકાર્થ :-

સૂર્ય જેવા તેના પિતા=અનુસુંદરના પિતા, મૃત્યુ પામ્યા, અને નલિની માતા મૃત્યુ પામી. હવે સામંતો તેનો રાજ્યાભિષેક કરવા માટે ઉધત થયા. ॥૯॥

શ્લોક :-

तावत् तत्र समुत्पन्नं, चक्ररत्नं ज्वलन्महः ।
आविर्भूतानि शेषाणि, सद्रत्नानि त्रयोदश ।।१०।।

શ્લોકાર્થ :-

તેટલામાં=રાજ્યાભિષેક થઈ રહ્યો છે એટલામાં, ત્યાં=અનુસુંદરની આયુધશાલામાં, જ્વલન તેજવાળું ચક્રરત્ન ઉત્પન્ન થયું, શેષ ૧૩ સદ્રત્નો આવિર્ભૂત થયાં. ॥૧૦॥

શ્લોક :-

गताः प्रत्यक्षतां यक्षाधिष्ठिता निधयो नव ।
चक्रवर्तीति स नृपैः, सुरैरिन्द्र इवार्चितः ।।११।।

શ્લોકાર્થ :-

યક્ષથી અધિષ્ઠિત નવ નિધિઓ પ્રત્યક્ષતાને પામી, સુર વડે ઈન્દ્રની જેમ રાજાઓ વડે તે=અનુસુંદર, ચક્રવર્તી છે એ પ્રમાણે અર્ચના કરાયો. ॥૧૧॥

શ્લોક :-

क्षेमपुर्यां स्थितेनैव, सकलं भूमिमण्डलम् ।
जितं तेनाम्बरस्थेन, भानुनेव प्रतापतः ।।१२।।

શ્લોકાર્થ :-

ક્ષેમપુરીમાં રહેલા એવા તેના વડે સકલ ભૂમિમંડલ જિતાયું, જેમ આકાશમાં રહેલા સૂર્ય વડે પ્રતાપથી સકલ ભૂમિમંડલ પ્રકાશ કરાય છે. ।।૧૨।।

શ્લોક :-

द्वात्रिंशद्भिः सहस्रैश्च, समा द्वादश भूभुजाम् ।
कृतो राज्याभिषेकोऽस्य, दिव्याभरणशालिभिः ।।१३।।

શ્લોકાર્થ :-

દિવ્ય આભરણશાલી બત્રીસહજાર રાજાઓ વડે બાર વર્ષ સુધી આનો=અનુસુંદરનો, રાજ્યાભિષેક કરાયો. ।।૧૩।।

શ્લોક :-

सहस्राणां चतुःषष्ट्या, रेमेऽसौ वरसुभ्रुवाम् ।
अशीतिं पूर्वलक्षाणां, चतुर्भिरधिकां सुखी ।।१४।।

શ્લોકાર્થ :-

૬૪ હજાર શ્રેષ્ઠ સ્ત્રીઓ સાથે ૮૪ લાખ પૂર્વ સુખી એવો આ=અનુસુંદર, રમ્યો. ।।૧૪।।

શ્લોક :-

गतोऽथ पश्चिमे काले, देशदर्शनकाम्यया ।
इष्टाप्तौ दक्षिणावर्तं, प्राप्तः शङ्खाह्वयं पुरम् ।।१५।।

શ્લોકાર્થ :-

હવે પશ્ચિમ કાલમાં દેશદર્શનની કામનાથી ગયો=સર્વ રાજ્યને જોવા

માટે ગયો, ઈષ્ટની પ્રાપ્તિમાં દક્ષિણાવર્ત એવા શંખ નામના નગરને પામ્યો. અર્થાત્ તેનું ભવિષ્યમાં હિત થવાનું છે એ પ્રકારની ઈષ્ટની પ્રાપ્તિમાં દક્ષિણાવર્તવાળું એવું શંખ નામનું નગર છે તેને પામ્યો, જેનાથી તેને ઈષ્ટની પ્રાપ્તિ થઈ. ।।૧૫।।

શ્લોક :-

तत्र चित्तरमोद्यानं, नृपैः कतिपयैर्युतः ।
ययौ स्वामीव देवानां, देवैरानन्दि नन्दनम् ।।१६।।

શ્લોકાર્થ :-

ત્યાં કેટલાક રાજાઓથી યુક્ત ચિત્તરમ નામના ઉદ્યાનમાં ગયો. જેમ દેવોના સ્વામી દેવોની સાથે આનંદી નામના ઉદ્યાનમાં જાય છે. ।।૧૬।।

શ્લોક :-

इतो हरिपुरस्वामी, विजये तत्र विश्रुतः ।
अभूद् भीमरथो राजा, सुभद्रा चास्य वल्लभा ।।१७।।

શ્લોકાર્થ :-

આ બાજુ હરિપુરના સ્વામી તે વિજયમાં વિખ્યાત એવા ભીમરથ રાજા થયા અને આની=ભીમરથ રાજાની, સુભદ્રા સ્ત્રી હતી. ।।૧૭।।

શ્લોક :-

समन्तभद्रस्तनयस्तयोरासीन्महोदयः ।
तनया च महाभद्रा, महाभद्रानुकूलधीः ।।१८।।

શ્લોકાર્થ :-

તે બેનો મહોદયવાળો સમંતભદ્ર નામનો પુત્ર હતો. અને મહાભદ્રાને અનુકૂળ બુદ્ધિવાળી એવી મહાભદ્રા પુત્રી હતી. ।।૧૮।।

શ્લોક :-

पार्श्वे समन्तभद्रोऽथ, सुखोपमगुरोर्व्रतम् ।
जग्राह पितरौ पृष्ट्वा, द्वादशाङ्गधरोऽभवत् ।।१९।।

શ્લોકાર્થ :-

હવે સુખની ઉપમાવાળા ગુરુની પાસે સમંતભદ્રએ માતા-પિતાને પૂછીને વ્રત ગ્રહણ કર્યું, બાર અંગને ધારણ કરનારા થયા. ॥૧૯॥

શ્લોક :-

गुरुभिर्योग्यतां ज्ञात्वा, पदे स्वीये निवेशितः ।
महाभद्राऽपि संप्राप्ता, यौवनं स्मरकाननम् ।।२०।।

શ્લોકાર્થ :-

ગુરુ વડે યોગ્યતાને જાણીને પોતાના પદમાં સ્થાપન કરાયા, મહાભદ્રાએ પણ સ્મરના જંગલ જેવું યૌવન પ્રાપ્ત કર્યું. ॥૨૦॥

શ્લોક :-

गन्धर्वपुरनाथेन, परिणीता दिवाकृता ।
दैवादसौ गतोऽस्तं सा, गुरुणा प्रतिबोधिता ।।२१।।

શ્લોકાર્થ :-

ગંધર્વપુર નાથ એવા દિવાકૃત રાજા સાથે પરણાવાઈ, ભાગ્યથી આ=દિવાકૃત રાજા, કાળને પામ્યા. તે મહાભદ્રા, ગુરુ વડે=સમંતભદ્રસૂરિ વડે, પ્રતિબોધિત કરાઈ. ॥૨૧॥

શ્લોક :-

ललौ भागवतीं दीक्षां, जाता चैकादशाङ्गभृत् ।
प्रवर्तिनी कृता दक्षा, गीतार्था गुरुभिस्ततः ।।२२।।

શ્લોકાર્થ :-

ભાગવતી દીક્ષાને સ્વીકારી, અગિયાર અંગને ધારણ કરનારી થઈ, તેથી=અગિયાર અંગને ધારણ કર્યું તેથી, ગુરુ વડે દક્ષ, ગીતાર્થ એવી પ્રવર્તિની કરાઈ ॥૨૨॥

શ્લોક :-

अन्यदा विहरन्ती सा, पूज्या रत्नपुरं ययौ ।
चन्द्रज्योत्स्नेव ताराभिः, साध्वीभिः परिवारिता ।।२३।।

શ્લોકાર્થ :-

અન્યદા તારાઓથી ચંદ્રની જ્યોત્સ્નાની જેમ, સાધ્વીઓથી પરિવારિત વિહરતાં એવાં તે પૂજ્ય સાધ્વી રત્નપુર ગયાં. ।।૨૩।।

શ્લોક :-

राजा मगधसेनोऽभूत्, तत्र देवी सुमङ्गला ।
पुरुषद्वेषिणी जाता, सुता सुललिता तयोः ।।२४।।

શ્લોકાર્થ :-

ત્યાં મગધસેન રાજા, સુમંગલાદેવી હતી, તે બંનેને પુરુષદ્વેષિણી સુલલિતા પુત્રી થઈ. ।।૨૪।।

શ્લોક :-

अभूतां जननीतातौ, तच्चिन्तादग्धमानसौ ।
श्रुत्वा मान्यां महाभद्रामागतां हृदि नन्दितौ ।।२५।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પુત્રી પુરુષદ્વેષિણી છે તે કારણથી, માતા-પિતા ચિંતાથી દગ્ધમાનસવાળાં થયાં. માન્ય એવાં મહાભદ્રાને આવેલ સાંભળીને હૃદયમાં આનંદિત થયાં=માતા-પિતા આનંદિત થયાં, ।।૨૫।।

શ્લોક :-

गतावादाय तनयां, तां प्रणन्तुमुपाश्रये ।
धर्मलाभस्तया दत्तः, प्रदत्ता धर्मदेशना ।।२६।।

શ્લોકાર્થ :-

પુત્રીને ગ્રહણ કરીને તેમને=સાધ્વીને, વંદન કરવા માટે ઉપાશ્રયમાં

**ગયાં=રાજારાણી ગયાં. તેણી વડે=સાધ્વી વડે ધર્મલાભ અપાયો, ધર્મદેશના અપાઈ. ||૨૬||**

**શ્લોક :-**

**तद्वचोऽबुध्यमानापि, तस्यां स्नेहमुपागता ।**
**पूर्वाभ्यासात् सुललिता, तन्मुखन्यस्तलोचना ।।२७।।**

**શ્લોકાર્થ :-**

**તેમના વચનને નહીં જાણતી પણ=સંસારની નિર્ગુણતાને કહેનારી ધર્મદેશનાના પરમાર્થને નહીં જાણતી પણ, સુલલિતા પૂર્વના અભ્યાસથી તેના મુખમાં ન્યસ્તલોચનવાળી તેમાં=સાધ્વીમાં, સ્નેહને પામી=સુલલિતા સ્નેહવાળી થઈ.**

સુલલિતાના તત્ત્વના બોધનાં આવારક કર્મો સોપક્રમ હોવા છતાં ગાઢ પ્રયત્નથી નિવર્તન પામે તેવાં હતાં તેથી જન્માંતરમાં સ્નેહને કારણે સાધ્વી પ્રત્યે સ્નેહ થાય છે છતાં તેના વચનના પરમાર્થને સ્પર્શે તેવો ઊહ થતો નથી. જ્યારે કેટલાક જીવોને જન્માંતરનો સ્નેહ હોય તેના કારણે જોતાની સાથે તેમના પ્રત્યે સ્નેહ થાય છે અને તેના કારણે તત્ત્વને અભિમુખ ચિત્ત થાય છે અને સોપક્રમ કર્મ શીઘ્ર નિવર્તનીય હોવાથી તત્ત્વની પ્રાપ્તિ પણ તરત થાય છે, જ્યારે સુલલિતાને સાધ્વી પ્રત્યે કંઈક આદર છે તેથી ધર્મબુદ્ધિથી માતા-પિતા સાથે તેમને નમસ્કાર કરવા આવે છે, દેશના સાંભળે છે, છતાં તત્ત્વના બોધમાં બાધક કર્મો બળવાન હોવાથી તત્કાલ બોધ થતો નથી, માત્ર સાધ્વી પ્રત્યે સ્નેહ થાય છે. **||૨૭||**

**શ્લોક :-**

**प्रवृद्धस्नेहकल्लोलाक्रान्तचित्ताऽथ सा ततः ।**
**स्थास्याम्येनां विना नाहमित्यभिग्रहमग्रहीत् ।।२८।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=સાધ્વી ઉપર સ્નેહ થયો તેથી, પ્રવૃદ્ધ સ્નેહના કલ્લોલના**

**આક્રાંત ચિત્તવાળી એવી તે આમના વિના=સાધ્વી વિના, હું રહીશ નહીં એ પ્રમાણે અભિગ્રહને ગ્રહણ કર્યો. ॥૨૮॥**

**શ્લોક :-**

अतिकष्टाद् वचस्तस्याः, पितृभ्यां तत्प्रतिश्रुतम् ।
स्वीकारितं च न ग्राह्या, प्रव्रज्याऽस्मदपृच्छया ॥२९॥

**શ્લોકાર્થ :-**

**અતિકષ્ટથી તેણીનું તે વચન=સુલલિતાનું વચન, માતા-પિતા દ્વારા સંભળાયું, અને સ્વીકારાયું. અમોને પૂછ્યા વગર પ્રવ્રજ્યા ગ્રહણ કરવી નહીં, એ પ્રમાણે કહેવાયું. ॥૨૯॥**

**શ્લોક :-**

अथ साऽनु महाभद्रां, विजहार तमोभिदम् ।
निशेव शशिनो ज्योत्स्नामेकनिर्बन्धबन्धुरा ॥३०॥

**શ્લોકાર્થ :-**

**હવે તે=સુલલિતા, અંધકારને ભેદનાર એવાં મહાભદ્રાની પાછળ વિચરવા લાગી, જેમ જ્યોત્સ્ના એક નિર્બંધથી મનોહર એવી રાત્રિ ચંદ્રને અનુસરે. ॥૩૦॥**

**શ્લોક :-**

कर्मोदयान्न बोधोऽस्यां, जायते च स्फुटः परम् ।
प्रकाश इव चन्द्रस्य, मेघाच्छादनतो दिवि ॥३१॥

**શ્લોકાર્થ :-**

**આકાશમાં મેઘના આચ્છાદનથી ચંદ્રના પ્રકાશની જેમ કેવલ કર્મના ઉદયથી આને=સુલલિતાને, સ્પષ્ટ બોધ થતો નથી.**

તે સાધ્વી ચંદ્ર જેવાં શીતલ હતાં; કેમ કે સમિતિગુપ્તિઓથી વાસિત ચિત્તવાળાં હતાં જ્યારે તે વિહાર કરતાં હોય ત્યારે તેમના દર્શનથી પણ નિષ્કષાય ચિત્તને

જોવાથી અંધકારનો ભેદ થાય છે; આમ છતાં સુલલિતા તેમની સાથે વિહાર કરે છે તોપણ તેમની મુદ્રાને સમિતિગુપ્તિઓને જોવા છતાં તે સાધ્વીમાં વર્તતા શીતલ સ્વભાવને જોવા માટે સ્પષ્ટ સમર્થ થતી નથી, જેમ આકાશમાં મેઘથી આચ્છાદિત ચંદ્ર હોય ત્યારે તે ચંદ્રનો પ્રકાશ બહાર દેખાતો નથી તેમ સુલલિતાનો આત્મા તે પ્રકારના જ્ઞાનાવરણીય કર્મથી આચ્છાદિત હતો તેથી મહાભદ્રા સાધ્વીના ચંદ્ર જેવા શીતલ પ્રકાશરૂપ સમિતિગુપ્તિના પરિણામને તે સ્પષ્ટ જોઈ શકતી નથી. **॥૩૧॥**

**શ્લોક :-**

**महाभद्रा शङ्खपुरे, समागत्यान्यदा स्थिता ।**
**नन्दस्य श्रेष्ठिनो घंघशालायां शिलशालिनी ।।३२।।**

**શ્લોકાર્થ :-**

**અન્યદા શીલશાલી એવાં મહાભદ્રા શંખપુરમાં આવીને, નંદશ્રેષ્ઠિની ઘંઘશાલમાં રહ્યાં. ।।૩૨।।**

**શ્લોક :-**

**श्रीगर्भस्तत्र राजाऽस्ति, नलिन्याख्या च तत्प्रिया ।**
**उपचारानपत्यार्थं, साऽनपत्याऽकरोद् बहून् ।।३३।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=શંખપુરમાં, શ્રી ગર્ભ રાજા છે, તેની નલિની નામની પ્રિયા છે. પુત્ર વગરની એવી તેણીએ પુત્ર માટે ઘણા ઉપચારોને કર્યા, ।।૩૩।।**

**શ્લોક :-**

**उत्पन्नः पुण्यवान् जीवस्तस्याः कुक्षावथैक्षत ।**
**निशि प्रसुप्ता सा स्वप्ने, यथा कोऽपि सुविग्रहः ।।३४।।**
**प्रविश्य मे मुखेनाङ्गे, निर्गत्य च गतः क्षणात् ।**
**नरेण केनचित् सार्धं, भर्त्रे स कथितस्तया ।।३५।।**

तेनोक्तं ते सुतो भावी, केवलं प्रव्रजिष्यति ।
शीघ्रं कञ्चिद् गुरुं प्राप्य, तच्छ्रुत्वा सा दधौ मुदम् ।।३६।।

શ્લોકાર્થ :-

હવે તેની કુક્ષિમાં પુણ્યવાળો જીવ ઉત્પન્ન થયો. સૂતેલી એવી તેણીએ સ્વપ્નમાં જોયું, જે પ્રમાણે કોઈ સુંદર શરીરવાળો મારા મુખથી અંગમાં પ્રવેશીને અને નીકળીને કોઈક મનુષ્યની સાથે ક્ષણથી નીકળ્યો. તેણી વડે તે પતિને કહેવાયું. તેના વડે કહેવાયું, તારે પુત્ર થશે, કેવલ કોઈક ગુરુ પામીને શીઘ્ર પ્રવ્રજ્યા ગ્રહણ કરશે, તેને સાંભળીને તે આનંદ પામી. ।।૩૪થી ૩૬।।

શ્લોક :-

जातस्तृतीयमासेऽस्याः, शुभकर्ममनोरथः ।
संपूरितोऽसौ श्रीगर्भराजेनातुलसंपदा ।।३७।।

શ્લોકાર્થ :-

તૃતીય માસમાં આને=નલિનીને, શુભકર્મનો મનોરથ થયો. શ્રીગર્ભ રાજા વડે અતુલ સંપત્તિઓથી આ=મનોરથ, પુરાયો. ।।૩૭।।

શ્લોક :-

असूत सा सुतं पूर्णे, काले रुचिरलक्षणम् ।
संतुष्टोऽचीकरद्राजा, तस्य जन्ममहोत्सवम् ।।३८।।

શ્લોકાર્થ :-

તે=નલિનીએ, કાળ પૂર્ણ થયે છતે સુંદર લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો, સંતુષ્ટ થયેલા રાજાએ તેનો જન્મમહોત્સવ કર્યો. ।।૩૮।।

શ્લોક :-

गुरुः समन्तभद्राख्यो, जातनिर्मलकेवलः ।
इतः समागतोऽत्रैव, स्थितश्चित्तरमे वने ।।३९।।

શ્લોકાર્થ :-

આ બાજુ થયેલા નિર્મલ કેવલજ્ઞાનવાળા સમંતભદ્ર નામના ગુરુ અહીં જ=શંખપુરમાં જ આવ્યા, ચિત્તરમ ઉદ્યાનમાં રહ્યા. ॥૩૯॥

શ્લોક :-

इतः सुललिताऽज्ञाता, वन्दितुं तं प्रवर्तीनी ।
गता कथंचित् तत्राभूद्, वार्ता पुत्रस्य भूभुजः ॥४०॥

શ્લોકાર્થ :-

આ બાજુ સુલલિતાથી અજ્ઞાત એવાં પ્રવર્તિની સમંતભદ્રા સાધ્વી તેમને=સમંતભદ્ર ગુરુને, વંદન કરવા માટે ગયાં, કોઈક રીતે ત્યાં=સમંતભદ્રસૂરિ પાસે, રાજાના પુત્રની વાર્તા થઈ. ॥૪૦॥

શ્લોક :-

उक्तं भगवताऽभ्यस्तसत्कर्मा बहुशो ह्ययम् ।
न स्थास्यति गृहे दीक्षां, लात्वा भावी श्रुतार्थवित् ॥४१॥

શ્લોકાર્થ :-

ભગવાન વડે=સમંતભદ્રસૂરિ વડે, કહેવાયું બહુ વખત અભ્યસ્ત સત્કર્મવાળો આ=રાજપુત્ર, ઘરમાં રહેશે નહીં, દીક્ષા ગ્રહણ કરીને ભવિષ્યમાં શ્રુતના અર્થને જાણનાર થશે. ॥૪૧॥

શ્લોક :-

तदाकर्ण्य महाभद्रा, हृष्टा स्वोपाश्रये गता ।
इतश्च राजपुत्रस्य, तस्य नाम प्रतिष्ठितम् ॥४२॥
पुण्डरीक इति स्पष्टं, कृतस्तत्करणोत्सवः ।
इतश्च सा सुललिता, कुतूहलपरायणा ॥४३॥
विचरन्ती वने तत्र, गता सूरिं स्म पश्यति ।
वर्णयन्तं गुणान् भाविभद्रभूपात्मजन्मनः ॥४४॥

त्रिभिर्विशेषकम् ॥

**શ્લોકાર્થ :-**

**તે સાંભળીને હર્ષિત થયેલાં મહાભદ્રા પોતાના ઉપાશ્રયમાં ગયાં, આ બાજુ તે રાજપુત્રનું નામ પુંડરીક એ પ્રમાણે સ્પષ્ટ પ્રતિષ્ઠિત કરાયું, તેના કરણનો ઉત્સવ=નામકરણનો ઉત્સવ, કરાયો અને આ બાજુ તે સુલલિતા કુતૂહલપરાયણ વિચરતી તે વનમાં ગઈ, ભાવિમાં ભદ્ર એવા રાજાના પુત્રના ગુણોનું વર્ણન કરતા સૂરિને જોયા. ||૪૨થી ૪૪||**

**શ્લોક :-**

शुभेन कर्मणा कालपरिणत्याऽनुकूलया ।
अयं हि नृगतौ पुर्यां, जातः श्रेयांसि लप्स्यते ।।४५।।
अयं हि भव्यपुरुषः, सुमतिश्चेति सुन्दरम् ।
सर्वमत्रोचितं योगः, क्षीरे खण्डस्य खल्वयम् ।।४६।।

युग्मम् ।।

**શ્લોકાર્થ :-**

**શુભ કર્મથી, અનુકૂલ કાલપરિણતિથી મનુષ્યનગરીમાં થયેલો આ ખરેખર કલ્યાણને પામશે.**

**જે કારણથી આ ભવ્યપુરુષ અને સુમતિ એ પ્રમાણે સુંદર છે અહીં=પુંડરીક રાજપુત્રમાં, સર્વ ઉચિત યોગ છે=ભવ્યપુરુષ અને સુમતિ બંને એ ઉચિત યોગ છે. દૂધમાં ખરેખર આ ખાંડનો સંબંધ છે.**

આ પુંડરીક તત્ત્વને પામે તેવો ભવ્યપુરુષ છે તેમ સુલલિતા પણ ભવ્યપુરુષ છે તોપણ સુલલિતાના તત્ત્વના બોધમાં બાધક કર્મો અત્યંત સોપક્રમ નહીં હોવાથી સુમતિવાળી નથી, જ્યારે આ ભવ્યપુરુષમાં અત્યંત માર્ગાનુસારી મતિ છે; કેમ કે ઘણા ભવો સુધી સુંદર આચારોને સેવીને સુંદર મતિ ઉત્પન્ન થાય તેવાં કર્મો પ્રાપ્ત કર્યાં છે તેથી દૂધમાં ખાંડની જેમ ભવ્યપુરુષમાં સુમતિનો યોગ છે. **||૪૫-૪૬||**

શ્લોક :-

तदाकर्ण्य जनास्तुष्टा, दध्यौ सुललिता परम् ।
भेदोऽयं जनकादेः कः, कथं भावि च वेत्त्यसौ ।।४७।।

શ્લોકાર્થ :-

**તે સાંભળીને=આચાર્યએ તે રાજપુત્રની ઉત્તમતાનું સ્વરૂપ કહ્યું તે સાંભળીને, લોકો તોષ પામ્યા. કેવલ સુલલિતાએ વિચાર કર્યો, જનકાદિનો આ ભેદ શું છે અને કેવી રીતે આ=આચાર્ય, ભાવિ જાણે છે.**

આ રાજપુત્ર ભવિષ્યમાં ઉત્તમપુરુષ થશે તે સાંભળીને શ્રોતાઓ આનંદિત થયા; કેમ કે આ આચાર્ય સર્વજ્ઞ છે તેવો બોધ હોવાથી તેમના વચન પ્રત્યે સ્થિર વિશ્વાસ હતો, વળી, સુલલિતાને પ્રતીતિ હતી કે શ્રીગર્ભ રાજા અને નલિનીનો આ પુત્ર છે. અને શંખપુર નગર છે તેના બદલે આ આચાર્ય મનુષ્યનગરી કહે છે, કર્મપરિણામ રાજાને અને કાલપરિણતે ભવ્યપુરુષની માતા કહે છે તે સંગત નથી. વળી, તેનું ભવિષ્ય આ પુરુષ કઈ રીતે નિર્ણય કરી શકે કે આ જ રાજપુત્ર ધર્માચાર્ય થશે તેથી સુલલિતા સંદેહ પામે છે. **॥૪૭॥**

શ્લોક :-

इति शङ्कापरा गत्वा, वसतिं सा प्रवर्तिनीम् ।
पप्रच्छ साऽतिमुग्धां तां, ज्ञात्वाऽवादीत् सविस्तरम् ।।४८।।

શ્લોકાર્થ :-

**આ પ્રકારની શંકામાં પર એવી સુલલિતાએ વસતિમાં જઈને પ્રવર્તિનીને=મહાભદ્રા સાધ્વીને, પૂછ્યું. તે=સાધ્વીએ તેને=સુલલિતાને, અતિમુગ્ધ જાણીને સવિસ્તર કહ્યું=વિસ્તાર સહિત આચાર્યએ કહેલ કથનનો વિસ્તારથી ખુલાસો કર્યો. ।।૪૮।।**

શ્લોક :-

अस्तीह लोकविख्याता, नृगतिर्नगरी शुभा ।
अन्याः सर्वा नगर्योऽस्यां, मग्नाः सिन्धाविवापगाः ।।४९।।

શ્લોકાર્થ :-

અહીં=સંસારમાં, શુભ મનુષ્યગતિ નામની લોકવિખ્યાત નગરી છે. સિંધુમાં અન્ય નદીઓની જેમ અન્ય સર્વ નગરીઓ આમાં=મનુષ્યગતિમાં, મગ્ન છે. ।।૪૯।।

શ્લોક :-

अस्यां देवकुलाकारास्तुङ्गा मेर्वादयो नगाः ।
पर्वतः सर्वतः सालो, विशालो मानुषोत्तरः ।।५०।।

શ્લોકાર્થ :-

આમાં=મનુષ્યગતિમાં, દેવકુલાકાર જેવા મેરુ આદિ પર્વતો છે, ચારે બાજુથી વીંટળાયેલો વિશાલ માનુષોત્તર પર્વત છે. ।।૫૦।।

શ્લોક :-

वर्षाचलपरिक्षेपाः, पाटका भरतादयः ।
विदेहरूपो हट्टाध्वा, विजयापणपङ्क्तिभृत् ।।५१।।

શ્લોકાર્થ :-

વર્ષધર પર્વતરૂપ પરિક્ષેપવાળા ભરતાદિ પાટકો છે. વિજયરૂપી દુકાનોની પંક્તિથી ભરાયેલ વિદેહરૂપ હટ્ટ માર્ગો છે. ।।૫૧।।

શ્લોક :-

लवणोदधिकालोदौ, महाराजपथाविह ।
पाटकौघास्त्रयो जम्बूधातकीपुष्करार्धकैः ।।५२।।

શ્લોકાર્થ :-

અહીં=મનુષ્યનગરીમાં, લવણસમુદ્ર કાલોદિ મહારાજ પથો છે. જંબૂદ્વીપ, ધાતકીખંડ, પુષ્કરાર્ધરૂપ ત્રણ પાટકોના સમૂહ છે. ।।૫૨।।

**શ્લોક :-**

**कोऽस्या वर्णयितुं शक्तो, गुणसंभारगौरवम् ।**
**महापुरुषरत्नानां, भूरियं भूरितेजसाम् ।।५३।।**

**શ્લોકાર્થ :-**

**આના=નગરીના, ગુણસંભાર ગૌરવનું વર્ણન કરવા કોણ સમર્થ છે ? ઘણા તેજવાળા મહાપુરુષરત્નોની આ પૃથ્વી છે.**

મનુષ્યનગરીમાં ઉત્તમ પુરુષો થાય છે, ચારે પ્રકારના પુરુષાર્થોની સાધના થાય છે તેથી તેના ગુણસમૂહને વર્ણન કરવા માટે કોઈ સમર્થ નથી. **॥૫૩॥**

**શ્લોક :-**

**एनां शास्ति नृपः कर्मपरिणामो महाबलः ।**
**नीतिमुल्लङ्घ्य यो विश्वं, तृणायापि न मन्यते ।।५४।।**

**શ્લોકાર્થ :-**

**કર્મપરિણામ નામનો મહાબલ રાજા આમને=મનુષ્યનગરીને, શાસન કરે છે. નીતિનું ઉલ્લંઘન કરીને જે=કર્મપરિણામ રાજા, વિશ્વને તૃણ તુલ્ય પણ માનતો નથી.**

રાજનીતિ છે કે બે વ્યક્તિના પરસ્પર ઝઘડામાં જેણે પ્રથમ કોઈનું અહિત કરવા પ્રયત્ન કર્યો હોય તેને દંડ આપે છે જ્યારે કર્મપરિણામ રાજા તે નીતિનું અનુશરણ કરતો નથી પરંતુ પ્રથમ ઉપદ્રવ કરનારને જે અધ્યવસાય થયો હોય તે પ્રમાણે તેને દંડ આપે છે અને નિર્દોષ પણ પુરુષને કોઈએ માર્યો હોય અને તેને ક્લિષ્ટ અધ્યવસાય થાય તો તેને વધારે દંડ આપે છે. માટે કર્મપરિણામ રાજા નીતિનું ઉલ્લંઘન કરનાર છે. **॥૫૪॥**

**શ્લોક :-**

**स च केलिप्रियो दुष्टो, नर्तयत्यङ्गिनः सदा ।**
**तेऽपि तं नातिवर्तन्ते, तत्प्रतापप्रमर्दिताः ।।५५।।**

**શ્લોકાર્થ :-**

**અને કેલિપ્રિય દુષ્ટ તે=કર્મપરિણામ રાજા, સંસારી જીવોને સદા નચાવે છે, તેના પ્રતાપથી પ્રમર્દિત થયેલા તેઓ પણ=કર્મપરિણામ રાજાના પ્રતાપથી પ્રભાવિત થયેલા સંસારી જીવો પણ, તેને અતિવર્તન કરતા નથી=કર્મપરિણામ રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. ॥૫૫॥**

**શ્લોક :-**

**स नारकादिरूपेण, नृत्यतो वेदनातुरान् ।**
**क्रन्दतः प्राणिनो दृष्ट्वा, प्राप्नोति विपुलां मुदम् ।।५६।।**

**શ્લોકાર્થ :-**

**નારકાદિ રૂપથી નાચતા, વેદનાથી પીડાયેલા, ચીસો પાડતા જીવોને જોઈને તે=કર્મપરિણામ રાજા વિપુલ આનંદને પ્રાપ્ત કરે છે.**

નારકીના જીવો વેદનાથી પીડિત થયેલા ચીસો પાડે છે ત્યારે પ્રચુર કર્મો બાંધે છે તે તેઓનાં કર્મોની વૃદ્ધિરૂપ આનંદ છે. **॥૫૬॥**

**શ્લોક :-**

**अनार्यकार्यसज्जं च, लोकं दृष्ट्वा स माद्यति ।**
**नाटके दत्तधीश्चेष्टावेषादिविकृताशये ।।५७।।**

**શ્લોકાર્થ :-**

**અને અનાર્ય કાર્યમાં સજ્જ લોકને જોઈને તે મદ કરે છે, ચેષ્ટાવેષાદિ વિકૃત આશયવાળા નાટકમાં અપાયેલી બુદ્ધિવાળો છે.**

સંસારી જીવો અનુચિત પ્રવૃત્તિ કરે છે તે જોઈને તેઓનું કર્મ અતિશય થાય છે તે કર્મોનો મદ છે, વળી, કર્મપરિણામ રાજા જીવોને તે તે પ્રકારની ચેષ્ટાઓ કરાવે છે, તે તે પ્રકારના શરીર ધારણ રૂપ વેષાદિ આપીને જીવની વિકૃતિ કરે છે અને તેવા આશયવાળું નાટક જોવામાં તત્પર બુદ્ધિવાળો કર્મપરિણામ રાજા છે. **॥૫૭॥**

શ્લોક :-

रागद्वेषाख्यमुरजं, कुभावास्फालनोन्मदम् ।
सूत्रधारमहामोहं, क्रोधमानादिगायनम् ।।५८।।
आनन्दिभोगविस्तारनान्दीमङ्गलपाठकम् ।
विहितास्तोकबिब्बोककामनामविदूषकम् ।।५९।।
वर्णकैश्चित्रलेश्याभिर्विलसत्पात्रमण्डनम् ।
योन्याख्यप्रविशत्पात्रनेपथ्यव्यवधायकम् ।।६०।।
दीनताकिङ्किणीक्वाणैः, कुसंज्ञाकंसिकास्वनैः ।
उत्तालैः शठतातालै, रङ्गरागैश्च मत्सरैः ।।६१।।
दुष्टध्यानैरभिनयैर्भ्रमिभिस्तत्त्वविप्लवैः ।
स्फुटैरर्धाक्षिविक्षेपैर्यथाभूतार्थनिह्नवैः ।।६२।।
मण्डपैश्चित्तसंकोचैरुल्लोचैर्विविधाश्रवैः ।
लोकाकाशोदरे रङ्गस्थाने विहितविस्मयम् ।।६३।।
पुद्गलस्कन्धसंबन्धशेषोपस्करसंचयम् ।
कारयन्नाटकं लोकान्, लीलामनुभवत्यसौ ।।६४।।
सप्तभिः कुलकम् ।।

શ્લોકાર્થ :-

રાગ-દ્વેષ નામના તબલાવાળું, કુભાવના આસ્ફાલનથી ઉન્મદવાળું, મહામોહ છે સૂત્રધાર જેમાં એવું, ક્રોધ, માનાદિ ગાયકવાળું, આનંદ આપનારા ભોગના વિસ્તારરૂપ નાંદિમંગલના પાઠવાળું, કર્યા છે ઘણા ચાળાઓ જેના વડે એવા કામ નામના વિદૂષકવાળું, ચિત્રલેશ્યાવાળા એવા વર્ણકો વડે, વિલાસ કરતાં પાત્રની શોભાવાળું, યોનિ નામના પ્રવેશ પામતા પાત્રના પડદાનું વ્યવધાયક એવું, દીનતારૂપી કિંકિણીના અવાજોથી, કુસંજ્ઞારૂપી કંસિકા અવાજોથી, ઉત્તાલ એવા શઠતારૂપી તાલોથી, રંગરાગરૂપી મત્સરોથી, દુષ્ટધ્યાનરૂપ અભિનયોથી, કૂદડીઓ

રૂપી તત્ત્વોના વિપ્લવોથી=ચકેડા ભમવા સ્વરૂપ તત્ત્વના ઉપદ્રવોથી, સ્પષ્ટ અર્ધાક્ષિના વિક્ષેપરૂપ યથાભૂતાર્થના નિહ્નવો વડે=સ્પષ્ટ પદાર્થ અનેકાંતાત્મક હોવા છતાં અર્ધ આંખ બંધ કરીને અર્ધ પદાર્થને જોવા રૂપ વિક્ષેપ વડે તત્ત્વના યથાભૂત અર્થના નિહ્નવો વડે, ચિત્તના સંકોચરૂપ મંડપોથી, વિવિધ આશ્રવરૂપ ઉલ્લોચોથી=તત્ત્વની વિચારણામાં ચિત્ત સ્વમતિ પ્રમાણે સંકુચિત થઈને પ્રવર્તે એ રૂપ મંડપોથી, અને ભોગાદિમાં કે માનાદિમાં વિવિધ આશ્રવરૂપ ચંદરવાઓથી, લોકાકાશના ઉદરરૂપ રંગસ્થાનમાં કરાયું છે વિસ્મય જેમાં એવું, પુદ્ગલસ્કંધના સંબંધશેષના ઉપસ્કર સંચયવાળું નાટક લોકોને કરાવતો આ=કર્મપરિણામ રાજા, લીલા અનુભવે છે. ।।૫૮થી ૬૪।।

શ્લોક :-

तस्यासीद् भूपतेः कालपरिणत्यभिधा प्रिया ।
स्वाहा स्वाहाभुजो यद्वन्नियत्याद्यतिशायिनी ।।६५।।

શ્લોકાર્થ :-

સ્વાહા રાજાની=અગ્નિદેવની સ્વાહા પત્નીની જેમ તે રાજાને=કર્મપરિણામ રાજાને, નિયતિ આદિ પત્નીઓથી અતિશાયિની કાલપરિણતિ નામની પ્રિયા હતી. ।।૬૫।।

શ્લોક :-

प्रष्टव्या विषमे कार्ये, चित्तवृत्तिरिवास्य सा ।
पार्वतीव महेशस्य, वपुरर्धमधिष्ठिता ।।६६।।

શ્લોકાર્થ :-

શરીરના અર્ધમાં અધિષ્ઠિત મહેશની પાર્વતી જેમ આની=કર્મપરિણામ રાજાની, જાણે ચિત્તવૃત્તિ હોય એવી તે=કાલપરિણતિ, વિષમ કાર્યમાં પૂછવાયોગ્ય છે.

જેમ વંકચૂલ આદિ જેવા કેટલાક જીવો જીવનના પૂર્વાર્ધમાં અત્યંત અનુચિત

કરનારા હોય છે ત્યારપછી કોઈક નિમિત્તને પામીને પશ્ચાર્ધમાં ધર્મી બને છે, તેવા વિષમ કાર્યમાં તે જીવની તેવી કાલપરિણતિને પૂછીને તેવા ચિત્તના પરિવર્તનનું કારણ એવું કર્મ વિપાકમાં આવે છે તે કાલપરિણતિને પૂછીને કરાયેલું કર્મપરિણામ રાજાનું કાર્ય છે. **॥૬૬॥**

**શ્લોક :-**

**सस्पृहं मन्त्रयत्येषा, पुरतो भर्तुरुन्मदा ।**
**योनिं जवनिकां त्यक्त्वा, पात्रैर्निर्गम्यतामितः ।।६७।।**
**गृह्यतां स्तन्यमम्बायाः, संहृत्य रुदितक्रियाम् ।**
**लुठ्यतां च पुनर्धूल्यां, शिक्ष्यतां पदचङ्क्रमः ।।६८।।**
**विण्मूत्रैर्भूयतां भूयो, मलिनैर्बालचापले ।**
**पठ्यतां पटु कौमारे, तारुण्ये भुज्यतां वधूः ।।६९।**
**वलीपलितबीभत्सैर्वार्धके भूयतां पुनः ।**
**पुनः प्रविश्यतां योनौ, पुनर्निर्गम्यतामितः ।।७०।।**
**इत्येवं मन्त्रयित्वा साऽनन्तवारा विडम्बनाम् ।**
**करोति लोकपात्राणां, स्वाभीष्टार्थविधायिनी ।।७१।।**

**पञ्चभिः कुलकम् ।।**

**શ્લોકાર્થ :-**

**ઉન્મદાવાળી આ કાલપરિણતિ સ્પૃહા સહિત ભર્તૃની આગળ મંત્રણા કરે છે. શું મંત્રણા કરે છે ? એ કહે છે – યોનિ જવનિકાને છોડીને, અહીંથી=યોનિથી પાત્રો વડે નીકળાઓ. રુદિત ક્રિયાનું સંહરણ કરીને, માતાના સ્તનને ગ્રહણ કરાઓ, વળી, ધૂલિમાં આળોટો, ચાલવાનું શિખાવાય, બાલ ચાપલમાં મલિન એવાં વિષ્ટા-મૂત્રોથી ફરી ખરાડાવાઓ, કુમાર અવસ્થામાં પટુ થાઓ, તારુણ્યમાં સ્ત્રીઓને ભોગવો, વૃદ્ધા અવસ્થામાં કરચલી અને સફેદ વાળથી બીભત્સ થાઓ, યોનિમાં ફરી પ્રવેશ કરાવાઓ, ફરી આનાથી નીકળાવાય. આ રીતે મંત્રણા કરીને**

સ્વઅભીષ્ટ અર્થને કરનારી તે=કાલપરિણતિ, લોકપાત્રોને અનંતવાર વિડંબના કરે છે. ।।૬૭થી ૭૧।।

શ્લોક :-

तयोः प्रयान्ति दंपत्योर्वासराः स्नेहनिर्भराः ।
देवी प्रोवाच राजानमन्यदा रहसि स्थितम् ।।७२।।
ईहे पुत्रसुखं स्वामिन्नन्यूनमपरं तु मे ।
स प्राह सिद्धमेवेदमावयोराशयैक्यतः ।।७३।।

શ્લોકાર્થ :-

તે દંપતીના=કાલપરિણતિ અને કર્મપરિણામ રાજાના, સ્નેહથી નિર્ભર દિવસો પસાર થાય છે. અન્યદા એકાંતમાં રહેલ રાજાને દેવીએ કહ્યું. હે સ્વામી ! હું પુત્રનું સુખ ઇચ્છું છું. બીજું મારે અન્યૂન છે. તે=કર્મપરિણામ-રાજા, કહે છે – આપણા બેના આશયના ઐક્યથી આ સિદ્ધ છે. ।।૭૨-૭૩।।

શ્લોક :-

प्रीता भर्तृगिरा देवी, स्वप्ने प्रैक्षत साऽन्यदा ।
मुखे प्रविष्टो जठरान्निर्गतः सुन्दराकृतिः ।।७४।।

શ્લોકાર્થ :-

પતિની વાણીથી=કર્મપરિણામ રાજાની વાણીથી દેવી પ્રીતિવાળી થઈ. અન્યદા તે=કાલપરિણતિએ, મુખમાં પ્રવેશેલ જઠરથી નીકળેલો સુંદર આકૃતિવાળો પુરુષ સ્વપ્નમાં જોયો. ।।૭૪।।

શ્લોક :-

केनापि सुहृदा नीत, इति हर्षविषादभाक् ।
सन्ध्येवार्कतमोमिश्रा, तं स्वप्नं प्राह भूभुजे ।।७५।।

શ્લોકાર્થ :-

કોઈક મિત્ર વડે લઈ જવાયો, એથી અંધકારથી મિશ્ર સંધ્યા જેવી હર્ષ અને વિષાદવાળી થઈ. તે સ્વપ્ન રાજાને કહ્યું. ।।૭૫।।

શ્લોક :-

स प्राह ते सुतः श्रेष्ठो, भावी स्थाता तु नो चिरम् ।
धर्माचार्यवचोबुद्धः, स्वीयार्थं साधयिष्यति ।।७६।।

શ્લોકાર્થ :-

તે કહે છે=કર્મપરિણામ કહે છે, તને શ્રેષ્ઠ પુત્ર થશે, ઘણો કાળ રહેશે નહીં, ધર્માચાર્યના વચનથી બોધ પામેલો સ્વીયાર્થને સાધશે. ।।૭૬।।

શ્લોક :-

पुत्रोऽथ सुषुवे पूर्णशुभदोहदया तया ।
पित्राऽस्य भव्य इत्याख्या, कृता स्वप्नानुसारतः ।।७७।।

શ્લોકાર્થ :-

હવે, પૂર્ણ થયા છે શુભ દોહલા જેને એવી તેણીએ પુત્રને જન્મ આપ્યો, સ્વપ્નના અનુસારથી પિતા વડે આનું ભવ્ય એ પ્રમાણે નામ કરાયું.

પ્રસ્તુત પુત્ર તત્ત્વને ગ્રહણ કરવા માટે ભવ્ય છે તેથી તેનું નામ પિતા વડે ભવ્ય એ પ્રમાણે કરાયું. ।।૭૭।।

શ્લોક :-

मात्रा सुमतिरित्यन्या, कृता सा दोहदाश्रयात् ।
योगोऽयं दक्षिणावर्तशंखेऽभूद् दुग्धसन्निभः ।।७८।।

શ્લોકાર્થ :-

દોહલાના આશ્રયથી માતા વડે સુમતિ એ પ્રમાણે અન્ય નામ કરાયું, આ યોગ=ભવ્ય અને સુમતિ એ પ્રકારનો નામનો યોગ દક્ષિણાવર્તશંખમાં દુગ્ધ જેવો થયો. ।।૭૮।।

શ્લોક :-

भद्रे ! स पुण्डरीकोऽयं, वर्ण्यते तनयोऽनयोः ।
देवीदेवाविमौ विश्वजनकौ तत्त्वतो यतः ।।७९।।

શ્લોકાર્થ :-

હે ભદ્ર ! અગૃહીતસંકેતા ! તે આ પુંડરીક આ બેનો=કર્મપરિણામ અને કાલપરિણતિનો પુત્ર વર્ણન કરાય છે. જે કારણથી તત્ત્વથી આ દેવી અને દેવ=કર્મપરિણામ અને કાલપરિણતિ, વિશ્વનાં જનક છે=વિશ્વના સર્વ સંસારી જીવોનાં જનક છે. ।।૭૯।।

શ્લોક :-

अथागृहीतभावार्था, जगौ सुललिता पुनः ।
अनयोस्तनयो जातः, कथं निर्बीजवन्ध्ययोः ।।८०।।

શ્લોકાર્થ :-

अथ=મહાભદ્રા સાધ્વીએ ગાથા-૪૮થી અત્યાર સુધી સ્પષ્ટતા કરી તે સાંભળીને 'अथ'થી અગૃહીત ભાવાર્થવાળી સુલલિતા ફરી બોલી – કેવી રીતે નિર્બીજ અને વંધ્ય એવાં આ બેનો=નિર્બીજ એવા કર્મપરિણામ અને વંધ્યા એવી કાલપરિણતિનો પુત્ર થયો ? ।।૮૦।।

શ્લોક :-

ततः प्रवर्तिनी प्रज्ञाविशाला प्राह तामिदम् ।
मुग्धे ! तत्त्वानभिज्ञाऽसि, परमार्थमतः शृणु ।।८१।।

શ્લોકાર્થ :-

તેથી પ્રવર્તિની એવી પ્રજ્ઞાવિશાલા તેણીને=સુલલિતાને, આ કહે છે. હે મુગ્ધા ! તું તત્ત્વને નહીં જાણનારી છો, આથી પરમાર્થને સાંભળ. ।।૮૧।।

શ્લોક :-

इमौ हि तत्त्वतोऽनन्ताऽपत्यावप्यनपत्यकौ ।
ख्यापिताववविवेकादिदृग्दोषाशङ्किमन्त्रिभिः ।।८२।।

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, તત્ત્વથી અનંત પુત્રોવાળાં છતાં પણ આ બંને= કર્મપરિણામ અને કાલપરિણતિ, અવિવેકાદિવાળા અને દૃષ્ટિદોષથી આશંકાવાળા મંત્રીઓ વડે અપુત્રવાળાં ખ્યાપન કરાયાં.**

અવિવેક એટલે દેહ અને આત્માના ભેદના જ્ઞાનનો અભાવ. અવિવેકાદિમાં આદિ પદથી માર્ગાનુસારી જ્ઞાનના અભાવનું ગ્રહણ છે અને કર્મપરિણામ રાજાના અવિવેક અને માર્ગાનુસારી જ્ઞાનનો અભાવ એ બે મુખ્યમંત્રી છે; કેમ કે તે બેના કારણે જ કર્મપરિણામ રાજાનો સંસારી જીવો ઉપર પ્રભાવ રહે છે જેથી સંસાર સદા અસ્ખલિત પ્રવર્તે છે. જે જીવોમાં અવિવેક અને માર્ગાનુસારી જ્ઞાનનો અભાવ છે તે જીવોને વ્યવહારમાં પોતાના જન્મદાતા જે માતા-પિતા છે તે જ માતા-પિતા રૂપે પ્રતિભાસે છે પરંતુ પોતે કર્મપરિણામ રાજાથી અને કાલપરિણતિથી જન્મ્યા છે તેવો બોધ થતો નથી, તેથી જીવમાં વર્તતો અવિવેકાદિનો પરિણામ બોધ કરાવે છે કે કર્મપરિણામથી અને કાલપરિણતિથી કોઈનો જન્મ થતો નથી તેથી કાલપરિણતિ વંધ્યા છે અને કર્મપરિણામ નિર્બીજ છે તેમ જણાય છે. તેથી સંસારી જીવોમાં વર્તતા અવિવેકાદિ મંત્રીએ કર્મપરિણામ રાજા અને કાલપરિણતિને પુત્ર વગરનાં ખ્યાપન કર્યાં છે. **॥૮૨॥**

**શ્લોક :-**

**इदानीं तत्कथं ताभ्यां, पुत्रजन्म प्रकाशितम् ।**
**मुग्धां तामिति पृच्छन्तीं, पुनराह प्रवर्तिनी ।।८३।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=અવિવેકાદિ મંત્રી વડે કર્મપરિણામ અને કાલપરિણતિ પુત્ર વગરનાં જાહેર કરાયાં તે કારણથી, કેવી રીતે તે બંને દ્વારા હમણાં પુત્રજન્મ પ્રકાશન કરાયું. એ પ્રકારે પૂછતી મુગ્ધ એવી તેણીને=સુલલિતાને, ફરી પ્રવર્તિની કહે છે. ।।૮૩।।**

**શ્લોક :-**

**अस्यामेवास्ति पुर्यां मे, धर्माचार्यः सदागमः ।**
**रहस्यमनयोः सर्वं, स जानाति महाशयः ।।८४।।**

શ્લોકાર્થ :-

આ જ નગરીમાં મારા ધર્માચાર્ય સદાગમ છે, તે મહાશય આ બેનું સર્વ રહસ્ય જાણે છે. ॥૮૪॥

શ્લોક :-

स चान्यदा मया पृष्टो, हृष्यन् हर्षस्य कारणम् ।
निर्बन्धप्रेरितः प्राहः, शृणु भद्रे ! कुतूहलम् ।।८५।।

શ્લોકાર્થ :-

અને હર્ષ પામતા એવા તે=સમંતભદ્રસૂરિ અન્યદા મારા વડે=મહાભદ્રા સાધ્વી વડે, હર્ષનું કારણ પુછાયા, આગ્રહથી પ્રેરિત એવા તે કહે છે – હે ભદ્રા ! મહાભદ્રા સાધ્વી ! કુતૂહલને સાંભળ=મારા હર્ષના કારણને સાંભળ. ॥૮૫॥

શ્લોક :-

विज्ञप्तो नृपतिः कालपरिणत्या रहःस्थया ।
क्षाल्यतामावयोर्वन्ध्याऽबीजत्वभवदुर्यशः ।।८६।।

શ્લોકાર્થ :-

એકાંતમાં રહેલ કાલપરિણતિ વડે રાજા=કર્મપરિણામ રાજા, વિજ્ઞપ્ત કરાયો, આપણા બેનો વંધ્યા અને અબીજથી થનારો દુર્યશ દૂર કરાઓ. ॥૮૬॥

શ્લોક :-

अलीकोऽप्यपवादो हि, महिमानं क्षयं नयेत् ।
कलङ्कीति श्रुतश्चन्द्रस्तातेनापि बहिष्कृतः ।।८७।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, અલીક પણ અપવાદ મહિમાના ક્ષયને કરે છે. કલંકી એ પ્રમાણે સંભળાયેલો ચંદ્ર પિતા વડે બહિષ્કૃત કરાયો. ॥૮૭॥

શ્લોક :-

अपत्यान्यात्मनीनानि, परेषां ख्यापितानि यैः ।
प्रष्टुमर्हन्ति तेऽत्रार्थे नाविवेकादिमन्त्रिणः ।।८८।।

શ્લોકાર્થ :-

જેઓ વડે=અવિવેકાદિ મંત્રી વડે પોતાના પુત્રો=કર્મપરિણામ રાજાના પુત્રો, બીજાઓને ખ્યાપન કરાયા, તે અવિવેકાદિ મંત્રીઓ આ અર્થમાં પૂછવાને માટે યોગ્ય નથી એ પ્રમાણે કાલપરિણતિ કર્મપરિણામ રાજાને કહે છે. ॥૮૮॥

શ્લોક :-

प्रतिश्रुतमिदं देव्या, वचो राज्ञा यतो हितम् ।
समक्षं सर्वलोकानां, पुत्रजन्म प्रकाशितम् ।।८९।।

શ્લોકાર્થ :-

જે કારણથી દેવીનું આ હિતવચન રાજા વડે સ્વીકારાયું તે કારણથી સર્વ લોકોની સમક્ષ પુત્રજન્મ પ્રકાશિત કરાયો. ॥૮૯॥

શ્લોક :-

सोऽयं भव्यो ममाभीष्ट, इति हृष्यामि धीमति ! ।
मयोक्तं युज्यते पूज्याः, स्थाने हर्षोऽयमेष वः ।।९०।।

શ્લોકાર્થ :-

તે આ ભવ્ય મને અભીષ્ટ છે. એથી હે ! બુદ્ધિમાન મહાભદ્રા ! હું હર્ષિત છું એ પ્રમાણે સમંતભદ્રસૂરિએ કહ્યું, મારા વડે કહેવાયું=મહાભદ્રા સાધ્વી વડે કહેવાયું, હે પૂજ્ય ! તમારો આ હર્ષ પણ સ્થાને ઘટે છે. ॥૯૦॥

શ્લોક :-

अतः सुललिते ! पात्रं, पुण्डरीकोऽयमुत्तमम् ।
पुत्रः प्रकाशितो देवीदेवयोरनुकूलयोः ।।९१।।

गुणैरनन्यसामान्यैर्दृष्टहेत्वतिवर्तिनी ।
सृष्टिर्निगद्यते पुण्या दृष्टस्य हि महात्मभिः ।।९२।।

**શ્લોકાર્થ :-**

**આથી=આચાર્યને તેના જન્મથી હર્ષ થયો આથી, હે સુલલિતા ! આ ઉત્તમ પાત્ર પુંડરીક અનુકૂલ એવાં દેવીનો અને દેવનો પુત્ર પ્રકાશિત કરાયો.**

**हि=જે કારણથી, અસાધારણ ગુણો વડે દૃષ્ટની=પુંડરીકમાં સર્વ જીવો કરતાં અસાધરણ ગુણો છે તે ગુણોથી દૃષ્ટ એવા પુંડરીકની, દૃષ્ટ હેતુથી અતિવર્તન કરનારી પુણ્ય સૃષ્ટિ=દૃષ્ટ એવાં માતા-પિતાથી અતિ-વર્તન કરનાર કર્મપરિણામની અને કાલપરિણતિની જે પુણ્ય સૃષ્ટિ= શ્રેષ્ઠ સર્જન, મહાત્મા વડે કહેવાય છે.**

કર્મપરિણામ રાજાને અને કાલપરિણતિને પોતાને પુત્ર નથી તેવો જુઠ્ઠો અપવાદ ખટકે છે. તેથી જે વખતે કોઈક મહાત્મા જન્મે છે, તેની વિશિષ્ટ પુણ્યની પ્રકૃતિ અને વિશિષ્ટ ગુણો પ્રગટે તેવા ક્ષયોપશમભાવ ગુણો હોય છે તેના કારણીભૂત કર્મપરિણામ રાજા અને તે જીવની કાલપરિણતિ ઉત્તમ પુરુષને જગતમાં જન્મ આપે છે અને તેવા ગુણવાળા પુરુષો જગતમાં જન્મે છે ત્યારે મહાત્માઓ કહે છે કે કર્મપરિણામ રાજા અને કાલપરિણતિ રાણીએ આ ઉત્તમ પુરુષને જન્મ આપ્યો, તેમ પ્રસ્તુત પુંડરીકના જન્મને જોઈને મહાત્મા તે પ્રકારે પ્રકાશન કરે છે. **॥૯૧-૯૨॥**

**શ્લોક :-**

जगौ सुललिता पूज्ये, संशयः प्रथमो हतः ।
त्वया समर्थयत्या मे, गुरूक्तामर्थपद्धतिम् ।।९३।।

**શ્લોકાર્થ :-**

**સુલલિતાએ કહ્યું હે પૂજ્યા ! ગુરુથી કહેલા અર્થની પદ્ધતિને સમર્થન કરતી એવા તારા વડે=મહાભદ્રા સાધ્વી વડે મારો પ્રથમ સંશય હણાયો=**

ગાથા-૪૭માં સુલલિતાને બે સંશય થયેલા તેમાંથી પ્રથમ સંશય દૂર થયો, ।।૯૩।।

શ્લોક :-

एष वेत्ति कथं वार्ता, भविष्यत्कालभाविनीम् ।
इत्येनमर्हसि च्छेत्तुं, द्वितीयमपि संशयम् ।।९४।।

શ્લોકાર્થ :-

આ=સમંતભદ્રસૂરિ, ભવિષ્યકાલ ભાવિની વાર્તાને કેવી રીતે જાણે છે, એ પ્રકારના આ બીજા પણ સંશયને છેદવા માટે તું યોગ્ય છે. ।।૯૪।।

શ્લોક :-

अथ प्राह महाभद्रा, भद्रे ! यो वीक्षितस्त्वया ।
सोऽयं सदागमो नाम, पुरुषो धर्मदेशकः ।।९५।।

શ્લોકાર્થ :-

હવે મહાભદ્રા કહે છે. હે ભદ્રે ! અગૃહીતસંકેતા ! તારા વડે જે જોવાયા તે આ ધર્મદેશક સદાગમ નામનો પુરુષ છે. ।।૯૫।।

શ્લોક :-

करामलकवद् वेत्ति, पदार्थान् जगतामयम् ।
परेषामर्थकथने, व्यसनं चास्य जृम्भते ।।९६।।

શ્લોકાર્થ :-

હાથમાં રહેલા આમળાની જેમ જગતના પદાર્થોને આ=સદાગમ જાણે છે, અને આને=સદાગમને, બીજા જીવોને અર્થ કહેવામાં વ્યસન વર્તે છે. ।।૯૬।।

શ્લોક :-

अन्येऽप्यभिनिबोधाद्याश्चत्वारः पुरुषा इह ।
तादृशाः सन्ति न परं, समर्थाः परबोधने ।।९७।।

શ્લોકાર્થ :-

અહીં=સંસારમાં, અન્ય પણ અભિનિબોધાદિ ચાર પુરુષો તેવા પ્રકારના છે=હાથમાં રહેલા આમળાની જેમ સર્વ જોનારા છે, પરંતુ પરને બોધ કરાવવા માટે સમર્થ નથી. ॥૯૭॥

શ્લોક :-

ततः सुललिता मुग्धा, प्राह किं राजदारकः ।
असौ सदागमस्येष्टः, प्रत्युवाच प्रवर्तिनी ।।९८।।

શ્લોકાર્થ :-

તેથી, મુગ્ધ એવી સુલલિતાએ કહ્યું – આ રાજદારક સદાગમને કેમ ઈષ્ટ છે ? પ્રવર્તિનીએ ઉત્તર આપ્યો. ॥૯૮॥

શ્લોક :-

भद्रे ! परोपकारैकप्रवणः प्रकृतेरयम् ।
इन्दुः कुवलयोल्लासे, किं कारणमपेक्षते ।।९९।।

શ્લોકાર્થ :-

હે ભદ્રા ! પ્રકૃતિથી આ=સદાગમ, પરોપકારમાં એક પ્રવણ છે. કમળોના ઉલ્લાસમાં શું ચંદ્ર કારણની અપેક્ષા રાખે છે ? અર્થાત્ ચંદ્ર કારણની અપેક્ષા રાખતો નથી, તેમ સદાગમ પરોપકાર કરવામાં કોઈ કારણની અપેક્ષા રાખતા નથી. ॥૯૯॥

શ્લોક :-

पापिष्ठास्त्वस्य वचने, न वर्तन्ते द्विषन्त्यमुम् ।
हसन्ति केऽपि दौःशील्यादुपेक्षन्ते च केचन ।।१००।।

શ્લોકાર્થ :-

વળી, આના=સદાગમના, વચનમાં પાપિષ્ઠ જીવો વર્તતા નથી, આનો= સદાગમનો, દ્વેષ કરે છે, કેટલા હસે છે અને કેટલાક દૌઃશીલ્યપણાને કારણે ઉપેક્ષા કરે છે.

જે જીવો મોહને અત્યંત વશ છે તેઓ ધર્મ કરે તોપણ સદાગમના વચન પ્રમાણે કરતા નથી, પોતાની મતિ અનુસાર ધર્મ કરે છે અથવા સંસારની પ્રવૃત્તિઓ કરે છે. વળી, કેટલાક જીવો સદાગમ પ્રત્યે દ્વેષ કરે છે અને કહે છે કે લોકોને પરલોકનો ભય બતાવીને સદાગમ ભોગથી વંચિત કરે છે. વસ્તુતઃ પરલોકાદિ નથી, મિથ્યાકલ્પનાથી સદાગમ તે પ્રમાણે કહે છે. વળી, કેટલાક સદાગમનાં તત્ત્વને કહેનારાં વચનો સાંભળીને આ સદાગમ અસંબદ્ધ પ્રલાપ કરનાર છે એમ કહીને હસે છે. આથી જ એકાંતવાદીઓ સ્યાદ્વાદનો ઉપહાસ કરે છે. વળી, કેટલાક દુઃશીલ સ્વભાવવાળા હોવાથી સદાગમના વચનને સાંભળવા પ્રત્યે ઉપેક્ષાવાળા છે, માત્ર ભોગવિલાસમાં રત રહેનારા છે, જો કે તેઓ સદાગમ પ્રત્યે દ્વેષ કરતા નથી, ઉપહાસ કરતા નથી, તોપણ સદાગમના વચનને સાંભળવાને અભિમુખ ભાવ માત્ર પણ ધારણ કરતા નથી. **॥૧૦૦॥**

**શ્લોક :-**

**तदुक्ताकरणाशक्तिं, भाषन्ते केचिदात्मनः ।**
**प्रतारकोऽयमित्येनं, शङ्कन्ते केऽपि दुर्धियः ।।१०१।।**

**શ્લોકાર્થ :-**

**કેટલાક પોતાની તેમનાથી કહેવાયેલાં કૃત્યોના અકરણની શક્તિને કહે છે. કેટલાક દુર્બુદ્ધિવાળા આ=સદાગમ, ઠગનાર છે, એ પ્રમાણે એની શંકા કરે છે. ।।૧૦૧।।**

**શ્લોક :-**

**आदावेव न बुध्यन्ते, तद्वचः केऽपि बालिशाः ।**
**श्रद्दधत्येव नो केचित्, केऽपि तत्र श्लथादराः ।।१०२।।**

**શ્લોકાર્થ :-**

**કેટલાક બાલિશ જીવો આદિમાં જ તેના વચનનો બોધ પ્રાપ્ત કરતા નથી, કેટલાક શ્રદ્ધાને જ કરતા નથી=સદાગમના વચનમાં શ્રદ્ધાને કરતા નથી, કેટલાક વળી, ત્યાં=સદાગમના વચનમાં, શિથિલ આદરવાળા છે. ।।૧૦૨।।**

શ્લોક :-

अयोग्यत्वादतस्तेषां, गाढोद्विग्नः सदागमः ।
नोपकाराय घूकानां, तिग्मांशुरिव जायते ।।१०३।।

શ્લોકાર્થ :-

આથી=ગાથા-૧૦૦થી ૧૦૨ સુધી અયોગ્ય જીવો કેવા છે તે બતાવ્યા આથી, તેઓનું અયોગ્યપણું હોવાને કારણે, ગાઢ ઉદ્વિગ્ન એવા સદાગમ ઘુવડોને સૂર્યની જેમ ઉપકાર માટે થતા નથી. ।।૧૦૩।।

શ્લોક :-

अयं तु भव्यपुरुषः, सुमतिश्चेति पात्रताम् ।
ज्ञात्वा स्वज्ञानसंक्रान्तेरत्र तुष्टः सदागमः ।।१०४।।

શ્લોકાર્થ :-

વળી, આ ભવ્યપુરુષ અને સુમતિ છે એથી સ્વજ્ઞાનની સંક્રાંતિની પાત્રતાને જાણીને=પોતાનું જે સદાગમ છે તે આ ભવ્યપુરુષમાં સંક્રાંત થશે તે જાણીને અહીં=ભવ્યપુરુષના જન્મમાં, સદાગમ તુષ્ટ છે. ।।૧૦૪।।

શ્લોક :-

पुनः सुललिता प्राह, का नु शक्तिः सदागमे ।
न बोधयति पापिष्ठान्, यदि लोकान् प्रसह्य सः ।।१०५।।

શ્લોકાર્થ :-

ફરી સુલલિતા કહે છે. જો બળાત્કારે તે=સદાગમ, પાપિષ્ઠ લોકોને બોધ કરાવતા નથી, તો સદાગમમાં કઈ શક્તિ છે. બોધ કરાવવાની શક્તિ નથી. ।।૧૦૫।।

શ્લોક :-

जगावथ महाभद्रा, सुरेन्द्रैरपि दुर्जयः ।
यः कर्मपरिणामोऽयं, तं हुङ्कारेण नाशयन् ।।१०६।।

**पादौ प्रदाप्य तन्मौलावनन्तान् मोचयत्ययम् ।**

**प्रवर्तते परं तस्य, कुपात्रेष्ववधीरणा ।।१०७।।**

**શ્લોકાર્થ :-**

**હવે મહાભદ્રા સાધ્વીએ કહ્યું, સુરેન્દ્રથી પણ દુર્જય એવો જે આ કર્મપરિણામ છે, તેને=કર્મપરિણામને, હુંકારાથી નાશ કરતા એવા આ સદાગમ તેના મસ્તક ઉપર પગોને મૂકીને અનંત જીવોને મુકાવે છે, પરંતુ કુપાત્રોમાં તેની=સદાગમની, અવધીરણા પ્રવર્તે છે.**

મહાભદ્રા સાધ્વીજી સુલલિતાને કહે છે. કર્મપરિણામ રાજા ઇન્દ્રોથી પણ દુર્જય છે. તે કર્મપરિણામને સદાગમ સ્વપરાક્રમથી નાશ કરનારા છે. પોતાનાં કર્મોને નાશ કરવા માટે સતત પ્રવર્તે છે. અને કર્મપરિણામ રાજાના મસ્તક પર પગ મૂકીને ઉચિત ઉપદેશ દ્વારા અનંત જીવોને મુકાવે છે. પરંતુ કુપાત્ર જીવો તેમના વચનને ઝીલે તેવા નહીં હોવાથી સદાગમ તેઓની ઉપેક્ષા કરે છે; કેમ કે ઉપદેશક ઉચિત ઉપદેશ દ્વારા જ યોગ્ય જીવોના સોપક્રમકર્મોનો નાશ કરાવવા સમર્થ બને છે, તેથી અયોગ્ય જીવોના કર્મોનો નાશ સદાગમ કરાવી શકતા નથી. **II૧૦૬-૧૦૭II**

**શ્લોક :-**

**उपेक्षिताश्च ते तेन, कदर्थ्यन्तेऽत्र कर्मणा ।**

**ये त्वत्र भक्तिमन्तोऽपि, कुर्वते विकलक्रियाम् ।।१०८।।**

**શ્લોકાર્થ :-**

**અને તેમના વડે=સદાગમ વડે, ઉપેક્ષિત એવા તેઓ=સંસારી જીવો, અહીં=સંસારમાં, કર્મથી કદર્થના કરાય છે. વળી, આમાં=સદાગમમાં, ભક્તિવાળા પણ જેઓ વિકલ ક્રિયાને કરે છે. ।।૧૦૮।।**

**શ્લોક :-**

**कुर्वते भक्तिमात्रं वा, नाम वा लान्ति केवलम् ।**

**सन्मार्गे पक्षपातं वा, दधत्यस्यानुरागतः ।।१०९।।**

**શ્લોકાર્થ :-**

**અથવા ભક્તિ માત્ર કરે છે. અથવા કેવલ નામ ગ્રહણ કરે છે. અથવા આના અનુરાગથી=સદાગમના અનુરાગથી, સન્માર્ગમાં પક્ષપાત ધારણ કરે છે. ||૧૦૯||**

**શ્લોક :-**

एतन्नामाऽप्यजानानाः, प्रकृत्या भद्रकाश्च ये ।
सर्वेऽपि ते ह्यभिप्रेताः, सदागममहात्मनः ।।११०।।

**શ્લોકાર્થ :-**

**આના નામને પણ નહીં જાણનારા=સદાગમના નામને પણ નહીં જાણનારા, અને જે પ્રકૃતિથી ભદ્રક છે તે સર્વ પણ સદાગમ મહાત્માને અભિપ્રેત છે=ઉપદેશ આપવા યોગ્ય છે. ||૧૧૦||**

**શ્લોક :-**

तान् कर्मपरिणामस्तन्न बाढं बाधितुं क्षमः ।
किन्तु दत्ते श्रियस्तास्ताः, सदागमवशंवदः ।।१११।।

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=ગાથા-૧૦૮થી ૧૧૦માં બતાવ્યું તેવા જીવો સદાગમને અભિપ્રેત છે તે કારણથી, તેઓને=તે જીવોને, કર્મપરિણામ અત્યંત બાધ કરવા સમર્થ નથી. પરંતુ સદાગમને વશ થયેલો એવો કર્મપરિણામ રાજા તે તે લક્ષ્મીને આપે છે.**

જે જીવો જ્યારે જ્યારે સદાગમ પ્રત્યે ભક્તિના ઉપયોગવાળા થાય છે, તેનાં વચનો શ્રવણો કરે છે, જે જે અંશથી તેમનાં વચનો તેમને સ્પર્શે છે અથવા સદાગમને નહીં જાણનારા પણ પ્રકૃતિથી ભદ્રક જીવો સદાગમને સ્પર્શે તેવી સુંદર પ્રકૃતિ ધરાવે છે તે સર્વ જીવોને સદાગમને વશ એવો કર્મનો પરિણામ ઉત્તમ લક્ષ્મીને અપાવે છે. આથી જ સદાગમને સેવીને તીર્થંકરો, ઋષિઓ, ચક્રવર્તીઓ આદિ થાય છે. **||૧૧૧||**

**શ્લોક :-**

**भद्रे ! तन्नास्य माहात्म्यं, कोऽपि वर्णयितुं क्षमः ।**
**कुठारो दोषवृक्षाणामसौ गुणवनाम्बुदः ।।११२।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી હે ભદ્રે અગૃહીતસંકેતા ! આના માહાત્મ્યને=સદાગમના માહાત્મ્યને, વર્ણન કરવા માટે કોઈ સમર્થ નથી. દોષરૂપી વૃક્ષોનો આ કુઠાર છે. ગુણરૂપી વનને ખીલવવામાં વરસાદ છે. ।।૧૧૨।।**

**શ્લોક :-**

**अथ मग्ना सुललिता, मुग्धा संदेहवारिधौ ।**
**क्वैतावान् गुणसंदोहः, स्तुतिः परिचयादियम् ।।११३।।**

**શ્લોકાર્થ :-**

**હવે મુગ્ધ એવી સુલલિતા સંદેહરૂપી સમુદ્રમાં મગ્ન થઈ. આટલા ગુણોનો સમૂહ ક્યાં હોય ? આ સ્તુતિ પરિચયથી છે.**

મહાભદ્રા સાધ્વીને સદાગમનો પરિચય છે એથી એ સદાગમની સ્તુતિ કરે છે. વસ્તુતઃ કર્મપરિણામને પણ હંફાવે અને કર્મપરિણામના સકંજામાંથી જીવોને છોડાવે ઇત્યાદિ સર્વ ગુણોનો સમૂહ એક પુરુષમાં ક્યાંથી સંભવે ? આ પ્રમાણે સુલલિતા મુગ્ધતાથી વિચારે છે. **।।૧૧૩।।**

**શ્લોક :-**

**आह प्रज्ञाविशालां सा, नूनं मग्नाऽस्मि संशये ।**
**तत् त्वयाऽसौ मदुद्धृत्यै, दर्शनीयः सदागमः ।।११४।।**

**શ્લોકાર્થ :-**

**તે=સુલલિતા, પ્રજ્ઞાવિશાલાને કહે છે. ખરેખર સંશયમાં હું મગ્ન છું. તે કારણથી તમારા વડે=પ્રજ્ઞાવિશાલા વડે, મારી ઉદ્ધૃતિને માટે=મારા સંશયના ઉદ્ધાર માટે, આ=સદાગમ, બતાવવો જોઈએ. ।।૧૧૪।।**

**શ્લોક :-**

**सा प्राह सुन्दरं ह्येतद्, द्रष्टव्यः सेव्य एव सः ।**
**गते द्वे अपि तन्मूलं, दृष्टश्चासौ महाशयः ।।११५।।**

**શ્લોકાર્થ :-**

**તે કહે છે=પ્રજ્ઞાવિશાલા કહે છે. આ સુંદર છે. જોવાયોગ્ય એવા તે=સદાગમ સેવ્ય જ છે. બંને પણ=પ્રજ્ઞાવિશાલા અને સુલલિતા બંને પણ, તેમના મૂળમાં ગઈ. આ=સદાગમ, મહાશય જોવાયો. ।।૧૧૫।।**

**શ્લોક :-**

**शुष्कस्तद्दर्शनादेव, तस्याः संदेहकर्दमः ।**
**दिनानि यान्त्यथ तयोर्लीलया तस्य सेवया ।।११६।।**

**શ્લોકાર્થ :-**

**તેના દર્શનથી જ=સદાગમના દર્શનથી જ, તેનો=સુલલિતાનો, સંદેહરૂપી કાદવ સુકાઈ ગયો. હવે લીલાપૂર્વક તેની સેવાથી=સદાગમની સેવાથી તે બંનેના=સુલલિતાના અને પ્રજ્ઞાવિશાલાના, દિવસો પસાર થાય છે.**

સુલલિતાએ પ્રથમ સદાગમને જોયેલ ત્યારે સુલલિતાનો ઉપયોગ તે પ્રકારનો હતો જેથી તે વચનો સંગત નથી. તેમ જ તેને જણાય છે તેથી તેમના વચનમાં બે શંકા થયેલ અને તેનું સમાધાન સાધ્વીએ કર્યું. તેથી તે બે શંકા નિવર્તન પામી. ત્યારપછી સાધ્વીએ સદાગમનાં જે ગુણગાનો કર્યાં તે સાધ્વીને સદાગમનો પરિચય છે માટે કરે છે એ પ્રકારનો સંદેહ સુલલિતાને થાય છે, છતાં તે ગુણો સદાગમમાં છે કે નહીં તે જોવાને અભિમુખ ભાવથી સદાગમ પાસે જાય છે, તેથી સદાગમની મુદ્રા જોઈને તેમના દર્શન માત્રથી તે સર્વ સંદેહ દૂર થાય છે. તેથી તત્ત્વને જોવાને અભિમુખ ઉપયોગથી સુખપૂર્વક તત્ત્વની પ્રાપ્તિ થાય છે તેમ સુલલિતાને સદાગમના ગુણોને જોવાનો પરિણામ થયો તેથી જોવામાત્રથી તે સંદેહ નિવર્ત પામે છે. વળી જ્યાં સુધી સંદેહને અભિમુખ ચિત્ત હોય છે ત્યાં સુધી સંદેહમાં જ ઉપયોગ જાય છે. પરંતુ તત્ત્વનો બોધ થતો નથી તેમ સુલલિતાનો

પૂર્વમાં સદાગમને જોઈને તેમના વચનમાં સંદેહને અભિમુખ પરિણામ હતો તેથી સદાગમમાં ગુણો વિદ્યમાન હોવા છતાં દેખાયા નહીં એ પ્રકારનો પ્રસ્તુત કથનનો ભાવ છે. **॥૧૧૬॥**

**શ્લોક :-**

**अथानेन महाभद्रा, प्रोक्ता विहरताऽन्यदा ।**
**क्षीणजंघाबलाऽसि त्वं, तत् तिष्ठात्रैव धीमति ! ।।११७।।**

**શ્લોકાર્થ :-**

**હવે વિચરતા એવા આના દ્વારા=સદાગમ દ્વારા, અન્યદા મહાભદ્રા સાધ્વી કહેવાયાં, હે બુદ્ધિવાળી ! ક્ષીણ જંઘાબલવાળી તું છો, તે કારણથી અહીં જ=શંખપુર નગરમાં જ રહો. ॥૧૧૭॥**

**શ્લોક :-**

**कर्तव्यो नृपपुत्रोऽसावाबाल्यात् स्नेहनिर्भरः ।**
**त्वयि संजातविश्रम्भः, प्रयाति मम वश्यताम् ।।११८।।**

**શ્લોકાર્થ :-**

**આ રાજાનો પુત્ર બાલ્ય ભાવથી સ્નેહનિર્ભર કરવો જોઈએ, તારામાં પ્રાપ્ત થયેલા વિશ્વાસવાળો મારી વશ્યતાને પ્રાપ્ત કરશે, ॥૧૧૮॥**

**શ્લોક :-**

**प्रज्ञाविशालया तस्य, तत्प्रपन्नं वचस्तया ।**
**आवर्ज्य जननीचित्तं, लालितो राजबालकः ।।११९।।**

**શ્લોકાર્થ :-**

**તેમનું=સદાગમનું, તે વચન તે પ્રજ્ઞાવિશાલા વડે સ્વીકારાયું, માતાનું ચિત્ત=પુંડરીકની માતાનું ચિત્ત, આવર્જન કરીને, રાજબાલક લાલન કરાયો=પ્રજ્ઞાવિશાલા વડે લાલન કરાયો, ॥૧૧૯॥**

શ્લોક :-

क्रमेण वर्द्धमानोऽसौ, तस्यां स्नेहं परं दधौ ।
पुनः सूरिरथायातस्तत्पार्श्वे तं निनाय सा ।।१२०।।

શ્લોકાર્થ :-

ક્રમથી વધતો એવો આ=પુંડરીક, તેણીમાં=પ્રજ્ઞાવિશાલા સાધ્વીમાં, અત્યંત સ્નેહ ધારણ કરે છે, હવે ફરી સૂરિ આવ્યા=શંખપુર નગરમાં આવ્યા, તેની પાસે=સૂરિ પાસે, તેને=પુંડરીકને, તે=સાધ્વી, લઈ ગઈ. ।।૧૨૦।।

શ્લોક :-

स तं सदागमं वीक्ष्य, परं हर्षमुपागतः ।
श्रुत्वाऽस्तपापस्तद्वाचं, चिन्तयामास चेतसि ।।१२१।।

શ્લોકાર્થ :-

તે સદાગમનને જોઈને તે=પુંડરીક, પરં હર્ષને પામ્યો, અસ્તપાપવાળા એવા પુંડરીકે તેમના વચનને સાંભળીને=સદાગમના વચનને સાંભળીને, ચિત્તમાં વિચાર કર્યો. ।।૧૨૧।।

શ્લોક :-

धन्येयं नगरी यस्यां, वसत्येष सदागमः ।
स्याद् यद्ययमुपाध्यायः, पठाम्यस्यान्तिके श्रुतम् ।।१२२।।

શ્લોકાર્થ :-

આ નગરી ધન્ય છે જેમાં આ સદાગમ વસે છે, જો આ ઉપાધ્યાય થાય, આમની પાસે શ્રુતને હું ભણું. ।।૧૨૨।।

શ્લોક :-

अयं प्रज्ञाविशालाया, भावस्तेन निवेदितः ।
आपृच्छ्य पितरौ साऽथ, तं तच्छिष्यमचीकरत् ।।१२३।।

**શ્લોકાર્થ :-**

**આ ભાવ તેના વડે=પુંડરીક વડે, પ્રજ્ઞાવિશાલાને નિવેદિત કરાયો, હવે, માતા-પિતાને પૂછીને, તે પ્રજ્ઞાવિશાલાએ તેને=પુંડરીકને, તેમનો શિષ્ય કર્યો=આચાર્ય પાસે વિદ્યાગ્રહણ કરવા માટે તત્પર કર્યો. ॥૧૨૩॥**

**શ્લોક :-**

**ततो दिने दिने याति, सह प्रज्ञाविशालया ।**
**पार्श्वे सदागमस्यार्थं, जिज्ञासुः स महाशयः ।।१२४।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=આચાર્ય પાસે ભણવાનું નક્કી કર્યું તેથી, પ્રજ્ઞાવિશાલા સાથે દિવસે દિવસે સદાગમની પાસે અર્થની જિજ્ઞાસાવાળો તે મહાશય જાય છે. ॥૧૨૪॥**

**શ્લોક :-**

**अन्यदा भव्यपुरुषः, पुण्डरीकः सदागमम् ।**
**महाभद्रा मुदा प्रज्ञाविशाला च निषेवते ।।१२५।।**

**શ્લોકાર્થ :-**

**અન્યદા ભવ્યપુરુષ એવો પુંડરીક અને મહાભદ્રા પ્રજ્ઞાવિશાલા હર્ષપૂર્વક સદાગમને સેવે છે. ॥૧૨૫॥**

**શ્લોક :-**

**स्थिताऽगृहीतसंकेता, श्रोतुं सुललिता गिरम् ।**
**ददात्याचार्यवर्यश्च, देशनां क्लेशनाशिनीम् ।।१२६।।**

**શ્લોકાર્થ :-**

**અગૃહીતસંકેતા એવી સુલલિતા વાણીને સાંભળવા માટે રહેલી છે, અને આચાર્યવર્ય ક્લેશનાશિની દેશનાને આપે છે.**

સંસારમાં યોગ્ય જીવોના ક્લેશો નાશ પામે તે પ્રકારે તત્ત્વને સ્પર્શનારી દેશના આપે છે. **॥૧૨૬॥**

શ્લોક :-

अत्रान्तरे श्रुतश्चक्रिबलकोलाहलो महान् ।
जाता चोत्कर्णिता पर्षद्, विस्मितं जनमानसम् ।।१२७।।

શ્લોકાર્થ :-

એટલામાં મહાન ચક્રીના સૈન્યનો કોલાહલ સંભળાયો. અને પર્ષદા ઉત્કર્ણિત થઈ=કોલાહલને અભિમુખ ચિત્તવાળી થઈ, જનમાનસ વિસ્મિત થયું. ।।૧૨૭।।

શ્લોક :-

ततः सुललिता प्राह, महाभद्रां किमित्यदः ।
सा प्राह नास्मि जानामि, जानाति भगवान् परम् ।।१२८।।

શ્લોકાર્થ :-

તેથી સુલલિતા મહાભદ્રાને કહે છે, કયા કારણથી આ છે=આ કોલાહલ છે, તે=મહાભદ્રા સાધ્વી, કહે છે, હું આમાં=કોલાહલના વિષયમાં, જાણતી નથી, કેવલ ભગવાન સદાગમ જાણે છે. ।।૧૨૮।।

શ્લોક :-

अथ प्रभुः सुललितापुण्डरीकावबुद्धये ।
इमं रूपकगूढार्थमाचचक्षे विचक्षणः ।।१२९।।

શ્લોકાર્થ :-

હવે, સુલલિતાના અને પુંડરીકના બોધ માટે વિચક્ષણ એવા પ્રભુ રૂપક ગૂઢાર્થવાળું આ=આગળમાં કહે છે એ, કહે છે. ।।૧૨૯।।

શ્લોક :-

महाभद्रे ! न जानीषे, ख्यातेयं नृगतिः पुरी ।
महाविदेहरूपोऽयं, हट्टमार्गश्च विस्तृतः ।।१३०।।

**શ્લોકાર્થ :-**

**હે મહાભદ્રા ! તું જાણતી નથી, શું જાણતી નથી ? એ સ્પષ્ટ કરે છે – આ મનુષ્યગતિ નગરી ખ્યાત છે. અને આ મહાવિદેહરૂપ હટ્ટમાર્ગ વિસ્તૃત છે. ॥૧૩૦॥**

**શ્લોક :-**

चौरः संसारिजीवोऽत्र, सलोप्त्रो दाण्डपाशिकैः ।
राज्ञे क्रूराशयैः कर्मपरिणामाय दर्शितः ।।१३१।।

**શ્લોકાર્થ :-**

**અહીં=આ મહાનગરીમાં ક્રૂર આશવાળા દંડપાશિકોએ ચોરીના માલ સહિત આ સંસારી જીવરૂપ ચોર કર્મપરિણામ રાજાને બતાવ્યો. ॥૧૩૧॥**

**શ્લોક :-**

तेन वध्यतयाऽऽज्ञप्तः, पृष्ट्वा भार्यां च बान्धवान् ।
महाकोलाहलैः सोऽयं, वेष्टितो राजपूरुषैः ।।१३२।।

**શ્લોકાર્થ :-**

**તેના વડે=કર્મપરિણામ રાજા વડે, બાંધવોને અને ભાર્યાને પૂછીને વધ્યપણાથી આજ્ઞા કરાયો, મહાકોલાહલવાળા એવા રાજપુરુષો વડે તે આ=ચોર, વીંટળાયેલો છે.**

કર્મપરિણામ રાજાએ અનુસુંદર ચક્રવર્તીની પત્નીઓને અને બાંધવોને પ્રેરણા કરી કે આને વધ્યસ્થાનમાં લઈ જવો છે. તે કર્મપરિણામ રાજાથી પ્રેરાયેલી અનુસુંદર ચક્રવર્તીની પત્ની અને તેના બાંધવો જાણે તે અનુસુંદર ચક્રવર્તીને નરકમાં લઈ જવા માટે સહાયક થાય તે રીતે જ તે ઉદ્યાનમાં આવે છે. વળી, અન્ય રાજાઓ જે ચક્રવર્તીની આજ્ઞા નીચે છે, તે રાજપુરુષોથી મહાકોલાહલપૂર્વક વીંટળાયેલો અનુસુંદર ચક્રવર્તી બંધાયેલાં પાપોરૂપ ચોરીના માલ સહિત વધ્યસ્થાનમાં લઈ જવા માટે કર્મપરિણામ રાજા વડે આજ્ઞા કરાયેલો છે. **॥૧૩૨॥**

**શ્લોક :-**

**बहिः पुर्या विनिःसार्य, हट्टमार्गस्य मध्यतः ।**
**नीत्वा वध्यस्थले पापिपञ्जरे मारयिष्यते ।।१३३।।**

**શ્લોકાર્થ :-**

**હટ્ટમાર્ગના મધ્યથી કાઢીને નગરીથી બહાર લઈ જઈને પાપી જીવોના પાંજરારૂપ વધ્યસ્થાનમાં મારશે.**

એક ભવમાંથી બીજા ભવમાં જવાનો જે હટ્ટમાર્ગ છે, તે હટ્ટમાર્ગના મધ્યથી અનુસુંદર ચક્રવર્તીના જીવને કર્મપરિણામ રાજાની આજ્ઞાથી કાઢીને મનુષ્યગતિ નગરીમાંથી નરકગતિમાં લઈ જઈને જે પાપી પંજરરૂપ વધ્યસ્થાન છે ત્યાં મારશે; કેમ કે નરકગતિમાં જાય તેવા વર્તમાનનો અનુસુંદર ચક્રવર્તીનો અધ્યવસાય છે, વળી, તે અધ્યવસાયમાં મરીને તે જીવ નરકમાં જવાની તૈયારી કરે છે; કેમ કે આયુષ્યનો અંત ભાગ છે. અને નરકને અનુકૂલ પરિણતિવાળો છે. **।।૧૩૩।।**

**શ્લોક :-**

**श्रूयते कर्णनिर्घाती, सोऽयं कोलाहलो महान् ।**
**प्राप्ता सुललिताऽऽश्चर्यं, तच्छ्रुत्वाऽऽह प्रवर्तिनीम् ।।१३४।।**
**नृगतिर्नगरी नेयं, ननु शङ्खपुरं ह्यदः ।**
**वनं चित्तरमं चेदं, हट्टमार्गो न विस्तृतः ।।१३५।।**

**શ્લોકાર્થ :-**

**તે આ=અનુસુંદર ચક્રવર્તી વધ્યસ્થાનમાં લઈ જવાય છે તે આ કર્ણનિર્ઘાતી એવો મહાન કોલાહલ સંભળાય છે તેને સાંભળીને= આચાર્યના તે વચનને સાંભળીને, આશ્ચર્યને પામેલી સુલલિતા પ્રવર્તિનીને કહે છે. ખરેખર આ મનુષ્યનગરી નથી જે કારણથી આ શંખપુર છે, આ વિસ્તૃત હટ્ટમાર્ગ નથી, ચિત્તરમ વન છે. ।।૧૩૪-૧૩૫।।**

શ્લોક :-

न कर्मपरिणामोऽत्र, राजा श्रीगर्भ एव तु ।
अबद्धं भगवान् बुद्धे, किमित्येवं प्रभाषते ।।१३६।।

શ્લોકાર્થ :-

અહીં રાજા કર્મપરિણામ નથી, શ્રીગર્ભ જ છે, ભગવાન બુદ્ધિમાં અબદ્ધ=બુદ્ધિમાં સંગત ન થાય તેવું, કયા કારણથી આ પ્રમાણે બોલે છે. ।।૧૩૬।।

શ્લોક :-

भगवानाह जानीषे, परमार्थं न मे गिराम् ।
भद्रेऽगृहीतसंकेता, ततस्त्वमसि निश्चिता ।।१३७।।

શ્લોકાર્થ :-

ભગવાન કહે છે, મારી વાણીના પરમાર્થને તું જાણતી નથી તેથી હે ભદ્રા ! તું નિશ્ચિત અગૃહીતસંકેતા છે ! ।।૧૩૭।।

શ્લોક :-

सा दध्यौ ही ममाप्यन्या, कृता भगवताऽभिधा ।
स्थितेति विस्मिता तत्त्वं, महाभद्रा त्वलक्षयत् ।।१३८।।

શ્લોકાર્થ :-

તેણીએ વિચાર્યું, મારું પણ અન્ય નામ ભગવાન વડે કરાયું, એ પ્રમાણે વિસ્મિત રહી, વળી, તત્ત્વ મહાભદ્રાએ જાણ્યું. ।।૧૩૮।।

શ્લોક :-

नूनमेष महापापो, निर्दिष्टो नरकं गमी ।
जीवो भगवता तस्याः, संजाता महती कृपा ।।१३९।।

શ્લોકાર્થ :-

શું તત્ત્વ જાણ્યું ? તે સ્પષ્ટ કરે છે – ખરેખર આ મહાપાપી નરકે

જનાર જીવ નિર્દેશ કરાયો છે, તેણીને=સાધ્વીને, મહાન કૃપા થઈ=તે જીવ પ્રત્યે દયાનો પરિણામ ઉલ્લસિત થયો. ।।૧૩૯।।

**શ્લોક :-**

**पप्रच्छ भगवन्तं सा, मुच्येतासौ कथंचन ।**
**स प्राह दर्शनात् तेऽस्य, मोक्षः स्याच्छ्रयणाच्च नः ।।१४०।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાનને તેણીએ પૂછ્યું, કોઈક રીતે આ મુકાશે ? તે=ભગવાન, કહે છે, તારા દર્શનથી અને અમારા આશ્રયથી આનો મોક્ષ થાય. ।।૧૪૦।।**

**શ્લોક :-**

**महाभद्राऽऽह भगवंस्तद्गच्छाम्यस्य संमुखम् ।**
**भगवानाह गच्छाशु, सफलोऽयं तवोद्यमः ।।१४१।।**

**શ્લોકાર્થ :-**

**મહાભદ્રા કહે છે, હે ભગવાન ! તે કારણથી આના સન્મુખ હું જાઉં છું, ભગવાન કહે છે. શીઘ્ર જાઓ, તારો આ ઉધમ સફલ છે. ।।૧૪૧।।**

**શ્લોક :-**

**गताऽथ कृपयाऽभ्यर्णं, साऽनुसुन्दरचक्रिणः ।**
**चौर्यमाफलमाख्यातं, यथा भगवतोदितम् ।।१४२।।**

**શ્લોકાર્થ :-**

**હવે, કૃપાથી તે=સાધ્વી, અનુસુંદર ચક્રવર્તીની પાસે ગઈ, જે પ્રમાણે ભગવાન વડે કહેવાયું, તે પ્રમાણે ચૌર્ય=અનુસુંદર ચક્રવર્તીના ચૌર્યને, ફલ સુધી=નરકની પ્રાપ્તિના ફળ સુધી, કહેવાયું=અનુસુંદર ચક્રવર્તીને કહેવાયું.**

સાધ્વી અનુસુંદર ચક્રવર્તી પાસે જાય છે અને અનુસુંદર ચક્રવર્તીને પોતાના ચક્રીપણાની સમૃદ્ધિ જોઈને જે હર્ષ થતો હતો, જેનાથી ક્લિષ્ટ લેશ્યાને કારણે

નરકગામી કર્મને બાંધતો હતો તે રૂપ ચૌર્ય અને જેના ફળરૂપે તે ચક્રવર્તી નરકને પામશે એમ જે ભગવાને કહેલું તે સાધ્વી તેને બતાવે છે. **||૧૪૨||**

**શ્લોક :-**

**तद्दर्शनानुभावेन, प्रबुद्धश्चक्रिपुङ्गवः ।**

**अन्तरङ्गं निजं चौर्यं, बुद्ध्वा भीतो भृशं हृदि ।।१४३।।**

**શ્લોકાર્થ :-**

**તેના દર્શનના અનુભાવથી ચક્રવર્તી પ્રબુદ્ધ થયો, અંતરંગ નિજ ચૌર્યનો બોધ પામીને અત્યંત હૃદયમાં ભય પામ્યો. ||૧૪૩||**

**શ્લોક :-**

**ततः प्राह महाभद्रा, भगवन्तं सदागमम् ।**

**शरणं प्रतिपद्यस्व, यथा ते न भयं भवेत् ।।१४४।।**

**શ્લોકાર્થ :-**

**તેથી મહાભદ્રા કહે છે, ભગવાન સદાગમનું શરણ સ્વીકાર કર, જે પ્રમાણે તને ભય ન થાય. ભાવચોરીના ફળ સ્વરૂપ નરકગમનનો ભય ન થાય. ||૧૪૪||**

**શ્લોક :-**

**प्रबुबोधयिषुश्चौर्यं, प्रभूक्तं प्राणिनां ततः ।**

**वैक्रियद्ध्या निजं चक्री, चौररूपमचीकरत् ।।१४५।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=મહાભદ્રા સાધ્વીએ શરણું સ્વીકારવાનું કહ્યું ત્યારપછી, પ્રભુ વડે કહેવાયેલું તે ચૌર્યનો બોધ કરાવાની ઈચ્છાવાળા ચક્રવર્તીએ વૈક્રિય ઋદ્ધિથી ચૌર રૂપને કર્યું.**

ચક્રવર્તીએ ભોગવિલાસમાં ગાઢ આસક્તિ કરીને જે ભાવચૌર્ય કર્યું તે પોતાનું ચૌર્ય છે, અને તેનો યોગ્ય જીવોને બોધ કરાવા અર્થે ચક્રવર્તીએ પોતાની વૈક્રિય ઋદ્ધિથી સદાગમ પાસે જવા અર્થે ચોરરૂપ કર્યું. **||૧૪૫||**

શ્લોક :-

भस्मना लिप्तगात्रोऽथ, दत्तगैरिकहस्तकः ।
व्याप्तस्तृणमषीपुञ्जैः, कणवीरस्त्रजावृतः ।।१४६।।
शरावमालाबीभत्सो, जरत्पिठरखंडभृत् ।
बद्धलोप्त्रो गले त्रस्तः, स्थापितो रासभोपरि ।।१४७।।
समन्ताद्राजपुरुषैर्वेष्टितो विकृताशयैः ।
प्रकम्प्रः कान्दिशीकोऽसौ, ययौ भगवदन्तिकम् ।।१४८।।

શ્લોકાર્થ :-

હવે ભસ્મથી લિપ્તગાત્રવાળો, અપાયેલા ગેરુના હસ્તની છાયાવાળો તૃણમષીપુંજોથી વ્યાપ્ત, કણવીરની માળાથી આવૃત, શરાવની માલાથી બીભત્સ, જીર્ણ થયેલા ઠીકરાના ખંડથી ભરાયેલો, ગળામાં બંધાયેલા ચોરીના માલવાળો, ત્રાસ પામેલો, ગધેડા ઉપર સ્થાપન કરાયેલો, ચારે બાજુથી વિકૃતાશયવાળા રાજપુરુષોથી વીંટળાયેલો, કંપતો, નાસવાની ઈચ્છાવાળો, એવો આ ભગવાનની નજીક આવ્યો. ।।૧૪૬થી ૧૪૮।।

શ્લોક :-

दृष्ट्वा सदागमं किंचिज्जाताश्वास इवाथ सः ।
अनाख्येयां दशां प्राप्तः, पतितो धरणीतले ।।१४९।।
लब्ध्वा चैतन्यमुत्थाय, सदागममथावदत् ।
त्रायस्व नाथ ! मां भीतं, मा भैषीरित्युवाच सः ।।१५०।।

શ્લોકાર્થ :-

સદાગમને જોઈને જાણે કંઈક થયેલા આશ્વાસનવાળા એવા તે=ચક્રી, અનાખ્યેય દશાને પ્રાપ્ત થયેલો પૃથ્વીના તલમાં પડ્યો, ચૈતન્યને પ્રાપ્ત કરીને, ઊઠીને, હવે સદાગમને કહ્યું, હે નાથ ! ભય પામેલા એવા મારું રક્ષણ કરો. ભય પામ નહીં, એ પ્રમાણે સદાગમ બોલ્યા. ।।૧૪૯-૧૫૦।।

શ્લોક :-

आश्वासितः स तेनाथ, शरणं तस्य संश्रितः ।

प्रत्यक्पदैरपसृतास्तद्भिया राजपूरुषाः ।।१५१।।

શ્લોકાર્થ :-

હવે, તેના વડે=આચાર્ય વડે, આશ્વાસન પામેલ એવા તેણે=ચક્રવર્તીએ તેમના શરણનો આશ્રય કર્યો, તેમના ભયથી=આચાર્યના ભયથી રાજપુરુષો પાછલા પગલે દૂર થયા. ॥૧૫૧॥

શ્લોક :-

अथागृहीतसंकेता, तमपृच्छदनाविलम् ।

केन व्यतिकरेण त्वं, गृहीतो राजपूरुषैः ।।१५२।।

શ્લોકાર્થ :-

હવે, અનાવિલ=સ્વસ્થ, એવા તેને=અનુસુંદર ચક્રવર્તીને, અગૃહીતસંકેતાએ પૂછ્યું, કયા વ્યતિકરણથી તું રાજપુરુષો વડે ગ્રહણ કરાયો ?

સદ્ગુરુનું શરણુ મલવાથી સ્વસ્થ થયેલા અનુસુંદર ચક્રવર્તીને અગૃહીતસંકેતાએ પૂછ્યું, તને રાજપુરુષોએ કયા કારણથી ગ્રહણ કરેલ છે ? **॥૧૫૨॥**

શ્લોક :-

सोऽवोचदलमेतेन, वक्तुं व्यतिकरो ह्ययम् ।

न शक्योऽमुं विविच्यासौ, वेत्ति स्वामी सदागमः ।।१५३।।

શ્લોકાર્થ :-

તે બોલ્યો, આના વડે સર્યું=મારા પાપના કથન વડે સર્યું, हि=જે કારણથી, આનો વિભાગ કરીને=મારાં દુષ્કૃત્યોનો વિભાગ કરીને, આ વ્યતિકરને કહેવા માટે હું સમર્થ નથી. આ સદાગમ સ્વામી જાણે છે. ॥૧૫૩॥

શ્લોક :-

ततः सदागमेनोक्तं, भद्रास्याः कौतुकं महत् ।
अतस्तदपनोदार्थं, कथय त्वं क्षतिर्न ते ।।१५४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સદાગમ વડે કહેવાયું – હે ભદ્ર ! આને=અગૃહીતસંકેતાને, મોટું કૌતુક છે. આથી તેને દૂર કરવા માટે તું કહે, તને ક્ષતિ નથી. ।।૧૫૪।।

શ્લોક :-

स प्राहाज्ञा प्रमाणं ते, केवलं स्वविडम्बनाम् ।
समक्षं सर्वलोकानां, वक्तुं शक्तोऽस्मि न प्रभो ! ।।१५५।।

શ્લોકાર્થ :-

તે કહે છે – તમારી આજ્ઞા પ્રમાણ છે. કેવલ સર્વ લોકોની સમક્ષ સ્વવિડંબનાને કહેવા માટે હે પ્રભુ ! હું સમર્થ નથી. ।।૧૫૫।।

શ્લોક :-

सदागमेङ्गितं ज्ञात्वा, पर्षद् दूरं गताऽथ सा ।
स्थितौ प्रज्ञाविशाला च, भव्यश्च भगवद्गिरा ।।१५६।।

શ્લોકાર્થ :-

સદાગમથી ઇંગિતને જાણીને પર્ષદા દૂર ગઈ અને હવે તે=અગૃહીત-સંકેતા, પ્રજ્ઞાવિશાલા અને ભવ્યપુરુષ ભગવાનની વાણીથી રહ્યા. ।।૧૫૬।।

શ્લોક :-

अथागृहीतसंकेतामुद्दिश्य स्फुटमब्रवीत् ।
संसारिजीवः पुरतश्चतुर्णामपि शृण्वताम् ।।१५७।।

શ્લોકાર્થ :-

હવે સાંભળતા એવા ચારેની પણ આગળ=સદાગમ, અગૃહીતસંકેતા,

**પ્રજ્ઞાવિશાલા અને ભવ્યપુરુષ એ ચારેની પણ આગળ, સંસારી જીવે અગૃહીતસંકેતાને ઉદ્દેશીને સ્પષ્ટ કહ્યું. ||૧૫૭||**

**શ્લોક :-**

**अस्तीह लोके विख्यातमनादिसमयस्थिति ।**
**पुरमव्यवहाराख्यमनन्तजनसंकुलम् ।।१५८।।**

**શ્લોકાર્થ :-**

**અહીં લોકમાં અનાદિ સમયની સ્થિતિવાળું અવ્યવહાર નામનું અનંત જીવોથી યુક્ત પ્રખ્યાત નગર છે. ||૧૫૮||**

**શ્લોક :-**

**तत्रानादिवनस्पतिनामानः कुलपुत्रकाः ।**
**वसन्त्याज्ञावशात्, कर्मपरिणामस्य भूभुजः ।।१५९।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=તે નગરમાં, અનાદિ વનસ્પતિ નામના કુલપુત્રકો કર્મપરિણામ રાજાની આજ્ઞાના વશથી વસે છે.**

નિગોદમાં જીવો ઉપર પ્રધાનરૂપે કર્મપરિણામ રાજાની આજ્ઞા જ વર્તે છે. જીવનું અસ્તિત્વ કર્મને પરતંત્ર જ હોય છે. **||૧૫૯||**

**શ્લોક :-**

**महाऽज्ञानबलाध्यक्षतीव्रमोहमहत्तमौ ।**
**सदा प्रभवतस्तत्र, तस्य संबन्धिनौ ध्रुवम् ।।१६०।।**

**શ્લોકાર્થ :-**

**તેના સંબંધી=કર્મપરિણામ રાજાના સંબંધી, મહા અજ્ઞાનરૂપ બલાધ્યક્ષ અને તીવ્ર મોહોદયરૂપ મહત્તમ ધ્રુવ ત્યાં=અનાદિ વનસ્પતિ નગરમાં, સદા પ્રવર્તે છે.**

અનાદિ નિગોદના જીવોમાં મહાઅજ્ઞાન અને તીવ્ર મોહોદય સર્વ જીવોમાં સદા વર્તે છે. તેથી જ નિગોદમાંથી તેઓ બહાર નીકળવા અસમર્થ બને છે. **||૧૬૦||**

શ્લોક :-

यावन्तस्तत्र नगरे, लोकाः सर्वेऽपि ते कृताः ।
शून्यास्ताभ्यां नृपादेशात्, सुप्तमूर्छितमत्तवत् ।।१६१।।

શ્લોકાર્થ :-

તે નગરમાં જેટલા લોકો છે તે સર્વ પણ તે બંને દ્વારા=મહા અજ્ઞાન અને તીવ્ર મોહોદય બંને દ્વારા, રાજાના આદેશથી સૂતેલા મૂર્છિત મત્તની જેમ શૂન્ય કરાયા. ।।૧૬૧।।

શ્લોક :-

न भाषन्ते न चेष्टन्ते, छेदं भेदं न जानते ।
ते निगोदापवरकक्षिप्ताः सर्वे मृता इव ।।१६२।।

શ્લોકાર્થ :-

નિગોદરૂપી ઓરડામાં ફેંકાયેલા મરેલા જેવા સર્વ તેઓ બોલતા નથી, ચેષ્ટા કરતા નથી. છેદ, ભેદને જાણતા નથી. ।।૧૬૨।।

શ્લોક :-

कंचिदन्यं च ते लोकव्यवहारं न कुर्वते ।
पुरमव्यवहाराख्यमतस्तद् गीयते बुधैः ।।१६३।।

શ્લોકાર્થ :-

અને અન્ય કોઈ લોકવ્યવહારને તેઓ કરતા નથી. આથી બુધો વડે તે નગર અવ્યવહાર નામે કહેવાય છે. ।।૧૬૩।।

શ્લોક :-

संसारिजीवोऽभूवं तद्वास्तव्योऽहं कुटुम्बिकः ।
स्थितौ तत्रान्यदाऽऽस्थाने, बलाध्यक्षमहत्तमौ ।।१६४।।

**શ્લોકાર્થ :-**

**તેનો વાસ્તવ્ય કુટુંબિક હું સંસારી જીવ હતો. ત્યાં અન્યદા બલાધ્યક્ષ અને મહત્તમ સભામાં રહ્યા. ॥૧૬૪॥**

**શ્લોક :-**

**अत्रान्तरे प्रतीहारी, नाम्नाऽनादिविचित्रता ।**
**एत्य विज्ञपयामास, नत्वेति रचिताञ्जलिः ।।१६५।।**

**શ્લોકાર્થ :-**

**એટલામાં અનાદિ વિચિત્રતા નામની પ્રતિહારીએ આવીને નમીને રચિત અંજલિવાળી વિજ્ઞાપના કરી=બલાધ્યક્ષ અને મહત્તમને વિજ્ઞાપના કરી. ॥૧૬૫॥**

**શ્લોક :-**

**व्यवहारनियोगाख्यो, दूतो द्वार्येष तिष्ठति ।**
**प्रेषितः सत्वरं कर्मपरिणामेन भूभुजा ।।१६६।।**

**શ્લોકાર્થ :-**

**શું વિજ્ઞાપના કરી? તે બતાવે છે – દ્વારમાં કર્મપરિણામ રાજા વડે શીઘ્ર મોકલાવેલ વ્યવહારનિયોગ નામનો આ દૂત રહેલો છે.**

જે જીવ નિગોદમાંથી બહાર નીકળે છે તેની અનાદિની વિચિત્રતારૂપ જે પરિણતિ છે તે પરિણતિ પ્રતિહારી છે. જે જીવ નિગોદમાંથી બહાર નીકળવાનો હોય તેને બહાર કાઢવા માટે કર્મપરિણામ રાજાએ વ્યવહાર નામનો નિયોગ મોકલેલ છે જેથી એક જીવ મોક્ષમાં જાય ત્યારે એક જીવ બહાર નીકળે એ પ્રકારનો જે વ્યવહાર છે તેનું નિયોજન થાય તેવો દૂત તે જીવના કર્મપરિણામ રાજા મોકલે છે. તેથી તે જીવની તેવી જ કર્મપરિણતિ છે જેથી તેને કાઢવા માટે તે જીવનો તેવો અધ્યવસાય થાય છે. **॥૧૬૬॥**

શ્લોક :-

युवां प्रमाणमत्राथ, प्रवेश्योऽयं मया न वा ।
ताभ्यामुक्तं प्रवेश्योऽसौ, तयाऽप्याशु प्रवेशितः ।।१६७।।

શ્લોકાર્થ :-

હવે અહીં=દૂતને પ્રવેશ કરાવવાના વિષયમાં, મારા વડે=અનાદિ વિચિત્રતા વડે, પ્રવેશ કરાવવો જોઈએ કે નહીં. (એ પ્રમાણે પ્રતિહારી પૂછે છે.) એમાં તમે બંને પ્રમાણ છો=બલાધ્યક્ષ અને મહત્તમ પ્રમાણ છો. તે બંને વડે કહેવાયું. આ=દૂત પ્રવેશ કરાવ. તેણી વડે પણ=પ્રતિહારી વડે પણ, શીઘ્ર પ્રવેશ કરાવાયો. ।।૧૬૭।।

શ્લોક :-

तेनापि तौ नतौ भक्त्या, ताभ्यां दापितमासनम् ।
उक्तं च सुखिनो देवाः, किमर्थं प्रेषितो भवान् ।।१६८।।

શ્લોકાર્થ :-

તેના વડે પણ=દૂત વડે પણ, તે બંને ભક્તિથી નમાયા. તે બંને દ્વારા આસન અપાયું અને કહેવાયું. દેવ=કર્મપરિણામ રાજા, સુખી છે. શેના માટે તમને મોકલ્યો છે એ પ્રમાણે તે બંને પૂછે છે. ।।૧૬૮।।

શ્લોક :-

स प्राह सुखिनो देवा, निश्चिन्ता वोऽधिकारतः ।
यः पुनः प्रेषणे हेतुर्मम सोऽयं निगद्यते ।।१६९।।

શ્લોકાર્થ :-

તે=દૂત કહે છે. દેવ=કર્મપરિણામ રાજા, સુખી છે તમારા બેના અધિકારથી નિશ્ચિત છે. જે વળી મારા પ્રેષણમાં=મોકલવામાં, હેતુ છે તે આ કહેવાય છે.

કર્મપરિણામ રાજા સંસાર યથાર્થ ચાલે તેવી ઇચ્છાવાળો છે અને મહા

અજ્ઞાન અને તીવ્ર મોહોદય અનંતા જીવોમાં વર્તે છે અને સદા રહેવાનો છે તેથી તેના અધિકારથી નિશ્ચિત છે. **II૧૬૯II**

**શ્લોક :-**

**जयत्यचिन्त्यमाहात्म्या, लोकस्थितिरनश्वरी ।**
**भगिनी देवपादानां, साऽत्रार्थेऽधिकृता च तैः ।।१७०।।**

**શ્લોકાર્થ :-**

**અચિંત્ય માહાત્મ્યવાળી અનશ્વરી એવી લોકસ્થિતિ કર્મપરિણામ રાજાની ભગિની વિજય પામે છે આ અર્થમાં=આગળમાં કહે છે એ પ્રયોજનમાં, તેઓ વડે=કર્મપરિણામ રાજા વડે, તે=લોકસ્થિતિ અધિકાર અપાઈ છે. II૧૭૦II**

**શ્લોક :-**

**अस्त्यस्माकं सदा शत्रुर्दुरुच्छेदः सदागमः ।**
**हत्वा सोऽस्मद्बलं कांश्चिल्लोकान्नयति निर्वृतौ ।।१७१।।**

**શ્લોકાર્થ :-**

**અમારો દુરુચ્છેદ સદાગમ સદા શત્રુ છે. અમારા બલને=અમારા સૈન્યને, હણીને તે=સદાગમ કેટલાક લોકોને નિર્વૃતિમાં લઈ જાય છે. II૧૭૧II**

**શ્લોક :-**

**एवं च विरलीभूते, लोके संपत्स्यतेऽयशः ।**
**अस्माकं तत् त्वया कार्यमिदं लोकस्थितेऽनघे ।।१७२।।**

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે લોક વિરલીભૂત થયે છતે અમારો અયશ પ્રાપ્ત થશે. તે કારણથી હે અનઘ એવી લોકસ્થિતિ ! તારા વડે=લોકસ્થિતિ વડે, અમારું આ કાર્ય કરાવું જોઈએ=આગળમાં કહે છે એ કાર્ય કરાવું જોઈએ. II૧૭૨II**

શ્લોક :-

मद्भुक्तेर्यान्ति यावन्तः, पुरादव्यवहारतः ।
तावन्त एव निष्काश्यास्त्वयेत्थं न क्षतिर्भवेत् ।।१७३।।

શ્લોકાર્થ :-

મારી ભુક્તિરૂપપુરથી=કર્મપરિણામ રાજાના સામ્રાજ્યવાળા નગરથી, જેટલા જાય છે=નિર્વૃતિ નગરીમાં સદાગમ દ્વારા જાય છે, તેટલા જ જીવો અવ્યવહારથી તારા વડે=લોકસ્થિતિ વડે, કઢાવા જોઈએ. આ રીતે ક્ષતિ થશે નહીં=લોકવિરલીભૂત થઈ ગયો એ પ્રમાણે કર્મપરિણામ રાજાની ક્ષતિ થશે નહીં. ।।૧૭૩।।

શ્લોક :-

महाप्रसाद इत्येवं, सोऽधिकारोऽनया धृतः ।
सदागमेन दृष्टाश्च, केचित् सम्प्रति मोचिताः ।।१७४।।

શ્લોકાર્થ :-

'મહાપ્રસાદ' એ પ્રમાણે તે અધિકાર આના વડે=લોકસ્થિતિ વડે, ધારણ કરાયો. અને સદાગમ વડે હમણાં કેટલાક મુકાયેલા જોવાયા છે. ।।૧૭૪।।

શ્લોક :-

तावदानयनायेति, प्रहितोऽहं तया जवात् ।
अहं च देवभृत्योऽपि, तदाज्ञैकवशंवदः ।।१७५।।

શ્લોકાર્થ :-

તેટલા જીવોને શીઘ્ર લાવવા માટે તેણી વડે=લોકસ્થિતિ વડે, હું મોકલાવાયો છું. અને હું દેવનો ભૃત્ય=કર્મપરિણામ રાજાનો સેવક, હોવા છતાં પણ તેની આજ્ઞાનો એકવશ છું=લોકસ્થિતિની આજ્ઞાનો એકવશ છું.

વ્યવહારનિયોગ દ્વારા જીવ જે અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવે

છે ત્યારે તે જીવના તે પ્રકારના કર્મપરિણામો વર્તે છે. જેના કારણે તે વ્યવહાર-રાશિમાં આવે છે. તેથી વ્યવહારનો નિયોગ કર્મપરિણામ રાજાનો સેવક છે તોપણ લોકસ્થિતિ અનુસાર જ્યારે કોઈક જીવને મોક્ષનો અધ્યવસાય થાય છે ત્યારે અવ્યવહારરાશિના કોઈક જીવને વ્યવહારરાશિને આવવાને અનુકૂળ અધ્યવસાય થાય છે તે લોકસ્થિતિને આધીન છે, તેથી વ્યવહારનો નિયોગ લોકસ્થિતિને વશ છે એમ કહેલ છે. **॥૧૭૫॥**

**શ્લોક :-**

**स्वीकृतं तद्वचस्ताभ्यां, पूज्या भगवती हि सा ।**
**तस्यासंव्यवहारस्थलोकमानं च दर्शितम् ।।१७६।।**

**શ્લોકાર્થ :-**

**તેનું વચન=વ્યવહારનિયોગનું વચન, તે બંને દ્વારા=બલાધ્યક્ષ અને મહત્તમ બંને દ્વારા, સ્વીકારાયું. हि=જે કારણથી, તે ભગવતી=લોકસ્થિતિ એવી ભગવતી, પૂજ્ય છે અને તેને=વ્યવહારનિયોગને અસંવ્યવહાર નગરમાં રહેલા લોકોનું માન બતાવાયું=બલાધ્યક્ષ અને મહત્તમ વડે બતાવાયું. ।।૧૭૬।।**

**શ્લોક :-**

**असंख्यगोलकगृहेष्वसंख्यास्तत्र दर्शिताः ।**
**निगोदाख्यापवरकास्तेष्वनन्ता जनाः पृथक् ।।१७७।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=અસંવ્યવહાર નગરમાં, અસંખ્યગોલક ગૃહમાં અસંખ્યાત નિગોદ નામના ઓરડાઓ બતાવાયા. તેઓમાં અનંતા પૃથક્ જીવો બતાવાયા. ।।૧૭૭।।**

**શ્લોક :-**

**आहतुर्विस्मितं तं च, दत्त्वा तौ करतालिकाम् ।**
**कां करिष्यति हानिं भोः, स्थिते ह्येवं सदागमः ।।१७८।।**

શ્લોકાર્થ :-

તે બંનેએ=બલાધ્યક્ષ અને મહત્તમ બંનેએ, હાથમાં તાળી આપીને વિસ્મિત એવા તેને કહ્યું=વ્યવહારનિયોગને કહ્યું. આ પ્રમાણે સ્થિત હોતે છતે=આટલી મોટી સંખ્યામાં જીવો છે એ પ્રમાણે સ્થિત હોતે છતે, સદાગમ કઈ હાનિને કરશે. ॥૧૭૮॥

શ્લોક :-

एवावताऽपि कालेन, ये सदागममोचिताः ।
एकापवरकस्यास्य, भागेऽनन्ततमे हि ते ॥१७९॥

શ્લોકાર્થ :-

આટલા પણ કાળથી જેઓ સદાગમથી મુકાયા તેઓ આ એક અપવરકના અનંતમા ભાગમાં છે. ॥૧૭૯॥

શ્લોક :-

लोकनिर्लेपचिन्तेयं, देवानां का तदुच्चकैः ।
दूतोऽवादीदिदं वक्ष्ये, त्वरा कार्ये विधीयताम् ॥१८०॥

શ્લોકાર્થ :-

તે કારણથી દેવને=કર્મપરિણામ રાજાને, અત્યંત આ લોકનિર્લેપની ચિંતા કઈ છે ? દૂતે કહ્યું=વ્યવહારનિયોગે કહ્યું. આ હું કહીશ. કાર્યમાં ત્વરા કરો=વ્યવહારમાં મોકલવાયોગ્ય જીવોને શીઘ્ર મોકલો. ॥૧૮૦॥

શ્લોક :-

समजीवितमृत्यूनां, प्रवाहादादिवर्जितात् ।
समकाहारनिर्हारोच्छ्वासनिःश्वासरागिणाम् ॥१८१॥
ततो निर्यास्यतां संख्यापूरणायाक्षमाविमौ ।
चिन्ताव्याकुलितौ जातौ, परस्परमुखेक्षिणौ ॥१८२॥
इतश्चास्ति भटः साक्षाद् भार्या मे भवितव्यता ।
मन्त्रयन्तीति कर्तव्यं, ममान्येषां च सद्मिनाम् ॥१८३॥

**શ્લોકાર્થ :-**

**સમજીવિતમૃત્યુવાળા=એક શરીરમાં રહેલા બધા સાથે જન્મે ને સાથે મરે એ રૂપ સમજીવિત મૃત્યુવાળા, સમક=સાથે, આહાર, નિહાર, ઉચ્છ્વાસ, નિઃશ્વાસના રાગવાળા નિગોદના જીવોનો આદિ વર્જિત પ્રવાહ હોવાને કારણે તેનાથી=સંસારમાંથી નીકળીને મોક્ષમાં જનારા જીવોના=સંખ્યાના પૂરણ માટે=મોક્ષમાં જનારા જીવોની સંખ્યાના પૂરણ માટે, અસમર્થ એવા આ બંને=બલાધ્યક્ષ અને મહત્તમ બંને, ચિંતાથી વ્યાકુલિત પરસ્પર મુખને જોનારા થયા.**

**અને આ બાજુ સાક્ષાત્ મારી ભવિતવ્યતા નામની ભાર્યા ભટ છે=હોંશિયાર છે. મારું અને અન્ય સાથે રહેનારા જીવોનું કર્તવ્ય મંત્રણા કરે છે.**

નિગોદના એક ગોળામાં જે જીવો વર્તે છે તેઓ સાથે જન્મે છે, સાથે જીવે છે, સાથે મૃત્યુ પામે છે અને તેઓ સાથે જ આહાર-નિહાર, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ આદિ કરે છે; કેમ કે તે સર્વ જીવોનું સાધારણ એક શરીર છે તેથી શરીરની પ્રક્રિયા એક શરીરમાં રહેલા બધા જીવોની સમાન વર્તે છે. વળી, તેઓ પ્રવાહથી પ્રારંભ વર્જિત છે. તેથી તે સર્વમાંથી કોને બહાર કાઢવા તેનો નિર્ણય કરવા માટે બલાધ્યક્ષ અને મહત્તમ અસમર્થ છે. લોકસ્થિતિની મર્યાદાનુસાર જેટલા સંસારમાંથી મોક્ષમાં જાય છે તેટલાને કાઢવાનું કાર્ય તેઓને કરવાનું છે. જીવમાં વર્તતો તીવ્ર મોહોદય અને અત્યંત અજ્ઞાન તે કાર્ય કરવા અસમર્થ છે પરંતુ જે જીવની ભવિતવ્યતા છે તે જીવની પત્ની છે. આ ભવિતવ્યતાને કારણે જ જેટલા જીવો મોક્ષમાં જાય છે તે વખતે તેટલા જીવોને અસંવ્યવહાર રાશિમાંથી નીકળવાને અનુકૂળ કંઈક શુભઅધ્યવસાય થાય છે. તેથી કયા જીવને બહાર કાઢવા અને કયા જીવને નહીં ? તેનો નિર્ણય તે તે જીવની ભવિતવ્યતા કરે છે. **॥૧૮૧થી ૧૮૩॥**

**શ્લોક :-**

**स्वेष्टमर्थं करोत्येषा, क्वापि नान्यमपेक्षते ।**
**तां परेऽप्यनुवर्तन्ते, हेतवो यदुदाहृतम् ।।१८४।।**

**શ્લોકાર્થ :-**

**આ=ભવિતવ્યતા સ્વઈષ્ટ અર્થને કરે છે. ક્યાંય પણ અન્યની અપેક્ષા રાખતી નથી. બીજા પણ હેતુઓ=ભવિતવ્યતા સિવાય પુરુષકાર વગેરે અન્ય હેતુઓ, તેને=ભવિતવ્યતાને, અનુવર્તન પામે છે. જે કારણથી કહેવાયું છે. શું કહેવાયું છે તે આગળના શ્લોકમાં બતાવે છે. ।।૧૮૪।।**

**શ્લોક :-**

**बुद्धिरुत्पद्यते तादृग्, व्यवसायश्च तादृशः ।**
**सहायास्तादृशा ज्ञेया, यादृशी भवितव्यता ।।१८५।।**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધિ તેવી ઉત્પન્ન થાય છે અને વ્યવસાય તેવો થાય છે. સહાય સામગ્રી તેવી જાણવી જેવી ભવિતવ્યતા છે.**

સામાન્ય રીતે ભવિતવ્યતા આદિ પાંચ કારણો કાર્યના સાધક છે તોપણ ભવિતવ્યતા બલવાન હોય ત્યારે તે પોતાનું ઇષ્ટ કાર્ય સાધે છે તે બતાવવા અર્થે કહે છે જ્યારે જીવની ભવિતવ્યતા સારી કે ખરાબ હોય છે ત્યારે જીવને બુદ્ધિ તેવી ઉત્પન્ન થાય છે. જીવ દ્વારા તેવો જ પ્રયત્ન થાય છે અને તેવા પ્રયત્નને સાધવામાં સહાયક સામગ્રી પણ તેવી જ પ્રાપ્ત થાય છે. આથી જ અવ્યવહારરાશિમાંથી નીકળવા માટેની જે જીવોની ભવિતવ્યતા હતી તે જીવોને જ તે પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન થાય છે જેથી કંઈક શુભઅધ્યવસાય કરીને અવ્યવહાર-રાશિમાંથી બહાર નીકળે છે. **।।૧૮૫।।**

**શ્લોક :-**

**अस्तीयं भवतो भद्रेत्युक्ते शक्रोऽपि हृष्यति ।**
**न भद्रेयमिति प्रोक्ते, कम्पते भयविह्वलः ।।१८६।।**

**શ્લોકાર્થ :-**

**આ=ભવિતવ્યતા, તારી ભદ્રા છે એ પ્રમાણે કહેવાયે છતે શક્ર પણ હર્ષિત થાય છે. આ=ભવિતવ્યતા, ભદ્રા નથી એ પ્રમાણે કહેવાયે છતે ભયવિહ્વલ એવો શક્ર પણ કાંપે છે. ।।૧૮૬।।**

**શ્લોક :-**

**सा कर्मपरिणामेनार्चिता सा सृष्टिनाशकृत् ।**
**सा जागर्ति प्रसुप्तेषु, तमस्यपि विजृम्भते ।।१८७।।**

**શ્લોકાર્થ :-**

**તે=ભવિતવ્યતા કર્મપરિણામથી અર્ચિત છે. તે=ભવિતવ્યતા, સૃષ્ટિના નાશને કરનાર છે. પ્રસુપ્ત જીવો હોતે છતે અંધકારમાં પણ જાગતી એવી તે વિલાસ પામે છે.**

કોઈ જીવની ભવિતવ્યતા ખરાબ હોય તો પુણ્યશાળી એવો શક્ર પણ તે સાંભળીને દુઃખી થાય છે; કેમ કે ભવિતવ્યતાને ફેરવવી અશક્ય છે. વળી કર્મ-પરિણામ રાજાથી ભવિતવ્યતા પૂજાયેલી છે અર્થાત્ કર્મપરિણામ રાજા પણ ભવિતવ્યતાને જ અનુસરે છે. વળી જીવનાં જેવા પ્રકારનાં પ્રચુર કર્મો હોય તે પ્રમાણે ભવિતવ્યતા ખરાબ કે સારી બને છે. તેથી અર્થથી પ્રાપ્ત થાય કે જીવ સત્કૃત્યમાં પ્રયત્ન કરે તો કર્મપરિણામ રાજા પણ તે પ્રકારે ક્ષયોપશમભાવવાળો થવાથી તે જીવની ભવિતવ્યતા પણ તે પ્રકારે જ સુંદર ભાવને અભિમુખ વળાંક લે છે. વળી, તે ભવિતવ્યતા સૃષ્ટિના નાશને કરનાર છે=કોઈ જીવે ઘણો શ્રમ કરીને સદ્ગુણોની વૃદ્ધિ કરી હોય તોપણ તેની ભવિતવ્યતા વિપરીત હોય તો તેને દુર્બુદ્ધિ આપીને તેની ગુણસૃષ્ટિનો નાશ કરનાર ભવિતવ્યતા થાય છે. વળી, જીવો ઊંઘતા હોય, અંધકારમાં સૂતા હોય તોપણ તેની ભવિતવ્યતા સતત જાગૃત છે તેથી જે જે પ્રકારની ભવિતવ્યતા જે જે જીવની વર્તે છે તે તે પ્રકારે તે તે જીવને બુદ્ધિ સૂઝે છે. અને તે પ્રકારે જ તે પોતાનું હિત કે અહિત કરે છે. **॥૧૮૭॥**

**શ્લોક :-**

**सर्वोपायविदं मत्वा, तामथो पृच्छतः स्म तौ ।**
**साऽऽह प्रस्थापनायोग्यो, मद्भर्ताऽन्ये च तादृशाः ।।१८८।।**

**શ્લોકાર્થ :-**

**હવે સર્વ ઉપાયને જાણનાર માનીને=ભવિતવ્યતા સર્વ ઉપાયને જાણે**

છે એ પ્રમાણે માનીને, તે બંનેએ=બલાધ્યક્ષ અને મહત્તમ તે બંનેએ, તેને=ભવિતવ્યતાને પૂછ્યું. તેણે=ભવિતવ્યતાએ કહ્યું. મારો ભર્તા પ્રસ્થાનયોગ્ય છે=પ્રસ્તુત સંસારી જીવ તે ભવિતવ્યતાનો ભર્તા છે માટે તે પ્રસ્થાનયોગ્ય છે અને અન્ય તેવા જીવો પ્રસ્થાનયોગ્ય છે. ||૧૮૮||

શ્લોક :-

तावूचतुः प्रमाणं त्वं, कार्येऽस्मिन् व्याप्रियस्व तत् ।
अहमन्ये च मत्तुल्यास्तया प्रस्थापितास्ततः ।।१८९।।

શ્લોકાર્થ :-

તે બંને બોલ્યા=બલાધ્યક્ષ અને મહત્તમ બોલ્યા. આ કાર્યમાં= અવ્યવહારરાશિમાંથી બહાર કાઢવાના કાર્યમાં, તું પ્રમાણ છો=ભવિતવ્યતા પ્રમાણ છો. તે કારણથી વ્યાપાર કર=કોને અવ્યવહારરાશિમાંથી કાઢવાના છે તેના વિષયમાં વ્યાપાર કર. ત્યારપછી હું અને અન્ય મારા તુલ્ય તેણી વડે પ્રસ્થાપિત કરાયા=ભવિતવ્યતા વડે બહાર કઢાયા. ||૧૮૯||

શ્લોક :-

सह ताभ्यां तया नीता, एकाक्षनिलयेऽथ ते ।
वर्तन्ते नगरे तत्र, महान्तः पञ्च पाटकाः ।।१९०।।

શ્લોકાર્થ :-

હવે તે બંનેની સાથે=બલાધ્યક્ષ અને મહત્તમ બંનેની સાથે તેણી વડે=ભવિતવ્યતા વડે, તેઓ એકાક્ષ નિલયમાં લઈ જવાયા. તે નગરમાં મહાન પાંચ પાડાઓ વર્તે છે. ||૧૯૦||

શ્લોક :-

मामेकं पाटकं तत्र, तीव्रमोहः प्रदर्शयन् ।
आह संसारिजीव ! त्वं, तिष्ठास्मिन्नेव पाटके ।।१९१।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે પાંચ પાડામાં, મને એક પાટકને બતાવતો તીવ્ર મહોદય બોલ્યો. હે સંસારી જીવ ! તું આ જ પાડામાં રહેજે. ॥૧૯૧॥

શ્લોક :-

यतोऽसंव्यवहारेण, तुल्यो बहुतरं ह्यसौ ।
गोलकैश्च निगोदैश्च; जनैस्तावद्भिरेव च ॥१९२॥

શ્લોકાર્થ :-

જે કારણથી અસંવ્યવહારની સાથે આ=પ્રસ્તુત પાડો, ગોલકોથી, નિગોદોથી અને તેટલા જ લોકોથી બહુતર તુલ્ય છે. ॥૧૯૨॥

શ્લોક :-

भेदो लोकव्यवहृतेरन्यत्र च गमागमात् ।
किञ्चानादिवनस्पतिवनस्पत्यभिधाकृतः ॥१९३॥

શ્લોકાર્થ :-

લોકવ્યવહારથી અને અન્યત્ર ગમાગમનથી ભેદ છે=અસંવ્યવહાર નગર કરતાં આ નગરનો ભેદ છે. વળી, અનાદિ વનસ્પતિ અને વનસ્પતિ નામકૃત ભેદ છે. ॥૧૯૩॥

શ્લોક :-

इत्युक्त्वा स्थापितस्तस्मिन्नेकापवरके ह्यहम् ।
अन्ये तु केऽपि मन्नीत्या, स्थापिताः केऽपि चान्यथा ॥१९४॥

શ્લોકાર્થ :-

એ પ્રમાણે કહીને હું તે એક ઓરડામાં સ્થાપન કરાયો. વળી અન્ય કેટલાક મારી નીતિથી સ્થાપન કરાયા=બાદર નિગોદમાં સ્થાપન કરાયા. અને કેટલાક અન્યથા સ્થાપન કરાયા=પૃથ્વીકાયાદિ ઓરડામાં સ્થાપન કરાયા. ॥૧૯૪॥

**શ્લોક :-**

**अथानन्तं स्थितः कालं, तत्राहं मत्तमूर्छितः ।**

**ततः प्रत्येकचारित्वं, भवितव्यतया कृतम् ।।१९५।।**

**શ્લોકાર્થ :-**

**હવે ત્યાં=બાદર નિગોદમાં, અનંતકાલ રહેલો હું મત્ત મૂર્છિત હતો. ત્યારપછી ભવિતવ્યતા વડે પ્રત્યેકચારિપણું કરાયું=પ્રત્યેક વનસ્પતિ-કાયાદિ કરાયું. ।।૧૯૫।।**

**શ્લોક :-**

**तादृशः स्थापितोऽसंख्यं, कालमत्रैव पाटके ।**

**ददौ सा गुटिकां तत्र, नानाकारप्रकाशिकाम् ।।१९६।।**

**શ્લોકાર્થ :-**

**આ જ પાટકમાં=એકેન્દ્રિયના પાડામાં, તેવા પ્રકારનો અસંખ્યકાલ સ્થાપન કરાયો. ત્યાં=એકેન્દ્રિયમાં, તેણીએ=ભવિતવ્યતાએ, અનેક આકારને પ્રકાશન કરનારી ગુટિકાને આપી. ।।૧૯૬।।**

**શ્લોક :-**

**सा कर्मपरिणामेन, जन्मवासं प्रतीष्टकृत् ।**

**दत्तैकभववेद्यास्याः, प्रागेव श्रान्तिशान्तये ।।१९७।।**

**શ્લોકાર્થ :-**

**જન્મવાસ પ્રત્યે ઈષ્ટને કરનારી એક ભવવેદ્ય તે ગુટિકા કર્મપરિણામ રાજાએ આને=ભવિતવ્યતાને, પૂર્વમાં જ શ્રમની શાંતિ માટે આપેલી.**

કર્મપરિણામ રાજાએ પોતાને ફરી ફરી તે તે કૃત્ય કરવાનો શ્રમ ન કરવો પડે તેના માટે તે તે ભવવેદ્ય એવી ગુટિકા ભવિતવ્યતાને આપેલ છે જેથી ભવિતવ્યતાના બળથી જીવ તે તે ભવમાં વેદ્ય પ્રતિનિયત કર્મોને ભોગવે છે જેથી તે ભવ દરમિયાન કર્મપરિણામ રાજાને તે તે જીવનાં તે તે કાર્યો કરવાની ચિંતા કરવી પડતી નથી. તેથી ફલિત થાય કે પાંચ કારણોથી કર્મો વિપાકમાં

આવે છે તેમાં ભવ કારણ છે અને તે ભવમાં વેદ્યકર્મો એ એક ભવવેદ્ય ગુટિકા છે. **II૧૯૭II**

**શ્લોક :-**

**पूर्वस्यां परिजीर्णायां, दत्तवत्यपरापराम् ।**
**तामसंव्यवहारे सा, सूक्ष्ममेवाकरोद् वपुः ।।१९८।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વની ગુટિકા પરિજીર્ણ થયે છતે તે=ભવિતવ્યતા, અપર અપર એવી તેને આપતી હતી=ગુટિકાને આપતી હતી. અસંવ્યવહારમાં સૂક્ષ્મ જ શરીરને કર્યું. II૧૯૮II**

**શ્લોક :-**

**एकाक्षनिलये त्वेषा, तया गुटिकयाऽकरोत् ।**
**पर्याप्तकमपर्याप्तं, क्वचित्सूक्ष्मं च बादरम् ।।१९९।।**

**શ્લોકાર્થ :-**

**વળી, એકાક્ષ નગરમાં આણે=ભવિતવ્યતાએ, તે ગુટિકાથી પર્યાપ્તક, અપર્યાપ્ત, ક્વચિત્ સૂક્ષ્મ, ક્વચિત્ બાદર શરીરને કર્યું. II૧૯૯II**

**શ્લોક :-**

**साधारणं च प्रत्येकं, फलपुष्पाङ्कुरादिकम् ।**
**मूलत्वक्स्कन्धशाखादि, मूलबीजलतादिकम् ।।२००।।**

**શ્લોકાર્થ :-**

**અને સાધારણ, પ્રત્યેક, ફલ, પુષ્પ, અંકુરાદિ, મૂલ, ત્વચા, સ્કંધ, શાખાદિ, મૂલ, બીજ, લતાદિકને કર્યું. II૨૦૦II**

**શ્લોક :-**

**छिन्नो भिन्नश्च लूनोऽहं, लोकैः पिष्टश्च तादृशः ।**
**दृष्टोऽप्युपेक्षितो हन्त, भवितव्यतया तया ।।२०१।।**

શ્લોકાર્થ :-

લોકો વડે છેદાયો, ભેદાયો, કપાયો અને તેવા પ્રકારનો પિસાયો. જોવાયેલો છતો પણ=છેદન, ભેદન આદિ જોવાયેલો છતો પણ, તે ભવિતવ્યતા વડે ઉપેક્ષિત કરાયો. ।।૨૦૧।।

શ્લોક :-

साऽथान्त्यगुटिकायां मां, जीर्णायां क्षितिपाटके ।
दत्त्वाऽन्यामनयत् तत्रासंख्यकालमहं स्थितः ।।२०२।।

શ્લોકાર્થ :-

હવે તે=ભવિતવ્યતા મને અંત્ય ગુટિકા જીર્ણ થયે છતે અન્ય ગુટિકાને આપીને ક્ષિતિ પાટકમાં=પૃથ્વીરૂપી પાડામાં, લાવી. ત્યાં=પૃથ્વીરૂપી પાડામાં, હું અસંખ્યકાલ રહ્યો. ।।૨૦૨।।

શ્લોક :-

सूक्ष्मादिभेदभाक् तत्र, चूर्णितो दलितो जनैः ।
एवं जलाग्निपवनेष्वेकाक्षनिलये धृतः ।।२०३।।

શ્લોકાર્થ :-

ત્યાં=પૃથ્વી કાયમાં, સૂક્ષ્માદિ ભેદવાળો હું લોકોથી ચૂર્ણ કરાયો, દળાયો. એ રીતે=જેમ પૃથ્વી કાયમાં લવાયો એ રીતે, જલ, અગ્નિ, પવનોમાં એકાક્ષ નિલયમાં ધારણ કરાયો. ।।૨૦૩।।

શ્લોક :-

स्थानाजीर्णमथैच्छन्मेऽपनेतुं भवितव्यता ।
विकलाक्षनिवासाख्ये, नगरेऽहं तया धृतः ।।२०४।।

શ્લોકાર્થ :-

હવે મારા સ્થાનના અજીર્ણને દૂર કરવા માટે ભવિતવ્યતાએ ઈચ્છ્યું. તેણી વડે=ભવિતવ્યતા વડે, વિકલાક્ષનિવાસ નામના નગરમાં હું ધારણ કરાયો. ।।૨૦૪।।

**શ્લોક :-**

**नियुक्तो भूभुजा तत्र, द्वीन्द्रियादित्रिपाटके ।**
**त्राताऽस्ति शल्यसंपर्को, मायापरिणतिप्रियः ।।२०५।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=વિકલાક્ષ નગરમાં, બેઈન્દ્રિય આદિ ત્રણ પાટકમાં રાજા વડે નિયુક્ત=કર્મપરિણામ રાજા વડે નિયુક્ત, માયા પરિણતિ છે પ્રિય જેને એવો શલ્યસંપર્ક ત્રાતા છે.**

વિકલેન્દ્રિયમાં જીવો માયાશલ્યવાળા અને મિથ્યાત્વશલ્યવાળા હોય છે તે પરિણામ તેઓને વિકલેન્દ્રિય પાડામાં ધારણ કરાવે છે અને તે પરિણામ કર્મ-પરિણામ રાજાથી પ્રાપ્ત થયેલો છે; કેમ કે તે ભવોમાં તથા સ્વભાવે જીવમાં માયાની પરિણતિ અને વિપર્યાસ વર્તે છે. **॥૨૦૫॥**

**શ્લોક :-**

**प्रथमे पाटके तत्र, भार्यया द्वीन्द्रियाभिधे ।**
**मनाक् विस्पृष्टचैतन्यः, कृमिरूपोऽशुचिः कृतः ।।२०६।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=વિકલેન્દ્રિયમાં, પ્રથમ પાડામાં ભાર્યા વડે=ભવિતવ્યતા વડે, બેઈન્દ્રિય નામના કંઈક વિસ્પૃષ્ટ ચૈતન્યવાળો અશુચિ એવો કૃમિ રૂપ કરાયો. ।।૨૦૬।।**

**શ્લોક :-**

**मूत्रान्त्रक्लिन्नजठरे, विलुठन्तं च वर्चसि ।**
**मां दृष्ट्वा कृमिभावेन, सा दुर्भार्या प्रहृष्यति ।।२०७।।**

**શ્લોકાર્થ :-**

**મૂત્ર, અન્ત્રથી ક્લિન્ન જઠરવાળી ચરબીમાં કૃમિભાવથી લોટતા એવા મને જોઈને દુર્ભાર્યા એવી તે હર્ષિત થાય છે. ।।૨૦૭।।**

શ્લોક :-

जलूकाभावमापाद्य, गुटिकायाः प्रभावतः ।
विडम्बितस्तया रोगिरक्ताकर्षणकर्मणा ।।२०८।।

શ્લોકાર્થ :-

ગુટિકાના પ્રભાવથી જલૂકા ભાવને પ્રાપ્ત કરાવીને તેણી વડે= ભવિતવ્યતા વડે, રોગીના રક્તના આકર્ષણની ક્રિયા વડે વિડંબિત કરાયો. ।।૨૦૮।।

શ્લોક :-

छेदितो गुटिकादानाच्छङ्खं कृत्वाऽथ शांखिकैः ।
नर्तितः पूतरीकृत्य, बहुधैवं विडम्बितः ।।२०९।।

શ્લોકાર્થ :-

હવે, ગુટિકાના દાનથી શંખને કરીને શાંખિકો વડે છેદન કરાયો. પૂતરી કરીને=પોરા રૂપ કરીને, નચાવાયો. આ રીતે બહુ પ્રકારે વિડંબિત કરાયો. ।।૨૦૯।।

શ્લોક :-

कुलानां कोटिलक्षेषु, पाटके सप्तसु स्थितः ।
तत्रासंख्यैरहं रूपैरटन् बहुतरं रटन् ।।२१०।।
अथान्यगुटिकादानान्नीतोऽहं त्रीन्द्रियाभिधे ।
पाटके भ्रामितो रूपैरसंख्यैस्तत्र भार्यया ।।२११।।

શ્લોકાર્થ :-

સાત લાખ ક્રોડ કુલોના પાટકોમાં રહેલો ત્યાં= બેઇન્દ્રિયમાં, અસંખ્ય રૂપો વડે અટન કરતો અને બહુવાર રડતો. હવે હું અન્ય ગુટિકાના દાનથી તેઇન્દ્રિય નામના પાડામાં લવાયો. અસંખ્ય રૂપો વડે ત્યાં= તેઇન્દ્રિયમાં, ભાર્યા વડે=ભવિતવ્યતા વડે, ભમાયો. ।।૨૧૦-૨૧૧।।

શ્લોક :-

कुलानां कोटिलक्षेषु, तत्राष्टसु पृथग्जनैः ।
पिपीलिकादिरूपेण, पिष्टो दग्धश्च मर्दितः ।।२१२।।

શ્લોકાર્થ :-

ત્યાં=તેઈન્દ્રિયમાં, આઠ લાખ ક્રોડ કુલોના પિપીલિકા આદિ રૂપથી સામાન્ય લોકો દ્વારા પિસાયો, બળાયો અને મર્દન કરાયો. ।।૨૧૨।।

શ્લોક :-

ततश्च गुटिकादानात् तृतीये पाटके धृतः ।
कुलानां कोटिलक्षेषु, नवस्वतिविडम्बितः ।।२१३।।

શ્લોકાર્થ :-

અને ત્યારપછી ગુટિકાના દાનથી ત્રીજા પાટકમાં=ચઉરિન્દ્રિયમાં, ધારણ કરાયો. નવ લાખ ક્રોડ કુલોમાં અતિ વિડંબિત કરાયો. ।।૨૧૩।।

શ્લોક :-

पतंगमक्षिकादंशवृश्चिकाकारधारकः ।
तत्राहं चतुरक्षः सन्नन्वभूवं विडम्बनाम् ।।२१४।।

શ્લોકાર્થ :-

પતંગ, મક્ષિકા, દંશ, વીંછીના આકારનો ધારક ત્યાં ચાર અક્ષવાળો છતો મેં વિડંબનાને અનુભવી. ।।૨૧૪।।

શ્લોક :-

अथ प्रहृष्टा मम सा, दयिता भवितव्यता ।
प्रस्थापनाय गुटिकां, प्रायुङ्क्त नगरान्तरे ।।२१५।।

શ્લોકાર્થ :-

હવે તે પત્ની ભવિતવ્યતા મારા ઉપર પ્રસન્ન થઈ. નગરાંતરમાં પ્રસ્થાપન માટે ગુટિકાનો પ્રયોગ કર્યો. ।।૨૧૫।।

શ્લોક :-

यत्पञ्चाक्षपशुस्थानं, शल्यसंपर्कपालितम् ।
अस्ति सार्धत्रिपञ्चाशत्कोटीलक्षकुलं पुरम् ।।२१६।।

શ્લોકાર્થ :-

જે પંચાક્ષ પશુસંસ્થાન=પંચેન્દ્રિય પશુસંસ્થાન, શલ્યસંપર્કથી પાલિત=માયાશલ્યાદિથી પાલન કરાયેલ, સાડા ત્રેપન લાખ ક્રોડ કુલવાળું નગર છે. ।।૨૧૬।।

શ્લોક :-

पञ्चाक्षा गर्भजास्तत्र, जलस्थलनभश्चराः ।
सम्मूर्छिमाश्च विद्यन्ते, तेष्वहं भ्रामितस्तया ।।२१७।।

શ્લોકાર્થ :-

ત્યાં=તે નગરમાં પાંચ ઇન્દ્રિયવાળા, ગર્ભથી થનારા જલચર, સ્થલચર, નભશ્ચર અને સંમૂર્છિમો વિદ્યમાન છે તેઓમાં, તેણી વડે=ભવિતવ્યતા વડે, હું ભમાવાયો. ।।૨૧૭।।

શ્લોક :-

रटितोऽहं विना कार्यं, दर्दुराकारधारकः ।
मत्स्यरूपं दधद्भिन्नश्छिन्नो दग्धश्च धीवरैः ।।२१८।।

શ્લોકાર્થ :-

કાર્ય વગર દર્દુર આકાર ધારક એવો હું રટન=અવાજ કરતો હતો. મત્સ્ય રૂપને ધારણ કરતો માછીમારો વડે ભેદાયો, છેદાયો અને બળાયો. ।।૨૧૮।।

શ્લોક :-

शशशूकरसारङ्गरूपो व्याधैः कदर्थितः ।
गोधाऽहिनकुलाकारो, दुःखितो भक्षणान्मिथः ।।२१९।।

શ્લોકાર્થ :-

સસલા, શૂકર, સારંગરૂપવાળો એવો હું શિકારીઓથી કદર્થના કરાયો. ગોધા, સાપ, નકુલ આકારવાળો પરસ્પર ભક્ષણથી દુઃખિત થયો. ॥૨૧૯॥

શ્લોક :-

काकोलूकादिरूपेषु, सोढं दुःखं मयाऽतुलम् ।
असंख्यजनसंकीर्णे, तत्र पर्यटितश्चिरम् ॥२२०॥

શ્લોકાર્થ :-

કાક, ઘુવડ, આદિ રૂપોમાં મારા વડે અતુલ દુઃખ સહન કરાયું. અસંખ્યજનથી સંકીર્ણ એવા ત્યાં=પાંચમા પાડામાં, ચિરકાળ ભટક્યો. ॥૨૨૦॥

શ્લોક :-

अथान्यदा मृगो जातो, यूथमध्ये स्थितः सुखम् ।
नादाक्षिप्तः शरेणोच्चैर्व्याधेन निहतो मृतः ॥२२१॥

શ્લોકાર્થ :-

હવે અન્યદા મૃગ થયો. યૂથ મધ્યમાં સુખે રહેલો અવાજથી આક્ષિપ્ત= ખેંચાયેલો એવો હું બાણ દ્વારા શિકારી વડે અત્યંત હણાયો, મર્યો. ॥૨૨૧॥

શ્લોક :-

जातोऽथ करियूथेशो, विचरन् शल्लकीवने ।
श्रितः करेणुवृन्देन, निर्मग्नः सुखसागरे ॥२२२॥

શ્લોકાર્થ :-

હવે હાથીઓના યૂથનો સ્વામી થયો. શલ્લકી વનમાં વિચરતો હાથણીઓના વૃંદથી આશ્રય કરાયેલો સુખસાગરમાં નિમગ્ન થયો. ॥૨૨૨॥

શ્લોક :-

संत्रस्तकरियूथं च, धूमं चाद्राक्षमुत्थितम् ।
अश्रौषं वेणुविस्फोटरवं च नवमन्यदा ।।२२३।।

શ્લોકાર્થ :-

અને અન્યદા સંત્રસ્ત કરિયૂથને અને ઉત્થિત ધૂમને મેં જોયો અને નવા વેણુવિસ્ફોટના રવને મેં સાંભળ્યો. ।।૨૨૩।।

શ્લોક :-

सम्भ्रान्तोऽहं ततः पश्चाल्लग्नो भूभागमीक्षितुम् ।
उत्तानः पतितः कूपे, सम्प्राप्तस्तीव्रवेदनाम् ।।२२४।।

શ્લોકાર્થ :-

તેથી સંભ્રાંત એવો હું પાછળના ભૂમિભાગને જોવા માટે લાગ્યો. કૂપમાં ઊંધો પડ્યો. તીવ્ર વેદનાને પ્રાપ્ત કરી. ।।૨૨૪।।

શ્લોક :-

यूथत्राणासमर्थस्य, ममेदं युक्तमागतम् ।
इति भावयता दुःखं, सप्तरात्रं तितिक्षितम् ।।२२५।।

શ્લોકાર્થ :-

યૂથના રક્ષણ માટે અસમર્થ એવા મને આ=હું કૂવામાં પડ્યો એ, યુક્ત છે. એ પ્રકારે ભાવન કરતા મારા વડે સાત રાત્રી દુઃખ સહન કરાયું. ।।૨૨૫।।

શ્લોક :-

अनेन शुभभावेन, तुष्टा मे भवितव्यता ।
पुरुषं सुन्दराकारमेकं प्रादर्शयत् पुरः ।।२२६।।

શ્લોકાર્થ :-

આ શુભભાવથી મારી ભવિતવ્યતા તુષ્ટ થઈ. એક સુંદર આકારવાળા પુરુષને આગળ બતાવ્યો. ॥૨૨૬॥

શ્લોક :-

उवाच च महाभाग, नरः पुण्योदयो ह्ययम् ।
सहायोऽयं मया दत्तो, भवतः परितुष्टया ।।२२७।।

શ્લોકાર્થ :-

અને કહ્યું – હે મહાભાગ ! આ પુણ્યોદય નામનો મનુષ્ય છે. તારા ઉપર પરિતુષ્ટ એવી મારા વડે આ સહાયરૂપે અપાયો છે. ॥૨૨૭॥

શ્લોક :-

जीर्णाऽथ पूर्वदत्ता मे, गुटिकाऽन्यां ददौ च सा ।
छन्नः पुण्योदयो भूत्यै, भूयादित्याशिषं ददौ ।।२२८।।

શ્લોકાર્થ :-

હવે મારી ગુટિકા જીર્ણ થઈ. અને તેણીએ=ભવિતવ્યતાએ અન્ય આપી. પ્રચ્છન્ન પુણ્યોદય ભૃત્ય માટે=સેવક માટે થાવ એ પ્રમાણે આશિષને આપી. ॥૨૨૮॥

શ્લોક :-

इति कथयति तस्मिन् धीविशालां बभाषे,
वचनमविदितार्थं शङ्कमानोऽथ भव्यः ।।
स्फुटमकथयदर्थं साऽपि सामान्यरूपं,
प्रथनकृतविलम्बः श्रव्यशोभां निहन्ति ।।२२९।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે તે કહ્યે છતે=અનુસુંદર ચક્રવર્તીએ પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે અનાદિ નિગોદથી અત્યારસુધી વર્ણન કર્યું એ પ્રમાણે અનુસુંદર

**ચક્રવર્તી કહે છતે, હવે અવિદિત અર્થવાળા વચનની શંકા કરતો ભવ્યપુરુષ પ્રજ્ઞાવિશાલાને બોલ્યો=તેના તાત્પર્યને પૂછ્યું. તેણીએ પણ સામાન્યરૂપે સ્પષ્ટ અર્થને કહ્યું. કેમ સામાન્યરૂપે કહ્યું, વિશેષથી ન કહ્યું તેમાં હેતુ કહે છે. વિસ્તારકૃત વિલંબવાળું કથન શ્રવ્ય શોભાને હણે છે.**

અનુસુંદર ચક્રવર્તીએ પોતાનું વક્તવ્ય પૂરું કર્યું નથી, તેના વચમાં પુછાયેલા પ્રશ્નનું વિસ્તારથી પ્રજ્ઞાવિશાલા સમાધાન કરે તો અનુસુંદર ચક્રવર્તીના કથનમાં વિલંબ થાય તે સાંભળવાની શોભાને હણે છે. **॥૨૨૯॥**

**શ્લોક :-**

**भवति हि भवजन्तुः सर्व एवैकनामा,**
**भवविलसितभेदं याति चाऽऽवर्तमानः ।।**
**तदखिलमुपपन्नद्रव्यपर्यायरूपं,**
**कलयति सुमतिर्यस्तं वृणीते यशःश्रीः ।।२३०।।**

**इति श्रीवैराग्यकल्पलतायां तिर्यग्गतिविपाकवर्णनो**
**नाम तृतीयः स्तबकः समाप्तः ।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, સર્વ જ ભવજંતુ એક નામવાળા હોય છે અને આવર્તમાન એવો ભવ ભવવિલસિતના ભેદને પામે છે. ઉપપન્ન દ્રવ્યપર્યાય-રૂપ તે અખિલને જે સુમતિ જાણે છે, તેને યશઃશ્રી વરે છે.**

ભવ્યપુરુષ અનુસુંદર ચક્રવર્તીના પ્રસ્તાવથી જાણતો હતો કે તેણે ચોરી કરી છે માટે રાજપુરુષો તેને વધસ્થાનમાં લઈ જાય છે અને સુલલિતાએ પૂછેલું કે તેં શું અપરાધ કર્યો છે કે રાજપુરુષો આ રીતે તારી વિડંબના કરે છે, તેના સમાધાનરૂપે અનુસુંદર ચક્રવર્તી અસંવ્યવહારરાશિથી પોતાના ભવોની વિડંબના કહે છે તેનું તાત્પર્ય ભવ્યપુરુષ એવો પુંડરીક સમજી શકતો નથી. તેને સંક્ષેપથી વચમાં પ્રજ્ઞાવિશાલાએ કહ્યું. શું કહ્યું ? તે બતાવતાં કહે છે – સંસારમાં સર્વ જીવો ભવજંતુ એ પ્રકારે એક નામવાળા છે અને તેઓ એક ભવમાંથી બીજા

ભવમાં આવર્તન પામે છે તે ભવવિલસિતનો ભેદ છે અને અનુસુંદર ચક્રવર્તીએ જે અસંવ્યવહારથી અત્યાર સુધી વર્ણન કર્યું તે કથન દ્રવ્યરૂપે તે અનુસુંદર ચક્રવર્તીનો જીવ એક છે અને પર્યાયરૂપે તે તે ભવને પામે છે એ રૂપે સર્વ તેનું કથન સંગત થાય છે; કેમ કે તે એક જ જીવ તે તે પર્યાયરૂપે તે તે ભવમાં પરિવર્તન પામે છે. અને જેની પાસે તેવી નિર્મળમતિ છે તે અનુસુંદર ચક્રવર્તીના કથનનું તાત્પર્ય જાણી શકે છે. જેથી સુમતિવાળો તે જીવ અનુસુંદર ચક્રવર્તીનું સર્વ કથન દરેક જીવોમાં સંગત થાય છે તે રીતે યોજન કરે છે જેથી ભવના યથાર્થ સ્વરૂપને જાણીને ભવના ઉચ્છેદના સમ્યગ્ અર્થી બને છે, તેવા જીવોને સુગતિની પરંપરારૂપ યશલક્ષ્મી મળે છે. **॥૨૩૦॥**

**આ પ્રમાણે શ્રીવૈરાગ્યકલ્પલતા ગ્રંથમાં તિર્યંચગતિવિપાકવર્ણન નામનો ત્રીજો સ્તબક સમાપ્ત થયો.**

**અનુસંધાન : વૈરાગ્યકલ્પલતા ભાગ-૩**

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

| | ✤ |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩ |
| ચારિત્રાચાર | ૩૬ |
| પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

| | |
|---|---|
| Is Jaina Order Independent Religion or Denomination ? | ૫૮ |
| Status of religion in modern Nation State theory | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |

✤ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

| | |
|---|---|
| ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) | ૨૪ |
| મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) | ૧૭૯ |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | ૧૪ |
| યોગદૃષ્ટિસમુચ્ચય | ૪ |
| લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૩૩ |
| શાસન સ્થાપના | ૮ |
| શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) | ૨૭ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો | ૩ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) | ૩૫ |
| શ્રી ઉપધાન માર્ગોપદેશિકા | ૯૩ |
| સદ્ગતિ તમારા હાથમાં ! | ૬ |
| સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) | ૧૬૩ |


## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब


| | |
|---|---|
| पाक्षिक अतिचार | ४१ |


## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી


| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


| | |
|---|---|
| અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન | ૧૬૯ |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૦ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૨ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૬ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૮ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૯ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૧૪ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૫ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૧૬ |
| અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૨૨ |
| આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન | ૧૨૪ |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | ૧૮ |
| ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૪ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૬ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૭ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૮ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૬ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૭ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૨૮ |

| | |
|---|---|
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૩ |
| ***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪*** | ***૧૮૦*** |
| ***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫*** | ***૧૮૧*** |
| ***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬*** | ***૧૮૨*** |
| કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન | ૩૧ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૨ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૩ |
| જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન | ૬૮ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૦ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૧ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૨ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૬૪ |
| દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન | ૧૪૭ |
| દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૧૮ |
| દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન | ૧૬૦ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૮ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૯ |
| ધર્મપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૯ |
| ધર્મપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૫ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૨ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૩ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૪ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૦ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૧ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૪૨ |

| | |
|---|---|
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૫૫ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૫૬ |
| ***ધ્યાનશતક શબ્દશઃ વિવેચન*** | ***૧૮૩*** |
| નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૧૭ |
| પકખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન | ૧૨૫ |
| પગામસિજ્જા શબ્દશઃ વિવેચન | ૧૪૪ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૪૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૮૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| ***પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧*** | ***૧૮૪*** |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |

બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૯
બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૨
બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૪૬
બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૩૯
બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૧૩
બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૨
બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૬૭
બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૪
બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૩
બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૪
બત્રીશી-૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૧
બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૫
બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૧
બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૦
બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૧
બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૦
બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૪૪
બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૨
બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૩
બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૪
બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૬
બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૧
બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૩
બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૪
બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૭
બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૬૬
બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૦૬

| | |
|---|---|
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| ***વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨*** | ***૧૮૫*** |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |

| | |
|---|---|
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |


## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત સંશોધનાત્મક પ્રકાશનો


આગમ પ્રકાશનસૂચી (હિન્દી) સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી ૧૭૫


## ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો


૧. ધર્મતીર્થ ભાગ-૧ ૨. ધર્મતીર્થ ભાગ-૨

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**✤ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✤ BANGALORE :**

SHRI VIMALCHANDJI
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

पुण्यानुबन्धिपुण्यं, दत्ते वैराग्यकारणं भोगम् ।
इति ये दिव्या भोगा, दृष्टं तैः सदनमिदमिद्धम् ।।

પુણ્યાનુબંધી પુણ્ય વૈરાગ્યનું કારણ એવો ભોગ આપે છે એથી જે દિવ્યભોગો છે તેનાથી સમૃદ્ધિવાળું આ સદન જોવાયું= ભગવાનનું શાસન સમ્યગ્દષ્ટિથી માંડીને મુનિઓ આદિથી યુક્ત છે તેથી ઈન્દ્રો, દેવતાઓ કે અન્ય રાજામહારાજાદિ ભગવાનના શાસનમાં વર્તે છે તેઓને જે શ્રેષ્ઠ ભોગો મળ્યા છે તે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળ્યા છે તેથી તે ભોગ વૈરાગ્ય ઉત્પન્ન કરે છે માટે તે ભોગો જીવના ભાવઆરોગ્યની વૃદ્ધિને કરનારા હોવાથી દિવ્યભોગો છે. પરંતુ સંસારી જીવોના ભોગો ક્લેશ કરાવીને નરકાદિનાં કારણ બને તેવા ભોગો નથી તેવા દિવ્ય-ભોગોથી સમૃદ્ધ એવું આ રાજમંદિર દ્રમક વડે જોવાયું.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com